Cable cut suspense novel: suspense novels in gujarati

Patel, Rupen

CABL

કેબ

SUSP

કેબલ ઓપરેટર બબલુ પાંડે ના ગુમ થવાને લીધે ઉભી થતી પરિસ્થતિની વાત અને બબલુ ને શોધવા ઇન્સપેક્ટર એમ એમ ખાનના જાંબાઝ પ્રયાસોની વાત હપ્તાવાર અહી જાણવા અને માણવા મળશે.

આ નવલકથાના તમામ પાત્રો, ઘટનાઓ કાલ્પનિક છે

કેબલ કટ

પ્રકરણ ૧

અમદાવાદના નદી પાર વિસ્તારમાં ચેનલ બંધ થઇ જવાથી બુમાબુમ અને કુતુહુલતા નું વાતાવરણ છવાઈ ગયેલું છે. લોકો ભારત પાકિસ્તાન ની મોહાલી ખાતે રમાઈ રહેલ મેચ જોવા આતુર હોય છે પણ જ્યાં બપોરના અઢી વાગે ટીવી ચાલુ કરે છે ત્યાં જ ચેનલ બંધ ની જાણ થતાં લોકો નારાજ અને ગુસ્સામાં હોય છે. ગુસ્સાઈ લોકો ચેનલની ઓફીસ પર ઉપરા ઉપરી ફોન કરે છે. ચેનલની ઓફિસમાં બપોરથી સાંજ સુધી સતત ફોનની ઘંટડી રણકવાની ચાલુ જ છે પણ ફોન પર જવાબ આપનાર કોઈ જ નથી. લોકોના ટોળા ચેનલની ઓફિસ પર ધસી આવ્યા છે પણ ત્યાં પણ જવાબ આપનાર કોઈ હાજર ન હોવાથી લોકોના ટોળામાં આક્રોસ ઉભો થયો છે.

લોકોને જયારે થોડા સમય પછી ચેનલ બંધ હોવાનું કારણ ચેનલવાળા ના અંગત માણસો પાસેથી જાણવા મળે છે ત્યારે આક્રોશ ઘટે છે અને કુતુહુલતા વધે છે. ચેનલ બંધ હોવાનું કારણ એ હતું કે ,"ચેનલના માલિક બબલુ પાંડે સવારથી ગાયબ થઇ ગયા છે." બબલુ પાંડે નો પરિવાર અને ચેનલનો સ્ટાફ, મિત્રો સવારથી તેમનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા હોય છે પણ બબલુ નો મોબાઈલ સતત બંધ જ આવે છેઅને કોઈને પણ જાણ નથી કે તેઓ ક્યાં ગયા છે .

બબલુ ચેનલ ના વ્યવસાયમાં હોવાથી તેના ઘણા બધા મિત્રો, ઓળખીતા અને ઘણાં દુશ્મનો પણ હતાં . બબલુ ચેનલના વ્યવસાય ની સાથે વ્યાજે પૈસા ધિરાણ આપવાનો તેમજ વ્હીકલ લોન, હોમ લોન, ક્રેડીટ કાર્ડના બાકી હપ્તાની વસુલી, ઉઘરાણીનો વ્યવસાય પણ કરતો. બબલુ ના ચેનલના ધંધામાં હરીફાઈ વધુ હોવાથી તેના અપહરણ થયા હોવાની સંભાવના વધુ હતી તો સાથે સાથે ઉઘરાણી ના ધંધા ને લીધે પણ દુશ્મનો વધુ હોવાથી પણ અપહરણની સંભાવના હતી. ચેનલ બંધ હોવા છતાં લોકોના ટોળા મારફતે સમગ્ર શહેરમાં બબલુ શેઠનું અપહરણ થયાના સમાચાર વીજળી વેગે પ્રસરી ગયા હતા અને શહેરભરમાં બબલુ શેઠ ને લઈને અવનવી અફવાઓનું બજાર પણ જોરમાં હતું. ક્રિકેટ મેચના રસિકો અન્ય વિસ્તારમાં મેચ ટીવી પર જોવા પહોંચી જાય છે પણ ત્યાં ક્રિકેટ મેચ જોતા જોતા વાતો તો બબલુ શેઠની જ થતી જોવા મળતી. આખા શહેરમાં પાનના ગલ્લે, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, રેસ્ટોરન્ટ, મોબાઈલની દુકાને લોકોના મોઢે ચર્ચા બબલુ શેઠ ની જ હતી. શહેરભરના લોકો અને મીડિયાની નજરો પણ બબલુના કેશ પર મંડાયેલી હોવાથી આ એક હોટ ટોપીક પણ હતો.

બબલુનો ૨૪ કલાક બાદ પણ ક્યાંય અને કોઈપણ રીતે સમ્પર્ક ના થતાં તેના મિત્રો અને પરિવારે આખરે નજીકના પોલીસ સ્ટેશને ફરિયાદ કરવાનું નક્કી કર્યું. આખરે બબલુ ના પત્ની

સુજાતાએ પોલીસ સ્ટેશનમાં પોતાના પતિ બબલુ પાંડે ની અપહરણ થયા હોવાની શંકાના આધારે ફરિયાદ લખાવી. પોલીસે પણ ૨૪ કલાક બાદ બબલુ નો સમ્પર્ક ના થતાં બબલુ ની પત્નીની ફરિયાદના આધારે શહેરભરમાં રેલ્વે સ્ટેશન, બસ ડેપો, એરપોર્ટ પર નાકાબંધી ગોઠવી દેવામાં આવી. બબલુને કેટલાંક પોલીસના અધિકારીઓ સાથે પણ અંગત સંબધો હતાં. ચેનલના વ્યવસાયમાં કેબલ કપાવા, કેબલ ચોરી, પેમેન્ટ ન આપવા જેવી ફરિયાદો માટે બબલુ પોલીસ સ્ટેશનમાં આવતો જતો હતો. પોલીસને પણ કોઈ બબલુ ના ગુમ થયા કે અપહરણ અંગેનું કોઈ સુરાગ, બાતમી કે જાણકારી ન મળતાં આખરે પોલીસ કમિશનરે બબલુ નો કેસ હાઈ પ્રોફાઈલ હોવાથી આ કેસ અમદાવાદ ક્રાઈમ બ્રાંચને તાત્કાલિક સોપવામાં આવ્યો. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ ની ઓફિસે તાબડતોડ એક મીટીંગ કરવામાં આવી અને મીટીંગ ના અંતે બબલુના હાઈ પ્રોફાઈલ કેશની તપાસ માટે એક સ્પેશીયલ સિનીયર પોલીસ ઈન્સ્પેક્ટર એમ એમ ખાન ની ફાળવણી કરવામાં આવી .

બબલુના હાઈ પ્રોફાઈલ કેશની તપાસ માટે સ્પેશીયલ સિનીયર પોલીસ ઈન્સ્પેક્ટર એમ એમ ખાન ને બે કોન્સ્ટેબલ, એક જીપ્સી અને એક ડ્રાયવર ની ફાળવણી પણ તાત્કાલિક કરવામાં આવી.સીનીયર પોલીસ ઇન્સ્પેકટર એમ એમ ખાનની ગુનેગારોની દુનિયામાં ગજબની ધાક હતી અને પોલીસ કમિશ્નરને પણ તેમના પર અતુટ વિશ્વાસ પણ હતો. એમ એમ ખાન ને તેમના સાથી પોલીસ મિત્રો મજાકમાં એમ એમ ખાન એટલે માસ્ટર માઈન્ડ ખાન પણ કહેતા અને તે ઘણા અંશે સત્ય પણ હતું. એમ એમ ખાને શહેરના ઘણા બધા મોટા કેસ અને ગુનેગારોને સજા અપાવવામાં મહત્વનો રોલ હતો. અપહરણ, ખુન જેવા કેસ એમ એમ ખાન માટે ફેવરીટ કેસ હતાં. એમ એમ ખાન આવા કેસોમાં ઉંડા ઉતરીને ગુંચવણો ઉકેલવામાં માહિર હતાં. એમ એમ ખાન ના પોતાના અંગત ખબરી અને સોર્સીસ આખા શહરેમાં ફેલાયેલા અને ખાનગી રાહે ધ્યાન રાખતાં હતાં.

એમ એમ ખાન ના ખાસમખાસ ખબરી ના નામ પણ જોરદાર હતાં. એકનું નામ હતું હાફ ટન અને બીજાનું નામ હતું ફુલ ટન. ખબરી ના નામ પણ તેમની અંદર રહેલા ગુણો અને આવડત ના આધારે જે એમ એમ ખાને રાખ્યાં હતાં. હાફ ટન શરીરે ઠીંગણો, દુબળો અને માત્ર નજીકનું જ વિચારનારો હતો , જયારે ફુલ ટન શરીરે ઉંચો, મજબુત અને દુરનું વિચારનારો હતો. હાફ ટન અને ફુલ ટન સાથે મળીને એમ એમ ખાનને મહત્વ પુર્ણ માહિતીઓ ઝડપથી પહોંચાડતા અને ખાનગી રાહે મદદ કરતાં હતાં. એમ એમ ખાનને બબલુ નો કેસ મળતાં જ તેમણે પણ તાત્કાલિક બંને ખબરી હાફ ટન અને ફુલ ટન ને પણ કેસમાં મદદ કરવા ફોન કરી બોલાવી લીધા. એમ એમ ખાને ફુલ ટન અને હાફ ટન ને બબલુ ના મિત્રો, દુશ્મનો, પરિવારની વિગતો તાત્કાલિક ભેગી કરવા કહ્યું. ખાને તેમના બે કોન્સ્ટેબલને પણ કેસની સંલગ્ન માહિતી એકઠી કરવા ઓર્ડર કર્યો. બીજા દિવસે બેય ખબરી પોતપોતાને મળેલી જાણકારીઓ નું લીસ્ટ લઈને એમ એમ ખાનને મળે છે ત્યારે ખાન લીસ્ટ વાંચતા વાંચતા હસતાં બોલી ઉઠે છે , “ અત્યાર સુધી આટલા બધા કેસ સોલ્વ કર્યા પણ આવો કેસ પહેલી જ વાર હાથમાં આવ્યો છે ,જેમાં માત્ર ને માત્ર દુશ્મનો જ છે.” એમ એમ ખાને બબલુ ના વ્યવહાર, બબલુ પર થયેલા કેસ , બબલુ એ કરેલા કેસ ની સઘળી માહિતી નજીકના પોલીસ સ્ટેશનમાંથી કોન્સ્ટેબલ મોકલી મંગાવી લીધી અને તેનો અભ્યાસ ચાલુ કરી દીધો.

બબલુ ના ગુમ થયાં ના ૪૮ કલાક થયાં હોવાં છતાં પણ હજુ સુધી કોઈ અપહરણકાર નો ફોન કે કોઈએ બબલુ ને જોયો હોય તેનો ફોન આવ્યો ન હતો. બબલુ અંગેની કોઈપણ માહિતી પોલીસ ને મળી ન હતી. એમ એમ ખાને તેમના કોન્સ્ટેબલોને રાજ્યની તમામ ચેક પોસ્ટ, ટોલ

પ્લાઝા, એરપોર્ટ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન પર બબલુના પોસ્ટર મોકલી આપ્યા હતાં તેની માહિતી એકઠી કરવા મોકલ્યા અને તાત્કાલિક જાણ કરવા કહ્યું હતું . આ બધી જગ્યાઓ પરથી નાકાબંધી સમયે કોઈએ પણ બબલુ ને જોયો હોવાનો કે બબલુ અંગેની માહિતી મળી ન હતી. એમ એમ ખાને બબલુ પોતાની લકઝરી કાર સાથે ગાયબ હોવાને કારણે કારના નંબર પણ દરેક જગ્યાએ મોકલી આપ્યાં હતાં. ખાને બબલુ ની લકઝરી કાર ની માહિતી મેળવવા માટે નજીકના અને હાઇવેના પેટ્રોલ પંપ પરના સીસીટીવી ફુટેજ ચેક કરવા કોન્સ્ટેબલને મોકલ્યા હતાં પણ ત્યાંથી કોઈપણ મહત્વની જાણકારી મળી શકી ન હતી .

પ્રકરણ ૧ પુર્ણ

બબલુ ની જાણકારી ખાનને કેવી રીતે મળી જાય છે , બબલુ ની હાલત કેવી છે અને બબલુ ક્યાં છે , ખાન અને તેમની ટીમ આગળ શું કરે છે અને બીજું ઘણું રોચક તમને જાણવા મળશે પ્રકરણ ૨ માં ...

પ્રકરણ ૨

ત્રીજા દિવસે વહેલી સવારમાં ખાન ના મોબાઈલ પર ફુલ ટન નો ફોન આવે છે . ફુલ ટન ધીમા સ્વરે જણાવે છે, “ ખાન સાહેબ તમારા માટે આંશિક ખુશ ખબર કહી શકાય તેવા સમાચાર છે.” ખાન સતત બે દિવસ તપાસમાં ગુંચવાયેલા હોવાથી કંટાળેલ સ્વરે ફોનમાં જ ઉંચા સ્વરે તાડુકે છે, “ જે જાણકારી હોય તે સીધી અને ફટાફટ જણાવ , વાતને ગોળ ગોળ ફેરવીને સસ્પેન્સ ના ઉભું કરીશ .” ખાન સાહેબ ના ખરાબ મુડને પારખીને ફુલ ટન એકી શ્વાસે બોલી ઉઠ્યો, “ ખાન સાહેબ બબલુ ની ગાડી અને બબલુ ની લાશ મળી ગયેલ છે અને હું તેની પાસે જ ઉભો છું .” ખાનની આંખો એકદમ ખુલી ને ખુલી રહી જાય છે અને એક જાટકે પલંગમાંથી ઉભા થઇ જાય છે. ખાને ઉભા થઇ સ્વસ્થ થઇ નિરાંત સ્વરે ફુલ ટન પાસેથી બબલુ ની લાશ અને તેની લકઝરી કાર મળ્યાનું લોકેશન અને ડીટેલમાં જાણકારી મેળવી . ખાને ફુલ ટનને કહ્યું ,” હું ઘટના નજીકના પોલીસ સ્ટેશન ને આ કેસ અંગેની જાણ કરું છું પણ જ્યાં સુધી પોલીસ ના આવે ત્યાં સુધી જગ્યા પરથી ખસતો નહિ.”

એમ એમ ખાને તુરંત જ ફુલ ટને જણાવેલ ઘટના સ્થળ પર નજીકના પોલીસ સ્ટેશને ફોન પર પોતાનો પરિચય આપી જાણ કરી , “તારાપુર ગામની પાસે નદી કિનારે એક અવાવરું ખેતરમાં એક લાશ અને લકઝરી કાર પડી છે ત્યાં પહોંચી તરત મને રીપોર્ટ આપો.” ઓર્ડર મળતાં પોલીસ સ્ટેશન નો સ્ટાફ તાત્કાલિક ખાન સાહેબે જણાવેલ ઘટના સ્થળે દોડી જાય છે. દુરથી પોલીસ ખેતર તરફ આવતાં દેખાતાં ફુલ ટન ત્યાંથી ખસી જઈ ખાન સાહેબ ને ફોન પર જાણ કરે છે, “ ખાન સાહેબ પોલીસે લાશ ની પાસે પહોંચી ગઈ છે અને હું સલામત સ્થળેથી બધું જોઈ રહ્યો છું , આગળના ઓર્ડર માટે જાણ કરજો.” ફુલ ટન ખાનગી રાહે ખાન સાહેબ ને કેસ માં મદદ કરતો હોવાથી તે પોલીસ થી દુર રહીને જ કામ કરતો હતો.

પોલીસે ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિ ની જાણ ખાન સાહેબ ને ફોન પર કરી દીધી. સ્થાનિક પોલીસ પણ ખાન સાહેબ ને આ ઘટના ની જાણ કેવી રીતે અને ક્યાં ખબરી થકી થઇ હશે તે વિચારતી હતી. એમ એમ ખાન ક્રાઈમ બ્રાંચ ના સિનીયર ઇન્સ્પેકટર અને અન્ય સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી જાય છે. ખાને પોતે બબલુ ની લાશ ની તપાસ કરી પોલીસ કમિશ્નર ને ફોન પર જાણ કરી ,” ગુડ મોર્નિંગ સર, માફ કરજો આપણે બબલુ ને જીવતો મેળવી નથી શક્યા પણ તેની લાશ અને કાર મળી આવી છે અને તપાસ ચાલુ છે.” ખાને પોલીસ કમિશ્નર

ને ટુંકમાં ઘટના સ્થળ ની જાણ કરી આગળની તપાસ અંગે માહિતગાર કર્યા. સીમમાંથી લાશ મળ્યા ના સમાચાર વીજળીવેગે આજુ બાજુના ગામમાં પહોંચી જતાં લોકોના ટોળા ઘટના સ્થળે ધસી આવ્યા હતાં. સ્થાનિક પોલીસે ટોળાને ઘટનાથી દુર ખસેડવામાં લાગેલા હતાં. સ્થાનિક પોલસે ક્રાઈમ બ્રાંચ ની સાથે મળીને ઓળખનામું અને પંચનામા ની વિધિ પુરી કરી. ખાન સાહેબે બબલુ ના પરિવારને ઘટના સ્થળ પર આવવા જાણ કરી . બબલુ ની પત્ની અને પરિવારના મિત્રો પણ તાત્કાલિક ઘટના સ્થળે આવી બબલુ ની ઓળખવિધિ પુરી કરી. ક્રાઈમ બ્રાંચની ટીમે બબલુની લાશ ને પોસ્ટમોર્ટમ માટે ફોરેન્સિક લેબોરેટરીમાં મોકલી આપી . ખાન સાહેબ ની સુચનાથી ફોરેન્સિક લેબોરેટરી ની ટીમે ક્રાઈમ બ્રાંચ અને સ્થાનિક પોલીસ સાથે મળીને ઘટના સ્થળ પર ગાડીની ઊંડી તપાસ અને ઘટના સ્થળની આસ પાસ ની જગ્યાની પણ ઊંડાણમાં તપાસ અને પુરાવા એકઠાં કરવાની કાર્યવાહી શરુ કરી દીધી.

એમ એમ ખાન બબલુ તેની ગાડીમાં સાથે શું શું રાખતો હતો અને હાલમાં ગાડીમાંથી શું શું મુદ્દામાલ મળે છે તેની જાણકારી માટે બબલુ ના અંગત સાગરીત પીન્ટો ને સાથે રાખે છે. " પીન્ટો , તમારા શેઠ બબલુ પોતાની સાથે ગાડીમાં શું સામાન રાખતા હતાં તેની માહિતી વિચારીને અમને જણાવો " ખાને પીન્ટો ના ખભે હાથ મુકી ઉંચા સ્વરે કહ્યું . ખાન સાહેબ ના પ્રશ્ન ના જવાબમાં એક પણ મિનીટ રોકાયા વિના તરત જ પીન્ટો એ જવાબ આપ્યો , " સાહેબ , બબલુ શેઠ પોતાની સાથે કારમાં ઈમ્પોટેડ પરફ્યુમ , માઉથ ફ્રેસ્નર્સ , પાન મસાલા ગુટખાનો ડબ્બો, તેમના ફેવરીટ સોન્ગ્સની પેન ડ્રાઈવ, ઉઘરાણીની સમરી બુક, વીઝીટીંગ કાર્ડનું બોક્ષ, રેબનના સનગ્લાસ, પાણીનો જગ, બાઈટીંગનો સામાન, ગ્લાસ તથા કાર ની ડેકીમાં ગુપ્તી, હોકી સ્ટીક અને સાહેબ ...કો .. કોન્ડોમ પણ રાખતાં." ખાને પીન્ટો પાસેથી જાણવા મળેલ વસ્તુઓનું લીસ્ટ બનાવી કોન્સ્ટેબલ ને તરત લીસ્ટની તમામ વસ્તુઓ છે કે કેમ ની જાણકારી આપવા ઓર્ડર આપ્યો. ગાડીની તપાસ ચાલી રહી હતી તેવામાં પીન્ટો એ ખાન સાહેબ ને સાઈડમાં બોલાવી ધીમા સ્વરે કહ્યું, " સાહેબ , બબલુ શેઠ પોતાની સાથે રિવોલ્વર પણ રાખતા પણ ગાડીમાં કે પોતાની પાસે ક્યાં રાખતા તેની જાણ કોઈને હોતી નથી ." રહી રહી ને રિવોલ્વર ની જાણકારી આપતા ખાન પીન્ટો પર ગુસ્સે થયાં પણ પરિસ્થિતિ ને ધ્યાનમાં રાખી ગુસ્સો મનમાં ને મનમાં ઓગાળી ને એક સિનીયર કોન્સ્ટેબલ ને ઓર્ડર કર્યો , " મને તાત્કાલિક બબલુ ની કાર, બોડી, તેના ઘર કે ઓફિસે તપાસ કરી તેની રિવોલ્વર ક્યાં છે તેનો રીપોર્ટ આપો." ખાને બબલુ ના વિસ્તારના પોલીસ સ્ટેશને ફોન કરી બબલુ પાસે રિવોલ્વર લાઇસન્સ વારી છે કે કેમ અને તેના દુરપયોગ અંગેની કોઈ ફરિયાદ અંગેની જાણકારી આપવા ઓર્ડર કર્યો.

ખાને ક્રાઈમ બ્રાંચના સિનયર પોલીસ ઇન્સ્પેકટર સાથે સ્થળ પર ચર્ચા કરી ," જો બબલુ સાથે રિવોલ્વર રાખતો હોય તો તેના અપહરણ કે મર્ડર ના સમયે તેની પાસેની રિવોલ્વર નો ઉપયોગ કેમ નહી કર્યો હોય યા તેને રિવોલ્વર ઉપયોગ કરવાની તક નહી મળી હોય કે શું થયું હશે તેની તપાસ પણ કરવી પડશે." ખાન ને રિવોલ્વર ની જાણ થતાં પરિસ્થિતિ વધુ ગંભીર હોવાનું અનુમાન થયું.

ખાનના મોબાઈલ પર પોલીસ સ્ટેશનમાંથી ફોન આવે છે અને પોલીસ ઇન્સ્પેક્ટર ત્રિવેદી બબલુ ની રિવોલ્વર વિશે માહિતી આપે છે, " સર બબલુ પાસે લાયન્સ વાળી રિવોલ્વર છે અને તેની નોધણી પોલીસ સ્ટેશનમાં છે , સર આ લાયસન્સવાળી રોવોલ્વરથી કોઈ ગુનો કે ફરિયાદ હજુ સુધી મળી નથી પણ બબલુ પર ઉઘરાણી માં એક શખ્સ ને લાયન્સ વગરની રિવોલ્વર બતાવી બળજબરી કરવાની ફરિયાદ ગયા વર્ષે નોધાઇ હતી , તપાસમાં બબલુ કે

તેના ઘર કે ઓફિસમાંથી લાયસન્સ વગરની રિવોલ્વર મળી ન હતી અને રિવોલ્વર બતાવી હોય તેના પુરાવા પણ મળ્યા ન હતાં , ફરિયાદ ના થોડાક જ દિવસમાં ફરીયાદીએ ફરિયાદ પાછી લઇ લેતાં તપાસ ને બંધ કરી દેવાઈ હતી.” ખાને આખી વાત સાંભળી જરૂરી માહિતી પોતાની કેસ ડાયરીમાં ટપકાવી દીધી અને પી આઈ ત્રિવેદી ને આ રીપોર્ટ લેખિતમાં મોકલવા કહ્યું.

પ્રકરણ ૨ પુર્ણ

પ્રકરણ **3**

ફોરેન્સિક લેબોરેટરી ની ટીમ ને બબલુ ની બોડી પરથી કોઈ ઘા કે અન્ય કોઇ ચિન્હો મળ્યા ન હોવાથી કેસ વધુ ને વધુ ગુંચવાયો હતો. બબલુના શરીર ની અંદર કોઈ ઘા કે અન્ય અસર માટે ખાન સાહેબે ખાસ ફોરેન્સિક ટીમ ને ઊંડાણમાં તપાસ કરીને રીપોર્ટ આપવા ઓર્ડર કર્યો. બબલુના કોમ્પ્લીકેટેડ કેસ માટે ફોરેન્સિક લેબોરેટરી ની ટીમે ખાસ એક એક્સપર્ટ બોલાવ્યા હતાં અને એ એક્સપર્ટ સાથે મળીને ખાન સાહેબ ને રીપોર્ટ ફાઈલ કરવામાં આવે છે . બબલુ નું મોત બહારના હુમલા કે આંતરિક હુમલા થી નથી થયું પણ કદાચ બબલુ નું મોત આત્મહત્યા હોઈ શકે એવું તારણ ફોરેન્સિક ટીમ અને એક્સપર્ટ ની ટીમ ને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું. આ તારણ ના રીપોર્ટ થી ખાને ટીમ એક્સપર્ટ ને કહ્યું, “ બબલુ એ આત્મહત્યા કરી તો શું પી ને કે ખાઈ ને કરી તેની તપાસ કરી મને રીપોર્ટ કરો.” ખાને શાંત મને શરૂથી આખો કેસ સ્ટડી કર્યો અને ફોરેન્સિક ટીમ ને ઓર્ડર કર્યો, “ મને તાત્કાલિક બબલુ નું મોત કે આત્મહત્યા ક્યા ડ્રગ્સ કે દવા થી થયું અને તે શરીરમાં કેવી રીતે ગયું તેની જાણકારીનો રીપોર્ટ આપો.” ટીમે ખાન સાહેબ ને જવાબ માં જણાવ્યું , “બબલુના શરીર ની અંદરની ઊંડાણથી તપાસ ચાલુ જ છે અને તાત્કાલિક તેની જાણકારી આપને મોકલી આપીશું.”

ઘટના સ્થળ પર તપાસની કાર્યવાહી બપોર સુધી ચાલી અને ખાનને તેમના ખબરીઓ ની યાદ આવતાં તરત મોબાઈલ પર કોલ કરે છે. ખાન હાફ ટન અને ફુલ ટન ને હાઇવે નજીકના ગાર્ડન રેસ્ટોરેન્ટમાં જમવા માટે બોલવે છે. ખાને પોતે મેળવેલા અને જાણેલા પુરાવા તથા ફોરેન્સિક ટીમે મેળવેલા પુરાવા લઈને એકલાં પોતાની પર્સનલ કારમાં ગાર્ડન રેસ્ટોરેન્ટમાં જમવા અને ખબરીઓને મળવા પહોંચી જાય છે. ખાન સાહેબ યુનિફોર્મ માં ન હોવાથી ગાર્ડન રેસ્ટોરન્ટમાં કોઈને તેમના અને ખબરીઓ વિશે જાણ થતી નથી.

ખાન સાહેબ ફુલ ટન ને હંમેશાની જેમ સાચી અને જલ્દી ખબર આપવા માટે શાબાશી આપી પુછે છે, “ તને આ જગ્યાની અને લાશ અંગે જાણ કઈ રીતે થઇ?” ફુલ ટન હસતાં હસતાં બોલ્યો, “ તમારી સાથે રહીને સાહેબ હવે અમારી સામાન્ય નજર પણ ખાસ બની ગઈ છે અને બધાને શક ની નજરે જોવે છે.” ખાન સાહેબ પણ થોડા હળવા મુડમાં આવી બોલી ઉઠ્યાં, “ ભઈ તું સસ્પેન્સ મુવી ની જેમ વધુ સસ્પનેસ ઉભું કરવા કરતાં સીધી રીતે જાણકારી આપીશ તો મને ગમશે અને હાફ ટન ને પણ વાત સમજાશે .”

હાફ ટન પણ ખાન સાહેબ હળવા મુડમાંથી ગંભીર મુડમાં આવે તે પહેલા વાત શરુ કરી, “ સાહેબ કાલે સાંજે હું આ હાઇવે રોડ પરથી પસાર થઇ રહ્યો હતો ત્યારે મને અકે સાયકલ પર સામાન્ય પણ ચોર હોઈ શકે એવી શંકા ના આધારે એક છોકરો નજરે ચડ્યો . એ છોકરાને જોઈ મે પણ બાઇકની સ્પીડ ધીમે કરી તો તે છોકરા એ ગભરાઈ ને સાયકલની સ્પીડ વધારી

એટલે મારો શક નો કીડો સરવર થવા લાગ્યો. સાહેબ તે છોકરાને અને સાયકલ ને શકની નજરે જોતાં મને તેની સાયકલના કેરિયરમાં કારની ઓડિયો સિસ્ટમનું સાઉન્ડ સ્પીકર બાંધેલું નજરે પડ્યું. હવે મને ખાત્રી થઇ ગઈ કે આ છોકરો સામાન્ય નહિ પણ ચોર જ હશે અને સાયકલ ના કેરિયર માં બાંધેલું સ્પીકર પણ ચોરીનું જ હશે. મેં તે છોકરાને જબરજસ્તીથી ઉભો રાખી સાયકલ પરથી નીચે ઉતાર્યો અને હું પણ બાઈક પરથી નીચે ઉતર્યો . સાહેબ મેં તે છોકરાને મારે આ સ્પીકર પૈસા થી ખરીદવું છે એમ કહી પટાવાનો પ્રયત્ન કર્યો અને પૈસાની વાત આવતાં જ છોકરો પટી ગયો અને મારી વાત ફાયદાની લાગતાં ઉભો રહી વિચારવા લાગ્યો. ખાન સાહેબ અને હાફ ટન ફુલ ટન ની વાત શાંતિ થી સાંભળી રહ્યા હતાં . " સાહેબ, મે આવા કેટલાંય ચોરો સાથે સત્સંગ કર્યો હોવાથી હવે હું તેઓની નસેનસથી પારખું થઇ ગયો છું." હાફ ટન પુરા કોન્ફિડન્સ થી બોલી ઉઠ્યો. ખાન સાહેબ પણ હસતાં સ્વરે બોલી ઉઠ્યા, " હા ભાઈ તું હવે એક્સપર્ટ બની ગયો છું." વાતો વાતો માં જમવાનું ક્યાં પૂરું થઇ ગયું તેનો ત્રણેમાંથી એકેનેય ખયાલ ન રહ્યો. એવામાં જ ઘટના સ્થળેથી ફોરેન્સિક ટીમ નો ખાન સાહેબ પર ફોન આવે છે અને સ્થળ પર આવવા જણાવે છે. ખાને ફુલ ટન ને જણાવ્યું ," આગળની સ્ટોરી જાણવાની મને ઘણી ઉત્સુકતા અને જરૂર છે તો સ્થળ પર જવું પણ એટલું જ જરૂરી છે એટલે તમે બે આસપાસ જ રહેજો અને આપણે રાતે જમવા માટે અથવા એ પહેલા મળીએ છીએ. "

ખાન ઘટના સ્થળ પર જાય ત્યારે ફોરેન્સિક ટીમ એક્ષ્પર્ટ જણાવે છે, સર બબલુ ની ગાડીમાંથી પીન્ટોના જણાવ્યા મુજબ બધી ચીજ વસ્તુઓ મળી તેમાં પરફ્યુમ , માઉથ ફ્રેસ્નર્સ , પાન મસાલા ગુટખાનો ડબ્બો, , પેન ડ્રાઈવ, ઉઘરાણીની સમરી બુક, વીઝીટીંગ કાર્ડનું બોક્ષ, રેબનના સનગ્લાસ, સ્વીચ ઓફ થયેલો મોબાઈલ , પાણીનો જગ, મોબાઈલ ચાર્જર બાઈટીંગનો સામાન, ગ્લાસ તથા કાર ની ડેકીમાંથી ગુપ્તી, હોકી સ્ટીક, કોન્ડોમના પેકેટ મળ્યા તથા સોફ્ટડ્રીંક્સ ની ૧ લીટર ની બોટલ પણ તેમાંથી લગભગ ર ગ્લાસ પીધા હશે , સોફ્ટડ્રીંક્સ પીધા ના બે ગ્લાસ છે." " ખાન સાહેબ ગાડીમાંથી બબલુ ની સીટ નીચેથી લોડેડ રિવોલ્વર પણ સહી સલામત મળી આવી છે અને તેના કારતુસ ડેકીમાંથી મળી આવેલ છે તે પણ વિચારવા જેવી બાબત છે." ફોરેન્સિક એક્ષ્પર્ટે ધીમા સ્વરે કહ્યું.

ખાન ની નજર ગાડીમાં બબલુ નો સ્વીચ ઓફ થયેલ મોબાઈલ અને મોબાઈલ કાર ચાર્જર પર પડી અને તે મુજવણમાં પડ્યા ને મનમાં પ્રશ્નો ઉભાં થયા કે ," કાર ચાર્જર હોવા છતાં મોબાઈલ કેમ ચાર્જ કરવામાં નહી આવ્યો હોય ? , બબલુ એ પોતે યા બીજાએ મોબાઈલ સ્વીચ ઓફ કર્યો હશે ? , મોબાઈલ બેટરી લો થવાથી સ્વીચ ઓફ થયો હશે ? . ખાને આ બધા પ્રશ્નો ના જવાબ માટે મોબાઈલ અને સાયબર એક્ષ્પર્ટ સૌરીન ને ફોન કરીને તાત્કાલિક સ્થળ પર બોલાવ્યા . મોબાઈલ અને સાયબર એક્ષ્પર્ટ સૌરીન ઘટના સ્થળ પર આવતાં જ ખાન સાહેબે તેમને ઉદભવેલા પ્રશ્નો ના જવાબ માટે તપાસ કરી તાત્કલિક રીપોર્ટ આપવા જણાવ્યું . મોબાઈલ અને સાયબર એક્ષ્પર્ટ સૌરીને ખાન સાહેબ ના ઓર્ડર મળતાં જ તપાસ ચાલુ કરી અને બબલુ નો મોબાઈલ અને કાર ચાર્જર ની તપાસ શરુ કરી દીધી. તપાસમાં કાર ચાર્જર ચાલુ હાલતમાં મળ્યું અને તે ચાર્જર માં સ્વીચ ઓફ થયેલો બબલુ

નો ફોન ચાર્જ થવા પણ માંડ્યો .

બપોરના ત્રણેક વાગી ગયા હતાં અને ખાન સાહેબ નું મગજ બબલુ ની તપાસ માં ચકરવા માંડ્યું હતું . ખાન સાહેબ ને ચા પીવાની ઈચ્છા થઇ અને હાફ ટન ની અધુરી વાત સાંભળવાની

અધીરાઈ હતી તથા તેમાંથી તપાસ માટે કશુંક ઉપયોગી જાણવા મળે તે માટે હાફ ટન અને ફુલ ટન ને ફોન કરી બપોરે લંચ લીધો હતો તે હોટલ પર ચા પીવા બોલાવે છે.

પ્રકરણ 3 પુર્ણ

ખાન સાહેબ ને ગાડીમાંથી શું શું મળે છે અને બબલુના મોબાઈલની લોકેશન તેમજ મોબાઈલ સ્વીચ ઓફ થવાના કારણો વિશે ની વાત આ પ્રકરણ માં જાણો

પ્રકરણ ૪

ખાન સાહેબ ફુલ ટન અને હાફ ટન ની સાથે ચા પીવા માટે અને આગળની વાત જાણવા માટે ભેગા થાય છે. હાફ ટન ચા , ગરમા ગરમ પફ , ગ્રીલ સેન્ડવીચ ના ઓર્ડર આપવામાં વ્યસ્ત છે ત્યારે ખાન ફુલ ટન ને આગળની વાત ઝડપથી જણાવવા કહે છે.

ખાન સાહેબ ની આતુરતા ને જોઈ તરત ફુલ ટન આગળની વાત કહેવાનું શરુ કરે છે, “ ખાન સાહેબ તે છોકરા ને મારી વાતમાં ફાયદો લાગતા તે ઉભો રહ્યો . મેં તેને આ સ્પીકર ની સાથે બીજું સ્પીકર પણ મળી જાય તો જોડી બની જાય તેવી વાત કરી તેને વધુ લાલચમાં લાવવા પ્રયત્ન કર્યો અને તે લાલચમાં આવી પણ ગયો. મે તે છોકરાને સ્પીકર ક્યાંથી લાયો તે પૂછ્યું તો તેણે એ જવાબ આપવાની વાત ના પાડી ત્યારે મને ખાત્રી થઇ ગઈ કે આ ચોરીનો જ માલ છે . મેં તેને બીજું સ્પીકર ક્યારે મળી શકે ની વાત કરી ત્યારે તરત જ બોલી ઉઠ્યો કે તમે અહીજ થોડીવાર ઉભા રહો હું તમને લાવી આપું છું. છોકરો તરત જ સાયકલ લઈને નેળીયામાંથી થઈ ખેતરોને પાર કરી હાઈવે પરથી નજીકમાં જ સામેની સાઈડમાં નદી કિનારે ના ખેતર માં અંધારામાં જતાં મે જોયો . અંધારું વધુ ન હોવાથી તે છોકરો ક્યાં ગયો તે મેં જાણી લીધું . થોડીવાર માં એ નદી કિનારે ના ખેતરમાંથી હાઇવે પર આવી છોકરો મારી તરફ આવતાં જોઈ હું પાછો બાઈક ની પાસે નેળીય માં પહોંચી ગયો. મને એજ જગ્યા પર જોઈ છોકરો ખુશ લાગતો હતો અને સાયકલ ના પાછળના કેરિયરમાં બીજું સ્પીકર લાવી તેણે સ્પીકરોની પેર બનાવી દીધી. હવે તેણે સ્પીકરની સોદાબાજી શરુ કરી અને મે પણ બાર્ગેનીગ ચાલુ કરી ટાઈમ પાસ શરુ કર્યો . છોકરો થોડી માથાકૂટ પછી ભાવતાલ માં માની ગયો પણ મેં એટલી રકમ મારી પાસે હાલ નથી તો કાલ સુધી રોકાઈ જવાની વાત પર રાજી કર્યો. મેં તેને મારો મોબાઈલ નંબર આપ્યો અને તેનો મોબાઈલ નંબર મેં લઇ કાલે પૈસાની સગવડ થતાં જ તરત આવી જઈશ ની વાત કરી હું ત્યાંથી નીકળી ગયો. હું ત્યાંથી નીકળી થોડે આગળ જઈ રોકાયો અને છોકરાને દુર જતાં જોઈ પાછો હું, છોકરો જ્યાંથી કારનું સ્પીકર લાવ્યો હતો તે નદી કિનારા નું ખેતર તરફ જવા રોકાયો. રોડથી ખેતર તરફ રસ્તો ન હતો અને અંધારું ઘણું હતું એટલે માંડ માંડ અંદર જવાય તેવું હતું . હું બાઈક રોડ પર ઉભું રાખી અંદર ચાલતાં ચાલતાં અંદર ગયો તો મને ગાડી દેખાઈ એટલે મોબાઈલ ની બેટરી કરી વધુ નજીક પહોંચ્યો . કારની અંદર બેટરી થી જોઈ હું ડઘાઈ ગયો . મને ગાડીની અંદર કોકની લાશ નજરે પડી . મેં ગાડીની બહારથી અંદર બેટરીથી તપાસ કરી , મેં ગાડીની ફરતે ફરી તપાસ કરી પણ મને ગાડીમાં કોણ બેભાન કે લાશ છે તેની ઓળખ થઇ શકતી ન હતી. અંધારમાં પુરાવાનો નાશ થવાના ડરે હું સાઇડમાં ઉભો રહી વિચારી રહ્યો હતો. મેં વહેલી સવારે મોટો બેટરી અને કાર ખોલવાની માસ્ટર કી લઇ આવવાનું વિચાર્યું .

" માસ્ટર કી ની વાત સાંભળી તરત ખાન સાહેબ બોલી ઉઠ્યા ," વાહ ! તું ગાડીની માસ્ટર કી પણ રાખતો થઇ ગયો એમ ને પણ તેનો સદાય સદુપયોગ જ કરજે નહિતર તારી વારી લેતાં હું રાહ પણ નહિ જોવું " " અરે સાહેબ તમે વિશ્વાસ રાખો તમારો ફુલ ટન ક્યારેય ખોટું નહિ કરે " ફુલટને ખાન સાહેબ ની વાત પુરી થતાં જ બોલી ઉઠ્યો. " ફુલટને વાત નો દોર આગળ લંબાવ્યો અને બોલ્યો , " સર હું વહેલી સવારે મોટી બેટરી અને કાર ની માસ્ટર કી લઈને પાછો ઘટના સ્થળે પહોંચી ગયો. મેં કાર ખોલીને અંદર ચેક કર્યું ત્યારે સાહેબ તમે મોકલેલ બબલુના ફોટા જેવું જ લાગ્યું અને મેં તરત ગાડીની બહાર આવી જવાનું યોગ્ય લાગ્યું. મેં ગાડી બહારથી ફરી મારા મોબાઈલ માં બબલુની તમે મોકલેલ ઇન્ફોર્મેશન સાથે ચેક કર્યું એટલે મને ખાત્રી થઇ ગઈ કે આ કાર અને લાશ બબલુ પાંડે ની જ છે . મેં તરત જ આપને મોબાઈલ પર ઘટના અને ઘટના સ્થળ ની જાણકારી આપી અને આગળની તો વાત સાહેબ તમને ખ્યાલ જ છે." ખાન સાહેબ ને પુરી વાત સાંભળી નિરાંત સ્વરે બોલી ઉઠ્યા, " સરસ ફુલ ટન સરસ , તેં ઘણી મહેનત કરી તે બદલ તારો દિલથી આભાર અને તને આ તપાસ માટે મારા તરફથી યોગ્ય ઇનામ પણ મળશે ."

ખાન સાહેબ ને ફુલ ટન ચા પીતા પીતા વાતો કરતાં હતાં અને હાફ ટન સેન્ડવીચ અને પફ ની મજા લેવામાં વ્યસ્ત હતો તેવામાં જ ફુલ ટન ના મોબાઈલ પર ફોન આવે છે અને ફુલ ટન વાત કરે છે ," હલ્લો કોણ ? " સામેથી પૈલા ચોર છોકરાનો અવાજ સાંભળી ફુલ ટન ઈશારાથી ખાન સાહેબ ને સમજાવે છે કે ફોન કોનો છે . ખાને પણ વાત લંબાવી છોકરાને અહી બોલાવા ઇશારાથી કહ્યું . " સાહેબ આપણ ને બબલુ ની કાર અહી કેવી રીતે આવી તે કદાચ આ છોકરો જ જણાવી શકશે " ફુલ ટન ની વાત ખાન સાંભળી રહ્યા હતાં . ખાન સાહેબ ના મોબાઈલ પર પાછો ઘટના સ્થળે થી ફોન આવતાં તે હોટલમાંથી નીકળતા નીકળતા ફુલ ટન ને છોકરાને મળી તેના ઘર સુધી જઈ જરૂરી માહિતી ભેગી કરવા સુચના આપી .

ખાન સાહેબ ઘટના સ્થળ પર પહોંચતા ક્રાઈમ બ્રાંચ ના પોલીસ ઈન્સ્પેકટરે રીપોર્ટ આપ્યો , "ખાન સાહેબ ગાડીમાંથી બે સ્પીકર ની ચોરી થઇ છે અને કારની સેન્ટ્રલ લોકીંગ સિસ્ટમ જોડે છેડછાડ કરીને કાર અનલોક કરવાનું ફોરેન્સિક એક્ષ્પર્ટ ના રીપોર્ટમાં આવ્યું છે તથા કાર બનાવનાર કંપનીનો લોગો પણ ચોરી થયો છે . કંપની નો લોગો અને સ્પીકર અહી ચોરી થયા છે કે અન્ય સ્થળે તેની ચોરી થઇ છે તેની તપાસ ચાલુ છે ." ખાન સાહેબ ને સ્પીકર ચોરીની વાત ફુલ ટન પાસેથી જાણવા મળી હતી એટલે અચરજ ન થયું પણ કાર પર લગાવેલ લોગોની ચોરી ની વાત થોડી અચુક્તી લાગતા સાઈડમાં જઈ ને ફુલ ટન ને મોબાઈલ પર વાત કરી ," ફુલ ટન કારમાંથી સ્પીકરની સાથે કંપની લોગો પણ ગાયબ છે , છોકરાની પાસે તપાસ કર લોગો કાઢવાની કારીગરી તેણે કરી છે કે કોઈ અન્યએ "

મોબાઈલ અને સાયબર એક્ષ્પર્ટ સૌરીને ખાન સાહેબ ને રીપોર્ટ આપ્યો ," સાહેબ બબલુ નો મોબાઈલ ચાર્જ ન થવાથી ઓટોમેટીક બંધ થઇ ગયો હોવાનું માલુમ થાય છે ,બબલુની કાર ચાર્જર ચાલુ જ છે પણ બબલુ એ કદાચ તેનો મોબાઈલ ચાર્જ કરવા ઉપયોગ કર્યો નહી હોય તેવું જણાય છે. બબલુના મોબાઈલમાં સવાર ના ૧૦ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધી ઘણાબધા કોલ મીસ થયા છે અને મોબાઈલમાંથી બબલુ એ સવારથી કોઈને પણ ફોન કર્યો કે રીસીવ કર્યો નો ડેટા મળેલ નથી . બબલુ ની મોબાઈલ લોકેશન અમદાવાદ સીટી અંદર અને ત્યાંથી એસ જી હાઇવે , રીંગ રોડ સર્કલ , ઇસ્કોન સર્કલ , અડાલજ અને અંતે અહી તારાપુર

બતાવે છે. મોબાઈલમાં વોટસઅપ ના મેસેજ કે અન્ય મેસેજ પણ ચેક થયા નથી એટલે એવું તારણ કાઢી શકાય કે સવારથી જ મોબાઈલ નો ઉપયોગ કરવામાં આવ્યો નથી અને મોબાઈલ એની જાતે સ્વીચ ઓફ થયો હશે."

પ્રકરણ ૪ પુર્ણ

પ્રકરણ ૫

ફુલ ટન ખાન સાહેબે ફોન પર આપેલ કાર લોગોની વાત જાણવા પેલા છોકરાને તેના ગામની બહાર મળવા બોલાવે છે અને તેને કાર લોગો જોઈએ છે તેવી વાત કરી અને કહ્યું ," યાર મારી સ્પીકર લેવાવાળી પાર્ટી ને કારનો લોગો પણ જોઈએ છે , તારી પાસે અથવા તારી નજરમાં કે જાણમાં કોઈ લોગો હોય તો કહે જે . મારું નામ જીતુ છે અને તારું નામ ? " ફુલ ટને પોતાનું ખોટું નામ આપી છોકરાનું નામ જાણવાનો અને તેની પાસે લોગો છે કે કેમ તે જાણવા તુક્કો લગાવ્યો . ફુલ ટન ને ખબર હતી જ કે છોકરો લાલચુ છે એટલે તે અત્યારે નહી તો પછી પણ લોગો માટે હા પાડશે જ . થોડું વિચારીને છોકરો બોલ્યો, " જીતુ ભાઈ , મારું નામ લાખો . તમે તમારી પાર્ટીની કારનું મોડલ કહેજો , આપણે લોગો ગમે ત્યાંથી લાવી આપશું."

ફુલ ટન ના લગાવેલ તુક્કા અને જાળમાં લાખો ફસાતો જોઈ ફુલ ટન ખુશ થયો અને તરત બબલુની કારનું મોડલ નું નામ આપી લોગો ની વાત કરે છે ," ભાઈ લાખા મારી પાર્ટીની લકઝરી કારનો લોગો કોઈ કારીગર કારીગરી કરી કાઢી ગયો છે , તાત્કલિક તેમને જોઈએ છે. તારી પાસે હોય તો મને તેનો ભાવ કહી દે એટલે હું ફોન પર પૂછી સોદો ફાયનલ કરી દઉં ને શક્ય હોય પેમેન્ટ પણ કરી દઉં." લાખા માટે તો સામે ચાલીને લક્ષ્મી ચાંલ્લો કરવા આવ્યા જેવો ઘાટ હતો એટલે લાલચુ લાખા એ હા પાડી કહ્યું ," લોગો તો હમણાં મળી જશે પણ કાર મોંઘી છે તો લોગો સસ્તામાં નહી મળે . મારી પાસે આ મોડલનો લોગો છે આપ પાર્ટી જોડે ફાયનલ કરી કહો એટલે હું તમને લોગો આપી દઉં. આપ પેમેન્ટ પછી કરજો મને તમારી પર વિશ્વાસ છે ."

લાખાની વાત સાંભળી ફુલ ટન હસ્યો અને લાખાએ કહેલી લોગોની કિંમત ફાયનલ કરવા ના બહાને ખાન સાહેબ ને ફોન કરે છે ," અરે શેઠ, તમે જે લોગો ની વાત કરી હતી તે મારા મિત્ર પાસેથી મળી ગયો છે અને હાજરમાં જ મળી જશે ." ફુલ ટન ની વાત પરથી ખાન સમજી જાય છે અને કહે છે ," તેને માંગેલી કીમતે ફાયનલ કરી લોગો લઇ લે અને પેમેન્ટ માટે ફરી મળવાની વાત કરી તેને વિશ્વાસ માં લઇ લે. હું તને ફોન કરું પછી આપણે મળીએ ." ફુલ ટને ફોન કટ કરી લાખાને સોદો પાકો કહી હાથ મિલાવ્યો અને કહ્યું કાલે પેમેન્ટ મળી જશે . લાખા એ થોડી વાર અહીજ ઉભા રહો હું કારનો લોગો હમણાંજ લાવી આપું કહી ઝડપથી સાયકલ લઇ ઘર તરફ નીકળી ગયો. ફુલ ટન પણ શક્ય હોય એટલી નજર લાંબી કરી લાખાની સાયકલ કઈ તરફ જાય છે તે જાણવાનો અને સમજવાનો પ્રયત્ન કરે છે અને થોડીક જ વાર માં લાખો કારનો લોગો લઇ હાજર થઇ જાય છે . લાખો કારનો લોગો આપી અંધારું થવામાં છે અને તેના ધંધાનો ટાઇમ થઈ ગયો તે વાત કહી હસતાં હસતાં ફરી મળીશું કહી નીકળી ગયો. ફુલ ટન પણ લાખા ને જતો જોઈ રહ્યો અને ખાન સાહેબના ફોનની રાહ જોતો ત્યાંજ ઉભો રહી ગયો.

ઘટના સ્થળ પર અંધારું થતાં પુરાવા સાથે કોઈ છેડછાડ ના થાય તે માટે સ્થાનિક પોલીસ ને ખાન સાહેબ લાઈટ ની વ્યવસ્થા કરવા અને ઘટના સ્થળ પર ધ્યાન રાખવા ઓર્ડર કરે છે.

ખાન ક્રાઈમ બ્રાંચના ઓફિસર ને નવી કંઈપણ જાણકારી મળે તો તાત્કાલિક જાણ કરજો અને કાલે સવારે વહેલા અહી જ મળીએ એમ કહી ઘટના સ્થળ પરથી નીકળી જાય છે. ખાન સાહેબ બહાર આવી પોતાની કારમાં બેસતા પહેલા ફુલ ટન ને ફોન કરે છે, "તમે બેય મારા ઘરે પહોંચો અને તમારી પસંદનું જમવાનું બનાવો ,આપણે ઘરે સાથે જમીશું અને લાખાની વાત પણ કરીશું. હું ક્રાઈમ બ્રાંચ ની ઓફીસ જઈ આજનો રીપોર્ટ ફાઈલ કરી ઘરે આવું છું " ફુલ ટન હાફ ટન ને લઈને ખાન સાહેબ ના ઘરે પહોંચી જાય છે. ખાન સાહેબ આ શહેરમાં એકલાં જ રહેતા હતાં અને ખાન સાહેબના ઘરની એક ચાવી હાફ ટન પાસે રહેતી . ખાન સાહેબ ના ઘરની નાની મોટી સાળ સંભાળ ની જવાબદારી હાફ ટન ના શિરે હતી.

ફુલ ટન અને હાફ ટન જાતે રસોઈ બનાવી ખાન સાહેબના આવવાની રાહ જોતા હતાં અને તેમનો મુડ કેવો હશે તેની ચર્ચા કરતાં હતાં તેવામાં જ ખાન સાહેબ આવી જાય છે . " અલ્યા શેની ગંભીર ચર્ચા ચાલી રહી છે કે પાછો તમારે કોઈ ઝગડો થયો " ખાન સાહેબ હસતાં હસતાં બોલી ઉઠ્યા. ખાન સાહેબ ને હસતાં જોઈ અને સારા મુડમાં જાણી ફુલ ટન અને હાફ ટન પણ ઉત્સાહમાં આવી જાય છે અને કંઈ વાત નહિ એમ કહી વાત બદલી નાંખે છે. સાહેબ કપડાં બદલી ફ્રેશ થઇ જમવા માટે ગોઠવાઈ જાય છે અને જમવાના વખાણ કરતાં કરતાં અને હાફ ટન જોડે ગપ્પા મારતાં મારતાં જમવાનું પૂરું કરે છે .

જમીને ઉભા થઇ ખાન સાહેબ થોડા ગંભીર બની ફુલ ટન ને પુછે છે, "લાખા પાસેથી કારનો લોગો મળ્યો અને બીજું કંઈ જાણવા મળ્યું. શું તેની પાસે આ ઘટના વિશે કોઈ જાણકારી મળી શકે તેમ છે ? " ખાન સાહેબ ના પ્રશ્નો ના જવાબમાં ફુલ ટન કહે છે ," જુઓ ખાન સાહેબ, આ રહ્યો લોગો , લાખાએ જ સ્પીકરની સાથે બબલુ ની કાર નો લોગો ચોર્યો હશે . લાખો કારની એસેસરીઝ ની ચોરીનો માસ્ટર છે . સાહેબ તેની પાસે બબલુના કારની માહિતી પણ મળી શકે તેમ છે , તે ઘટના સ્થળ ની આસપાસના રોડ પર કાર ની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખતો હોય છે અને તેને આ કાર વિશે પણ બીજી જાણકારી હશે જ ." "કાલે સવારે કારના લોગોનું પેમેન્ટ આપવાના બહાને લાખાને મળી કાર વિશે અને બબલુના મર્ડર વિશે વધુ જાણકારી મેળવવાનો પ્રયત્ન કર અને જરૂર પડે સ્થાનિક પોલીસ ની મદદ પણ લઇ જાણકારી મેળવ " ફુલ ટન ને ખાને કહ્યું . ખાન સાહેબ ની વાત સાંભળી કાલ સવારના પ્લાનીગ ની ચર્ચા કરતાં કરતાં ખાન સાહેબ ને ગુડ નાઈટ કહી ફુલ ટન અને હાફ ટન પોતાના ઘર તરફ જવા નીકળે છે .

સવાર પડતાં જ ફુલ ટન લાખા ને ફોન કરી લાખના ગામ પાસેની હોટલ પર જ પેમેન્ટ આપવાના બહાને બોલાવે છે. આજે ફુલ ટન ની સાથે હાફ ટન પણ હોટલ પર પહોંચે છે . ફુલ ટન પાસે હાફ ટન ને જોઇને લાખા ને અટવાતો જોઈ તરત જ ફુલ ટન હાફ ટન નો પોતાનો ખાસ મિત્ર હોવાનો તથા ખોટું નામ આપી પરિચય કરાવે છે. ફુલ ટન અને લાખો વાતો શરુ કરે ત્યારે હાફ ટન ચા મંગાવે છે," લે ભાઈ લાખા આ તારું પેમેન્ટ, મારી પાર્ટીની કારમાં લોગો સેટ ના થયો પણ મેં તે લોગો મારી પાસે રાખી લીધો છે . આજ નહી તો કાલે તેનો ગરાગ મળી જ જશે પણ તારી પાસે આ મોડલનો બીજો કોઈ લોગો આવે તો મને જાણ કરજે, આપણી જોડે પાર્ટી રેડી જ છે. " લાખો ફુલ ટન નો વ્યવહાર જોઈ અને વાતો સાંભળી ભોળવાઈ જાય છે. ફુલ ટન પણ લાખાના ચહેરાના બદલાતા ભાવ નોધી સમજવા પ્રયત્ન કરતો હતો. લાખો ચા પતાવે તરત જ ફુલ ટન ઈશારો કરતાં જ હાફ ટન નાસ્તોનો ઓર્ડર ની બુમ પાડતા પાડતા ટેબલ પરથી ઉભો થાય છે . ફુલ ટન નાસ્તાના બહાને લાખાને રોકવાનો પ્રયત્ન કરે છે અને મનોમન વિચારે છે કે આ રીઢા ચોર જોડેથી કઈ રીતે વાત કઢાવી શકાય. હાફ ટન

નાસ્તાના કાઉન્ટર પાસે જઈ ભલે વાર લાગે અને પૈસા વધુ થાય તો પણ સ્પેશ્યલ પાપડી બનાવાનો ઓર્ડર આપે છે.

પ્રકરણ ૫ પુર્ણ

પ્રકરણ ૬

નાસ્તો આવે ત્યાં સુધી હાફ ટન , ફુલ ટન અને લાખો વાતે વળગ્યા . લાખા ને ફુલ ટન અને હાફ ટન જોડે બરોબર મિત્રતા થવા માંડી અને ફુલ ટને લાખાને પટાવવાના પ્રયત્નો કરવા માંડ્યા. ફુલ ટને હાફ ટનનો ખોટો પરિચય આપતા લાખાને કહ્યું" આ મારો મિત્ર વસંત ચોર બજારમાં વર્ષોથી* *ચોરીનો સામાન લે વેચ નો ધંધો કરે છે અને તેની પાસે આપણા શહેરના અને બહારના ચોર મિત્રો જોડે પણ સારા કોન્ટેક છે. તે ચોરીની નાની મોટી દરેક વસ્તુ ની લે વેચ નો ધંધો કરે છે .ભાઈ લાખા તમારે ક્યારેય કોઈ વસ્તુ વેચવી હોય તો તેનો કોન્ટેક કરજો એટલે તમારું કામ થઇ જશે." લાખો પણ વાતો શાંતિથી સાંભળતા સાંભળતા બોલી ઉઠે છે, " અરે યારો હું કોઈ મોટો ધાડપાડું કે ચોર નથી કે મારી કોઈ ટોળકી નથી . હું તો આ એરિયાનો નાનો ચોર છું અને નાનીમોટી ચોરી કરી ગુજરાન ચલાવું છું . મારો ચોરીનો કોઈ પોલીસ રેકોર્ડ પણ નથી અને મારી ચોરી કરવાની વાત મારા ઘર સિવાય ગામના કોઈ જાણતા પણ નથી. હું આખો

દિવસ આ રોડ, રસ્તા, નેળીયા, ખેતરો પર રખડતો હોવ છું અને રેકી કરી સાંજ પડતાં અંધારાના સહારે રોડ પર , હોટલ કે ઢાબા પર ,ખેતરમાં પાર્કિંગ થયેલ ટ્રક , કારમાંથી સામાન કે એસેસરીઝની ચોરી કરી તે ચોરીનો સામાન શહેરમાં કબાડી બજારમાં મહેમુદને વેચી મારું છું." હાફ ટન લાખાની વાત કોઈને ખબર ના પડે એમ ખાનગી રીતે મોબાઈલમાં રેકોર્ડ કરતો હોય તે ફુલ ટન ને ધ્યાનમાં આવે છે. લાખની આ રેકોર્ડ કરેલ વાત કયારેક કામ આવશે તે વિચારી ફુલ ટન હાફ ટન ના આ કામથી મનોમન ખુશ હતો .

લાખો પોતાની વાત ઝડપથી પુરી કરી ફરી મળશું નો વાયદો કરી હાફ ટન અને ફુલ ટન થી છુટો પડી કામનું બહાનું કાઢી ગામ તરફ જાય છે અને ફુલ ટન ખાન સાહેબ ને તેમને મળેલી જાણકારી આપવા ફોન કરવાનું વિચારતા વિચારતા થોડી વાર માટે હોટલ પર જ રોકાય છે.

સવાર સવારમાં જ ખાન સાહેબે ફોરેન્સિક ટીમ, સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાંચના અધિકારી, સાયબર એક્સપર્ટની સ્થળ પર મીટીંગ બોલાવી ઘટનાનો અત્યાર સુધીનો રીપોર્ટ માંગ્યો અને કેસ અંગેની નવી જાણકારી હોય જણાવવા કહ્યું. ફોરેન્સિક ટીમ એક્સપર્ટે ખાન સાહેબ ને રીપોર્ટ આપ્યો કે ," સર બબલુની કાર અને લાશ અન્ય સ્થળ પરથી અહીંયા લાવવામાં આવ્યા છે તેવું પુરાવાને આધારે મારું માનવું છે. બબલુ એ આત્મહત્યા નથી કરી પણ કોઈએ બબલુ ને મારી આત્મહત્યા લાગે તેવા પ્રયત્નો ચપળતાથી ઉભા કર્યા છે. સર બબલુની કારના ટાયર, બમ્પર અને ટાયરના લુછણીયા પર ચોંટેલા કાદવ અને પાંદડા પરથી લાગે છે કાર અન્ય જગ્યા પરથી અહીં લાવવામાં આવી છે. ખાન સાહેબ કારના ટાયર પર જે પાંદડા છે તે આંબાના ઝાડના છે અને આ ઘટના સ્થળ પર કે નજીકમાં તપાસ કરતાં ક્યાંય આંબાનું ઝાડ નથી . ટાયર પર જે કાદવ છે તેની માટી રોડથી અહી સુધીની માટી કરતાં અલગ છે અને રોડથી અહી સુધી ક્યાંય કાદવ પણ નથી." ખાન સાહેબે પોતે પણ રીપોર્ટ, કાદવની માટીનું સેમ્પલ, આંબાનું પાંદડું અને ઘટના સ્થળ પર કારની પણ ફરી ચકાસણી કરી સમજવાનો પ્રયત્ન કર્યો.

ફોરેન્સિક રિપોર્ટર ખાન સાહેબ ને કારની આજુબાજુ તપાસ કરતાં જોઈ માહિતી આપી ," સર ! બબલુની કારની અંદરથી સ્પીકરની ચોરી અને બહારથી કારના લોગોની ચોરી થઇ છે અને કારની સેન્ટ્રલ લોકીંગ સિસ્ટમ જોડે પણ છેડછાડ કરવામાં આવી છે. સર ચોર ચોરી કરવા આયો હોય તો તેણે માત્ર સ્પીકર અને લોગોની જ ચોરી કરે તે પણ વધુ શંકા ઉપજાવે છે , બબલુની કારમાંથી રેબનના સનગ્લાસ, સ્વીચ ઓફ થયેલો મોબાઈલ, મોબાઈલ ચાર્જર તેમજ બબલુના ખિસ્સામાંથી પર્સ કે તેના હાથ પરથી કિમંતી ઘડિયાળ,વીંટી ની ચોરી નથી કરી. કોઈકે બબલુની લાશ અને કારને અહી છોડી દીધા પછી કોઈ ચોરે ચોરી કરી હોય તેવું અનુમાન છે અને કદાચ અંધારામાં ચોરી કરતાં લાશની જાણ થતાં ભાગી ગયો હશે ." ખાન સાહેબ ને કારના સ્પીકર અને લોગોના ચોરની જાણ હતી એટલે બહુ નવાઈ ન લાગી પણ વિચાર તો આયો કે લાખા એ અન્ય સામાનની ચોરી કેમ નહી કરી હોય . આ પ્રશ્નો ના જવાબ માટે ખાન સાહેબ ને પાછા તેમના ખબરીઓની યાદ આવી અને સાઇડમાં જઈ ફોન કરી વાત કરે છે. ફુલ ટને સવારે લાખાને મળીને જે વાત થઇ તે ફોન પર જણાવે છે અને કહે છે ," સાહેબ લાખો નાનો ચોર છે અને તે કાર, ટ્રકનો સામાન, એસેસરીઝ ની ચોરી કરે છે અને કદાચ તે અંધારામાં લાશ જોતા બીજી ચોરી કર્યા વગર ભાગી ગયો હશે."

ખાન સાહેબે ફુલ ટન ને ગાડીના ટાયર પર ચોંટેલા આંબાના ઝાડના પાંદડાની વાત કરી ઘટના સ્થળ ની આજુબાજુ કોઈ આંબાના ઝાડ હોય તો તેની તપાસ કરી માહિતી આપવા અને ગમે તે બહાને લાખાના સંપર્કમાં રહી વધુ જાણકારી મેળવવા કહ્યું. ફુલ ટન અને હાફ ટને લાખાને ફરી ક્યા બહાને મળવા બોલાવવો અને કેવી રીતે તેની જોડેથી માહિતી કઢાવવી તેની ચર્ચા અને પ્લાનિંગ કરવા માંડ્યા. આખરે ફુલ ટને લાખાને ફોન કર્યો અને કહ્યું, “ ભાઈ લાખા મારી પાસે ટ્રકની તાડપત્રી અને જેક ખરીદવા માટે પાર્ટી આઈ છે તો તારી પાસે આમાંનો કોઈ સામાન છે ?” ફુલ ટન ને વિશ્વાસ હતો જ કે લાખો હાલ નહી તો પછી પણ આ સામાન ની ચોરી કરી સોદો પુરો કરશે. જવાબમાં લાખાએ કહ્યું, “ મારી પાસે હાલ નથી પણ સાંજ સુધી મેળ પડી જ જશે , હું ફોન કરું એટલે આપણે રાતે મળીએ અને તમે સામાન લઈ જજો.” ફુલ ટન અને હાફ ટન રાત પડવાની રાહ જોવા લાગ્યા. ફુલ ટન હાફ ટન ને કહે છે, “ આજે રાતે ગમે તે કરીને લાખા જોડેથી બોલાવવું પડશે , જરૂર પડે તો પોલીસ ની ભાષામાં ઓકાવવું પડશે . આજે રાતે તેને રિમાન્ડ પર લેવો જ પડશે.”

*રાત પડતાં જ રાહ જોતાં ફુલ ટન પર લાખનો ફોન આવતાં તે બોલી ઉઠે છે ,” બોલો બોલો લાખા ભાઈ, કામ પૂરું થયું કે નહી અને કંઈ સામાનનો મેળ પડયો કે ?” લાખો પણ ઉતાવરે સ્વરે બોલી ઉઠે છે ,” હા ભાઈ , મેળ પડી ગયો અને તમે પેલી હોટલ પાસે આવી જાવ અને સામાન લઇ જાવ.” ફોન કટ કરી તરત જ હાફ ટન અને ફુલ ટન સામાન ને બહાને માહિતી મેળવવા લાખાને મળવા પહોંચી જાય છે. અંધારામાં પહેલેથી જ લાખો રાહ જોતો હતો અને ફુલ ટન અને હાફ ટન લાખાને જોઇને ખુશ થઇ જઈ વાતે વળગાડે છે. હાફ ટને લાખા પાસેથી સામાન મેળવી રોકડા પૈસા ચુકવી દે છે. ફુલ ટન લાખાને પાર્ટી કરવાના બહાને પોતાની સાથે આવવા કહે છે પણ લાખો ના પાડી વાત બદલે છે પણ ફુલ ટન પાર્ટીની વાતનું દબાણ કરતો હોઇ એવું લાખાને લાગતા તેના ચહેરાના ભાવ બદલાતા જોઈ તરત હાફ ટન વાત બદલી નાંખે છે. ફુલ ટન ને મનોમન ખબર પડી જ ગઈ કે આ રીઢો ચોર સીધી રીતે માને કે માહિતી આપે તેમ નથી . ફુલ ટન હાફ ટન ને ઈશારો કરી ફોન કરી ને આવું તેમ કહી સાઈડમાં જાય છે અને ખાન સાહેબ ને ફોન કરે છે ,” ખાન સાહેબ અમે અત્યારે ફરીથી બહાનું કાઢી લાખાને મળ્યા છીએ પણ લાખો સીધી રીતે કોઈપણ માહિતી આપે કે અમારી વાતોમાં આવે તેમ નથી અને કદાચ તેને અમારી પર શક પણ પડ્યો હોય તેવું લાગે છે . ખાન સાહેબ તમે સ્થાનિક પોલીસ ને આપણે ચા પાણી કર્યા તે લોકેશન

પર મોકલો અને લાખાની ધરપકડ કરી રિમાન્ડ લેશો તો જ કંઈ જાણવા મળશે."

ખાન સાહેબે ફુલ ટન ની વાત સાંભળી તરત જવાબ આપ્યો, " ચિંતા ના કર , હું ઘટના સ્થળ પર જ છું અને હું જ ત્યાં આવી તેની ધરપકડ કરું છું પણ ત્યાં સુધી તેનું ધ્યાન રાખજો કે તે ભાગી ના જાય " ફુલ ટન ફોન કટ કરીને લાખા પાસે આવે છે અને હાફ ટન ને ઈશારો કરે છે . લાખો ઈશારો જોવે છે પણ સમજી નથી શકતો અને પળભરનો વિચાર કરી રોડ પર દોટ મુકી ભાગી જાય છે. હાફ ટન અને ફુલ ટન પણ લાખાને પકડવા તેની પાછળ અંધારામાં દોડે છે.

પ્રકરણ ૬ પુર્ણ

પ્રકરણ ૭

હાફ ટન અને ફુલ ટન અંધારામાં લાખાને રોકવા માટે બુમો પાડે છે અને પાછળ દોટ મુકે છે પણ લાખો ઉભો રહેતો નથી. થોડા આગળ જતાં લાખો કારની લાઈટમાં અંજાઈ જાય છે અને કાર સાથે તેનો એકસીડન્ટ થઇ જાય છે . એકસીડન્ટ થવાની સાથે જ લાખા ને સામાન્ય ઈજા થાય છે પણ ગભરાઈને બેભાન થઇ જાય છે. હાફ ટન તરત જ એમ્બ્યુલન્સ ને કોલ કરી મદદ માટે બોલાવે છે . હાફ ટન એમ્બુલન્સ ને ફોન પર લોકેશન સમજાવવામાં વ્યસ્ત હોય છે અને ફુલ ટન ખાન સાહેબ ને ખબર પડશે તો તે બંન્નેની શું હાલત થશે તે વિચારતો હતો એવામાં જ ખાન સાહેબ નો ફોન ફુલ ટન ના ફોન પર આવે છે . ખાન સાહેબ નો ફોન અડધી રિંગે જ ઉપાડી તરત ફુલ ટન બોલી ઉઠે છે, " ખાન સાહેબ આપ જલ્દી આવી જાવ , લાખો આપણી ફોન પર વાત પતી તરત જ અમારાથી ભાગી દોડી રહ્યો હતો અને તેનો કાર સાથે એકસીડન્ટ થઇ ગયો છે." " ફુલ ટન શાંતિ રાખ અને મને લોકેશન બતાવ હું રસ્તામાં જ છું અને ત્યાં તરત જ પહોંચું છું " ખાન સાહેબે ફુલ ટન ને ફોન પર ધીમા સ્વરે વાત કરી .

ખાન સાહેબ ને ફુલ ટને જે લોકેશન કહી તે તેમની નજીક જ હતી એટલે તે તરત જ પહોંચી જાય છે અને પરિસ્થિતિ પોતાના હાથમાં લઇ હાજર ભેગા થયેલ લોકોને હટાવે છે અને એમ્બ્યુલન્સ આવતાં જ લાખાને હોસ્પિટલ રવાના કરે છે. ખાન સાહેબે સ્થાનિક પોલીસ ને પણ એક્સિડન્ટ સ્થળ પર બોલાવી લઇ કાર માલિકની નોંધ લઇ તેને રવાના કરવા સુચના આપે છે. ખાન સાહેબે સ્થાનિક પોલીસની એક ટીમ ને હોસ્પિટલ રવાના કરે છે અને લાખા પર કડક નજર રાખવા તથા તેનો યોગ્ય ઈલાજ થાય તેનું ધ્યાન રાખવા સુચના આપે છે . ખાન સાહેબ ફુલ ટન ને ફોન કરી એક્સિડન્ટ સ્થળ પર આવવા અને હાફ ટન ને લાખા પાસે જ રહેવા જણાવે છે અને હાફ ટન લાખો ભાનમાં આવતાં જ મને જાણ કરે તેવી વાત કરી.

ફુલ ટન એક્સિડન્ટ સ્થળ પર આવતાં જ ખાન સાહેબે તેમની અને લાખની વચ્ચે શું વાત થઇ અને બીજું શું થયું તેની માહિતી મેળવી. સ્થાનિક પોલીસ ને ખાન સાહેબ સુચના આપે છે કે લાખો બબલુ ની ઘટના નો બાતમીદાર બની શકે તેમ છે એટલે તેની પર માત્ર નજર રાખવાની છે અને તેની કાયદેસરની ધરપકડ નથી કરવાની . તેના એક્સિડન્ટની વાત ક્યાંય લીક ના થાય

તેની કાળજી પણ રાખવી અને લાખના ગુમ થવાની તેના પરિવાર કે કોઈ ધ્વારા કમ્પ્લેઇન કરવા આવે તો મને જાણ કરજો. સ્થાનિક પોલીસ ને ફુલ ટન અને હાફ ટન નો પરિચય પોતના અંગત માણસ છે તેવો આપી તમને આ કેસમાં મદદ માટે સાથે રાખવા ની વાત પણ કરી એક્સિડન્ટ સ્થળ પરથી ક્રાઈમ બ્રાંચની ઓફીસ જવા નીકળે છે.

હોસ્પિટલમાં ડોક્ટરોની ટીમ અને પોલીસ ટીમ ની નજરો વચ્ચે લાખાનો ઈલાજ ચાલુ હોય છે. મોડી રાતે ડોક્ટરે લાખાને સામાન્ય ઈજા થઇ છે તથા સ્વસ્થ હોવાનું અને થોડીવારમાં જ ભાનમાં આવી જશે ની જાણ ત્યાં હાજર પોલીસ ટીમ ને કરે છે. ડોકટરની વાત સાંભળતા જ હાફ ટન ખાન સાહેબ ને ફોન કરે છે ,” ખાન સાહેબ લાખો થોડી વારમાં ભાનમાં આવી જશે તમે અહી આવી જાવ અને લાખાની ધરપકડની આગળની કાર્યવાહી કરો .” હાફ ટન લાખાની માથાકુટમાંથી છુટવા માંગતો હતો પણ ફુલ ટન કે ખાન સાહેબ ને કહેતા અટવાતો હતો. ખાન સાહેબ પણ તરત જ હોસ્પિટલ જવા રવાના થઇ જાય છે . ખાન સાહેબ હોસ્પિટલ પહોંચતા લાખાના મેડીકલ રીપોર્ટ મેળવી લાખો ભાનમાં આવતાં ક્રાઈમ બ્રાંચની ઓફિસે લઇ જવાની સુચના આપે છે.

લાખો ભાનમાં આવતાં જ સામે ડોક્ટર, ફુલ ટન અને હાફ ટન ને જોઈ સ્વસ્થ બને ત્યાં જ બીજી તરફ પોલીસ જોઈ પાછો ગભરાઈ જઈ બેભાન થવાની એક્ટિંગ કરે છે. લાખાની એક્ટિંગ જોઈ તરત જ ખાન સાહેબ બોલી ઉઠે છે, “ લાખા એક્ટિંગ બંધ કર તને સામાન્ય ઈજા જ થઇ છે અને તારી વધુ સારી સાળ સંભાળ માટે તને સ્પેશયલ જગ્યાએ લઇ જઈએ છીએ.” પોલીસ ટીમ ખાનગી રાહે લાખાને લઇ ક્રાઈમ બ્રાંચ રવાના થાય છે અને હાફ ટન હોસ્પિટલમાંથી લાખાના રીપોર્ટ મેળવી ડોક્ટરને આ ઘટના ખાનગી રાખવા સમજાવી સહયોગ આપવા જણાવે છે. લાખો પોતાની જાત ને પોલીસ ટીમની સાથે એમ્બ્યુલન્સની જગ્યાએ પોલીસ વાનમાં જોઈ ચિંતામાં ગરકાવ થઇ વિચારે ચડી જાય છે અને પોતાની સાથે શું થઇ રહ્યું છે તે સમજવાનો પ્રયાસ કરે છે. ખાન સાહેબ ફુલ ટન અને હાફ ટન ને પણ લાખની સાથે જ ક્રાઈમ બ્રાંચની ઓફિસે રહેવા સુચના આપે છે.

લાખો પોલીસ વાનમાં સુતા સુતા મનોમન વિચારી રહ્યો હતો કે આ લોકો મને ક્યા ગુના હેઠળ ધરપકડ કરી ને ક્રાઈમ બ્રાંચ લઇ જાય છે. લાખો ધીમે ધીમે સ્વસ્થ થઇ સીટ પર બેઠો અને બારી બહારથી શહેરને અને ટ્રાફિકને જોઈ રહ્યો . લાખાને ઉભો થયેલ જોઈ હાફ ટન પણ તેની પાસે આયો ને થોડું હસ્યો અને બોલ્યો, “ લાખા આપણે ક્રાઈમ બ્રાંચ ની ઓફિસે જઈએ છીએ અને તારી ત્યાં સારી એવી ખાતીરદારી થશે .” લાખાએ હાથ જોડી હાફ ટન ને વિનંતી કરી પ્રશ્નો પુછે છે , “ યાર મને શા માટે ક્રાઈમ બ્રાંચ લઇ જવાય છે અને મેં કયો ગુનો કર્યો છે ? મને કેમ ફસાવવામાં આવે છે ? મારી આવી રીતે ધરપકડ કેમ કરવામાં આવી રહી છે ? મારા પરિવાર ને મારી ધરપકડ ની જાણ કરી કે નહીં ?”

ફુલ ટને લાખાને કહ્યું ,” હું તને તારા દરેક પ્રશ્નોના જવાબ આપીશ. લાખા તારી પાસેથી પોલીસ ને કેટલીક માહિતી જાણવી છે એટલે તને ક્રાઈમ બ્રાંચ લઇ જવાય છે. તે કેટલા અને ક્યા ગુના કર્યા એ તને ખબર જ છે. તને ફસાવવામાં નથી આયો પણ તું જાતે જ ફસાઈ રહ્યો છું . લાખા આ તારી ધરપકડ નથી પણ તને ઉપલક રાખવામાં આવશે અને ઉપલક રાખવામાં

આવશે એટલે તારા પરિવારને પણ જાણ કરવામાં નહી આવે . તું ચોરીની દુનિયામાં છું એટલે તો પોલીસ ની સિસ્ટમ જાણતો જ હોઈશ કે ઉપલક ગુનેગારો જોડે કેવા વર્તન થતાં હોય છે. તારા પરિવારે હજુ સુધી તારા ગુમ થવાની સ્થાનિક પોલીસમાં કોઈ એફ આઈ આર કે જાણ પણ નથી કરી.” હાફ ટન ની વાતો સાંભળતા સાંભળતા લાખાના ચહેરાની રેખાઓ બદલાતી હતી અને આ રેખાઓ જોઇને હાફ ટન ના મનમાં થોડી ખુશી પ્રસરી ગઈ હતી. હાફ ટન મનોમન વિચારી રહ્યો હતો કે તેની વાતોથી અને ક્રાઈમ બ્રાંચ લઇ જવાની વાતથી લાખો ડરી ગયો છે અને હવે તેનું જાણકારી કાઢવાનું કામ સરળ બનશે.

હાફ ટન અને લાખાની વાત ચાલતી હતી તેવામાં જ પોલીસ વાન ઉભી રહે છે અને બારી બહાર ક્રાઈમ બ્રાંચનો દરવાજો જોઈ લાખાના આંખોના ડોળા ચકરવકર થઇ ગયા .લાખો ગળગળો થઇ હાફ ટનના પગમાં પડી જાય છે અને પોતાને બચાવવા આજીજી કરે છે અને તેને ઘડીભર માટે ડુમો ભરાઈ આયો. ક્રાઈમ બ્રાંચના દરવાજાની બહાર ફુલ ટન પણ હાજર હતો . ફુલ ટન ને જોઈ તેને ઘડીક માટે આશા ઉભરી આવી અને મદદ માટે હાથ બારીની બહાર લંબાવે છે . ફુલ ટન પોલીસ વાન નજીક જઈ બારીમાંથી લાખાના હાથને પકડી આપણે અંદર મળીએ છીએ એમ કહી સાંત્વના આપે છે.

લાખાને બે પોલીસ કોન્સ્ટેબલ હાથ પકડી જાપ્તામાં હોય તે રીતે અંદર લઇ જાય છે . લાખો ક્રાઈમ બ્રાંચની ઓફિસને ચારે બાજુ જોઈ પરિસ્થિતિ સમજવાનો પ્રયત્ન કરે છે. ઓફીસ અંદર પહોચતા રિમાન્ડ ચાલવાના કારણે ગુનેગારોની બુમો તેના કાને અથડાઈ રહી હતી અને તેની નજર સામે પોલીસ જાપ્તામાં લાવેલા કેદીઓની હાલત પણ જોઈ તેને મનમાં ડર વ્યાપી ગયો હતો. પોલીસ કોન્સ્ટેબલ લાખાને હાફ ટન અને ફુલ ટન પાસે એક મોટા રૂમના બાંકડે બેસાડી થોડે દુર ઉભા રહે છે. લાખો રૂમમાં ચાલતી ગુનેગારોની ઓળખ તપાસ, આરોપીઓના આંગળાની લેવાતી છાપ ની કાર્યવાહી, પાટી પર આરોપીના નામ તથા કેસ નંબર લખેલ ફોટા પાડતા, રાઈટર આરોપીઓનું સ્ટેટમેન્ટ નોંધતા, રીઢા ગુનેગારોના રિમાન્ડ લેવાતા તેની કાર્યવાહી જોઈ રહ્યો હતો અને મનોમન વધુ ને વધુ ગભરાતો હતો. હાફ ટન, ફુલ ટન તેની પાસે આવીને તેને ધીમે રહીને સમજાવે છે ,” બબલુના કેસ અંગે તેની પાસે જેટલી માહિતી હોય તે આપી દે નહિતર તારા ગેરકાયદેસર રિમાન્ડ લેવાશે અને તારી હાલત ખરાબ થશે. “ ફુલ ટન લાખાને હાફ ટને કરેલ રેકોર્ડીંગ સંભળાવે છે અને તેમાં તેણે કરેલ ચોરીની તથા પોતે ચોર હોવાની વાત યાદ કરાવે છે અને બબલુ ની કારમાંથી તેણે કરેલ લોગો અને સાઉન્ડ ની વાત પણ યાદ કરાવે છે . ફુલ ટન લાખાને યાદ કરાવે છે કે તે બબલુની કારમાંથી લોગો અને સ્પીકરની ચોરી કરી ત્યારે બબલુની લાશ પણ કારમાં હતી તે તેણે પણ જોઈ જ હતી. કાર ત્યાં સુધી કેવી રીતે આવી તે પણ તને ખબર છે. ફુલ ટન લાખાને સમજાવે છે ,જો તું બબલુના કેસમાં મદદ નહિ કરે તો પોલીસ તને બબલુના મર્ડરના કેસમાં ફસાવી તારી ધરપકડ કરશે અને તારા ગામ તને લઇ જઈ તારી સાચી ઓળખ ગામવાળાને પોલીસ કરાવશે. લાખો પણ તંગ પરિસ્થિતિ ના વશમાં આવીને માહિતી આપવા તૈયાર થાય છે. ફુલ ટન તરત જ ખાન સાહેબ ને ફોન કરી લાખો માહિતી આપવા તૈયાર છે ઓફીસ આવી જવા મેસેજ આપે છે . ક્રાઈમ બ્રાંચ ની ઓફિસે ફુલ ટન , હાફ ટન, પોલીસની ટીમ, રાઈટર, રિમાન્ડ એક્સપર્ટ, ફેસ રીડર એક્સપર્ટ, ડોક્ટર, અને લાખો ખાન સાહેબ ના આવવાની રાહ જોવે છે.

પ્રકરણ ૭ પુર્ણ

પ્રકરણ ૮

ખાન સાહેબ મેસેજ મળતાં જ તાત્કાલિક ક્રાઈમ બ્રાંચની ઓફિસે આવી જાય છે. ખાન સાહેબ વધુ સમય ન લેતાં લાખાના હાથમાં પાણીનો ગ્લાસ આપી શાંત સ્વરે પોતાનો ટુંકો પરિચય આપી વાત કરે છે, " દોસ્ત , હું સ્પેશીયલ સિનીયર પોલીસ ઇન્સ્પેકટર એમ એમ ખાન છું. મારી પાસે બબલુ પાંડેના મર્ડરના કેસ આવ્યો છે અને મને બબલુ પાંડેના મર્ડર અને તેની કાર વિશેની કોઈ માહિતી તારી પાસે હોય તો જાણવી છે. સહેજ પણ ગભરાઇશ નહિ અને ચિંતા ના કરીશ . તારી સાથે કંઈજ ખોટું નહી થાય. તું અમને બબલું ના કેસની જે કોઈ માહિતી જાણતો હોય તે જણાવી મદદ કર એટલે તને તાત્કાલિક છોડી મુકવામાં આવશે." લાખાને પણ ખાન સાહેબ ની વાતમાં વિશ્વાસ બેઠો અને તેના ચહેરા પર થોડી ખુશી દેખાતાં જ ખાન સાહેબે પોલીસ ટીમ ને કાર્યવાહી કરવા સુચના આપી.

લાખા પાસેથી બબલુના કેસની જે માહિતી મળવાની હતી તે ઘણી ઉપયોગી હોવાથી અને તેનો ભવિષ્યમાં કાયદેસર રીતે ઉપયોગ થઇ શકે તે માટે થઈને ખાન સાહેબે લાખાનું સ્ટેટમેન્ટ લખવા માટે રાઈટર, ઓડિયો વિડીયો રેકોર્ડીંગ કરવા માટેની વ્યવસ્થા, લાખાનો સ્ટેટમેન્ટ આપતી વખતે ફેસ રીડ કરવા માટે ફેસ રીડર એક્સપર્ટ, વાત કઢાવવા માટે રિમાન્ડ એક્સપર્ટ સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટર મેવાડા, હાફ ટન અને ફુલ ટન ને હાજર રાખવામાં આવે છે. ખાન સાહેબ ક્રાઈમ બ્રાંચના સાયબર એક્સપર્ટ ગામીતને લાખાની ફિંગરપ્રિન્ટ લેવા માટે અને તેનો ફોટોગ્રાફ્સ લેવા માટે સુચના આપે છે. લાખાનો આગળનો ગુનાહિત પ્રવુતિનો રેકોર્ડ ચેક કરવા માટે ફિંગરપ્રિન્ટ અને ફોટાનો કોઈ રેકોર્ડ હોઈ ચેક કરી રીપોર્ટ આપવા ઓર્ડર કરે છે. લાખો પળવાર માટે ફિંગરપ્રિન્ટ આપવા માટે તૈયાર ન હતો પણ ખુંખાર ગુનેગારો પાસેથી ફિંગરપ્રિન્ટ લેવાના એક્સપર્ટ ગામીત સાહેબે થોડી કડકાઈ અને જબરદસ્તી કરીને પણ લાખના હાથની ફિંગરપ્રિન્ટ અને ફોટોગ્રાફ લઇ જ લીધો. લાખો પોતાની ગેરકાયદેસર ધરપકડ, બળજબરીથી ફિંગરપ્રિન્ટ, ફોટોગ્રાફ અને આટલા બધાને પોતાની સામે જોઈ કેસ ગંભીર હોવાનું મનોમન સમજી જાય છે. ફુલ ટન મેવાડા સાહેબ ને લાખા પાસેથી બબલુના કેસ માટેની કઈ માહિતી મેળવવાની છે તેની બ્રીફ આપી તૈયારી કરે છે.

મેવાડા સાહેબ હળવા મુડમાં લાખા સાથે ઇન્ટરોગેશન શરુ કરે છે, " તારા ગામની નજીકમાં નદી કિનારે કારમાં એક વ્યક્તિની લાશ મળી આવી છે એની તને ખબર છે ? " " હા સાહેબ , મને ખબર છે " લાખો ધીમા સ્વરે જવાબ આપે છે. મેવાડા પુછે છે, "તને ક્યારે અને કેવી રીતે ખબર પડી ." લાખો ખાન સાહેબ ના સામે જોઇને જવાબ આપે છે, " મને ઘટના ના દિવસે સાંજે જ ખબર પડી અને હું રોડ પરથી જતો હતો અને મારું ધ્યાન તે તરફ ગયું અને ખબર પડી." મેવાડા સાહેબ ," લાખા તું ઘટના સમયે ત્યાં શું કરતો હતો અને

ત્યાં બીજું કોણ કોણ હતું ?" લાખો થોડા ગુંચવાતા સ્વરે બોલ્યો, " હું હું ત્યાં એમજ પહોંચી ગયો અને અંધારું બહુ હતું એટલે ." હવે ખાન સાહેબ વચ્ચે બોલી ઉઠે છે, " લાખા અમને ખબર છે, તારી પાસે શરૂથી અંત સુધીની માહિતી છે એટલે તું સમય ના બગડતા જલ્દીથી માહિતી આપવાનું શરુ કર."

લાખો પણ ખાન સાહેબ ના ઉંચા સ્વરને પારખી વાત બગડે એ પહેલા ખાન સાહેબની સામે હાથ જોડી પોપટની જેમ બોલવા માંડ્યો, " સાહેબ હું નાની મોટી ચોરી કરું છું, હું મારા ગામની આસપાસના રોડ પર આખો દિવસ નજર રાખી રેકી કરતો હોવ છું. રોડ પર પાર્ક થયેલ કાર, ટ્રકમાંથી રાતે ડ્રાયવર ઉંઘી જાય કે તેની નજર ચૂકવીને સામાન ચોરી કરું છુ પણ

મે ક્યારેય કોઈ પર હુમલો કરી ચોરી નથી કરી. એક દિવસ હું રોડ પર રેકી કરતો હતો અને નદી પાસેના ખેતર પાસેથી પસાર થતો હતો ત્યારે મને એક ગાડી રોડથી નીચે નેળીયામાં જતી દેખાઈ . કાર અવાવરું જગ્યાએ અને એ પણ અંધારમાં જતાં જોઈ પહેલાં મને થયું કે લફડાબાજ કપલ મજા કરવા આયુ હશે . હું ત્યાં રોડ પર સાયકલ મુકી છુપાઈને જોતો હતો એવામાં એક એકટીવા પણ તે કારની પાછળ ને પાછળ અંધારમાં જઈ ઉભું રહ્યું. કારમાંથી એક માણસ બહાર આવે છે અને એકટીવા સવાર સાથે વાતચીત કરી તે રોડ પર આવી આમ તેમ જોઈ કોઈ છે કે નહી તેવું ચેક કરી પાછો કાર પાસે પહોંચ્યો. સાહેબ હું અંધારમાં ઝાડ પાછળ હતો એટલે તેની નજર મારી પર ના પડી. હું તેને કાર સુધી જતાં જોતો રહ્યો અને તે શું કરે છે તે જોઈ રહ્યો. મે વિચાર્યું હવે તે બે જણ અંધારામાં કારની અંદર ગોઠવાઈ જશે પણ સાહેબ તેમાંથી એકટીવા પર આવનાર દુરથી મને પુરુષ જેવો લાગ્યો. એકટીવા સવાર ના કપડાં ,માથાંના ટૂંકા વાળ અને તેની ઉંચાઈ, શરીર પણ ભરાવદાર પુરુષ જેવું લાગ્યું એટલે મને ફરી વિચાર આયો કે આ લુખ્ખા દારૂ ઢીંચવા અહીં અવાવરું જગ્યાએ આયા હશે. થોડીવારમાં તે બે જણાં કારની અંદર લાઈટ કરી કઇંક ચેક કરતાં હોય તેવું લાગ્યું . તે બે જણાં કારની અંદર હતાં એટલે મારા મનની અંદર સરવરતા કીડાને શાંત કરવા હું પણ ઝડપભેર ઝાડના ઓઠા હેઠળ કારની નજીક પહોંચ્યો અને મેં જોયું તો કારમાં બે નહી ત્રણ જણ દેખાયા. હવે મારા મનમાં ઘડીકવાર માટે શંકાનું મોજું ફરી વળ્યું. હું અંધારમાંથી કારમાં શું થઈ રહ્યું છે તે જોઈ રહ્યો હતો અને મને લાગ્યું કે પેલા બે જણાં કારમાં કોકનું મર્ડર કરી રહ્યા હોય તેવું લાગ્યું અને થોડીકવારમાં જ પેલા બે જણ કારની બહાર આવી જાય છે. તે બેમાંથી એક જણ જે એકટીવા પર આયો હતો તે રડી રહ્યો હતો અને કારમાંથી ઉતરનાર તેને સાંત્વના આપી રહ્યો હતો . હું અંધારામાં તેમની એકદમ નજીક પહોંચી ગયો હતો પણ તે બે જણાંને ખ્યાલ ન હતો. હવે મેં નજીકથી જોયું તો ખબર પડી કે બેમાંથી એક જણ મહિલા છે . સાહેબ જે પાછળથી એકટીવા પર આવનાર ઉંચી ને પડછંદ વ્યક્તિ મહિલા હતી. “ લાખો એકી શ્વાસે બોલતાં બોલતાં ઘડીકવાર માટે અટક્યો અને આંખો લુંછવા લાગ્યો. લાખાની વાત હાજર તમામ વ્યક્તિઓ શાંત ચિત્તે સાંભળી અને સમજી રહ્યા હતાં. ખાન સાહેબ પોતાની જગ્યાએથી ઉભા થઇ લાખાની પાસે આવે છે અને તેના ખભે હાથ મુકીને કહે છે, “ વાહ લાખા સરસ , તે ઘણી ઉપયોગી માહિતી આપી પોલીસની મદદ કરી છે તેનાથી હું ખુશ થયો છું. થોડીવાર રહીને પાણી પીને સ્વસ્થ થઈને આગળની માહિતી આપ.”

લાખો પાણી પી રહ્યો હતો ત્યારે ખાન સાહેબે તેમનું માસ્ટર માઈન્ડ કામે લગાડી લાખાએ અત્યાર સુધી માં કહેલી વાતમાંથી જરૂરી લાગી હોય તેટલી માહિતી પોતાની ડાયરીમાં ટપકાવે છે અને ફેસ રીડર એક્સપર્ટ ને પુછે છે, “ લાખાની વાત અને તેનો ચહેરા પરથી તમને શું લાગે છે ? શું લાખો સાચી વાત કહે છે યા વાર્તા સંભળાવી આપણને ઉંધા પાટે લઇ જાય છે ?” જવાબમાં ફેસ રીડર એક્સપર્ટ કહે છે, “ સર લાખો કુદરતી રીતે નહી પણ વાત ગોઠવી ગોઠવી યા વિચારી વિચારી ને બોલે છે. તેના ચહેરાના હાવભાવમાં કોઈ ખાસ ફેરફાર નથી જણાતાં પણ તે સામાન્ય ચોર હોય તેવું લાગતું નથી. તે પોતાની જાતને બચાવીને વાત કહેતો હોય તેવું લાગે છે અને તેની પાસે ઘણી માહિતી હશે પણ તે હજુ છુપાવી રહ્યો હોય તેવું લાગે છે.”

ખાન સાહેબ ફેસ રીડર એક્સપર્ટની વાત સાંભળી ઓશિયાળા ચહેરે બેઠેલ લાખાને, લાખની નિસ્તેજ આંખોને, લાખાની પાંપણ પર તોળાઈ રહેલ આંસુને, રડી રડીને સુઝી ગયેલ લાખાની આંખોના પોપચાને, લાખાના કપાળ પર રેલાતાં પરસેવાને, ઘડીક ઘડીક વાર ડરથી ધ્રુજતું લાખાનું શરીરને જોઈ તેને સમજવાનો પ્રયત્ન કરતાં હતાં તેવામાં જ ક્રાઈમ બ્રાંચના સાયબર

એક્સપર્ટ લાખાની ફિંગરપ્રિન્ટ અને ફોટોગ્રાફ સર્ચ રીપોર્ટ ખાન સાહેબ ના હાથમાં આપે છે. રીપોર્ટ હાથમાં આવતાં જ વાંચતા વાંચતા ખાન સાહેબના ભવા ચઢી ગયા. ખાન સાહેબ ક્રાઈમ બ્રાંચના સિનીયર પોલીસ ઈન્સ્પેકટર અને રિમાન્ડ એક્સપર્ટ સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટર મેવાડાને સાઈડમાં બોલાવી લાખાનો રીપોર્ટ તેમના હાથમાં આપી ગંભીર ચર્ચા કરે છે. હાફ ટન અને ફુલ ટન ખાન સાહેબ ને નજીકથી જાણતા હોવાથી સાઇડમાં બે સિનીયર પોલીસ ઈન્સ્પેકટર સાથે ચર્ચા કરતાં ખાન સાહેબના હાવ ભાવ જોઈ કંઈક ગંભીર બન્યું હશે તેવું મનોમન વિચારતાં હતાં.

પ્રકરણ ૮ પૂર્ણ

પ્રકરણ ૯

ખાન સાહેબ લાખાની વાત થોડીવાર પછી સાંભળીએ એમ કહીને સિનીયર ઓફિસરની ટીમ સાથે તેમની ઓફિસમાં મીટીંગ માટે જાય છે. હાફ ટન લાખા પાસે પહોંચી તેને વાતોમાં પરોવી પોલીસને મદદ કરવા માટે આભારની વાત કરી તેને ઉત્સાહિત કરે છે. ફુલ ટન કઈ વાત પર ઈમરજન્સી મીટીંગ ગોઠવાઈ તે જાણવા અને સમજવા પ્રયત્ન કરતો દેખાય છે. ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ ગામીત અને તેમની ટીમ લેપટોપ , ફાઈલો સાથે ખાન સાહેબની ઓફિસમાં પ્રવેશે છે. સ્થાનિક પોલીસ પણ પોતાનો રીપોર્ટ લઇ મીટીંગમાં હાજર થાય છે.

ખાન સાહેબે સ્થાનિક પોલીસ પાસે રીપોર્ટ માંગ્યો તેના જવાબમાં પોલીસ ઇન્સ્પેક્ટર જણાવે છે, “ સાહેબ , લાખા પર સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અત્યાર સુધી કોઈ જ ગુનો નોંધાયો નથી. તેના ગુમ થવાની કમ્પ્લેઇન પણ તેના પરિવારે નોંધાવી નથી. તેના ગામમાં તેને વ્યક્તિગત રીતે કોઈ ઓળખતું નથી પણ ગામના લોકો કહે છે તેનો પરિવાર લગભગ ત્રણેક વર્ષથી ગામ બહારની સરકારી જગ્યામાં ઝુપડું બાંધીને રહે છે. તેનો પરિવાર ગામમાં ક્યારેક મજુરી કરવા આવે છે અને તેમની ગામમાં હજુ સુધી કોઈની સાથે માથાકુટ કે લેવડદેવડ નથી.”

ખાન સાહેબને ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ ગામીત રીપોર્ટ આપે છે, “ સાહેબ, લાખાના ફિંગરપ્રિન્ટ અને ફોટોગ્રાફ પોલીસના રેકોર્ડમાં મેચ થાય છે. જુના રીપોર્ટમાં તેનું નામ ભંવર બતાવે છે અને તે પોલીસ માટે ભાગેડુ છે. તેનો છેલ્લો ગુનો ગુજરાત અને રાજસ્થાનની બોર્ડર પર થયેલો છે. વેશ બદલી કરીને અંધારી રાતે ટ્રક ડ્રાયવરને ભોળવીને, ફસાવીને યા માર ઝુડ કરીને હાઇવે પર લુંટ કરનાર ડફેર ગેંગનો આ ભાગેડુ સાગરીત છે. તે સમયે તેની ગુજરાત પોલીસે ધરપકડ કરી કાર્યવાહી કરી હતી અને તેની પર રાજસ્થાનમાં પણ ગુના હતાં એટલે તેને રાજસ્થાન પોલીસ ટ્રાન્સફર વોરંટથી લઇ જતી હતી ત્યારે તે પોલીસ પર હુમલો કરીને ભાગી ગયો હતો. તેની ઘણી શોધખોળ ગુજરાત અને રાજસ્થાન પોલીસે કરી હતી પણ તે હજુ ભાગેડુ તરીકે જ ગુજરાત અને રાજસ્થાન પોલીસના રીપોર્ટમાં છે. તેના ધરપકડ થયેલા અન્ય સાથીદારોને સજા થઇ છે અને તેમની પાસેથી મળેલ માહિતી પણ આ રીપોર્ટમાં છે તે લાખા જોડે મેચ થાય છે.”

ખાન સાહેબ લાખાનું ઇન્ટરોગેશન પુર્ણ થાય તરત તેની ડફેર ગેંગના કેસમાં કાયદેસરની ધરપકડ કરી તેને મેજિસ્ટ્રેટ સાહેબ સામે હાજર કરી રિમાન્ડ માંગવાની વ્યવસ્થા કરવા સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટરને ઓર્ડર કર્યો. ખાન સાહેબ મીટીંગ પુર્ણ કરી ઓફીસ બહાર આવે છે અને પાછા લાખા પાસે જઈને બેસે છે અને શાંત સ્વરે કહે છે, “ આગળની વાત કરવા માટે

તું તૈયાર હોય તો કાર્યવાહી શરુ કરીએ." જવાબમાં લાખાએ હા કહી વાત શરુ કરી," સાહેબ જે એકટીવા પર મહિલા આવી હતી તે બહુ રોતી હતી અને તેને પેલો કાર ચલાવનાર પુરુષ હતો તે તેને શાંત રાખતો હતો . થોડીવારમાં તે રોતા બંધ થતાં તે બંને એકટીવા પર બેસીને રોડ પર આવે છે અને થોડીવાર રોડ પર ઉભા રહી કોઈની ચહલપહલ છે કે કેમ તે અંધારામાં જોતા હતાં. થોડીકવારમાં તે લોકો ત્યાંથી નીકળી ગયા. સાહેબ અંધારું હોવા છતાં તેમનો ચહેરો મને બરોબર યાદ છે , હું તેમનો ચહેરાનું વર્ણન એક્સપર્ટ પાસે કરી શકું તેમ છું. સાહેબ તેમના એકટીવાની નંબર પ્લેટ ફેન્સી હતી અને તેની પર સ્પષ્ટ નંબરની જગ્યાએ રેડીયમ કલરમાં રાજ લખેલ હતું તે મને અંધારામાં પણ દેખાતું હતું પણ મને આખી સીરીઝ વંચાતી ન હતી. તેમનું એકટીવા સફેદ કલરનું હતું." લખાની વાત અટકાવી ઇન્સ્પેકટર મેવાડા પુછે છે, " તે લોકો ગયા પછી તે ગાડીમાં શું કર્યું અને તે સમયે બબલુ બેભાન હતો કે મૃત હતો ? બબલુનું મર્ડર તારાથી તો નથી થયું ને ? " મર્ડર શબ્દ સાંભળી લાખો ખાન સાહેબના પગમાં પડીને રોતા રોતા પોતે ચોરી કરી છે પણ મર્ડર નથી કર્યાનું રટણ કરે છે." ખાન સાહેબ લાખાને શાંત કરે છે અને કહે છે, " તને તારી બેગુનાહી સાબિત કરવા પુરો સમય આપવામાં આવશે અને તને કંઈ નહિ થાય. તારે હજુ થોડો સમય અહી રહેવું પડશે અને થોડા સમય પછી આપણે મળીએ છીએ આગળની વાત જાણવા માટે."

ખાન સાહેબ સાઇડમાં જઈને ફુલ ટનને લાખા સાથે જ રહેવા સુચના આપે છે. હાજર તમામ અધિકારીઓ, એક્સપર્ટને કાલે ફરી મળીશું અને લાખાની ધરપકડ હાલ નથી કરવાની તેને હમણાં ક્રાઈમ બ્રાંચમાં જ ઉપલક રાખી શક્ય માહિતી કઢાવવાની છે તેમ કહીને છુટા પડે છે. ખાન સાહેબ ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ અને લાખાના ફિંગરપ્રિન્ટ રીપોર્ટ સાથે ઘટના સ્થળે જવા નીકળે છે. ઘટના સ્થળ પર આજુબાજુના ગામના લોકોની ચહલપહલ વધી જવાથી પુરાવાનો નાશ ન થાય તે માટે કારને ટોઈંગ કરીને ફોરેન્સિક લેબ મોકલી આપવામાં આવે છે. સ્થાનિક પોલીસને ઘટના સ્થળ પર પહેરો ગોઠવી દેવા સુચના આપી ખાન સાહેબ પણ ફોરેન્સિક લેબ પહોંચે છે. ફોરેન્સિક લેબોરેટરી પહોંચી ખાન સાહેબ ફોરેન્સિક ટીમ એક્ષ્પર્ટને લાખાના ફિંગરપ્રિન્ટ રીપોર્ટને બબલુની લાશ પરની અને કાર પરની ફિંગરપ્રિન્ટ મેચ કરી રીપોર્ટ આપવા સુચના આપે છે. ખાન સાહેબ સ્થાનિક પોલીસ ઇન્સ્પેકટરને બોલાવી તેમના એરિયામાં કાર, ટ્રક લુંટના કેટલા પેન્ડીંગ કેસ પડ્યા છે અને તેની તપાસનો રીપોર્ટ માંગે છે. ખાન સાહેબે આરટીઓ ઇન્સ્પેક્ટરને બોલાવી ફેન્સી નંબર પ્લેટમાં રાજ લખ્યું હોય તો કયો નંબર હોય અને આવી ફેન્સી નંબર પ્લેટ માટે કોઈ દંડ વસુલવામાં આવ્યો છે કે કેમ તેની માહિતી તથા આવી ફેન્સી નંબર પ્લેટની સીરીઝની જાણકારી નથી તો ટ્રાફિક પોલીસની ટીમને આ માટે ધ્યાન આપવા અને કોઈ માહિતી મળે જાણ કરવા સુચના આપે છે.

મીડિયામાં બબલુના મર્ડર અને તેના સંભવિત આરોપીની ચર્ચાઓએ જોર પકડ્યું હતું એટલે ખાન સાહેબ પોલીસ કમિશ્નરને રૂબરૂ મળી કેસની ચર્ચા કરી અત્યાર સુધીનો રીપોર્ટ ફાઈલ કરે છે. પોલીસ કમિશ્નરે ઝડપી કેસ સોલ્વ થઇ જ જશે તેવી તેમને ખાત્રી જ છે એવો ખાન સાહેબ પર વિશ્વાસ વ્યક્ત કરે છે. ખાન સાહેબ કમિશ્નર સાહેબને મીડિયાની તેમના પર આ કેસ માટે પ્રેશરની વાત કરે છે ત્યારે કમિશ્નર સાહેબ ખાન સાહેબને મીડિયાને તે મેનેજ કરી લેશે અને તેમને માત્ર કેસ સોલ્વ કરવા પર ધ્યાન આપવાની વાત કરે છે.

ખાન સાહેબ રાતના અંધારામાં સ્થાનિક પોલીસ સાથે તેમના બાઈક પર બેસીને રોડથી

નેળીયામાં થઈને ઘટના સ્થળે પહોંચે છે . ઘટના સ્થળે હાજર પોલીસ કોન્સ્ટેબલને મળી નવી કોઈ જાણકારી કે માહિતી મળી કે કેમ તેની પુછપરછ કરે છે. ઘટના સ્થળ પરથી બબલુએ આપેલ જુબાની મુજબ આખી ઘટનાનું ચિત્ર મગજમાં ઉભું કરી વિચારે છે. થોડા સમય પછી પાછા બાઈક પર બેસીને લાખાએ કહ્યું હતું તેમ રોડ પર આવે છે અને ત્યાંથી ઘટના સ્થળ સુધીનું અંતર જોવા થોડીવાર રોડ પર ઉભા રહે છે. ખાન સાહેબના મગજમાં લાખાની વાત ઉતરતી ન હતી એટલે તેને લઈને જ ફરી ઘટના સ્થળ પર આવવાનું નક્કી કરી ક્રાઈમ બ્રાંચ પરત ફરે છે. રાતે બબલુના સાગરીત પીન્ટોને ક્રાઈમ બ્રાંચ બોલાવી બબલુના મર્ડર માટે સંભવિત દુશ્મનની માહિતી વિચારીને કાલે આપવા માટે કહે છે. પીન્ટોએ બબલુના પત્ની અને અન્ય સાથીઓ સાથે ચર્ચા કરી જે માહિતી મળશે તે કાલે અહીજ મળીને આપવાની વાત કરે છે. ખાન સાહેબ ફુલ ટનને બોલાવી લાખાના ખબર અંતર અને કોઈ નવી જાણકારી મળી કે કેમ તેની માહિતી મેળવે છે.

ખાન સાહેબ ઘરે જઈને આખા દિવસમાં મળેલી જાણકારી અને તપાસની નોધ ડાયરીમાં ટપકાવી સુવા જાય છે. ખાન સાહેબ સુતાં સુતાં લાખાએ કરેલી વાત અને લાખાના ગુનાહિત રેકોર્ડ અંગે મનોમન વિચારે છે અને પોતાની જાત સાથે પ્રશ્નો કરે છે, “ શું લાખો બધું સાચું જ કહેતો હશે ? લાખો પોતે લુંટેરુ ડફેર ગેંગનો સાગરીત છે તો તેણે જ લુંટ કરવાના બહાને બબલુનું મર્ડર કરી એકટીવાવાળાની વાત કહી તપાસ અવળે પાટે તો નહી લઇ જતો હોય ? જો લાખાની વાત સાચી હોય તો બબલુના મર્ડરમાં બે જણનો હાથ છે ,તો તે બે કોણ અને તેમનો મર્ડર કરવાનો ઈરાદો શું હશે? ખાન સાહેબ વિચારતા વિચારતા ઉંઘી જાય છે.

પ્રકરણ ૯ પૂર્ણ

પ્રકરણ ૧૦

ખાન સાહેબે વહેલી સવારે તેમના ઘરેથી ચા નાસ્તો કરતાં કરતાં ક્રાઈમ બ્રાંચ ફોન કરી આજે ૧૧ વાગે લાખાની જુબાની લેવાની હોવાથી લાખાને, ફોરેન્સિક ટીમને, સ્થાનિક પોલીસને, આરટીઓ ઈન્સ્પેક્ટરને, પોલીસ ઇન્સ્પેક્ટર મેવાડા, ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ ગામીત તથા કાલની આખી ટીમને પોતપોતના રીપોર્ટ સાથે હાજર રહેવા સુચના આપે છે.

ખાન સાહેબ ક્રાઈમ બ્રાંચની ઓફીસ પહોંચીને હાફ ટન અને ફુલ ટનને પોતાની ઓફિસમાં બોલાવી લાખા અંગેની ચર્ચા કરે છે અને તમને મળેલી માહિતી જાણે છે. હાફ ટન કહે છે, “ સાહેબ આ લાખો નાનો મોટો ચોર નહિ પણ અંદરથી ખુંખાર ગુનેગાર હોય તેવું લાગે છે અને તે સીધી રીતે કંઈ કહે તેવું લાગતું નથી. તે કડક રિમાન્ડ વગર બકશે નહીં. તેની વારે વારે બદલાતી વાતો અને તેના બદલાતા હાવભાવ પરથી નાટકબાજ અને મોટો ખેલાડી હોય તેવું લાગે છે. “ ખાન સાહેબ ફુલ ટનને લાખાના ઘરે અને ગામમાં ખાનગી રીતે જઈ તેના પરિવાર વિશે અને યોગ્ય લાગે તો તેના પરિવારને મળી લાખા અંગેની માહિતી મેળવી સાંજે મળવાનું કહી રવાના કરે છે.

ખાન સાહેબ અને ટીમ સામે ૧૧ વાગ્યાના સુમારે લાખાને હાજર કરવામાં આવે છે. લાખો આવતાં જ ખાન સાહેબ તેના ખબર અંતર અને કોઈ તકલીફ તો નથી ને તેની પુછપરછ કરે

છે. લાખો તેને છોડી મુકવા હાથ જોડી વિનંતી કરે છે તેના જવાબમાં ખાન સાહેબ પુછપરછ પુરી થશે તેને છોડી મુકવાની ખાત્રી આપે છે. લાખો પણ સ્વસ્થ થઇ આગળની વાત શરુ કરે છે, " સાહેબ પેલા બે અજાણ્યા લોકો એકટીવા પર નેળીયામાંથી ગયા તરત હું અંધારામાં ગાડી પાસે પહોંચ્યો અને બેટરી મારી કારની અંદર જોયું તો ડ્રાયવરની પાછળની સીટ પર એક વ્યક્તિ ઢળેલી હોય તેવું લાગ્યું. મેં ગાડીની ફરતે બેટરીથી કારના કાચમાંથી ચેક કર્યું તો મને પેલી વ્યક્તિ બેભાન યા તે લાશ હોવાનું લાગ્યું. મેં આજુબાજુના ખેતરમાં પણ બેટરીના પ્રકાશે કોઈ છે કે કેમ તેની તપાસ કરી લીધી. ફરી હું કાર પાસે આયો અને મેં કારનો દરવાજો ખખડાવી ચેક કર્યું પણ અંદરની વ્યક્તિ પર કોઈ અસર ન થઇ. સાહેબ હું કારના સામાનનો ચોર હોવાથી આ મારા માટે તક હતી એટલે ઓટોમેટીક સેન્ટ્રલ લોકીંગ સિસ્ટમને ડીફયુસ કરી માસ્ટર ચાવીથી કાર લોક ખોલી હું કારમાં અંદર ઘુસ્યો. કારમાં પાછળની સીટ પર જઈ ફરી મેં પેલી વ્યક્તિની નજીક જઈ બેટરીની લાઇટ કરી તેના નાક પાસે હાથથી તેનો શ્વાસ તપાસ્યો ત્યારે ખાત્રી થઇ ગઈ કે તે તો લાશ જ છે. પાછળની સીટ પરથી ઉતાવળમાં એક સ્પીકર બહાર કાઢી હું ફરી કાર બહાર આવ્યો અને વિચાર્યું આ સ્પીકરને સાયકલ પર ઘરે મુકી થેલો લઈને આવું પછી બીજો સામાન કાઢી લઇ જવું . સ્પીકરને સાયકલના કેરિયરમાં ભરાવતો હતો અને મારી નજર કારના લોગો પર પડી એટલે લોગો ને સાચવીને કાઢી તેને ખિસ્સામાં મુકી હું ઘરે જવા નીકળ્યો. સાહેબ થોડો દુર જ પહોંચ્યો તો રસ્તામાં ત્યાં મને બાઈક પર જીતુભાઇ મળ્યા અને મને આંતરીને સાઈડમાં ઉભો રાખ્યો. તેમણે મારી સાયકલ પાછળના કેરિયરમાં કારનું સ્પીકર જોઈ તેમને જોઈએ છે તેવી વાત કરી. અમે થોડી વાર વાતો કરી ત્યાં તો તેમને બીજું સ્પીકર પણ જોઈએ તેવી વાત કરી અને તે માટે હું પાછો ગાડીમાં આયો અને ફટાફટ સ્પીકર કાઢી તેમની પાસે પહોંચ્યો. તેમણે મારી જોડે ભાવતાલ કરી સ્પીકર લેવાનો સોદો ફાયનલ કર્યો. મને સ્પીકરની ઉંચી કીમત મળી જવાથી અને કારમાં લાશ હોવાથી હું રાતે ફરી ચોરી કરવા ત્યાં ના ગયો અને પછી સવારે શું થયું એ સાહેબ તમને અને બધાને ખબર જ છે ." ખાન સાહેબ અને ટીમ લાખાને શાંતિથી સાંભળી રહી હતી. ખાન સાહેબે જરુરી માહિતી ડાયરીમાં ટપકાવી લીધી. પોલીસ ઇન્સ્પેક્ટર મેવાડાએ પ્રશ્ન કર્યો, "તને ક્યારે ખબર પડી કે તે ચોરી કરી હતી તે કાર સુધી પોલીસ પહોંચી છે ? તું ફરી તે કાર પાસે ક્યારે ગયો કે અને કેમ ગયો ?" જવાબમાં લાખો બોલ્યો, " મને સવારમાં ગામની બહાર આવતાં જ ખબર પડી ગઈ કે નદી પાસેના ખેતરમાં બિનવારસી કાર અને લાશ મળી છે. હું સાહેબ પોલીસથી દુર જ રહું છું એટલે ફરી તે કાર પાસે ગયો જ નથી." ફેસ રીડર પણ લાખાના બદલાતા હાવભાવની નોંધ કરતાં હતાં. લાખની તમામ વાત રાઈટરે નોંધી અને રેકોર્ડીંગ ટીમે પણ રેકોર્ડ કરીને સેવ કરી લીધી.

ખાન સાહેબે જોઈતી માહિતી મળી રહેતા ટીમને ઇન્ટરોગેશન પુર્ણ કરવાની સુચના આપી લાખાને બીજા રૂમમાં લઇ જવા સુચના આપે છે. ખાન સાહેબ રાઈટર અને રેકોર્ડીંગ ટીમને તેમનો રીપોર્ટ સબમીટ કરવા સુચના આપે છે. લાખાના કાયદેસર રિમાન્ડ લઇ તેની પાસેથી વધુ માહિતી મેળવવા માટે ડફેર ગેંગના કેસમાં લાખની ધરપકડ કરી મેજીસ્ટ્રેટ સાહેબ સામે રજુ કરવા ઓર્ડર કરે છે. તરત જ એન્કાઉન્ટર સ્પેશ્યાલીસ્ટ ઇન્સ્પેકટર નાયક ખાન સાહેબની સાથે લાખાની ધરપકડ કરવાના ઓર્ડર સાથે બાજુના રૂમમાં જાય છે. લાખો ત્યાં સુનમુન નિસ્તેજ ચહેરે બેઠો હતો. ખાન સાહેબને જોઇને તરત તેના ચહેરા પર આશાના કિરણો દેખાઈ આવે છે અને હાથ જોડી તેને છોડી દેવા વિનંતી કરે છે. જ્યાં ઇન્સ્પેક્ટર નાયક લાખાને તેની ધરપકડ કરવાની વાત કરે છે ત્યાં લાખાના દિમાગમાં વિચારોનું શરુ થયેલું તોફાન અને તગતગતી આંખોમાં ઢગલાબંધ ઉભા થયેલા પ્રશ્નો ખાન સાહેબ એકીટસે જોઈ રહ્યા હતાં.

લાખો ક્યાં ગુનામાં પોતાની ધરપકડ થઇ રહી છે તે સમજવા મથી રહ્યો હતો અને ખાન સાહેબને તેની છોડી મુકવાની વાત યાદ દેવડાવે છે અને કાંપતા હાથે વિનંતી કરે છે.

લાખો ફફડતાં હોઠે બુમો પાડતાં વિનંતી કરે છે," સાહેબ હું નિર્દોષ છું, મેં ચોરી કરી છે પણ મેં કોઈનું મર્ડર નથી કર્યું. મને છોડી મુકો સાહેબ." લાખો ખાન સાહેબની આંખોમાં તરી આવેલો ગુસ્સો જોઈ રહ્યો હતો. હવે ખાન સાહેબ તેમના ઓરીજીનલ ગુસ્સાના રૂપમાં આવીને કહે છે, "લાખા તું કદાચ બબલુના કેસમાં નિર્દોષ હોઈશ પણ અમે તારી ડફેર ગેંગના જુના કેસમાં ધરપકડ કરીએ છીએ. ભંવર હવે તારી પોલીસથી ભાગવાની કારીગરી ફરી કરતો જ નહિ, કેમ કે તારી ધરપકડ એન્કાઉન્ટર સ્પેશ્યાલીસ્ટ ઇન્સ્પેકટર નાયકના હાથમાં છે. તારું એનકાઉન્ટર ગમેત્યારે થઇ જશે એટલે પોલીસને સહયોગ કરજે તો જ તું સુરક્ષિત છે. તને મેજીસ્ટ્રેટ સાહેબ સામે રજુ કરી તારા રિમાન્ડ માંગવામાં આવશે અને રીમાન્ડમાં તારે હજુ વધુ સહયોગ કરવો પડશે."

લાખો ખાન સાહેબના ઉગ્ર રૂપ અને વાત પરથી ડઘાઈ ગયો હતો અને તેનું મગજ સુન થવા માંડ્યું હતું. તેણે પોતાનું નામ ભંવર સાંભળ્યું ત્યાં તો અવાક બની ગયો હતો. તે પોતાની વિરુદ્ધ થઇ રહેલ કાર્યવાહી જોઈ રહ્યો હતો અને તેનું મન વિચલિત થઇ ગયું હતું. જ્યાં તેની ધરપકડ અને રિમાન્ડનું સાંભળ્યું ત્યાં તો તેની આંખોમાંથી આંસુ પૂરપાટ ઝડપે ધસી આવ્યાં. તેની કફોડી હાલત ખાન સાહેબ જોઈ રહ્યા હતાં અને પળેપળે બદલાતી હાલત પર મોનીટરીંગ પણ કરી રહ્યા હતાં.

ખાન સાહેબના ફોન પર ફુલ ટનનો ફોન આવે છે, " ખાન સાહેબ લાખાનું ઘર મળી ગયું છે અને હાલ તેનો પરિવાર અહીંથી રાતોરાત ગાયબ થઇ ગયો છે. બાજુના ખેતરમાં રહેતા શ્રમિકના જણાવ્યા મુજબ કોકનું મરણ થવાથી તેઓ બીજે ગામ ગયા છે. ગામમાં ખાસ તેના પરિવારને કોઈ જાણતું નથી. " ખાન સાહેબે ફુલ ટન ને સ્થાનિક પોલીસ ના આવે

ત્યાં સુધી લાખના ત્યાંજ રોકાવા જણાવ્યું. સ્થાનિક પોલીસને લાખાના ઘરે એક કોન્સ્ટેબલ મોકલી તેનો પરિવાર આવે તો જાણ કરવા ખાન સાહેબે સુચના આપી. મેજીસ્ટ્રેટ સાહેબ પાસે લાખાના રિમાન્ડ માંગવા એન્કાઉન્ટર સ્પેશ્યાલીસ્ટ ઇન્સ્પેકટર નાયક તેમની ટીમ સાથે ક્રાઈમ બ્રાંચની ઓફિસેથી નીકળે છે.

પ્રકરણ ૧૦ પૂર્ણ

પ્રકરણ ૧૧

એન્કાઉન્ટર સ્પેશ્યાલીસ્ટ ઇન્સ્પેકટર નાયક અને તેમની ટીમ લાખાને મેજિસ્ટ્રેટ સાહેબ સામે રિમાન્ડ માટે રજુ કરે છે. જરૂરી કાગળો સબમીટ કરી ૧૫ દિવસના રિમાન્ડ માંગે છે. મેજિસ્ટ્રેટ સાહેબ આરોપી લાખાને તેના પર પોલીસે લગાવેલ ડફેર ગેંગના સાગરીત હોવાના અને ભાગેડુ હોવાના કેસમાં રીમાન્ડની વાત કરે છે અને પોતાની જાતને બચાવવા માટે વિચારીને પક્ષ મુકવાની તક આપે છે. મેજિસ્ટ્રેટ સાહેબ થોડીવાર રાહ જુએ છે.

મેજીસ્ટ્રે સાહેબને જવાબમાં કંઇ બોલવા જાય તે પહેલા શબ્દો થીજીને લાખાના ગળામાં જામી ગયાં અને તેને ડુમો ભરાઈ આવે છે. તે મેજીસ્ટ્રેટ સાહેબ સામે હાથ જોડીને શુન્ય મનસ્ક બની ઉભો રહી તેના પર થઇ રહેલી કાર્યવાહી જોઈ રહ્યો હતો. જ્યાં મેજિસ્ટ્રેટ સાહેબે ૧૫ દિવસના

રિમાન્ડ મંજુર કર્યા ત્યાં લાખાના માથાથી લઇ પગ સુધી ધ્રુજારી પ્રસરી ગઈ. લાખાનું શરીર નિચોવાઈ ગયું અને તે ઢગલો થઈને જમીન પર પડી ગયો. તરત જ પોલીસ કોન્સ્ટેબલે તેને પકડીને ઉભો કરી ક્રાઈમ બ્રાંચ લઇ જવા રવાના થઇ.

ક્રાઈમ બ્રાંચ પહોંચતા ખાન સાહેબ ૧૫ દિવસના રિમાન્ડ મળ્યા તે માટે ખુશ હતાં અને રિમાન્ડ એક્સપર્ટ સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટર મેવાડાને બોલાવી લાખાની બરોબર ખાતીરદારી કરવા સુચના આપે છે. ખાન સાહેબ સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટર મેવાડાને બબલુના કેસની ઉલટતપાસ અને ડફેર ગેંગની માહિતી મેળવી રીપોર્ટ આપવા સુચના આપે છે.

બબલુના પત્ની સુજાતા અને પીન્ટો ક્રાઈમ બ્રાંચ ખાન સાહેબને મળવા આવે છે. સુજાતા તેના મૃત પતિને સોપવા વિનંતી કરી રોઈ પડે છે અને જવાબમાં ખાન સાહેબ તેને સાંત્વના આપી થોડી જ વારમાં ફોરેન્સિક લેબોરેટરીથી એમ્બ્યુલન્સ તમારા ઘરે બબલુની બોડી લઇ પહોંચી જવાની વાત કરે છે.

ખાન સાહેબ પીન્ટોને ઈશારો કરી ઓફીસ બહાર બોલાવીને વાત કરે છે, “શું તમારી પાસે બબલુના કોઈ દુશ્મન કે શકમંદનું નામ છે ?”

જવાબમાં પીન્ટો બોલ્યો, “હા સાહેબ, કેટલાંક નામ તો છે પણ હમણાં હું સ્પષ્ટ કંઈ ના કહી શકું. હું શેઠની અંતિમ વિધિ પુર્ણ થતાં ભાભી જોડે ચર્ચા કરી આપને જણાવું.”

ખાન સાહેબે કહ્યું “ હા વાંધો નહિ, વિચારીને નામ આપજો. હું બબલુના ઘરે જેને મોકલું તેને તમારે શક્ય હોય ત્યાં હાજર શકમંદ નો દુરથી પરિચય કરાવજો અને બીજી કોઈ પણ કેસને લગતી માહિતી આપવી હોય આપજો. તમે આપેલી તમામ વાત ખાનગી રહેશે અને તમે પણ અન્ય કોઈ બહારના સાથે ચર્ચા ના કરતાં.” પીન્ટો અને બબલુના પત્ની ક્રાઈમ બ્રાંચથી ઘરે જવા રવાના થાય છે.

ખાન સાહેબ પાસે સમય ઓછો હોવાથી પોલીસની એક ટીમને બબલુના ઘરે સાદા કપડામાં મોકલી ત્યાં ચાલતી ચર્ચામાંથી કંઈ જાણવા મળે રીપોર્ટ આપવાનું કહી રવાના કરે છે.

ખાન સાહેબ ફુલ ટન ને પણ બબલુના ઘરે મોકલે છે અને કહે છે,” હમણાં થોડી વારમાં બબલુની લાશ તેના ઘરે પહોંચી જશે એટલે તેના મિત્રો, સગા અને કદાચ દુશ્મનો પણ ત્યાં પહોંચશે. પોલીસ ટીમ તો ત્યાં નજર રાખશે જ પણ જ્યાં સુધી બબલુની અંતિમ વિધિ પુર્ણ ના થાય ત્યાં સુધી તારે પણ ત્યાં હાજર રહેવાનું છે. બબલુના ત્યાં પહોંચી પીન્ટો ને મળી તેની મારી સાથે ફોન પર વાત કરાવજે એટલે તે તને બબલુના કેસના કોઈ શકમંદ હોય તેનો પરિચય દુરથી કરાવશે . ત્યાં હાજર રહી તારી રીતે લોકોના સમ્પર્કમાં રહી બબલુના દોસ્ત અને દુશ્મન કોણ કોણ હોઈ શકે તેની જાણકારી મેળવી મને જણાવજે.”

ફુલ ટન અને પોલીસ ટીમ પણ ખાનગી કપડામાં બબલુના ઘરે પહોંચી જાય છે. બબલુના ઘરે તેની લાશ પહોંચતા તેના ઘરનું વાતાવરણ શોકમાં ફેરવાઈ જાય છે અને લોકોના ટોળા ત્યાં

ભેગા થવા માંડે છે. ફુલ ટન તક મળતાં પીન્ટોને સાઈડમાં બોલાવી ખાન સાહેબ સાથે ફોન પર વાત કરાવે છે. ખાન સાહેબ ફોન પર પીન્ટો ને જણાવે છે, " તારી પાસે ઉભેલા વ્યક્તિ મારો ખાસ માણસ છે , તેને બબલુના કેસના શકમંદની કોઈ માહિતી હોય આપજો અને જેની પર શક હોય તેનો પરિચય ખાસ કરાવજે. ત્યાં બીજી કોઈ ઘટના ના ઘટે તે માટે પોલીસની ટીમ પણ હાજર છે અને હાલ ત્યાં લોકોના ટોળા ઉમટી રહ્યા છે એટલે શક્ય હોય એટલી જલ્દી બબલુની અંતિમવિધિ કરવા વિનંતી છે. બબલુના મૃત્યુનું જેટલું દુઃખ તમને છે તેટલું મને પણ છે અને આપણે હવે ગુનેગારને શોધવાનો છે એટલે અંતિમવિધિ જલ્દી પુર્ણ થાય તો સારું "

પીન્ટો પણ ખાન સાહેબની દરેક વાત સાંભળી ને સમજવાનો પ્રયાસ કરી રહ્યો હતો અને શક્ય બધી મદદ કરવા માટેની વાત કરી ફોન પુરો કરે છે. પીન્ટો ફુલ ટન ને પોતાની સાથે બબલુના ઘરમાં લઇ જાય છે અને નજીકના મિત્રો અને પરિવારના સભ્યોની દુરથી ઓળખ કરાવે છે. ફુલટન પણ પોતાની શકમંદ નજરથી ત્યાં હાજર તમામને જોઈ રહ્યો હતો. ફુલટનને તો દોસ્તો કરતાં દુશ્મનોને જાણવામાં વધુ રસ હતો.

બબલુની અંતિમયાત્રામાં ઘણાબધા ચેનલના ગ્રાહકો, મિત્રો જોડાય છે અને બબલુની અંતિમવિધિ પુરી કરાય છે. સ્મશાનમાં પણ હાજર લોકોમાં, મીડિયામાં મર્ડર કોણે કર્યું હશે તેની જ વાતો થતી તે ફુલટન સાંભળી રહ્યો હતો અને લોકોનો પોલીસ માટેનો આક્રોશ પણ જોઈ રહ્યો હતો. ફુલટને ત્યાં અલગ અલગ ટોળામાં ચાલી રહેલ ચર્ચામાં ભાગ લઇ શકમંદ કોણ હોઈ શકે તે જાણવાનો પ્રયત્ન કર્યો પણ આધારભુત કે યોગ્ય માહિતી ન મળી શકી.

પીન્ટોએ ફુલટનને દુશ્મન ગણી શકાય તેવા કેટલાંક લોકોના નામ અને અંતિમયાત્રામાં આવેલા કેટલાંક લોકોનો પરિચય કરાવ્યાં તેમાં બબલુના ચેનલના ધંધાનો હરીફ ધનંજય, બબલુએ વ્યાજે પૈસા જેને આપ્યા હતાં તે વિષ્ણુ, બબલુએ બિલ્ડરના ધંધામાં રોકાણ કરવા જેને પૈસા આપ્યા હતાં તે મુળજી કોન્ટ્રાક્ટર, બબલુને ચેનલના ધંધામાં લાવનાર અને બબલુએ દગો કરી તેમનો ધંધો કબજે કર્યો હતો તે બૈજુ શેઠ, બબલુએ રાજકારણમાં પગપેસારો કરવા પ્રયત્ન કરતાં તેમના એરિયાના કોર્પોરેટર ગુલાબદાસ, કેબલ સપ્લાય કરનાર હાબીદ હતાં.

બબલુની અંતિમવિધિ પુરી થતાં ફુલટન ખાન સાહેબને ફોન કરી માહિતી આપે છે, " સાહેબ બબલુની અંતિમવિધિ પુરી થઇ ગઈ છે અને અંતિમયાત્રામાં ઘણાં લોકો આવ્યા છતાં શાંતિપુર્ણ રીતે પુરી થઇ ગઈ છે. પીન્ટોએ કેટલાંક શકમંદ લોકોનો પરિચય અને નામ આપ્યા તે મેં મારી નોંધમાં લઇ લીધા છે અને મેં ત્યાં હાજર લોકોમાંથી પણ જે માહિતી મળી તે જાણી આગળની તપાસ માટે નોંધી લીધી છે. પીન્ટો કાલે શકમંદ લોકોના નામના લીસ્ટ સાથે તમને મળવા ક્રાઈમ બ્રાંચ આવવાનો છે."

ખાન સાહેબે ફુલટનની પુરી વાત સાંભળ્યા પછી તેને ત્યાંથી નીકળવા પરવાનગી આપી અને કાલે આગળ તપાસ ચાલુ રાખવા સુચના આપી. પીન્ટો બબલુની અંતિમવિધિ પુરી કરીને બીજા દિવસે શકમંદ લોકોના નામનું લીસ્ટ લઇ ક્રાઈમ બ્રાંચ ખાન સાહેબ ને મળવા પહોંચે છે. ખાન સાહેબ તેમની ટીમ અને સ્થાનિક પોલીસ સાથે બેસીને પીન્ટો ના લીસ્ટ પર મીટીંગમાં ચર્ચા કરે છે. પીન્ટોએ શકમંદ લોકોના નામ આપ્યા તેમાં ધનંજય, વિષ્ણ, મુળજી કોન્ટ્રાક્ટર,

બૈજુ શેઠ, કોર્પોરેટર ગુલાબદાસ, હાબીદ, બલદેવ યાદવ, આકિબ, સુદીપ હતાં. ખાન સાહેબે પીન્ટો ને લીસ્ટમાં આપેલ નામવાળા લોકો શા માટે બબલુનું મર્ડર કરી શકે અથવા તને એવું કેમ લાગ્યું કે આ લોકોમાંથી કોઈ મર્ડર કરનાર હોઈ શકે તેના કારણ આપવા માટે પણ જણાવવામાં આવ્યું. ચર્ચા ચાલતી હતી તેવામાં ખાન સાહેબના સાયલન્ટ મોડ પર રાખેલા ફોન પર અજાણ્યા નંબર પરથી વારંવાર ફોન આવે છે. ખાન સાહેબ ફોન કટ કરે તરત ફરી ફોન આવવાથી કંઇક ઈમરજન્સી કોલ હોઈ શકે તેમ માની મીટીંગ હોલ્ટ પર રાખી ઓફીસ બહાર આવે છે.

બહાર આવતાં ખાન સાહેબ મિસ થયેલા નંબર પર કોલ કરે છે તો સામેથી ફોન પર સ્ત્રી ધીમા સ્વરે બોલે છે, “હેલ્લો સર, હું સુજાતા .. બબલુની પત્ની બોલું છું. સર મારે તમને મારા મનની વાત કરવી છે.”

“હા બોલો, હું આપને શું મદદ કરી શકું અને આપ જે કંઈ જણાવવા માંગતા હોય મને શાંત ચિત્તે જણાવો.”

“સાહેબ મારા પતિના કેસ અંગે માહિતી આપવા તમને ખાનગીમાં મળવા માંગું છું. હાલ મારા ઘર અને મારી આસપાસ પરિવારના લોકો હોવાથી હું તમને જાહેરમાં મળીને કે ફોન પર માહિતી આપી શકું તેમ નથી. મારે તમને માહિતી આપી મારા મનનો ભાર હળવો કરવો છે.”

સુજાતાની વાત સાંભળી એકપળ માટે ખાન સાહેબે આ રીતે મળવાની ના પાડવાનું વિચારતાં હતાં પણ પછી મળવા તૈયારી બતાવી અને ક્યાં અને કઈ રીતે મળવું છે તે જણાવવા ફોન પર કહે છે.

તેના જવાબમાં સુજાતા કહે છે, “ સાહેબ કાલે મારે અમારા ફેમીલી ડોક્ટર સાથે સાંજે ૭ વાગે અપોઈમ્નેટ છે તો તમે ત્યાં પહેલીથી આવીને ડોકટરના કેબીનમાં બેસજો. હું ત્યાં જ તમને ઇન્ફોર્મેશન આપીશ અને મારી સાથે આવનાર બહાર બેઠાં હશે એટલે આપણી મુલાકાત પણ ખાનગી રહેશે. હું ડોક્ટર સાથે વાત કરી ગોઠવણ કરી લઈશ અને મને મારા ફેમીલી ડોક્ટર પર ભરોશો છે એટલે તેમની હાજરીમાં મને કહેવામાં વાંધો નથી.”

ખાન સાહેબે હા કહી ડોક્ટરનું નામ અને સરનામું લઇ ૭ વાગે ત્યાં મળીશું એમ કહી વાત પુરી કરી ફોન કટ કરે છે અને વિચારવા લાગ્યા કે આ સ્ત્રી મને ખાનગીમાં મળીને શું ઇન્ફોર્મેશન આપવા માંગતી હશે, તેના મનમાં મને મળવા કેટલો મોટો પ્લાન પણ તૈયાર છે.

પ્રકરણ ૧૧ પૂર્ણ

પ્રકરણ ૧૨

ખાન સાહેબે સુજાતાના વિચારોને અટકાવીને તરત ફુલટનને ફોન કર્યો અને કહ્યું, " હું તને હમણાં એક ડોક્ટરનું નામ અને એડ્રેસ મોકલું છું. તારે અને હાફટને હમણાંજ ત્યાં જઈ ગમે તે બહાને ડોક્ટરને મળવાનું છે અને ત્યાં આજથી કાલ રાત સુધી આવનાર લોકો પર પળેપળેની નજર રાખવાની છે. ખાસ કરીને બબલુની પત્ની સુજાતાની."

"હા સાહેબ, પણ બબલુના પત્ની તો મને ઓળખે છે. મને ત્યાં જોઇને તરત ઓળખી જશે."

"બેવકુફ. તારે ડોક્ટરની કલીનીક પર ખાનગી રીતે વોચ રાખવાની છે, નહી કે બહાર બેસીને. તારું મગજ ક્યારે બંધ થઇ જાય છે તે મને સમજાતું નથી.

"અરે ના ના સાહેબ એવું નથી. સોરી. હું સમજી ગયો. ચિંતા ના કરો, હું ખુફિયા રીતે વોચ ગોઠવું છું અને તમને રીપોર્ટ આપતો રહીશ."

"ફુલટન તું યાદ રાખજે સુજાતા કોઈ સામન્ય સ્ત્રી નથી, તે બબલુની પત્ની છે અને હવે બબલુના બે નંબરના ધંધાની એકમાત્ર માલિક. મને તેના પર શક છે એટલે તને ચેતવું છું, તેની પર વોચ ધ્યાનથી રાખજે."

"હા સાહેબ."

ખાન સાહેબ ફોન કટ કરી પાછા વિચારે ચડી ગયા કે એવી તો કઈ વાત હશે તે મને સુજાતા ખાનગીમાં કહેવા માંગે છે, તે આટલી બધી ઉત્સુક કેમ છે, એવી તો શું વાત હશે તેને કહેવા મને તાત્કલિક ફોન કરવો પડે, પાછું ક્યાં અને કેવી રીતે મળવાનું પણ પ્લાનીગ કરી રાખ્યું છે, ડોક્ટર તેને કેમ અને કઈ રીતે મદદ કરતો હશે. તેની વાતનો બબલુના મર્ડર જોડે શું સંબંધ હશે.

ખાન સાહેબે તેમની ઓફિસમાં મોબાઈલ અને સાયબર ટીમના એક્સપર્ટ સૌરીનને બોલાવી સુચના આપે છે, "તમે મને બબલુના મોબાઈલ નંબરની છેલ્લા પંદર દિવસની કોલ ડીટેલ આપો અને લો આ બીજો મોબાઈલ નંબર, તમે મને આ મોબાઈલ પરથી છેલ્લા પંદર દિવસની કોલની ડીટેલ પણ આપો. આ ફોન નંબર બબલુના પત્નીનો છે. બબલુના પત્નીનો મોબાઈલ નંબર અત્યારથી જ ટ્રેસ કરી વોચ પર મુકો. હાલ આ નંબર પરથી કોને કોલ થાય છે અને ક્યાં નંબરના કોલ રીસીવ થાય છે તેનો ડેટા મને આપો. છેલ્લા પંદર દિવસમાં આ બે મોબાઈલ નંબર પર સૌથી વધુ કોની સાથે વાત થઇ છે તે નંબરની પણ મને જલ્દીથી ઇન્ફોર્મેશન આપો."

"યસ સર. હું તમને હમણાં જ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર પાસેથી ડેટા કલેક્ટ કરીને રીપોર્ટ આપું છું અને તે નંબર પર વોચ ગોઠવું છું."

ખાન સાહેબે ક્રાઈમ બ્રાંચની ટીમને પોતાની ઓફિસમાં બોલાવી પીન્ટોએ આપેલ શકમંદ નામની ચર્ચા કરવા મીટીંગ શરુ કરી. ખાન સાહેબે રિમાન્ડ એક્સપર્ટ સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટર મેવાડાને આ શકમંદો પાસેથી ગમે તે રીતે ઇન્ફોર્મેશન કઢાવવાની સુચના આપી.

તેમણે શકમંદ નામોનો પોલીસ રેકોર્ડ ચેક કરવા માટે સુચના આપી અને આ શકમંદોની હાલની લોકેશન ક્યાં છે અને બબલુના મર્ડર વખતે તે ક્યાં હતાં તેની તપાસ કરવા માટે પણ સુચના આપે છે. શક્ય હોય તે બધાને ખાનગી રાહે મળવા અને જરૂર પડે કાયદેસર રીતે હાજર કરી પુછપરછ કરવા જણાવે છે. તેમણે સાયબર ટીમને તે બધા શકમંદો ના મોબાઈલ નંબર મેળવી લો અને તેના ટ્રેક રેકોર્ડ કાઢી તે નંબરો પર પણ વોચ ગોઠવવા સુચના આપે છે.શકમંદો અને બબલુ વચ્ચે મોબાઈલ પર કોઈ કોલ થયા હોય તો તેની કોલ ડીટેલનો ડેટા મેળવી રીપોર્ટ આપવા જણાવે છે."

મીટીંગ પુર્ણ કરી ત્યાંજ ફુલ ટનનો ફોન આવે છે અને કહે છે, " અરે સાહેબ, આ ડોક્ટરને અત્યારે તો મળવું મુશ્કેલ છે. તેના ત્યાં અપોઈમેન્ટ વગર એન્ટ્રી જ નથી મળતી અને ઈમરજન્સીના કેસ તે નજીકમાં આવેલ બીજા એક્સપર્ટ ડોકટરની હોસ્પીટલમાં ટ્રાન્સફર કરે છે."

"અરે કોઈ આઈડિયા વાપરીને મળો."

"અરે સાહેબ, હું અત્યારે હાફ ટન ને એમ્બ્યુલન્સમાં સુવડાવીને ત્યાં લઇ આવ્યો હતો પણ ડોક્ટર ઈમરજન્સીવાળા કેસને બીજી હોસ્પીટલમાં રીફર કરે છે, તો પણ હું ગમેતેમ કરીને એમને એક મીનીટ માટે પણ મળી આવ્યો એટલે ખબર પડી તેમના કલીનીકમાં બહુ ભીડ હોય છે. અને સર, ત્યાં ડોકટરે બાઉન્સર રાખ્યા છે એટલે બહુ વધારે બળ કરવા જઈએ તો .. તમે જાણો જ છો, શું થાય."

"હા. મને ખબર છે ,તમે બાહુબલી છો. તમારે મગજ પર ગરમી જલ્દી ચડી જાય છે."

"અરે સોરી સાહેબ, એમ નથી. તમે આઈડિયા આપો શું કરીએ."

"હું વિચારીને ફોન કરું છું, એમ્બ્યુલન્સ ને જવા દો અને તમે ડોક્ટરની કલીનીકની નજીકમાં જ રહેજો."

ખાન સાહેબે વિચાર્યું આટલા વ્યસ્ત ડોક્ટરને કાલે શાંતિથી મળવાનું સુજાતાએ કઈ રીતે ગોઠવ્યું હશે. આ ડોક્ટરના રીપોર્ટ પણ કઢાવવા પડશે એવું મનોમન વિચારી ખાન સાહેબ હસી રહ્યા હતાં.

સાયબર ટીમના એક્સપર્ટ સૌરીન પોતાનો રીપોર્ટ લઇ હાજર થાય છે અને કહે છે, " સર બબલુના મોબાઈલ નંબર પર પાછળના પંદર દિવસમાં ઘણા બધા કોલ આવ્યા અને ગયા. પણ તેમાંથી આ ત્રણ નંબર પર વધુ વાતચીત થઇ છે. અને સર બે નંબર પરથી મિસ કોલ જ આવ્યા છે. તે નંબર પર કોલ કરવામાં પણ નથી આવ્યા."

"યસ. આ ત્રણ નંબર કોના કોના છે?"

“સર. એક નંબર પીન્ટોનો છે. બીજો બબલુના પત્ની સુજાતાનો છે અને ત્રીજો નંબર એક ડોકટરનો છે.”

“ડોક્ટર. મને તેમનું નામ આપો.”

“હા સર. એ નંબર ડોકટર આયંગર નો છે.”

“એક મિનીટ વેઇટ કરો.” તેમણે સુજાતાએ આપેલ ડોકટરના નામ સાથે ચેક કરી જોયું તો એ જ ડોક્ટરનું નામ હતું જેમને કાલે મળવા જવાનું હતું.

“તમે આ ડોક્ટરની કોલ ડીટેલ ચેક કરી?”

“હા. તેમાં ઘણાબધા નંબરો પર વાતચીત થયેલ છે અને તે નંબર પરથી સુજાતા સાથે પણ ઘણીવાર વાતચીત થયેલ છે.”

“ઓકે.”

“સર. સુજાતાના મોબાઈલ પર પણ ઘણાબધા કોલ થયેલ છે અને તેમાં સૌથી વધુ વાતચીત બબલુ અને ડોક્ટર આયંગર સાથે થઈ છે.”

“ઓકે.”

“સર. સુજાતાના ફોન પરથી રોજ એવરેજ ડોક્ટરને એકવાર ફોન કરવામાં આવે જ છે અને સુજાતા પાસે આ સિવાય પણ કોઈ ખાનગી નંબર હશે.”

“એની તપાસ પણ કરાવી લઈએ.”

“હા સર. હાલ ડોક્ટર અને સુજાતાના નંબર પર વોચ રાખી છે. તમને બીજો રીપોર્ટ પણ થોડીવારમાં આપું છું.”

“અને પેલા મિસ કોલ વાળો નંબર કોનો છે?”

“હા સર, તે બેય નંબરનો ડેટા મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર પાસે ચેક કરાવ્યો તો તે બબલુના નામે છે.”

“ઓકે. તેમાં બીજા કોઈ કોલ?”

“ના સર. તે મોબાઈલ નંબર લગભગ બંધ જ હોય છે અને અત્યારે પણ બંધ જ છે. તેની

પરથી માત્ર બબલુના નંબર પર મિસ કોલ જ આવે છે.”

“ઓકે. તેની પર પણ વોચ રાખજો અને એક મીનીટ. મારે જાણવું છે કે, આપણે સુજાતાના મોબાઈલ ના ડેટાને જાણવો હોય અને તેના ફોન મેસેજ, વોટ્સઅપ મેસેજ ટ્રેપ કરવા હોય તો થઇ શકે?”

સાયબર ટીમના એક્સપર્ટ સૌરીન હસતાં હસતાં બોલી ઉઠે છે,” એટલે સર આપણે સુજાતાનો મોબાઈલ હેક કરવાનો છે એમ ને.”

“હા. તમે જે સમજો એ જ. તમને ગમતું કામ.”

“હા સર. પણ તેના માટે થોડીવાર માટે સુજાતાનો મોબાઈલ મારા હાથમાં આવવો જોઈએ.”

“તમારે કેટલી મીનીટ થશે આ કામ માટે?”

“લગભગ ૧૫ મીનીટ.”

“ઓકે. તમને ૩૦ મીનીટ મળશે. કાલે તમારે મારી સાથે આવવાનું છે. મારે સુજાતા સાથે ઓફ ધ રેકોર્ડ મીટીંગ છે. તે મને મળીને કંઈ કહેવા માંગે છે. હું તેને મળતાં પહેલા તેનો અને મારો ફોન તમારી પાસે જમા કરાવી દઈશ એટલે તમને મોબાઈલ ફોન મળશે પછી તમે તમારું કામ પતાવી લેજો.

“ઓકે સર. ડન કાલે કામ થઇ જશે.”

“પણ મારે સુજાતા સાથે જે વાત થાય તે રેકોર્ડ કરવી છે તો તે કઈ રીતે થઇ શકે તેનો આઈડિયા આપો.”

“સર તેના માટે આપણે પેન રેકોર્ડર કે બટન રેકોર્ડર નો યુઝ કરી શકીએ.”

“હા. તમે તેની એરેજ્મેન્ટ કરો અને મારે કાલે આપણી સાથે સુજાતાને મળવા એક વિશ્વાસુ લેડીઝ કોન્સટેબલ પણ આવે તેની એરજમેન્ટ કરવી પડશે. કોઈ લેડીઝને મળતાં પહેલા ઘણું બધું વિચારવું પડે.”

સાયબર ટીમના એક્સપર્ટ સૌરીન ખાન સાહેબ સાથે હાથ મિલાવી ઓફિસમાંથી બહાર નીકળે છે. ખાન સાહેબ ડોક્ટરને ફોન કરવાનું વિચારે છે. પણ એ પહેલા ડોક્ટરની કલીનીક પાસેની માહિતી જાણવા ફુલટનને ફોન કરે છે, “ શું ઇન્ફોર્મેશન છે?”

“સાહેબ અહી બહુ પેશન્ટની અવરજવર છે. લાગતું નથી સુજાતા અત્યારે આવે.”

“હા તો એક કામ કર તું હાફટન ને બબલુના ઘરની આસપાસ સુજાતાની પર વોચ રાખવા મોકલી દે અને તે ત્યાં હોય તો ફોન તેને આપ.”

“હા બોલો સાહેબ. હું હાફ ટન.”

“જો સાંભળ, તું બબલુના ઘરે જઇને ત્યાં આવતા જતાં લોકો પર નજર રાખજે. ખાસ સુજાતા પર. સુજાતા ક્યાંય બહાર જાય તો મને જાણ કરજે અને શક્ય હોય તેને ટ્રેસ કરજે. બબલુનો કોઈ સાગરીત તને મળી જાય તો પીન્ટો ને મળજે અને મારું નામ આપજે એટલે તે સમજી જશે.”

ખાન સાહેબ ફોન કટ કરી બબલુના કેસની અત્યાર સુધી થયેલ તપાસની ફાઈલ ચેક કરવા બેસી ગયા. જરૂર લાગતા મુદ્દાઓ પોતાની ડાયરીમાં નોંધતા હતાં એવામાં ખાન સાહેબના મોબાઈલ પર કોઈ ફોન આવે છે અને ખાન સાહેબ તેનું નામ સ્ક્રીન પર જોઈ આખા દિવસના કામના સ્ટ્રેસ વચ્ચે પણ મલકાઈ જાય છે.

પ્રકરણ ૧૨ પૂર્ણ

આ નવલકથાના તમામ પાત્રો, નામ, ઘટનાઓ, સ્થળો કાલ્પનિક છે.

પ્રકરણ ૧3

ખાન સાહેબ તરત ફોન ઉપાડી બોલે છે, “ગફુર, બોલ ગફુર. અરે ! બહુ દિવસે યાદ આવી તને મારી.”

“હા સાહેબ. મળવું છે તમને.”

“હા હા જરૂર મળીએ. મારે પણ તારું કામ છે.”

“તો ઓફીસ સિવાય ક્યાં મળીએ ?”

“અરે ! ટાઇમ હોય તો આજે રાતે મળીએ મારા ઘરે. સાથે જમીશું અને વાતો કરીશું. ઘણાં દિવસની વાતો બાકી છે. પુરી કરી નાંખીએ.”

“હા સાહેબ. ચોક્કસ પણ.. પેલા બે જણા પણ ..”

“હા. એ બે ફુલટન અને હાફટન તો ત્યાં હશે જ ને. એમના વગર આપણા માટે જમવાનું કોણ બનાવશે ? આપણને ડીસ્ટર્બ નહી કરે તે બે. આપણે બધા સાથે જમીશું પછી તેમને રવાના કરી દઈશ અને તને વાંધો હોય તો...”

“ના ના સાહેબ. મને તેમનાથી જરાય પણ વાંધો નથી.”

“તો રાતે મળીએ.”

ગફુર મીડિયા અને પોલીસ ડીપાર્ટમેન્ટ વચ્ચે ગુપ્ત કડી હતી. મીડિયામાં જે કંઈ પોલીસ, સરકાર વિરુદ્ધ રંધાતું હોય તેની જાણકારી પોલીસ સુધી પહોંચાડવી અને સરકાર, પોલીસ તરફથી મીડીયામાં કંઈક લીક કરવું, બ્રેકીંગ ન્યુઝ બનાવી પહોંચાડવાનું કામ ગફુર મારફતે થતું. ગફુર એમ એમ ખાનનો જુનો અને માનીતો ઈનફોર્મર હતો. ગફુરે ઘણા બધા કેસમાં ખાન સાહેબને મદદ કરી હતી. ખાન સાહેબ ને ગફુર જોડે અંગત અને જુની મિત્રતા પણ હતી.

ખાન સાહેબે ફોન કરીને હાફ ટન અને ફુલ ટનને રાતે ખાસ સ્પેશ્યલ ગેસ્ટ તેમના ઘરે આવવાના છે એટલે તે બંનેને ઘરે વહેલા પહોંચીને તમને ગમે તે રસોઈ બનાવવા કહ્યું અને સાથે જમીશું ની વાત કરી.

ખાન સાહેબ પણ સમયસર ઓફિસથી ઘરે પહોંચી જાય છે અને ફ્રેશ થઈને ગફુરની રાહ જોતાં હોય છે. ગફુર આવી પહોંચતા ખાન સાહેબ તેનું ઉમળકાભેર સ્વાગત કરે છે. ગફુરને જોઇને હાફ ટન અને ફુલ ટનને કોણ સ્પેશ્યલ ગેસ્ટ હશે તેનું સસ્પેન્સ પુરું થાય છે. ગફુર હાફ ટન અને ફુલ ટન સાથે પણ ઘણા સમયે ગળે મળીને મળ્યો. બધાએ જુની પુરાણી અને અવનવી વાતો કરી. બધા સાથે જમ્યા અને પછી ખાન સાહેબે ઘડિયાળમાં ટાઈમ જોઇને ઈશારો કરીને ફુલ ટન અને હાફ ટનને અહીંથી રવાના થવાનો ઈશારો કર્યો. ઈશારો થતાં જ તે બે જણા ઉભા થઇ ખાન સાહેબના ઘર બહાર નીકળી ગયા.

ઘરે જતાં તે બંનેના દિમાગમાં એક જ પ્રશ્ન ઉભો થયો હતો કે, ”ગફુર આટલા દિવસે ક્યાં કામથી ખાન સાહેબને મળવા આવ્યો હશે ? સાહેબે ગફુરને બોલાવ્યો હશે કે ગફુર પોતાનાં કામથી આવ્યો હશે ?”

આખરે બંને જણાએ એકબીજના સામે જોયું અને સ્મિત કરી મગજમાં ઉઠેલા સસ્પેન્સ પર પૂર્ણવિરામ મુકી પોતપોતાના ઘર તરફ પ્રયાણ કર્યું.

હવે ખાન સાહેબે ધીમા સ્વરે ગફુરને પુછ્યું “બોલ ગફુર, શું વાત હતી ?”

“સર વાતમાં એવું છે, મીડિયામાં બબલુ મર્ડર કેસની અવનવી સ્ટોરી બની રહી છે. પોલીસ તરફથી કોઈ ઇન્ફોર્મેશન મીડિયાને ન મળતાં મીડીયાકર્મીમાં ગુસ્સો છે અને નારાજગી પણ. તમે મીડિયાથી કેસને લગતી ઇન્ફોર્મેશન છુપાવી રહ્યાની ચર્ચાએ જોર પકડ્યું છે એટલે સાહેબ, તમારે કેસની કંઇક માહિતી તો આપવી જ પડશે મીડિયાને.”

“હા તારી વાત સાચી છે. આ જ કેસ માટે થઈને મારે તને મળવું હતું. પણ સાચું કહું હજુ અમને આ કેસમાં કોઈ મોટી સફળતા નથી મળી. હજુ અમે શંકાના આધારે જ તપાસ કરી રહ્યા છીએ. આ કેસ માટે થઈને કેટલાંક મીડિયાના મિત્રોનો ફોન હતો મારી પર પણ મેં વાત

કરવાનું ટાળ્યું હતું.”

“સાહેબ, પેલા લાખાનું શું થયું ?”

“લાખાના ૧૫ દિવસના રિમાન્ડ પુરા થવામાં છે અને નવી કોઈ ઇન્ફોર્મેશન આ કેસમાં તેના તરફથી નથી મળતી.”

“સાહેબ, લાખાને તમે ઉપલક રાખ્યો ત્યારે તો કંઈ જાણવા મળ્યું હશે ને ?”

ખાન સાહેબ હસતાં હસતાં બોલે છે, “ તારી પાસે ઉપલક રાખ્યાની ઇન્ફોર્મેશન પણ છે એમ ને. બહુ ધ્યાન રાખે છે તું.”

“અરે સાહેબ ! આ બધું તમારી પાસેથી જ શીખ્યો છું અને ઈનફોર્મર છું એટલે ઇન્ફોર્મેશન તો રાખવી જ પડે ને.”

“હા સાચી વાત છે. લાખાએ એક સ્ટોરી કહી છે પણ તે મને યોગ્ય લાગતી નથી અને મને તેના પર વિશ્વાસ નથી બેસતો. છતાં પણ તે તરફ વિચારવું પડશે અને તપાસ પણ કરવી પડશે એવું લાગે છે. હાલ તો લાખાને ડફેર ગેંગના કેસમાં ધરપકડ કરી આગળ રિમાન્ડ ચાલુ છે.”

ખાન સાહેબ લાખાએ કહેલ એકટીવા ચાલકની સ્ટોરી ગફુરને ડીટેલમાં જણાવે છે અને અત્યાર સુધી થયેલ તપાસની માહિતી પણ આપે છે. બબલુના સાગરીત પીન્ટો એ આપેલ શકમંદ લોકોની માહિતી પણ આપે છે. ખાન સાહેબ માટે ગફુર વિશ્વસનીય હોવાથી તેને કહેલ માહિતી સેફ રહેવાની ગેરંટી હતી.

ગફુરે બધી વાત સાંભળી ખાન સાહેબને બોલતાં અટકાવીને કહ્યું, “સાહેબ, આટલી બધી માહિતી તમારી પાસે છે. તમારે આમાંથી કઇંક તો માહિતી મીડિયામાં પહોંચાડવી પડશે. નહીંતર મીડિયા પોત પોતાની સ્ટોરી ચલાવશે તો નુકશાન તમને જ થશે, તે તમે સમજો જ છો.”

“કઈ માહિતી પહોંચાડવી તેના માટે જ તને મળવાનું યાદ આવ્યું હતું. મેં કમિશ્નર સાહેબ સાથે વાત કરી લીધી છે અમારે કાયદેસરની પ્રેસ રીલીઝ નથી આપવી પણ તારા થકી ઇન્ફોર્મેશન પહોંચાડવી છે.”

“તો આપણે બ્રેકીંગ સ્ટોરી ફાયનલ કરીએ.”

“મેં તને અત્યાર સુધીની ઇન્ફોર્મેશન કહી, હવે આગળનું વિચારવાનું કામ તારું.”

“હા. હું કોઈ રફ સ્ટોરી માઈન્ડમાં બનાવું.”

“આપણી પાસે સમય ઓછો છે. એટલે ..”

“હા. એ પણ મારા ધ્યાનમાં જ છે.”

“ઓકે. પણ ગફુર ! મીડિયા રિપોટર્ પણ આ કેસમાં ઇન્ફોર્મેશન ભેગી કરતાં હશે ને ?”

“હા મીડિયાના લોકો પણ સ્ટોરી બનાવા મથે છે અને તેમની પાસે પણ ઇન્ફોર્મેશન હશે જ.”

“તો તે જાણવા ક્યારે મળશે ?”

“સાહેબ, ટેક એન્ડ ગીવ પોલીસી પણ હોય ને.” હસીને ગફુર બોલ્યો.

“એમ વાત છે.”

“હા. આપણે કંઇક લીક કરીએ તો સામેથી કંઈ જાણવા મળે. અને ના મળે તો હું મીડિયાનો ડેટા હેક કરીને પણ જાણી લઈશ.”

“એ તો મને ખબર છે. તારા કામ પર મને વિશ્વાસ છે.”

“સાહેબ, મારા દિમાગમાં સ્ટોરી આવી છે.”

“જલ્દી કહે મને.”

“સાહેબ મીડિયાના બ્રેકીંગ ન્યુઝ હશે, “બબલુ મર્ડર કેસમાં શંકાના આધારે ધરપકડ કરેલ લાખા પાસેથી પોલીસને કોઈ ઇન્ફોર્મેશન મળી નથી. પોલીસ હજુ શંકાના આધારે જ તપાસ કરી રહી છે.”

“હા બરોબર છે પણ. .આટલી જ સ્ટોરી.”

“સાહેબ. મીડિયા પાસે મરી મસાલો ઉમેરી ઈન્ટરેસ્ટીંગ બ્રેન્કીંગ સ્ટોરી બનાવવા સ્ક્રીપ્ટ રાઈટર્સ છે. તે આ બે લાઈનમાંથી આખો દિવસ, આખુ વીક, આખો મહિનો સ્ટોરી ચલાવી શકશે.”

“હા, મને ખબર છે.”

“કેટલો સમય આ ન્યુઝ ચલાવવા છે યા ક્યારે બંધ કરવા છે તે પણ કહેજો. મીડિયાનું રીમોર્ટ પણ આપણી પાસે છે.”

“ઓહો ! મીડિયા પર તારી પક્કડ મજબુત થતી જાય છે એમ ને.”

“ના સર. પક્કડ નહી, મીડિયામાં પણ તમારા જેવા મિત્રો સાથે મજબુત સંબંધો બન્યા છે.”

“સરસ વાત છે.”

“સાહેબ, બીજી એક વાત. તમને આ બ્રેકીંગ ન્યુઝના લીધે લાખાના વધુ રિમાન્ડ મેળવવામાં સરળતા રહેશે અને મીડિયા બ્રેન્કીંગ ન્યુઝ અને પબ્લિક વાતોમાં લાગી જશે. તમે તમારું કામ કરતાં રહેજો.”

“અરે વાહ ! લાખાના વધુ રિમાન્ડ વિશે તો મેં વિચાર્યું જ નહોતું. લાખા ને તો પોલીસ કસ્ટડીમાં જ રાખવો છે, ગમે ત્યારે તે કામમાં આવી શકે તેમ છે. લાખો હાલ કામનો માણસ છે.”

“તો સાહેબ આ બ્રેકીંગ ન્યુઝ ફાયનલ ને.”

“હા ફાયનલ.”

“તો હાલ જ મીડિયામાં લીક કરું છું.”

ખાન સાહેબ હસીને કહે છે, “હા તું ન્યુઝ બ્રેક કર અને હું કમિશ્નર સાહેબ ને રીપોર્ટ આપી દઉં.”

ગફુર ફોન પર તેના માનીતા મીડીયા એડિટરને બબલુ કેસના બ્રેકીંગ ન્યુઝ આપે છે. અને કાલે તેમને આ કેસ માટે વધુ ઇન્ફોર્મેશન આપ લે માટે મળવાની વાત પણ કરે છે.

ખાન સાહેબ કમિશ્નર સાહેબને ફોન કરે છે અને રીપોર્ટ આપે છે, “નમસ્કાર સર, આપણે બબલુના કેસની વાત થઇ હતી તે મુજબ મીડિયામાં બ્રેકીંગ ન્યુઝ આપવા પડે તેમ હતાં, એટલે ન્યુઝ લીક કર્યા છે. આપની જાણ ખાતર તમને કોલ કરીને આટલી મોડી રાતે ડીસ્ટર્બ કર્યા.”

“અરે ખાન ! એમાં શેનું ડીસ્ટર્બ થવાનું. ચોવીસ કલાક આપણે પબ્લિકનું, દેશનું કામ કરવાનું છે. તમે પણ આટલી રાત સુધી આ કેસ માટે જાગો જ છો ને. સરસ કર્યું.”

“હા સર.”

“એક મીનીટ, હું ટીવી પર ચેનલ બદલું છું. અરે ! દરેક ચેનલ પર બ્રેકીંગ ન્યુઝ આવી પણ ગયા. તમારો ઈનફોર્મર બહુ ફાસ્ટ છે. ખાન તેનું કામ ગમ્યું મને.”

“હા સર. હવે મીડિયા આપણને તંગ નહી કરે અને કાલે મીડિયાને જવાબ આપવા તૈયારી કરું છું.”

“અરે ખાન ! તમે સુઈ જાઓ. કાલે હું મીડિયા ને જવાબ આપવા સ્ક્રીપ્ટ તૈયારી કરું છું અને તમારા ઈનફોર્મર ને પણ થેન્ક્સ કહીને રીલીઝ કરજો.”

ખાન સાહેબ હસી પડ્યા અને બોલ્યા, ”હા સર. ઈનફોર્મર પણ બહુ મહેનત કરે છે. ગુડ નાઈટ.”

“ગુડ નાઈટ.”

ગફુર ખાન સાહેબ અને કમિશ્નર સાહેબની વાતમાં ઈનફોર્મરનું નામ આવતાં ચોંકી જાય છે અને વિચારતો હોય છે. ગફુરને વિચારતો જોઈ ખાન સાહેબ તેના ખભે હાથ મુકીને કહે છે, “ કમિશ્નર સાહેબ ઈનફોર્મરને અત્યારે રીલીઝ કરવાની વાત કરતાં હતાં અને આટલી જલ્દી ન્યુઝબ્રેક કરવા માટે વખાણ કરતાં હતાં. તને ખાસ થેન્ક્સ કહ્યું છે.”

“ઓહો સાહેબ. મારા કામની નોંધ કમિશ્નર સાહેબે લીધી.”

“ગફુર તારું કામ જ નોંધ લેવા જેવું છે. ચલ ટીવી ચાલુ કરી આપણે પણ બ્રેકીંગ ન્યુઝ જોઈએ.”

ફુલ ટન અને હાફ ટન એકબીજાને ફોન કરીને ન્યુઝ ચેનલ પર અડધી રાતે શરુ થયેલા બ્રેકીંગ ન્યુઝની ચર્ચા કરતાં હતાં અને આ ન્યુઝ ક્યાંથી, કોણે લીક કર્યા તે પણ મનોમન સમજી ગયા હતાં. ગફુર અને ખાન સાહેબની મીટીંગનું સસ્પેન્સ પણ સમજાઈ ગયું હતું.

મીડિયામાં બ્રેકીંગ ન્યુઝ રીલીઝ થતાં ખાન સાહેબ અને ગફુરના મોબાઈલ પર મીડિયાના લોકોના ફોન આવવા શરુ થઇ ગયા હતાં.

ખાન સાહેબે ગફુરને એક વાત યાદ આવતાં કહ્યું, “ગફુર એક વાત તો તને કહેવાની ભુલાઈ જ ગઈ.”

“કઈ વાત સાહેબ ?”

“અરે ! કાલે મારે બબલુની પત્ની સુજાતાને ખાનગીમાં મળવાનું છે.”

“કેમ ખાનગીમાં ?”

“સુજાતાની રીક્વેસ્ટ છે અને આઈડીયા પણ તેનો છે. ક્યાં અને કેવી રીતે મળવું.”

“તો તમે મળવાના ?”

“હા. હું મળવાનો છું પણ તું પણ કાલે મારી સાથે રહેજે. આ અનોફીસ્યલી મીટીંગ છે.”

"સુજાતાને ગમશે ?"

"અરે એ મારે જોવાનું છે. તેના તરફથી તેના ડોક્ટર સાથે રહેવાના છે તો મારે પણ એક આસીસ્ટન્ટ રાખવો પડે ને."

"સાહેબ, જેમ તમને યોગ્ય લાગે તેમ."

"તેની પાસેથી કેસ રીલેટેડ કંઇક તો જાણવા મળશે જ આવી મને આશા છે."

"હા સાહેબ. અત્યારે બહુ મોડું થઇ ગયું છે. કાલે સવારે મને ક્યાં અને કેટલા વાગે મળવાનું છે તે જાણ કરજો. હું હાજર થઇ જઈશ."

"ઓકે. હું કોલ કરીશ કાલે. ગુડ નાઈટ."

"ગુડ નાઈટ."

કાલે સુજાતાને સાથે મળવાની વાત કહીને ગફુર અને ખાન સાહેબ છુટા પડે છે.

પ્રકરણ ૧૩ પૂર્ણ

આ નવલકથાના તમામ પાત્રો, નામ, ઘટનાઓ, સ્થળો કાલ્પનિક છે.

પ્રકરણ ૧૪

ખાન સાહેબ સવારમાં ક્રાઈમ બ્રાંચ ઓફીસ આવીને તરત જ ફુલ ટનને ફોન કરી ડોક્ટરના કલીનીક પરની હલચલની માહિતી મેળવે છે અને સાંજ સુધી ત્યાંજ રહેવા સુચના આપે છે. ગફુરને ફોન કરી સાંજે ૭ વાગે સુજાતાને ડોકટરના કલીનીક પર મળવા જવાનું છે એટલે સાંજે ૬ વાગે ક્રાઈમ બ્રાંચની ઓફીસ આવી જવા કહે છે.

ખાન સાહેબ આજના ન્યુઝ પેપર્સ ઓફિસમાં મંગાવે છે અને ખાસ મીટીંગ માટે ટીમના અધિકારીઓને હાજર થવા મેસેજ મોકલે છે. બધા ન્યુઝ પેપર્સમાં બબલુ કેસ રીલેટેડ હેડલાઈન અને અલગ અલગ સ્ટોરી ન્યુઝ છપાયા હતાં તે વાંચી રહ્યા હતાં ત્યાંજ તેમની ટીમના અધિકારીઓ તેમની ઓફિસમાં ભેગા થાય છે.

ઇન્સ્પેક્ટર નાયક ઓફિસમાં આવતાં સાથે જ કહે છે, "ગુડ મોર્નિંગ સર. આજના બધા ન્યુઝ પેપરમાં લાખાના ન્યુઝ છપાયા છે અને શહરેમાં તેની જ ચર્ચા છે. ટીવી પર કાલે રાતથી બ્રેકીંગ ન્યુઝ શરુ થયા છે તે હજુ પણ ચાલુ છે."

"ગુડ મોર્નિંગ ટુ ઓલ ઓફ યુ. હું એજ બ્રેંકીગ અને મસાલા ન્યુઝ જ રીડ કરી રહ્યો છું અને

આ મીટીંગ બ્રેકીંગ ન્યુઝ માટે જ બોલાવી છે. મીડિયામાં જે કંઈ ન્યુઝ ચાલે તે ચાલવા દો, કોઈએ તેના પર રીએક્શન કે રીપ્લાય આપવાનો નથી. મીડિયા પર આપણું મોનીટરીંગ ચાલુ જ છે. નાયક, આજે તમે ન્યુઝ પેપર અને ટીવી પર ચાલતા ન્યુઝની સ્ટોરી પર વોચ રાખો અને જરૂરી માહિતીનો નોંધ કરી મને કાલે રીપોર્ટ આપજો."

"ઓકે સર."

"સર. લાખો તમને મળવા માંગે છે, તે બે દિવસથી સતત એકવાર તમને મળવાની જીદ કરે છે. તો તમે..." ઇન્સ્પેકટર મેવાડા ખાન સાહેબને ધીમા સ્વરે કહે છે.

"મેવાડા, હા જરૂર લાખાને મારે પણ મળવું છે અને તમને રિમાન્ડમાં કોઈ નવી ઇન્ફોર્મેશન મળી ?"

"ના સર. તમારા ઓર્ડર મુજબ તેની સાથે હજુ ફોર્મલી રિમાન્ડ જ ચાલે છે અને તે ગીલીન્ડર થર્ડ ડીગ્રી વગર કંઈ બોલે તેમ નથી. તમે કહો તો.."

"ના ના મેવાડા. આપણે લાખાને કંઈ કરવાનું નથી. તેની પાસેથી આપણને કંઈ તો જાણવા મળશે જ."

"પણ સર, આમ ને આમ તો રિમાન્ડના દિવસો પુરા થઇ જશે. પછી ?"

"અરે ! પછી શું. બીજા રિમાન્ડ માંગવાના. આ મીડિયાની હેડલાઈન જુઓ, બબલુ મર્ડર કેસમાં શંકાના આધારે ધરપકડ કરેલ લાખા પાસેથી પોલીસને કોઈ ઇન્ફોર્મેશન મળી નથી." ખાન સાહેબ હસતાં હસતાં મીટીંગમાં ટીવી ચાલુ કરી એક પછી એક ન્યુઝ ચેનલો ફેરવે છે.

"પણ સર."

"આ બ્રેકીંગ ન્યુઝ આપણને લાખાના રિમાન્ડ માટે હેલ્પ કરવા માટે જ છે, સમજ્યા તમે બધા."

મીટીંગમાં હાજર બધા અધિકારીઓ એકબીજા સામે જોઈ સમજી ગયા કે ન્યુઝ અહીંથી જ બ્રેક થયા છે અને સ્ક્રીપ્ટ પણ ખાન સાહેબની જ છે.

"આપણે શકમંદ લોકોના જવાબ લેવાના છે અને તેમની તપાસ કરવાની છે તો તેના માટે સિનીયર ઇન્સ્પેકટર અશોકને જવાબદારી આપું છું. તમે બધા શકમંદ લોકોની ઇન્ફોર્મેશન તેમની સાથે શેર કરજો."

"યસ સર.હું તૈયાર છું." ઇન્સ્પેક્ટર અશોક બોલે છે.

“તમે જલ્દીથી એક પછી એક શકમંદ લોકોને બોલાવા માટે પ્લાનીગ કરો. શક્ય હોય ખાનગીમાં ઓફીસ બહાર મળો, અહીં બોલાવો, તે લોકો જ્યાં હોય ત્યાં જઈને પુછપરછ કરો. શહેર બહાર હોય કે દેશ બહાર કોઈને છોડશો નહીં. ”

“હા સર.”

“જરૂર પડે બીજા અધિકારી, એક્સપર્ટની મદદ લઇ પણ શકમંદ લોકોની તપાસ ફટાફટ કરવી પડશે. આપણી પાસે સમય ઓછો છે અને પ્રેશર ઘણું છે. તપાસની કોઈ પણ વાત મીડિયામાં લીક ના થવી જોઈએ.”

“ઓકે સર.”

“મને નાનામાં નાની ઇન્ફોર્મેશન રીપોર્ટ કરજો અને મારી જ્યાં જરૂર પડે કહેજો.”

“યસ સર. હું અત્યારથી જ પ્લાનીગ કરી તપાસ આગળ વધારું છું.’

“મેવાડા, ચાલો આપણા મિત્ર લાખાને મળવા જઈએ.” ખાન સાહેબ મીટીંગ પુરી કરી ઇન્સ્પેક્ટર મેવાડા સાથે લાખાને મળવા જાય છે.

ખાન સાહેબ પોતાની સાથે આજના ન્યુઝ પેપર્સ પણ સાથે લઈને લાખા પાસે જાય છે અને બોલે છે, “કેમ છે લાખા ? કેમ મને યાદ કર્યો ?”

લાખો ખાન સાહેબને જોઇને રડવા માંડે છે. તેની આંખોમાંથી બોર બોર આંસુ ધડધડ ટપકવા માંડ્યા. તેના મોઢે આવેલા શબ્દો થીજીને ગળામાં જામી ગયા. ખાન સાહેબ લાખાના કપાળ પરની તંગ થયેલ રેખાઓ, તેની આંખોના પોપચાં રડી રડીને સુઝી ગયા હતાં એ જોઈ રહ્યા હતાં. ખાન સાહેબ ઈન્સ્પેક્ટ મેવાડાને લાખાને છાનો રાખવા કરે છે. ઇન્સ્પેક્ટર મેવાડા પાણી પીવડાવી લાખાને શાંત કરે છે.

“લાખા કંઈ તકલીફ છે ?” ખાન સાહેબ લાખાની આંખોમાં આંખ પરોવીને બોલ્યા.

લાખો શાંત થયો, પછી થોડો સ્વસ્થ થઈને બોલે છે, “સાહેબ મને અહીંથી છોડાવો. મને રીમાન્ડમાં કોઈ સાહેબ કંઈ પૂછતાં નથી અને મેં જે કહેવાનું હતું તે બધું સાચેસાચું કહી દીધું છે. મને મારા પરિવારને મળવા જવા દો.”

“તને રીમાન્ડમાં કોઈ તકલીફ છે ? તને કોઈ હેરાનગતિ છે ?”

“ના. પણ ..’

“જો લાખા આજે તું ફેમસ થઇ ગયો. આજે બધા ન્યુઝ પેપર અને ટીવી પર તારા નામની ચર્ચા ચાલે છે.” ખાન સાહેબે બોલતાં બોલતાં ન્યુઝ પેપર લાખા સામે મુક્યા.

લાખો તગતગતી આંખોથી ન્યુઝ પેપર પર નજર ફેરવવા માંડ્યો અને બોલ્યો, “સાહેબ, મારા માઈબાપ. મારા રિમાન્ડ પુરા થવા આયા છે પણ મને કોઈ કંઈ પણ પુછતું નથી. બસ મને અહી પુરી રાખ્યો છે અને આ મેવાડા સાહેબ સવાર સાંજ આવી મને જોઈ જતાં રહે છે.”

“લાખા તારી પાસેથી અમને જોઈતી માહિતી મળશે એટલે તને છોડી મુકવામાં આવશે અને તને કોઈ તકલીફ નહી પડે એ જવાબદારી મારી.”

“સાહેબ મને જવા દો. હું ક્યારેય ચોરી નહિ કરું.’

“હા. તને છોડી દેવામાં આવશે. જલ્દીથી. પણ બબલુના કેસમાં તારું નામ લીક થતાં તારી પર ખતરો છે. સાચા ગુનેગાર તારી પર....”

“પણ સાહેબ. તે લોકોને મેં પોલીસને કહેલ વાતની ખબર કેવી રીતે પડી ?”

“એની તપાસ પણ ચાલુ છે. જો તારું નામ પેપરમાં આવ્યું એટલે તે લોકો તને મળીને તારું ...તું મારી વાત સમજે છે ને. ”

“હા સાહેબ. તમારી વાત સાચી.”

લાખો હવે મગજ દોડાવી પોતાના પરનો ખતરો જાણી ગયો હતો. ખાન સાહેબ સિમ્પથી બતાવી તેને વધુ રિમાન્ડ માટે માનસિક રીતે તૈયાર કરી રહ્યા હતાં.

“સાહેબ, પણ મારા રિમાન્ડ પુરા થશે પછી મારું શું થશે ?” લાખો અટકતા અટકતા બોલી રહ્યો હતો.

“લાખા, તું ચિંતા ના કર. તારી સેફટીની અમને પણ ચિંતા છે. તું પોલીસ કસ્ટડીમાં સેફ છું.”

“હા સાહેબ. મને તમારી પર પુરો વિશ્વાસ છે.”

“તારી સેફટી માટે થઈને તારા વધુ રિમાન્ડ માંગવામાં આવશે અને તને અહીં સેફ રાખવામાં આવશે.”

“સાહેબ તમારી મહેરબાની.”

“પણ તારે.. અમારી તપાસમાં મદદ કરવી પડશે.”

"હા સાહેબ. પણ મારી પાસે કંઈ માહિતી નથી."

"હજુ તારે પેલા એકટીવાવાળા કપલને ઓળખવામાં મદદ કરવાની છે. યાદ છે ને એ રાતની સ્ટોરી.."

"હા સાહેબ, હું ઓળખી બતાવીશ અને સાહેબ મારી પર વિશ્વાસ કરો, મેં તમને તે રાતની સ્ટોરી નહી પણ સાચી મારી આંખે દેખેલી હકીકત કહી છે."

"લાખા તને અહીં કોઈ કઈ પુછે કે ના પુછે, તું શાંતિથી રહેજે. તને તારા પરિવાર સાથે પણ એકવાર મળવા દેવામાં આવશે. તું તારો પરિવાર ક્યાં હશે તે જણાવ. તું જ્યાં રહેતો હતો ત્યાં પોલીસે તપાસ કરી પણ તારો પરિવાર ગાયબ છે."

પરિવારને મળવાની વાત આવતાં તેની આંખોમાં ચમક આવી ગઈ અને તે આંખો લુંછતા લુછતા બોલે છે, "સાહેબ એ લોકો ડરીને જતાં રહ્યા હશે. તે લોકો કદાચ રાજપુર ગામની નદીના પટમાં મારા સગાને ત્યાં મળશે. પણ ત્યાંથી એ લોકો પોલીસ જોઇને ભાગી જશે."

"તું એની ચિંતા ના કર. તને તારા પરિવાર સાથે મળાવાની જવાબદારી અમારી. પણ એક શરત છે."

"મને બધી શરત મંજુર છે."

"અરે ! સાંભળી તો લે."

"મને એકવાર મારા પરિવારને મળવા માટે બધું મંજુર છે. સાહેબ તમારી મહેરબાની હું ક્યારેય નહીં ભુલું."

"શરત એમ છે, તારા પરિવારને તારા વધારાના રિમાન્ડ, તારી પરના ખતરા કે આ કેસ અંગે કંઈપણ જણાવાનું નથી. તારે અહીંજ પોલીસ સામે થોડીવાર માટે મળવાનું છે. તારા પરિવારે બહાર જઈને કોઈને અને ખાસ કરીને મીડિયામાં કંઈપણ કહેવાનું નથી."

"હા મંજુર છે સાહેબ."

"લાખા હું જઉં છું અને ફરી મળીશું નવી ઇન્ફોર્મેશન સાથે. કંઈ તકલીફ પડે મને યાદ કરજે."

ખાન સાહેબ ઇન્સ્પેકટર મેવાડાને સ્થાનિક પોલીસ સાથે મળીને લાખના પરિવારને ખાનગી રીતે અહી લઇ આવવા કહે છે અને લાખાને કંઇ તકલીફ ના પડે તે માટે સાચવવા કહીને ત્યાંથી ઓફીસ જવા નીકળે છે.

ખાન સાહેબ ઓફીસ જતાં રસ્તામાં ઘડિયાળમાં સમય જોવે છે અને મનમાં બોલે છે, "ઓહ ! લંચ ટાઈમ થઇ ગયો." તેમને હાફટન અને ફુલટનની યાદ આવતાં ફોન કરે છે અને ફુલટન ફોન ઉપાડે છે, " શું કરો છો અને ક્યાં છો ?"

"અરે સાહેબ, અમે ડોક્ટરની કલીનીક બહાર જ છીએ."

"ત્યાં અત્યારે શું ચાલી રહ્યું છે."

"બસ કંઈ નહિ. ડોક્ટર સાહેબ હમણાં જ લંચ કરવા તેમના ઘરે ગયા છે અને કલીનીક બંધ છે. કોઈ પેશન્ટ નથી. ડોક્ટર સાંજે મળશે તેની ઇન્ફોર્મેશન લઇ લીધેલ છે."

"ઓકે. તમે બે જમ્યા ?"

"ના. અહીંથી હટવાનું નથી એટલે .."

"હું ત્યાં આવું છું, આપણે સાથે લંચ કરવા જઈએ છીએ. નજીકની રેસ્ટોરેન્ટ નક્કી કરી લો."

"હા સાહેબ."

ખાન સાહેબ થોડી જ વારમાં ત્યાં પહોંચે છે અને તે બે જણાને લઇ નજીકની રેસ્ટોરન્ટમાં લંચ કરવા જાય છે. લંચ કરતાં કરતાં ખાન સાહેબ ત્યાં આવતાં જતાં લોકોની માહિતી મેળવે છે. તે બે જણા પાસેથી ખાન સાહેબને કંઈ ખાસ ઇન્ફોર્મેશન મળતી નથી.

ખાન સાહેબ લંચ પતાવીને તે બે જણાને પાછા ડોક્ટરની ક્લીનીકી પર ઉતારે છે અને હસતાં હસતાં કહે છે, "જુઓ, જમીને આળસ ના કરતાં. આજુ બાજુ ફરીને ઇન્ફોર્મેશન ભેગી કરજો. એક જણ અહીજ રહેજો અને સાંજે ફરી મળીએ છીએ અહીંજ."

"ઓકે સાહેબ."

"હજુ મારે સાંજની મીટીંગ માટે પ્લાન બનાવવાનો છે અને ઘણી તૈયારીઓ કરવાની છે."

ખાન સાહેબ સુજાતા સાથેની સાંજની મીટીંગનો પ્લાન બનાવવા અને બીજી તૈયારીઓ કરવા ક્રાઈમ બ્રાંચ જાય છે.

પ્રકરણ ૧૪ પુર્ણ

આ નવલકથાના તમામ પાત્રો, નામ, ઘટનાઓ, સ્થળો કાલ્પનિક છે.

પ્રકરણ ૧૫

ખાન સાહેબ ક્રાઈમ બ્રાંચ પહોંચવામાં હતાં ને રસ્તામાં મોબાઈલ અને સાયબર એક્ષ્પર્ટ સૌરીનનો ફોન આવે છે. ખાન સાહેબ તરત ફોન રીસીવ કરે છે ત્યારે સૌરીન બોલે છે, “સર, એક ઇન્ફોર્મેશન છે. તે તમારે તાત્કાલિક જાણવી જરૂરી છે.”

“હા ઓફિસર. થોડી રાહ જુઓ. હું ઓફિસે પાંચ જ મીનીટમાં પહોંચું છું. આપણે રૂબરૂ મળીએ ત્યારે જણાવજો.”

ક્રાઈમ બ્રાંચ થોડીકવારમાં જ પહોંચીને ખાન સાહેબ મોબાઈલ અને સાયબર એક્ષ્પર્ટ સૌરીનની સાથે પોતાની ઓફિસમાં પ્રવેશે છે અને બોલે છે, “શું ઇન્ફોર્મેશન છે ?”

“સર, સુજાતાના મોબાઈલ નંબર વોચ પર છે એટલે આજે સવારથી આ એક નંબર પરથી છ વખત, લાંબી વાત થઇ છે. આ નંબર ને ટ્રેસ કરતાં જાણવા મળ્યું કે, આ નંબર પરથી અગાઉ પણ સુજાતાને કોલ કરવામાં આવેલ છે.”

“ઓકે. નંબર કોનો છે ?”

સૌરીન થોડું હસીને બોલે છે, “સર, આ નંબર તમારા મોબાઈલમાં ચેક કરો. કદાચ તમને જવાબ પણ મળી જશે.”

“એમ વાત છે. જોઈ લઈએ.”

ખાન સાહેબ સૌરીને આપેલ નંબર પોતાના મોબાઈલમાં ચેક કરે છે. સ્ક્રીન પર નામ જોઈ હસે છે અને બોલે છે, “ઓહો ! એમ વાત છે. આ ભાઈ પણ સુજાતાના સંપર્કમાં છે એમ ..”

“હા સર. આ નંબર ક્રાઈમ રીપોર્ટર વિમલનો છે.”

“મને લાગે છે આ પણ સ્કૂપની લાલચમાં મથી રહ્યો છે.”

“હોઈ શકે પણ તેણે આટલા બધા કોલ્સ કરીને કદાચ સ્કૂપ મેળવી લીધું પણ હોય.”

“હા એમ પણ બની શકે. વિમલના ફોનની હાલની લોકેશન જાણવી હોય તો ?”

“એક જ મીનીટ સર.” બોલતાં બોલતાં સૌરીન તરત જ પોતાના લેપટોપમાં સર્ચ કરે છે.

ખાન સાહેબ ક્રાઈમ રીપોર્ટર વિમલની આ કેસમાં ભુમિકા વિચારી રહ્યા હતાં. તેનો સંપર્ક કરવો કે નહીં, તેને ખરેખર સ્કૂપની લાલચ હશે કે બીજું કંઈ તે મનોમન વિચારતાં હતાં.

વિમલના મોબાઈલની ટ્રેસ કરેલી લોકેશન મળી જતાં સૌરીન બોલી ઉઠે છે, “સર વિમલ અત્યારે બબલુના ઘરની આસપાસના એરિયામાં જ છે.”

“ઓહ્હો ! એ ઘર સુધી પણ પહોંચી ગયો છે.”

“હા સર.”

“ઓકે. તમે સુજાતા અને વિમલના મોબાઈલ નંબર પર વોચ ચાલુ રાખજો અને સાંજે આપણે સાથે સુજાતાને મળવા જઈએ છીએ.”

ખાન સાહેબ વિમલ અને સુજાતા વિશે ચર્ચા કરવા બીજા અધિકારીઓને પણ બોલાવે છે અને વિમલ સુજાતા સાથે સમ્પર્કમાં છે તેની પર ચર્ચા કરે છે. સૌરીને આપેલ ઇન્ફોર્મેશનની વાત કરે

છે. ખાન સાહેબ બધાના અભિપ્રાય જાણે છે અને ચર્ચા કરે છે.

સાયબર એક્ષ્પર્ટ ગામીત પોતાનો અભિપ્રાય આપે છે, “સર, તમારે સુજાતાને તેની નક્કી કરેલી જગ્યાએ મળવું હિતાવહ નથી.”

“હા. હવે મને પણ એમ લાગે છે.”

મીટીંગ ચાલુ હતી ત્યાં ફુલટનનો ફોન આવે છે એટલે ખાન સાહેબ મીટીંગ હોલ્ટ કરીને ઓફીસ બહાર આવી કોલ રીસીવ કરીને બોલે છે, “બોલ, શું ઇન્ફોર્મેશન છે ?”

“સાહેબ. એક પત્રકાર લાગે તેવો માણસ ડોક્ટરની કલીનીક બહાર આંટા મારે છે અને અમારી જેમ વોચ કરવાના ફિરાકમાં લાગે છે.”

“હા, મને હતું જ એ ત્યાં પહોંચશે.”

“ઓકે. એટલે તમે તેને ઓળખો છો.”

“હા કદાચ. તમે તેનું પણ ધ્યાન રાખજો અને હું ગફુરને ત્યાં મોકલું છું. ગફુર તેને બરોબર ઓળખે છે.”

“હા.”

ખાન સાહેબ ફુલટન નો ફોન કટ કરીને તરત ગફુરને કોલ કરે છે અને કહે છે, “હલ્લો ગફુર, તું અત્યારે ક્યાં છે ?”

“બોલો સર. હું આપની નજીકમાં જ છું. બોલો કંઈ કામ ?”

“હા. ઈમરજન્સી કામ છે. મેં તને કાલે વાત કરી હતી તે ડોક્ટરનું એડ્રેસ તને મેસેજ કરું છું. તારે ત્યાં જવાનું છે, ત્યાં ફુલટન અને હાફટન વોચ રાખવા ઉભા છે.”

“ઓકે, હું ત્યાં થોડી જ વારમાં પહોંચું છું પણ મારે ત્યાં પહોંચીને કરવાનું શું ?”

“અરે ! વાત પુરી સાંભળ. તું પેલા ક્રાઈમ રીપોર્ટર વિમલને ઓળખે છે ને ?”

“હા. બહુ સારી રીતે. તે પણ મારો મિત્ર છે.” ગફુર હસતાં હસતાં બોલી રહ્યો હતો.

“તો તે વિમલ ત્યાં મળશે. તે સવારથી સુજાતા સાથે કોન્ટેકમાં છે અને અત્યારે તે ડોક્ટરની કલીનીક પર પહોંચ્યો છે.”

“એમ વાત છે, તો સર તમારી ખાનગી મીટીંગની ઇન્ફોર્મેશન લીક થઇ ગઈ.”

“હા.મને સુજાતા પર શક છે અને તેના પર ગુસ્સો પણ આવે છે.”

“અરે સાહેબ ! મારું માનવું છે કે તમારે સાંજની મીટીંગ કેન્સલ કરવી જોઈએ.”

“હા. મેં પણ એવું જ વિચાર્યું છે. તું ત્યાં પહોંચીને વિમલને મળી ઇન્ફોર્મેશન મેળવી મને જાણ કરજે.”

“હા સર.”

ખાન સાહેબ કોલ પતાવી ઓફિસમાં આવે છે અને મીટીંગમાં આગળ ધપાવે છે. ખાન સાહેબ સૌરીનને કહે છે, “લો, આ ડોક્ટરનું અડ્રેસ અને મને કહો વિમલની લોકેશન આની નજીકમાં

છે કે નહી."

સૌરીન તરત લેપટોપમાં સર્ચ કરીને કહે છે, "હા સર. વિમલ અત્યારે તમે આપેલ એડ્રેસની આસપાસ જ છે."

ખાન સાહેબ બધાને તેમની સાંજની મીટીંગ કેન્સલ કરવાની વાત કરે છે અને શક્ય હશે તો મીટીંગ અહીં જ થશે તેવી વાત કરે છે. ખાન સાહેબની વાત સાંભળી ઇન્સ્પેક્ટર મેવાડા કહે છે, "સુજાતા અહીં આવવા તૈયાર થશે ?"

"હા. તે તૈયાર થશે જ. તેને અહીં આવ્યા વગર છુટકો જ નથી. તમે તેના સ્વાગત માટે તૈયારી કરો." ખાન સાહેબ મલકાઈને બોલે છે.

ખાનસાહેબ ઇન્સ્પેકટર અશોકને કહે છે, "તમારી કાર્યવાહી આજથી સુજાતાની જુબાનીથી શરુ થશે. તમે ઈન્સ્પેક્ટ મેવાડા સાથે મળીને સુજાતાને પૂછવાના પ્રશ્નો તૈયાર કરો અને મહિલા પોલીસને પણ સાથે રાખજો."

"પણ સાહેબ. એ તો...તમને મળવા આવશે તો અમને ?"

"હા. તે મને મળીને જે કંઈ ખાનગી કહેવું હશે તે કહીને તમને પણ તમારા પ્રશ્નોના જવાબ આપશે જ. તેને છુટકો જ નથી જવાબ આપવા જ પડશે." ખાન સાહેબ ખંધુ હસતાં હસતાં બોલી રહ્યા હતાં.

મીટીંગ પુરી કરી તરત જ ખાન સાહેબ માઈન્ડમાં એક પ્લાન આવતાં સુજાતાને ફોન કરે છે પણ તે ફોન રીસીવ કરતી નથી. થોડીવારમાં સુજાતા સામેથી ફોન કરે છે અને ધીમા સ્વરે બોલે છે, "બોલો સર, કેમ ફોન કર્યો ?"

"મારે સાંજની મીટીંગ માટે વાત કરવી હતી."

"હા હું તમને ડોક્ટરને ત્યાં મળું જ છું, આપણે ત્યાં શાંતીથી વાત કરીશું. અત્યારે લાંબી વાત થઇ શકે તેમ નથી."

"મેં એટલું કહેવા ફોન કર્યો છે કે. હું તમને ત્યાં ખાનગીમાં મળી શકું તેમ નથી." ખાન સાહેબ ઉતાવળે સ્વરે બોલી ગયા.

"અરે સર ! કેમ ?" સુજાતાના ચિંતાતુર સ્વરે બોલી.

"મારા ઉપલા અધિકારી મને આ માટે પરમીશન આપવાની ના પાડે છે. સોરી. "

"અરે સર, મારે તમને મળવું છે. મને તમારી હેલ્પની જરૂર છે."

"હા, પોલીસ સદાય તમારી હેલ્પ માટે તૈયાર છે. પણ તમારે..."

સુજાતા ફોન પર રોતા રોતા રીક્વેસ્ટ કરી રહી હતી. ખાન સાહેબ થોડા અકળાઈને કહે છે, "તમે શાંત થઈને મને ફોન કરજો."

ખાન સાહેબ ફોન કટ કરી નાંખે છે અને મનોમન વિચારે છે કે તેમનો પ્લાન કામે લાગી ગયો. થોડીવારમાં ફરી પાછો સુજાતાનો ફોન આવે છે. ખાન સાહેબ રીસીવ કરીને મોબાઈલનું રેકોર્ડીંગ ફન્કશન ચાલુ કરે છે અને બોલે છે, "બોલો શું કામ હતું ?"

"સર. ફરી રીક્વેસ્ટ કરું છું.."

“એ શક્ય નથી. એ સિવાય ની વાત હોય તો કરો. હું અત્યારે મીટીંગમાં જવું છું.”

“એક મીનીટ સર. મને સાંભળો સર.”

“હા થોડું જલ્દીથી જે કહેવું હોય તે કહો.” ખાન સાહેબ થોડા કડક સ્વરે બોલી રહ્યા હતાં.

“સર હું ફોન પર વધારે કહી શકું તેમ નથી. પણ..પણ મારે તમને મળવું છે.”

“તો ક્રાઈમ બ્રાંચ આવી જાવ. ત્યાં બધા માટે દરવાજા ઓપન છે.”

“સર અત્યારે મારે ત્યાં આવવું અઘરું છે. અશક્ય છે. મને ઘરના લોકો એકલી બહાર નહિ મોકલે.”

“જો તમારી તૈયારી હોય, તમારે ખરેખર કંઈ કહેવું હોય તો, હું તમને અહીં ક્રાઈમ બ્રાંચ આવવામાં મદદ કરી શકું તેમ છું.”

“હા સર. મારે તમને ઘણું બધું કહેવું છે. મળવું છે તમને. તમે મને મદદ કરો.”

“મારી પાસે આઈડિયા છે, જો તમે તે અનુસરો તો.”

“હા હું અનુસરીશ. મને કહો. જલ્દી સર.”

“જો હું થોડી જ વારમાં અહીંથી એક પોલીસ ટીમને તમારા ઘરે મોકલીશ. મહિલા પોલીસ સાથે. તે કાયદેસર તમારા ઘરના વડીલને ઓર્ડર આપશે અને તમારા ઘરના તમને પરમીશન આપશે.”

“ઓર્ડર. શેનો ઓર્ડર સર ?”

“તપાસ માટે જરૂરી માહિતી જાણવા માટે. તમારો જવાબ મેળવવા માટે તમને ક્રાઈમ બ્રાંચ બોલાવાનો ઓર્ડર.”

“ઓકે સર. પણ મને એકલીને ..”

“તમે એકલાં નહી પણ સાથે હું પીન્ટો માટે પણ ઓર્ડર મોકલું છું. તમારે બંનેએ સાથે આવવાનું છે.”

“હા. તો કદાચ માનશે. પણ પીન્ટોની સામે ..”

“ચિંતા ના કરો. પહેલા પીન્ટોની પુછપરછ કરવામાં આવશે પછી તમારી પુછપરછ કરવામાં આવશે. બબલુના કેસની તપાસ કરતાં ઓફિસર તપાસ પુરી કરશે પછી હું તમને ત્યાંજ મળીશ. પીન્ટોને પણ જાણ નહી થાય તે રીતે.”

“પણ હું તમને એકલાંને જ વાત કહેવા માંગું છું.”

“હા, ચિંતા ના કરો. તમારે જે કંઈ કહેવું હોય તે મને એકલાં કહેજો. વિના સંકોચે અને વિના ટેન્શને. પણ તપાસ કરતાં ઓફિસરને જે કંઈ જાણવું છે તે તમારે પહેલા કહેવું પડશે.”

“ઓકે સર પણ મારી પાસેથી શું જાણવું છે તેમને ?”

“એ તો તમે આવશો એટલે ખબર પડશે. ચિંતા ના કરો. હું ત્યાં ઓફિસમાં જ હોઈશ. તમે પોલીસની મદદ કરો, પોલીસ તમને મદદ કરશે.”

"ઓકે સર."

"તમે માનસિક રીતે રેડી થઈ જાઓ. હું ટીમને ઓર્ડર લઈને રવાના કરું છું, થોડીવારમાં જ તમારા ઘરે પહોંચી જશે."

ફોન પુરો થતાં ખાન સાહેબ ઓર્ડર તૈયાર કરી ઇન્સ્પેકટર નાયકને મહિલા પોલીસ સાથે બબલુના ઘરે સુજાતા અને પીન્ટોને ક્રાઈમ બ્રાંચ પુછપરછ માટે લઇ આવવા કહે છે.

પ્રકરણ ૧૫ પુર્ણ

પ્રકરણ ૧૬

સુજાતા ફોન મુકી થોડી સ્વસ્થ થઇ ક્રાઈમ બ્રાંચ જવા માનસિક રીતે તૈયાર થાય છે. ક્રાઈમ બ્રાંચની ઓફીસ જતાં પહેલાં તેને વિમલને ફોન કરવાનો વિચાર આવ્યો અને તેને તરત વિમલને ફોન કર્યો પણ વિમલે તેનો ફોન રીસીવ ના કર્યો. સુજાતા ફરી કોલ કરવો કે નહી તેનું મનોમન વિચારતી હતી તેવામાં જ વિમલનો મેસેજ આવ્યો, I will call you later .

સુજાતાને મેસેજ વાંચી ગુસ્સો આવ્યો પણ એકપળ માટે મન પરથી ગુસ્સો ખંખેરી બેડરૂમમાંથી ડ્રોઈંગરૂમમાં આવી. ડ્રોઈંગરૂમમાં આવીને જોયું કે હજુ પોલીસ આવી નથી. દીવાલ પર લાગેલી ઘડિયાળમાં ત્રાંસી નજરે સમય જોયો અને વિચારતી હતી તેવામાં જ પોલીસની ગાડી બંગલાની બહાર આવીને ઉભી રહી તે તેણે જોયું. દરવાજે ઉભેલો પીન્ટો દોડીને ઘરમાં સમાચાર આપવા આવે છે. સુજાતા તરત રસોડામાં જતી રહે છે.

ડ્રોઈંગરૂમમાં બેઠેલા મહેમાન અને ઘરના વડીલો પોલીસ આવવાથી વિચારવા લાગવા માંડ્યા. મહિલા પોલીસ સાથે ઈન્સ્પેક્ટ નાયક ઘરમાં પ્રવેશે છે અને બોલે છે, "હું ઇન્સ્પેકટર નાયક છું. હું ક્રાઇમ બ્રાંચથી આ ઓર્ડર લઈને આવ્યો છું. આપ વાંચી મને સહયોગ કરો તેવી આશા સાથે હું આવ્યો છું."

બબલુના પિતાએ તેમને બેસવા માટે કહ્યું અને ઓર્ડર હાથમાં લઈને વાંચવાનું શરુ કર્યું. વાંચતા વાંચતા તેમની નજર ડ્રોઈંગરૂમમાં બેઠેલા તમામ તરફ ફરી રહી હતી અને રસોડામાંથી સુજાતા એકીટસે આખું દ્રશ્ય જોઈ રહી હતી. બબલુના પિતાએ પીન્ટોને કહ્યું, "તારે બબલુના કેસના સંદર્ભમાં પૂછતાછ માટે ક્રાઈમ બ્રાંચ ઓફીસ જવાનું છે. એમ એમ ખાન સાહેબનો ઓર્ડર છે."

બબલુના પિતાની વાતમાં વચ્ચે ઈન્સ્પેક્ટ નાયક બોલી ઉઠે છે, "એકલાં પીન્ટોને નહી પણ આપ ઓર્ડર ફરીથી વાંચો. તેમાં સુજાતા મેડમને પણ ક્રાઈમ બ્રાંચ પુછપરછ માટે આવવાનું છે, અત્યારે અમારી સાથે."

"ના એવું શક્ય નથી. યોગ્ય નથી. આપ અત્યારે પીન્ટોની પુછપરછ કરો અને સુજાતા માટે હું ખાન સાહેબ સાથે વાત કરું છું."

તરત જ ઇન્સ્પેકટર નાયકે ખાન સાહેબને ફોન લગાવી બબલુના પિતાની વાત કરાવી. બબલુના પિતાએ ફોન પર ખાન સાહેબને કહ્યું, "જુઓ સાહેબ, અત્યારે ઘરની વહુ પોલીસ સાથે અને તે પણ ક્રાઈમ બ્રાંચની ઓફિસે આવી પુછપરછમાં સહયોગ આપે તે યોગ્ય નથી. તમે અમારી ભાવના સમજો. થોડો સમય આપો અમે જાતે સુજાતાને લઈને પુછપરછ માટે હાજર થઈશું. અમે આપની તપાસમાં યોગ્ય સહયોગ આપવા માટે તૈયાર જ છીએ પણ અત્યારે રહેવા દો."

"અરે વડીલ, અત્યારે તપાસમાં કેટલીક માહિતી મેળવવી જરૂરી છે, જે સુજાતા મેડમ અને

પીન્ટો પાસેથી જ મળી શકે તેમ છે.”

“સુજાતાની માનસિક હાલત અત્યારે યોગ્ય નથી એટલે..”

“હા. અમે આપની વાત સમજી શકીએ છીએ પણ જો માહિતી જલ્દીથી મળશે તો જ અમે ગુનેગારને જલ્દીથી પકડી શકીશું. જે તમારા અને અમારા બંને માટે યોગ્ય રહેશે. મારી તમને વિનતી છે.”

“ઓકે. હું સુજાતા સાથે વાત કરીને તમને કહું.”

“તમે ચિંતા ના કરો. અમે મહિલા પોલીસ થકી શાંતિથી તેમની પુછપરછ કરીશું. પીન્ટો પણ સાથે હશે એટલે ચિંતા કરવા જેવું નથી. અને આ પુછપરછ, તેમની ક્રાઈમ બ્રાંચની વિઝીટ તમારા પરિવાર અને મારી ટીમ સિવાય બધા માટે ગુપ્ત જ રહેશે.”

“મને પોલીસ પર વિશ્વાસ છે સાહેબ.”

ફોન ઇન્સ્પેકટર નાયકને આપી બબલુના પિતાએ ડ્રોઈંગરૂમમાં હાજર વડીલો સાથે ચર્ચા કરી પછી સુજાતાને રસોડામાંથી બહાર બોલાવી ઓર્ડર અને ખાન સાહેબે કહેલી વાત કહે છે. ધીમા સ્વરે સમજાવે છે, “તારે અત્યારે ક્રાઈમ બ્રાંચ પોલીસ પુછપરછ માટે જવાનું છે.”

“મારે એકલાને “

“ના. સાથે પીન્ટો પણ આવે છે. જો તને યોગ્ય લાગે તો..”

સુજાતાએ થોડી રોવાની એક્ટિંગ કરી કમને માથું હલાવી જવા માટે તૈયારી બતાવી.

પીન્ટો બબલુના પિતાને આશ્વાસન આપતાં કહે છે, “ચિંતા ના કરો. હું ભાભીને શાંતિથી લઇ જઈશ. તેમની સાથે જ રહીશ. ખાન સાહેબ બહુ સારા ઓફિસર છે તે આપણા માટે બધું યોગ્ય જ કરશે.”

પોલીસની જીપ્સી આગળ અને પાછળ સુજાતા અને પીન્ટો પોતાની પ્રીમીયમ કારમાં ક્રાઈમ બ્રાંચની ઓફીસ જવા નીકળે છે. ઈન્સ્પેક્ટર નાયક ખાન સાહેબને સુજાતા અને પીન્ટોને લઈને ક્રાઈમ બ્રાંચ આવવા નીકળ્યાના સમાચાર ફોન પર આપે છે. ખાન સાહેબ પોતાનો પ્લાનનો એક પછી એક સ્ટેપ સફળ થવાથી ખુશ હતાં. તે બીજા ઓફિસર્સને પુછપરછ માટે તૈયાર રહેવા કહે છે.

ખાન સાહેબ પોતાની ઓફીસમાં બેઠાં બેઠાં ટેબલ પરના પીસીમાં ક્રાઈમ બ્રાંચની ઓફિસમાં લગાવેલ સી સી ટીવી કેમેરાઓને એક પછી એક જોઈ રહ્યા હતાં. એટલામાં જ ગેટ પરના કેમેરામાં પોલીસ ટીમની એન્ટ્રી થાય છે તે ખાન સાહેબ જુએ છે અને તે કેમરો ઝૂમ કરે છે. પોલીસ જીપ્સી પછી એક વૈભવી કાર ગેટમાં પ્રવેશે છે તે જુએ છે. વૈભવી કારમાંથી સુજાતાની એન્ટ્રી થાય છે તે જોતા જ રહી જાય છે.

વ્હાઈટ કલરની સાડીમાં એક જાજરમાન વ્યક્તિત્વ જોઇને ખાન સાહેબ પળભર માટે વિચારે છે. ખાન સાહેબ યશ ચોપરાની ફિલ્મોના ચાહક હોવાથી વ્હાઈટ કલરની સાડીમાં સુજાતાને જોઇને તેમને યશ ચોપરાની ફિલ્મોની હીરોઇન યાદ આવી ગઈ. અને ખરેખર સુજાતા કોઈ હિરોઈન કરતાં કમ પણ નહોતી. સામાન્ય પરિવારમાંથી આવતી છોકરીને રૂપના મોહમાં આવીને બબલુએ તેની સાથે લવ મેરેજ કર્યા હતાં. જયારે સુજાતાએ પોતાની કેટલીક મજબુરીમાં બબલુ જેવા ગુંડા, ઠીકઠીક પર્સનાલીટીવાળા સાથે લવ મેરેજ કર્યા હતાં. સુજાતાની

ચાલ, ચારે તરફ જોવાની સ્ટાઈલને ખાન સાહેબ સી સી ટીવીમાં જોઈ રહ્યા હતાં.

ખાન સાહેબ પોતાની ઓફિસમાંથી બહાર આવીને પીન્ટો અને સુજાતાને મળે છે અને તપાસમાં સહયોગ માટે અહી આવવા માટે આભાર માને છે. પીન્ટો સાથે વાત કરતાં કરતાં ખાન સાહેબ સુજાતા સામે જોઈ હળવી સ્માઈલ આપે છે. સુજાતા પણ ખાન સાહેબને જોઈ થોડા હળવા મુડમાં આવી ગઈ હતી અને તેના મનનો ભાર થોડો હળવો થઇ ગયો હતો. બબલુના મોતનું દુઃખ સુજાતાના ચહેરા પર દેખાતું નહોતું તે ખાન સાહેબે ખાસ નોટ કર્યું હતું.

સાયબર એક્સપર્ટ સૌરીન ખાન સાહેબની સુચના મુજબ મીટીંગ પહેલા ઇન્સ્પેકટર નાયક, પીન્ટો અને સુજાતાનો મોબાઈલ પુછપરછ થાય ત્યાં સુધી કસ્ટડીમાં લેવા આવે છે. સુજાતા મોબાઈલ કસ્ટડી માટે આનાકાની કરે છે પણ થોડી સમજાવટ પછી મોબાઈલ બંધ કરી જમા કરાવે છે. બબલુ પોતાનો મોબાઈલ અને કારની ચાવી પણ જમા કરાવે છે.

મહિલા પોલીસ સાથે સુજાતાને વેઈટીંગ લોન્જમાં બેસવાનું કહી ઇન્સ્પેકટર નાયક પીન્ટોને પુછપરછ માટે પોતાની ઓફીસમાં બોલાવે છે. ખાન સાહેબ સુજાતાને થોડીવારમાં આપણે પુછપરછ માટે મળીએ છીએ એમ કહી પોતાની ઓફિસમાં જાય છે.

સૌરીન ત્રણે મોબાઈલ લઇ ફટાફટ પોતાની ઓફિસમાં જાય છે અને સુજાતાનો મોબાઈલ પોતાના લેપટોપ સાથે જોડી ડેટા ચેક કરે છે. સુજાતાના મોબાઈલમાં આવેલ છેલ્લો મેસેજ જોઈ તરત જ સૌરીન ખાન સાહેબને પોતાની ઓફિસમાં બોલાવે છે.

ખાન સાહેબ આવતાં સૌરીન ઉતાવળથી બોલે છે, “સર. સુજાતાએ તમારી સાથે વાત કર્યા પછી તરત વિમલને કોલ કર્યો હતો અને વિમલે કોલ રીસીવ નહોતો કર્યો. થોડી જ વારમાં વિમલે સુજાતાને , I will call you later નો મેસેજ કર્યો છે.”

“ઓકે. એમ વાત છે. સુજાતા અને વિમલ એકબીજાના સમ્પર્કમાં જ છે. પણ વિમલે કોલ રીસીવ કેમ નહિ કર્યો હોય ?”

વિમલનું નામ આવતાં તરત ખાન સાહેબ ગફુરને ફોન કરે છે પણ ગફુર પણ ફોન રીસીવ કરતો નથી. ખાન સાહેબ ગફુરે કેમ ફોન રીસીવ ન કર્યો તે વિચારતા હતા એવામાં ગફુરનો મેસેજ આવતાં ખાન સાહેબ હસી પડે છે.

હસતાં ખાન સાહેબને જોઈ સૌરીન પુછે છે, “શું થયું સર ?”

“જુઓ આ મેસેજ. I will call you later . ગફુરે મને મોકલ્યો છે. કંઈ સમજાયું ?”

“ના.”

ખાન સાહેબ ગફુરને મેસેજ કરી પુછે છે, “Did you meet vimal ?”

જવાબમાં ગફુરે મેસેજ કર્યો “ Yes. We are near doctor’s clinic.”

“અરે ! વિમલ અત્યારે ગફુરની કસ્ટડીમાં છે. મારો મતલબ, ગફુર અને વિમલ એકસાથે છે. મારો પ્લાનનો વધુ એક સ્ટેપ સકસેસ.”

“ઓકે સર.”

“સમય ઓછો છે. તમે તમારું હેકિંગનું કામ પતાવો, હું થોડીવારમાં મળું તમને.”

ખાન સાહેબ સૌરીનની ઓફીસ બહાર આવી ઇન્સ્પેક્ટર મેવાડાને પોતાની ઓફિસમાં બોલાવીને સુજાતાને ક્યાં પ્રશ્નો પુછવા તેનું શોર્ટલીસ્ટ ચેક કરીને પ્લાન સમજાવે છે કે પહેલા તમે આ પ્રશ્નો પુછજો અને પછી હું પર્સનલી સુજાતાને મળીશ. તે મને શું કહેવા માંગે છે તે જાણવા માટે.

પ્રકરણ ૧૬ પુર્ણ

આ નવલકથાના તમામ પાત્રો, નામ, ઘટનાઓ, સ્થળો કાલ્પનિક છે.

પ્રકરણ ૧૭

ઇન્સ્પેકટર મેવાડા સુજાતાને કેબીનમાં બોલાવી પુછપરછ શરુ કરે છે. સુજાતાને ખાન સાહેબ સાથે વાત કરવા માંગતી હતી એટલે ક'મને ઈન્સ્પેક્ટર મેવાડાના પ્રશ્નોના ઉડાવ કે આડા અવળા જવાબ આપતી હતી. ઈન્સ્પેક્ટર મેવાડાએ પણ સુજાતાના ઉડાવ જવાબની નોંધ લીધી હતી. ખાન સાહેબ ઇન્સ્પેકટર મેવાડાની ઓફિસમાં પ્રવેશતા સુજાતા અને મેવાડાની વાત ચીત અટકે છે. ઇન્સ્પેકટર મેવાડા ઉભા થઇ પોતાની ચેર ખાન સાહેબ માટે ખાલી કરે છે અને ખાન સાહેબ ઈશારો કરતાં તે ઓફીસ બહાર જાય છે.

ખાન સાહેબ સુજાતાની સામે ધારદાર નજરે જોઈ પુછે છે, “મેં મારી ઓફિસમાં બેઠાં બેઠાં સીસીટીવી કેમેરામાં તમારી પુછપરછ જોઈ, તમે ઇન્સ્પેક્ટર મેવાડાના પ્રશ્નોના કેમ ઉડાવ જવાબ આપ્યા ? તમે પોલીસની કાર્યવાહીમાં કેમ મદદ નથી કરતાં ?”

“સોરી સર.પણ.. પણ મારે તમારી સાથે જ વાત કરવી છે અને તમારા દરેક પ્રશ્નોના સીધા અને સાચા જવાબ આપીશ.” સુજાતા એકીસ્વરે બોલી ગઈ.

ખાન સાહેબને સુજાતાની આંખોમાં સ્પષ્ટ અંજપો દેખાતો હતો. સુજાતાના ચહેરાના સતત બદલતાં હાવભાવ ખાન સાહેબ જોઈ રહ્યા હતાં. ધીમે રહીને ખાન સાહેબે સુજાતા સામે પાણીનો ગ્લાસ મુક્યો અને શાંત સ્વરે કહ્યું, “આ પાણી પી લો અને રીલેક્સ થઈને મને તમારી વાત કરો. તમારી બધી વાત સાંભળવા હું તૈયાર છું અને શક્ય હશે એટલી મદદ પણ કરીશ. પછી તમારે પણ અમારા પ્રશ્નોના જવાબ આપવા પડશે.”

પાણી પીધા બાદ ચહેરા પરનો પરસેવો લુછતા સુજાતા બોલી, “મને તમારા પર વિશ્વાસ છે એટલે જ તમને મળીને વાત કરવા માંગતી હતી. મારી વાત તમે શાંતીથી સાંભળજો પ્લીઝ. હું તમારા પ્રશ્નોના પણ જવાબ આપીશ અને પોલીસ કાર્યવાહીમાં મદદ કરીશ.”

એસી ઓફિસમાં પણ સુજાતાના ચહેરા પર વળતો પરસેવો જોઈ ખાન સાહેબ બોલ્યા, “તમે નિરાંતે મને તમારી વાત કરો. આમ ડરશો નહી અને એસી ઓફિસમાં પણ આમ પરસેવે રેબઝેબ શા માટે થાવ છો.”

“સર મને બહુ ટેન્શન છે અને ડર પણ છે.” ગભરાટભર્યા અવાજે સુજાતા બોલી.

“શેનો ડર? કોનાથી ડર?” સુજાતાની આંખોમાં આંખો પરોવીને ખાન સાહેબે પુછ્યું.

“મને મારા પતિ પર હુમલો કરનારાથી ડર લાગે છે કે તે મારું પણ...” વાત કરતાં કરતાં સુજાતા અટકી ગઈ.

સુજાતાને આશ્વાસન આપતાં ખાન સાહેબ બોલ્યા, “તમે કોઈનાથી ડરશો નહી અને તમને આજથી, હમણાંજ એક લેડી પોલીસ સિક્યોરીટી પ્રોવાઈડ કરવામાં આવે છે. તે સતત તમારી સાથે રહેશે અને તમને સિક્યોરીટી આપશે. તમને કોની પર શક છે ?”

સુજાતાએ મુંઝવણભરી નજરે ખાન સાહેબ સામે તાકી રહીને કહ્યું, “થેન્કયુ સર. મને સિક્યોરીટી આપવા માટે . પણ આમ પોલીસ ક્યાં સુધી મારી લાઈફ સિક્યોરીટી સેફ કરશે ?”

“ચિંતા ના કરો. બહુ જલ્દી જ બબલુનું મર્ડર કરનારા પકડાઈ જશે. અમારી તપાસ ચાલુ જ છે અને આરોપી પકડાઈ જશે. આરોપી પકડાઈ જશે પછી તમને કંઈ નહી થાય. તમને કોઈના પર શંકા કે શક હોય તો અમને કહો.”

“હા મારે તમને એ જ વાત કરવી છે અને બીજું મારે તમને બબલુની અને મારી અંગત વાત કરવી છે પણ...” સુજાતા સીસીટીવી કેમેરા સામે જોઇને બોલે છે.

“સહેજ પણ ચિંતા કર્યા વગર જે વાત કરવી હોય તે કરો. તમારી વાત આપણી બે વચ્ચે જ ખાનગી રહેશે. આ સીસીટીવી મારી અન્ડરમાં છે એટલે તમે તેની ચિંતા ના કરો.”

સુજાતાએ બબલુના મર્ડર પછી મનમાં ભરી રાખેલો ડુમો બહાર કાઢી રડતા રડતા વાત કહેવાનું શરુ કર્યું ત્યાં જ ખાન સાહેબ બોલ્યા, “તમે શાંત થઇ જાઓ, નહિતર મારે બહારથી લેડીઝ કોન્સ્ટેબલને બોલાવી તમને શાંત કરાવવા પડશે અને પછી તમારી વાત ખાનગી નહી રહે.”

સુજાતાએ રડવાનું બંધ કરી આંસુ લુછીને બોલવાનું શરુ કર્યું, “સર, બબલુ અને મારા લવ મેરેજ થયા છે. બબલુએ મને લવ ના બહાને ફસાવી અને મારે મજબુરીમાં તેની સાથે મેરેજ કરવા પડ્યા. મારા મા બાપ ને બબલુ જેવા ટપોરી માણસ સાથે મારા લગ્ન થાય તે પસંદ ન હતું. બબલુના પરિવારને પણ અમારા લવ મેરેજ પસંદ ન હતાં. મારે કઈ મજબુરીમાં મેરેજ કરવા પડ્યા તે મારા પરિવારને કે કોઈને કહેવાય તેવું ન હતું. બબલુ સાથેના મેરેજ મારી લાઈફની પહેલી અને મોટી ગંભીર ભુલ હતી. બબલુ મને મેરેજ બાદ સારું રાખતો હતો પણ તેના અવળા કામધંધા અને તેનો લફરાબાજ સ્વભાવ મને પસંદ ન હતો.”

સુજાતાની વાત અટકાવી ખાન સાહેબ બોલ્યા, “તો તમે તે સમયે પોલીસ કે કાયદાની મદદ કેમ ના લીધી ?”

“સર, બબલુ બહુ પહોંચેલો હતો તેનો મને ડર હતો. તે મને કોઈપણ રીતે હેરાન કરતો ન હતો પણ તેના કામધંધા અને તેની હરકતોથી મને તકલીફ થતી હતી. સમય જતાં મેં બધું સહન કરવા માંડ્યું અને હું તેના તરફથી મળેલા ભૌતિક સુખમાં ખોવાઈ ગઈ. પણ સર મને એ વાતનું દુઃખ હતું કે તે મારી જેવી કેટલીય છોકરીઓને ફસાવતો હતો અને હું તેને કંઇ સમજાવી શકતી નહોતી.”

“તમારી વચ્ચેના સંબધો કેવા હતાં ?” ખાન સાહેબે સુજાતાને પ્રશ્ન કર્યો.

“આમ તો સારા જ હતાં. અમારી વચ્ચે અનબન ન હતી. તે તેના કામમાં અને હું મારી હાઈ સોસાયટીવાળી લાઈફમાં વ્યસ્ત હતી.”

“તમને બબલુના મર્ડર માટે કોઈના પર શક છે ?”

“હા છે અને એના માટે જ તમને મળવા માંગતી હતી. હું તમને એ વાત પણ કરું. મારી જેવી ઘણી છોકરીઓ સાથે તેણે બળજબરીના રીલેશન રાખ્યા છે અને તેમની લાઈફ બબલુએ ખરાબ કરી હશે. એમાંથી જ કોઈ છોકરીએ બબલુનું મર્ડર કર્યું હશે એવું મારું માનવું છે.” સુજાતાની આંખો વાત કરતાં કરતાં લાલ થઇ ગઈ.

ખાન સાહેબે તેની આંખોમાં આવેલ ગુસ્સાને જોઇને પુછ્યું, “તમે એવું કઈ રીતે કહી શકો કે કોઈ છોકરીએ જ મર્ડર કર્યું હશે. અમારી તપાસમાં જાણવા મળ્યું છે કે બબલુના વ્યવસાયિક દુશ્મન તો ઘણાબધા છે અને તેમાંથી પણ કોઈ ગુનેગાર હોઈ શકે.”

“હા સર, તેમાંથી પણ કોઈ ગુનેગાર હોઈ શકે. તમે બબલુએ જે કોઈ છોકરી સાથે રીલેશન રાખ્યા હોઈ તેને પણ તમારી તપાસમાં સામેલ કરજો.”

“હા જરૂર પણ તે છોકરીઓના નામ કે ઓળખ કેમ કરવી. તમારી પાસે કોઈ માહિતી હોય તો અમને જણાવો.”

“તે કઈ છોકરીઓ હશે તે મને ખબર નથી પણ તમને તે બધી માહિતી મળશે પિંટો પાસેથી. પિંટો બબલુનો અંગત માણસ છે અને બબલુની ઘણીબધી વાત મારા કરતાં પણ પિંટો વધારે જાણતો હશે. તમે તેની પાસેથી ડીટેલ મેળવી શકશો.”

“એમ વાત છે. પિંટો તો અત્યારે અમારો મહેમાન છે અને તેની પુછપરછ ચાલુ જ છે. તો તેની પાસેથી આ ડીટેલ મેળવવા હું મારા ઓફિસર સાથે વાત કરી લઉં.” ખાન સાહેબે ધીમું હસતાં હસતાં ફોન હાથમાં લઈને સુજાતાને કહ્યું.

ખાન સાહેબ પિંટોની પુછપરછ કરી રહેલા ઇન્સ્પેક્ટર નાયકને ફોન કરી બબલુના કેટલીક છોકરીઓ સાથેના રીલેશન વિશે પિંટોની કડકાઈથી પુછપરછ કરવા અને તેની આખી વાત રેકોર્ડ કરવા કહ્યું.

ઇન્સ્પેકટર નાયક સાથે વાત પતાવીને ખાન સાહેબે સુજાતાને કહ્યું, "બીજી કઈ વાત તમારે મને જણાવવી છે?"

સુજાતા સહેજ અટકીને ખચકાતા અવાજે બોલી, "સર, મારે તમને એક ખાનગી વાત કહેવી છે."

"હા જરૂર પણ બબલુના કેસ સાથે રીલેટેડ હોય તો જ કહેજો."

"કેસ સાથે જ કનેક્ટેડ છે. સર બબલુ..." બોલતાં બોલતાં સુજાતાની આંખો ભરાઈ આવી.

"હા. શું બબલુ. આગળ બોલો."

સુજાતાના કપાળ પરની રેખાઓ તંગ થઇ ગઈ અને એસી ઓફિસમાં પણ તેના કપાળ પરથી પરસેવાના ઉતરતા રેલા ખાન સાહેબ જોઈ રહ્યા હતાં. સુજાતાને પળવાર માટે ડુમો ભરાઈ આવ્યો અને રુંધાતા અવાજે બોલી, "સર, બબલુ નપુંસક હતો."

"શું કહ્યું તમે ?"

"હા સર. બબલુ નપુંસક હતો. તેનામાં સ્ત્રીઓ માટે આવેગ આવતાં હતાં પણ તે નપુંસક હતો. મને પણ મેરેજ પછી જ ખબર પડી. તેની સાથે રીલેશન રાખેલ છોકરીઓ, પિંટો અને મને જ આ વાતની ખબર છે. તેનો પરિવાર અને તેના મિત્રો પણ આ વાતથી અજાણ છે."

"તમે વિચારીને કહો કે આ વાતની બીજા કોઈને જાણ હતી કે નહીં."

ખાન સાહેબે સુજાતાને પાણીનો બીજો ગ્લાસ આપ્યો અને સુજાતાએ પાણી પીતા પીતા થોડું વિચાર્યું અને સ્વસ્થ થઈને કહ્યું, "સર, એક છોકરીના ફ્રેન્ડને બબલુની વાતની જાણ થતાં તે છોકરી અને તેનો ફ્રેન્ડ બબલુને બ્લેકમેલીંગ કરતાં હતાં. બબલુએ તે છોકરી અને તેના ફ્રેન્ડનો કાંટો કાઢવા કંઇક કર્યું હતું તેવું મેં એકવાર બબલુની ફોન પર કોઈની સાથેની વાતચીતમાં સાંભળ્યું હતું."

"તેનું નામ શું હતું ?"

"મને ખબર નથી પણ એ બધું પિંટોને ખબર હશે જ."

"તો તો.. મારે જ આ વિશે પિંટોની પુછપરછ કરવી પડશે. તમારે બીજું કંઇ કહેવું છે ?"

"ના સર. હાલ તો આટલું જ પણ..." સુજાતા ચેરમાંથી ઉભા થતાં બોલતાં બોલતાં અટકી ગઈ.

“તમારે જયારે પણ જે કંઈ કહેવું હોય, ઇન્ફર્મેશન આપવી હોય તમે અહીં મારી ઓફિસમાં આવી શકો છો.”

ખાન સાહેબ સુજાતા સાથે વાત કરતાં કરતાં તેમની ઓફીસના પીસીમાં બહારના સી સી ટીવી કેમેરામાં ગફુરને જોવે છે. ગફુર સાથે પેલા રિપોર્ટરની વાત કરવા માંગતા હતાં એટલે સુજાતાને થોડીવાર બેસવાનું કહી બહાર જાય છે.

બહાર જઈને ગફુરને મળી સાઇડમાં લઇ જઈને પુછે છે, “પેલા વિમલ પાસેથી શું ઇન્ફર્મેશન મળી ?”

“સાહેબ, વિમલને તમે અને સુજાતા ક્યારે અને ક્યાં મળવાના હતાં એ વાતની ખબર હતી. સુજાતા અને વિમલ મિત્ર છે એવું મને વિમલની વાતો પરથી લાગ્યું. વિમલને બબલુના કેસમાં બ્રેકીંગ ન્યુઝ જોઈએ છે એટલે તે સુજાતાના સમ્પર્કમાં છે. તમે સુજાતાને વિમલ વિશે પુછજો તો વધુ જાણવા મળશે.”

“હા. હું સુજાતાને પૂછીશ અને સુજાતા મારી ઓફિસમાં જ છે. વિમલ પાસેથી બીજું કંઇ જાણવા મળ્યું ?”

“ના. હમણાં તો ઉતાવળમાં આટલું જ જાણવા મળ્યું પણ હજુ અમારી મુલાકાત આ કેસના સંદર્ભમાં થતી રહેશે. મેં તેને બ્રેકીંગ ન્યુઝ આપવાની લાલચ આપી છે એટલે તે ફરી મળશે અને મળશે ત્યારે ફરી સુજાતાની વાત ઉકેલી વધુ જાણકારી મેળવીશ.”

“ઓકે અને મીડિયામાં શું હલચલ થાય છે તે પણ જણાવતો રહેજે.”

ખાન સાહેબ ગફુર સાથે વાત પતાવીને પોતાની ઓફિસમાં પાછા આવે છે અને સુજાતાને કહે છે, “તમારી બધી વાત મેં સાંભળી પણ હવે તમારે મારા કેટલાંક પ્રશ્નોના જવાબ આપવા પડશે.”

“હા. મને ખબર હશે એટલા જવાબ આપવાનો પ્રયત્ન કરીશ.’

“તો મને એમ કહો, આપણી મુલાકાતની જાણ તમે ડોક્ટર સિવાય બીજા કોને કરી હતી ?”

થોડું વિચારીને સુજાતા બોલી, “કોઈને નહીં.”

“હજુ વિચારો અને સાચું બોલો.” ખાન સાહેબે સુજાતાની આંખોમાં આંખ નાંખી પુછ્યું.

સુજાતા પળવાર માટે મૌન થઇ ગઈ એટલે ખાન સાહેબ બોલ્યા, “તમે વિમલને કેમ જાણ કરી ?”

“વિમલ ?” સુજાતાએ ચમકીને કહ્યું.

“હા વિમલ. ક્રાઈમ રિપોર્ટર વિમલ. તમે તેને ઓળખો છો ને ?” ખાન સાહેબે ગંભીર સ્વરે પુછ્યું.

સુજાતા થોડીવાર માટે આંખો બંધ કરીને બેસી રહી અને પછી ઉંડો શ્વાસ છોડતાં બોલી, “સર, મને થોડો ટાઈમ આપો. હું તમને પુરી વાત કહું છું.”

“હા જરૂર. પણ મને સાચો અને સીધો જવાબ આપશે તો ગમશે.”

સુજાતા કંઈ બોલી નહિ પણ ઈશારામાં માથું ધુણાવી હા કહ્યું. સુજાતાની સામે ખાન સાહેબે ત્રાંસી નજરે જોઇને કહ્યું, “તમે થોડીવાર બહાર વેઈટીંગ લોન્જમાં બેસો, હું પિંટોને મળી લઉં.”

સુજાતા ઓફીસ બહાર જતાં ખાન સાહેબ ઇન્સ્પેક્ટર નાયકને ફોન કરી પિંટોની પુછપરછ અંગે પુછવા ફોન કરે છે અને જવાબમાં ઈન્સ્પેક્ટર નાયક કહે છે, “સર, લગભગ બધા પ્રશ્નોના જવાબ આપ્યા પણ તમે કહેલ પ્રશ્નોના જવાબ ગોળ ગોળ આપે છે.”

“તો તેને મારી પાસે લઇ આવો. આપણે તેને ગોળ ગોળ પ્રશ્નો પુછી સીધા જવાબ જાણીએ.”

ઇન્સ્પેકટર નાયક પિંટોને લઈને ખાન સાહેબની ઓફિસમાં પ્રેવેશે છે ત્યાંજ ખાન સાહેબ બોલી ઉઠે છે, “આવ પિંટો આવ.”

“સર, મેં બધા પ્રશ્નો જવાબ આપ્યા તોય આ ઇન્સ્પેકટર નાયક મને પ્રશ્નો પુછે જ રાખે છે. અને મને ખબર નથી તેવા પ્રશ્નોના જવાબ માટે બળજબરી જેવું કરે છે.” પિંટો ખચકાતા અવાજે બોલ્યો.

“ના પિંટો. તારી સાથે બળજબરી નહિ થાય પણ તે પોલીસથી માહિતી છુપાવી તે બદલ તારી કાયદેસરની ધડપકડ કરી તારા રિમાન્ડ લેવામાં આવશે.” ખાન સાહેબે રુક્ષ અવાજે કહ્યું.

“પણ કેમ સર ?” પિંટો ડરતાં ડરતાં બોલ્યો

ખાન સાહેબે ઇન્સ્પેકટર નાયકને ઈશારો કરતાં ધીમા સ્વરે કહ્યું.

ખાન સાહેબે ઇન્સ્પેકટર નાયકને ઈશારો કરતાં ધીમા સ્વરે કહ્યું, “ઇન્સ્પેકટર નાયક, તમે સુજાતા મેડમને ઘરે જવા માટે તેમની કાર માટે એક ડ્રાયવરની ગોઠવણ કરો અને તેમને કહેજો પિંટો પુછપરછ ચાલતી હોવાથી પછીથી આવશે.”

“સર, તમે આવું ના કરો મારી સાથે. મને પણ ઘરે જવા દો.” ગભરાતાં સ્વરે પિંટો બોલ્યો.

“તો પછી મને જવાબ આપ કે બબલુના કઈ છોકરીઓ સાથે કેવા રીલેશન હતાં. અમારી પાસે માહિતી છે કે બબલુના મર્ડરમાં કોઈ છોકરી પણ હોઈ શકે. તને પણ ખબર હશે કે બબલુના દુશ્મનોમાં એ બધી છોકરીઓમાંથી પણ કોઈ હોઈ શકે.” ખાન સાહેબ એકી સ્વરે બોલી ગયા.

“હા સર, તમારી વાત સાચી હશે પણ મને ...” પિંટો બોલતાં બોલતાં અટકી ગયો.

“તને બધી ખબર છે અને તે હજુ સુધી તે છોકરીઓ વિશે માહિતી છુપાવી તે બદલ તારી હાલ જ ધડપકડ પણ થઇ શકે છે. નક્કી તારે કરવાનું છે. તારે અહીં રહેવું છે કે ઘરે જવું છે. વિચારીને જવાબ આપ.”

પિંટોએ હાથ જોડીને વિનતી કરી અને કહ્યું, “સર, બધું કહું છું પણ મને છોડી દો. મને માફ કરી દો.”

“હા તને માફ પણ કરી દઈશ અને છોડી પણ દઈશ. મારે સાચા અને સીધા જવાબ જોઇશે એટલે તું થોડીવાર સ્વસ્થ થઇ જા પછી મને જવાબ આપ.”

ખાન સાહેબ કેન્ટીનમાં કોફી પીવા જતાં પહેલા પિંટો અને સુજાતાને વિચારીને જવાબ આપવાનું કહેં છે અને ઇન્સ્પેકટર નાયકને તે બંને પર નજર રાખવા ઈશારો કરે છે. કેન્ટીનમાં કોફી પીતા પીતા ફોરેન્સિક એક્સપર્ટનો ફોન આવે છે અને તે બબલુની મોત ક્યાં કારણોસર થઈ હોઈ શકે તેનો રીપોર્ટ આવી ગયો છે તેની જાણ કરે છે. તેના જવાબમાં ખાન સાહેબે ફટાફટ ક્રાઈમ બ્રાંચ રૂબરૂમાં આવી રીપોર્ટ વિશે ચર્ચા કરવા કહે છે.

પ્રકરણ ૧૭ પુર્ણ

પ્રકરણ ૧૮

કેન્ટીનમાં કોફી પીને ખાન સાહેબ પોતાની ઓફિસમાં પરત ફરે છે અને પિંટોને પુછપરછ માટે બોલાવે છે. પિંટો ઓફિસમાં આવતાં સાથે જ ખાન સાહેબ કહે છે, “બધું વિચારી લીધું ને. હવે મારા પ્રશ્નનોના સીધા જવાબ આપવાનું શરુ કરો.”

“હા સાહેબ. બબલુ શેઠે ઘણી બધી છોકરીઓ સાથે સંબંધો રાખ્યા હતાં. તેમાંથી કેટલીક છોકરીઓએ જાણી જોઇને સંબંધો રાખ્યા હતાં અને તેનો ફાયદો પણ ઉઠાવ્યો હતો અને કેટલીક બબલુની જાળમાં ફસાઈ ગઈ હતી. સમયજતા તેમાંની કેટલીક છોકરીઓ ગાયબ પણ થઇ ગઈ હતી.”

“ફાયદો ઉઠાવ્યો એટલે શું ? કેવી રીતે ફાયદો ઉઠાવ્યો ? વાત સમજાવ અમને.”

“એટલે એમ કે બબલુએ તે છોકરીઓ સાથે રીલેશન રાખ્યા અને પછી એ છોકરીઓએ બબલુ પાસેથી રૂપિયા પડાવ્યા હતાં.”

“પણ બબલુ જેવો લુખ્ખો માણસ આમ રૂપિયા શા માટે આપે. એવી તો કઈ વાત હશે તે માટે થઈને બબલુ રૂપિયા ચુકવે. બબલુ ધારે તો તે છોકરીઓને બદનામ કરવાના બહાને હેરાન કરે તેવો માણસ હતો.”

પિંટો બોલતાં બોલતાં અટકી ગયો. તેને કઈ રીતે જવાબ આપવો તે સૂઝતું ન હતું. તે મગજમાં વાક્યો ગોઠવતો હતો પણ બોલી શકતો ન હતો. બબલુના ચહેરાના ભાવ જોઈ ખાન સાહેબ બોલ્યા, "પિંટો, કંઈપણ છુપાવાની કોશિશ ના કરીશ, નહિતર પછી તને ભારે પડશે."

"તમારાથી કંઈપણ નહી છુપાવું. મને કેવી રીતે કહેવું તે સમજાતું નથી." પિંટો ડરતાં સ્વરે બોલ્યો.

"વાંધો નહિ. વિચારીને બોલ પણ સાચું જ બોલ."

"સાહેબ, બબલુ લોકોથી કંઇક ખાનગી રાખવા માંગતો હતો અને તે છોકરીઓ એજ વાતનો ફાયદો ઉઠાવી તેની પાસેથી રૂપિયા પડાવતી હતી."

"બબલુ શું ખાનગી રાખવા માંગતો હતો ?"

"એમાં એવું હતું ને ..."

"એવું ને તેવું નહી. સીધી વાત કર.' ખાન સાહેબ અકળાઈને બોલ્યાં.

"બબલુ નપુંસક હતો એ વાત છુપાવવા તે છોકરીઓને રૂપિયા આપતો હતો."

"ઓહ ! એમ વાત હતી. પણ બબલુ ધારે તો તે છોકરીઓને કોઈપણ રીતે પતાવી પણ શકે તેમ હતો. તો પછી .."

"હા બબલુ બધું કરી શકે તેમ હતો પણ તેની પણ કેટલીક મજબુરી હશે એટલે. વધુ મને ખબર નથી સાહેબ."

"અને એ છોકરીઓના નામ યાદ કર અને મને જણાવ."

"નામ માં એવું છે ને સાહેબ. હું બધાને નહોતો ઓળખતો પણ જે છોકરીઓ બ્લેકમેલ કરતી તેના નામ મને ખબર છે અને સરનામાં પણ ખબર છે. હું તેમના ઘરે રૂપિયા આપવા જતો હતો એટલે જે જાણું છું તે તમને કહીશ."

"ઓકે. એ છોકરીઓના નામ અને સરનામાં ઇન્સ્પેક્ટર નાયકને સ્ટેટમેન્ટમાં લખાવી દે. અમને સહયોગ કરવા બદલ આભાર અને આગળ પણ જરૂર પડે મદદ કરીશ એવી આશા સાથે તને ઘરે જવા દેવામાં આવે છે." ખાન સાહેબ પિંટોના ખભે હાથ મુકી ઉતાવળા સ્વરે બોલ્યા.

ખાન સાહેબ ઇન્સ્પેક્ટર નાયકને બહાર જઈ પિંટોનું સ્ટેટમેન્ટ લેવા કહે છે અને બહારથી સુજાતાને અંદર મોકલવા કહે છે.

સુજાતા ઓફિસમાં પ્રવેશે છે અને ખાન સાહેબની સામે ટગર ટગર જોયા કરે છે. ખાન સાહેબ આમ તેની તરફ જોઈ રહેલ સુજાતાને ચેરમાં બેસવા કહે છે ત્યારે તેની નજર છુટે છે. સુજાતાની આંખોમાં આંખો પરોવીને ખાન સાહેબ પુછપરછ ચાલુ કરે છે, "તમે બધું બરોબર વિચારી લીધું. હવે તમે જવાબ આપવા તૈયાર છો ?"

"હા સર."

"તો જવાબ આપવાનું શરુ કરો."

"વિમલ મારો ફ્રેન્ડ છે અને હું તેને ઘણાં સમયથી ઓળખું છું." સુજાતાએ ધીમા સ્વરે બોલવાનું શરુ કર્યું.

“બબલુને તમારી દોસ્તીની ખબર હતી ?”

“ના. બબલુને અમારી દોસ્તીની જાણ ન હતી પણ બબલુ વિમલને ઓળખતો હતો. વિમલ બબલુ પાસેથી ક્યારેક ક્યારેક તેના ગોરખધંધાના ન્યુઝ છુપાવવા રૂપિયા પડાવી લઇ જતો.”

“આપણી મુલાકાતની જાણ તેને કેમ કરી ?”

સુજાતાએ હાથ જોડીને કહ્યું ,“મારી મજબુરી હતી અને ભુલ પણ. બબલુના મોત પછી વિમલ મારી નજીક આવવા માંગે છે એવું મને લાગી રહ્યું છે. વિમલને હું દુર રાખવા માંગતી હતી પણ તે મને વારંવાર ફોન કરી મળવા માટે અને બબલુના કેસ વિશે બ્રેકીંગ ન્યુઝ માટે દબાણ કરતો હતો એટલે તેને મારે જાણ કરવી પડી.”

“તમારે તેની આવી હરકતો માટે પોલીસની મદદ લેવી જોઈતી હતી, તમે એવું કેમ ના કર્યું ?”

“મારી મજબુરી મને રોકતી હતી.”

“શું મજબુરી હતી ?”

“એમાં એવું છે ને સર..”

“ગભરાશો નહિ અને સાચું કહો.” ખાન સાહેબે આશ્વાસન આપતાં સ્વરે કહ્યું.

“હું બબલુ પર નજર રાખવા વિમલને રૂપિયા આપતી અને ક્યારેક બબલુના અવળા ધંધાની ખબર પણ તેને આપતી. વિમલ તે ખબર બદલ બબલુ પાસેથી રૂપિયા પડાવતો.”

“વિમલ તમારો દોસ્ત હોવા છતાં તમારી પાસેથી રૂપિયા પડાવતો. આ કેવી દોસ્તી ? તમે હજુ કઈ છુપાવો છો ?”

સુજાતાએ તેના મન પર રાખેલો કાબુ ગુમાવી ધ્રુસકે ને ધ્રુસકે રડવા માંડી. આ વખતે ખાન સાહેબે તેને રડવા દીધી. રડી રડીને તેની આંખોના સુઝી ગયેલા પોપચા અને આંસુઓથી ખરડાયેલો તેનો ચહેરો ખાન સાહેબ જોઈ રહ્યા હતાં.

થોડીવાર રડીને સુજાતા એની જાતે શાંત પડી. ખાન સાહેબે તેની સામે પાણીનો ગ્લાસ મુકી પીવા ઈશારો કર્યો અને સુજાતા પાણી પી ગઈ. થોડી સ્વસ્થ થઈને તેણે કહ્યું, “ સર, માફ કરો. આનાથી આગળ મારાથી નહિ બોલાય.”

“કેમ નહિ બોલાય ? કંઇજ છુપાવશો નહિ. મને જણાવશો તો કઇ રસ્તો નીકળશે અને કદાચ બબલુના કેસમાં પણ મદદ મળશે.”

સુજાતા આંખો લુછતાં લુછતાં નર્વસ અવાજે બોલી, “સર, મને જે સુખ બબલુ પાસેથી નહોતું મળતું એ સુખ વિમલ પાસેથી મળતું હતું. હું એવી સ્ત્રી છું કે જેણે મજબુરીમાં ઘણી ભુલ કરી છે. મને મારી ભુલ પર પસ્તાવો થાય છે પણ હવે કંઈ સમજાતું નથી. હાઈ સોસાયટીમાં આવી રીલેશનશીપ કોમન છે અને મેં હાઈ સોસાયટીના ચક્કરમાં ભાન ભુલીને આટલી મોટી ભુલ કરી નાંખી છે. સર તમે પણ આમાં કંઈ મદદ કરી શકો તેમ નથી.”

“તમે ફરિયાદ કરો એટલે પોલીસ તમારી મદદ કરવા તૈયાર છે.”

“કેવી રીતે ?”

“તમે પહેલા મક્કમ થઈને ફરિયાદ કરો અને પછી જુઓ. પોલીસ તમારી મદદ કરવા તૈયાર

છે.”

સુજાતાએ થોડું વિચારીને મક્કમતાથી કહ્યું, “ હું વિમલ વિરુદ્ધ ફરિયાદ કરવા તૈયાર છું. મારે હવે આ ચક્કરમાંથી બહાર નીકળવું છે. ભલે સમાજ જાણે અને જે થવું હોય તે થાય. તમે મારી મદદ કરજો સર. પ્લીઝ મને તમારી હેલ્પની જરૂર છે.”

ખાનસાહેબે સહાનુભૂતિભર્યા અવાજે સુજાતાને કહ્યું, “હા. તમારી શક્ય હશે એટલી મદદ મારા તરફથી અને પોલીસ ડીપાર્ટમેન્ટ તરફથી કરવામાં આવશે. અને ચિંતા ના કરો, તમારી ફરિયાદ ગોપનીય રહેશે. હું વિમલની ધરપકડ કરી તેની પાસેથી પણ જાણકારી મેળવીશ. તે તમને પરેશાન નહી કરે તેવી ખાત્રી આપે તો તમે ફરિયાદ પાછી લઇ લે જો.”

સુજાતાએ હા કહેતા ખાન સાહેબે ઇન્સ્પેકટર નાયકને બોલાવી સુજાતાની વિમલ વિરુદ્ધ ફરિયાદ લેવા કહ્યું. ખાન સાહેબે ઓફિસની બહાર આવી સુજાતા અને પિંટોને ઘરે જવા કહ્યું. પિંટો અને સુજાતા મૌન બનીને ક્રાઈમ બ્રાન્ચથી તેમની કારમાં ઘરે જવા નીકળ્યા. પિંટો કારમાં ત્રાંસી નજરે રડીને લાલ થઇ ગયેલી સુજાતાની આંખો જોઈ કંઇક વિચારતો હતો પણ પુછવાની હિંમત કરી શકતો ન હતો. સુજાતા પણ પિંટોના ચહેરા પરનું ટેન્શન જોઈ રહી હતી. તે બંને માટેનો આજનો કઠીન દિવસ પુરો થયો.

સુજાતાની ફરિયાદને આધારે ખાન સાહેબે વિમલની તાત્કાલિક ધરપકડ કરવા ઓર્ડર કર્યો.

ફોરેન્સિક એક્સપર્ટ બબલુનો રીપોર્ટ લઈને ખાન સાહેબને મળે છે. ખાન સાહેબ તેમની ટીમ સાથે મળીને તેમની ઓફિસમાં રીપોર્ટની જાણકારી મેળવે છે. ફોરેન્સિક એક્સપર્ટ રીપોર્ટની વિગતો જણાવતા કહે છે, “સર, બબલુના શરીર પર કોઇપણ જાતના ઘા જોવા નથી મળ્યા. બબલુનું ગળું દબાવી કે શ્વાસ રૂંધાવાથી પણ મોત થયું હોવાનું કારણ મળ્યું નથી.”

“તો પછી મોત થયું કઈ રીતે ? શું બબલુને હાર્ટ એટેક આવ્યો ?” ખાન સાહેબ ઉતાવળા સ્વરે બોલ્યા.

“ના સર, બબલુના શરીરમાંથી પોટેશિયમ ક્લોરાઈડ નામનું ડ્રગ્સ મળી આવ્યું છે.”

“પોટેશિયમ ક્લોરાઈડ ?” ખાન સાહેબે પ્રશ્ન કર્યો.

“હા સર, પોટેશિયમ ક્લોરાઈડ. બબલુને કોઈએ પોટેશિયમ ક્લોરાઈડનું ઇન્જેક્શન આપ્યું હશે યા તેણે જાતે લીધું હશે.“

“આ ઇન્જેકશનમાં એટલું બધું ઝેરી ડ્રગ્સ આવે છે ?”

“હા સર.”

“પણ બબલુએ જાતે ઇન્જેક્શન કેવી રીતે લીધું હશે ? બબલુએ આત્મહત્યા કરવા માટે જાતે આ ડ્રગ લીધું હશે ?” ખાન સાહેબે ટીમ સામે પ્રશ્ન કર્યો.

“સર, બબલુ કે અન્ય વ્યક્તિ માટે આ ડ્રગનું પ્રમાણ નક્કી કરવું અને જાતે નસમાં ઇન્જેક્શન લેવું સહેલું નથી. બબલુએ ઇન્જેક્શન જાતે લેવાના ચાન્સ બહુ ઓછા છે. આ ઇન્જેક્શન માર્કેટમાં ઇઝીલી અવેલેબલ પણ નથી. ડોક્ટર પણ આ ઇન્જેક્શન પ્રિસ્ક્રીપ્શનમાં નથી લખી આપતાં. એટલે કોઈ પ્રોફેશનલ વ્યક્તિ જેવાકે ડોક્ટર કે નર્સે આપ્યું હોઈ શકે.”

“ઓકે. પણ, આ ડ્રગનું ઇન્જેક્શન કે અન્ય કંઈપણ કારમાંથી મળ્યું છે ?”

“ના કારમાંથી આવું કંઈપણ મળ્યું નથી.”

“આ ડ્રગ શરીરમાં કેવી રીતે અસર કરે અને આ ડ્રગ લીધા પછી કેટલા સમયે માણસને મોત આવે ?”

“સર, આ પોટેશિયમ ક્લોરાઈડ ડ્રગ્સ સર્જરી પહેલા દર્દીને બેભાન કરવા વપરાય છે. આ ડ્રગ્સ દર્દીની કન્ડીશન પ્રમાણે અલગ અલગ માત્રામાં ડોક્ટર આપે છે.”

“ઓવરડોઝથી મોત થઇ શકે ?”

“હા સર, ઓવરડોઝથી રેસ્પિરેટરી પેરાલિસીસ બાદ વ્યક્તિનું મોત થાય છે. આ ડ્રગ સીધું નસમાં લેવાથી અને તેનો ઓવરડોઝના કારણે ફેફસા અને હાર્ટ પર પ્રેશર વધવાથી મોત થઇ શકે છે. કોઈ એક્સપર્ટે ટેકનીકથી આ ડ્રગનું ઇન્જેક્શન આપ્યું હશે એવું લાગે છે.”

“એ નો મતલબ બબલુ એ વ્યક્તિને જાણતો હશે અને તેની જાણમાં કે જાણ બહાર આ ઇન્જેક્શન આપવામાં આવ્યું હશે.”

“હા સર, બબલુ એ વ્યક્તિને જાણતો કે જાણતી હશે અને કદાચ બબલુને બેધ્યાન કરી ઇન્જેક્શન આપ્યું હશે.”

“જાણી જોઇને બબલુ એ કોઈને ચાન્સ આપે તેવું બને નહિ, તો પછી એ પરિચિત કોણ હોઈ શકે ?” ખાન સાહેબે તેમની ટીમ સામે પ્રશ્ન કર્યો.

ખાન સાહેબે દુશ્મનના લીસ્ટમાં પરિચિત કે અપરિચિત નર્સ કે ડોક્ટરને લીસ્ટમાં ઉમેરો કરી તપાસ તે તરફ કરવા કહ્યું.

ખાન સાહેબે ઇન્સ્પેકટર નાયકને પિંટોનું સ્ટેટમેન્ટ વિશે ચર્ચા કરવા અને પિંટોએ જણાવેલ છોકરીઓના નામની ટીમ સામે ચર્ચા કરવા કહ્યું.

પ્રકરણ ૧૮ પુર્ણ

પ્રકરણ ૧૯

ખાન સાહેબની ઓફિસમાં રાતના મોડા સુધી મીટીંગ ચાલતી રહી અને પિંટોએ આપેલા છોકરીઓના નામ પર ચર્ચા ચાલતી હતી. તપાસ કરી રહેલી ટીમ સામે ઇન્સ્પેકટર નાયકે પિંટોએ આપેલા નામ અને પિંટોએ કહેલી વિગતો જણાવતા કહ્યું કે, “પિંટોએ ચાર છોકરીઓના નામ આપ્યા છે. બબલુએ તેમને ફસાવી હતી અને તેમને ઘણી પરેશાન પણ કરી હતી. એ પાંચ નામ મંજુલા, શબનમ, રીના, માહી, અવન્તિકા છે. આ પાંચમાંથી ચાર પર પિંટોને શક છે. અવન્તિકા ઘણા વર્ષોથી વિદેશમાં સેટલ થઇ ગઈ છે એટલે તેની વધુ જાણકારી પિંટો પાસે નથી. પિંટોને અવન્તિકા પર શક પણ નથી.”

ઈન્સ્પેક્ટર નાયકની વાત અટકાવતા ખાન સાહેબ બોલ્યા, “અવન્તિકા પર કેમ શક નથી ? પિંટો પાસે તેની જાણકારી નથી એટલે તો એ આવી વાત નથી કરતો ને.” ઈન્સ્પેક્ટર નાયકે કહ્યું,

“હોઈ શકે. પણ આપણે માત્ર નામના આધારે હાલ તે ક્યાં છે તે કેવી રીતે શોધી શકીએ. એટલે હાલ તે નામ હોલ્ટ પર રાખીએ. સમય આવે જરૂર પડે તેની પણ તપાસ કરીશું.”

“ઓકે, પિંટોએ પછી શું કહ્યું.”

"પિંટોએ મંજુલા, શબનમ, રીના અને માહીના રફ એડ્રેસ આપ્યા છે. કાલે તેને સાથે લઇ જઈ એડ્રેસ કન્ફર્મ કરવાના છે."

શકમંદ છોકરીઓને શોધવાની અને તેમના સ્ટેટમેન્ટ લેવાની કામગીરી ખાન સાહેબે ઇન્સ્પેકટર નાયકને સોંપી અને કહ્યું,"કાલે ગમે તેમ કરીને પિંટોને મળીને આ બધી છોકરીઓ વિશે બનતી માહિતી ભેગી કરી મને જાણ કરજો."

ખાન સાહેબ મીટીંગ પુરી કરી ઘરે જવા નીકળ્યા. રસ્તામાં કાર ડ્રાઈવ કરતાં તેમના મોબાઈલમાં મેસેજ આવ્યો એટલે તેમણે ઈમરજન્સી મેસેજ હોઈ શકે તેવું વિચારી કાર સાઇડમાં કરી. મોબાઈલમાં મેસેજમાં Thank u લખ્યું હતું. મેસેજ વાંચી વિચારવા લાગ્યા કોણે મોકલ્યો હશે. નંબર પણ મોબાઈલમાં એડ નહોતો. નંબરને કોલ લીસ્ટમાં સર્ચ કરતાં ખબર પડી કે નંબર સુજાતાનો છે. ખાન સાહેબે મોબાઈલ પોકેટમાં મુકી કાર ચાલુ કરી.

ઘરે પહોંચીને આખા દિવસની ગતિવિધિ અને બબલુના કેસ વિશે વિચારતા હતાં. સુજાતાએ કરેલા મેસેજ માટે પણ વિચારતા હતાં કે તેણે મને વાત કરીને તેના મનનો ભાર ઓછો કર્યો તે માટે મેસેજ કર્યો હશે કે બીજું કંઈ હશે.

બીજા દિવસે સવારે ઈન્સ્પેક્ટર નાયક બબલુને કોલ કરીને ઓફીસ બોલાવે છે અને તેઓ ટીમ લઈને તપાસ કરવા નીકળે છે. બબલુ પહેલા શબનમના ઘર પાસે લઇ જાય છે અને ઇશારાથી ઘર બતાવે છે. ઈન્સ્પેક્ટર નાયક શબનમના ઘર સુધી પહોંચી એડ્રેસ કન્ફર્મ કરી પુછપરછ કર્યા વગર પાછા આવી જાય છે.

પિંટો મંજુલાના ઘરે લઇ જાય છે પણ ત્યાં તો નવું બિલ્ડીંગ બનવાની કામગીરી ચાલતી હતી. પિંટો પણ ઘણાં સમયે અહી આવ્યો હોવાથી વિચારવા લાગે છે. પિંટોએ સ્થળ પર તપાસ કરી અહીં પહેલા રહેનારા ક્યાં ગયાનું એડ્રેસ મેળવી નાયકને આપ્યું. નાયક અને પિંટો એ એડ્રેસ પર જાય છે. પણ ત્યાં મંજુલા મળતી નથી. આસપાસથી માહિતી પણ મળતી નથી.

ત્યાંથી નીકળી પિંટો માહીના ઘરે લઇ જાય છે. માહીના ઘરે પહોંચીને પિંટો સાઇડમાં ઉભો રહી જાય છે અને ઇન્સ્પેકટર નાયક પાસપોર્ટ ઇન્ક્વાયરીના બહાને માહીના ઘરે જાય છે અને ત્યાં એક સ્ત્રી મળી આવે છે. પિંટોએ વર્ણન કર્યું તે મુજબની જ સ્ત્રી હોવાની ખાત્રી નાયકને થાય છે. વાત પતાવી તે ત્યાંથી નીકળી જાય છે.

પિંટો અને ઇન્સ્પેકટર નાયક રીનાના ઘરે જાય છે. રીનાના ઘરે લોક હોય છે એટલે નાયકે ફરી પાછુ પાસપોર્ટ વેરિફિકેશનનું બહાનું કાઢી પડોશીને ત્યાં ઇન્ક્વાયરી કરી રીના અહી રહેતી હોવાની ખાત્રી કરી લીધી.

પિંટોએ બતાવેલ ત્રણે એડ્રેસ પર નાયક ઇન્ક્વાયરી કરી ક્રાઈમ બ્રાંચ જાય છે અને ખાન સાહેબને રીપોર્ટ આપતા કહે છે, "ગુડ મોર્નિંગ સર. પિંટોએ બતાવેલ એડ્રેસ પર તપાસ કરી જરૂરી ઇન્ફર્મેશન મેળવી લીધી છે."

"સરસ. હવે આગળ ની કાર્યવાહી શરુ કરો." ખાન સાહેબ બોલ્યા.

ખાન સાહેબે કોન્સ્ટેબલને પિંટોને સરકારી ગાડીમાં ઘરે મુકી આવવા કહ્યું અને જતાં જતાં પોલીસ કાર્યવાહીમાં મદદ બદલ પિંટોનો આભાર માન્યો તથા ફરી જરૂર પડે મદદ કરવાનું કહ્યું. પિંટોએ કશું બોલ્યા વગર માથું હલાવી હા કહ્યું.

પિંટોના ગયા પછી ઈન્સ્પેક્ટ નાયકે ખાન સાહેબને કહ્યું, "સર, આ શકમંદ છોકરીની તપાસ પોલીસ ડ્રેસમાં કરવી યોગ્ય નથી અને માત્ર શકના આધારે કોઈની તપાસ કરવામાં તકલીફ પડે તેમ છે."

"તો શું ? તપાસ તો કરવી જ પડશે ને. તમે કંઈ વિચારો આ વિશે."

"મને એક વ્યક્તિની હેલ્પ ની જરૂર છે. તે હેલ્પ કરે તો આ તપાસ ખાનગી રાહે કરી શકાય તેમ છે."

"જો તમે હાફ ટન કે ફુલ ટન વિશે વિચારતા હોય તો રહેવા દે જો. હું તેમને ઓળખું છું, આવું કામ તે કરવા માટે યોગ્ય નથી. તેમના માટે બીજું કોઇ કામ હોય તો વિચારજો."

"ના સર. હું એ બે વિશે નથી વિચારતો પણ આપણા કોન્સ્ટેબલ હીરાલાલ વિશે વિચારું છું."

"ઓહો ! એટલે આપણા હીરો હીરાલાલ." ખાન સાહેબ હસીને બોલી ઉઠ્યા.

"હા સર, આપણા હીરો હીરાલાલ. તેમની મદદ મળી રહે તો .." ઇન્સ્પેકટર બોલતાં બોલતાં અટકી ગયા.

"તો વાર કોની જુવો છો. લગાવો તેમને ફોન અને મારી સાથે વાત કરાવો."

ઈન્સ્પેકટરે કોન્સ્ટેબલ હીરાલાલને કોલ લગાવી ફોન ખાન સાહેબને આપ્યો. ખાન સાહેબ ફોન હાથમાં લઈને હીરાલાલ ઉપાડે તે પહેલા બોલ્યા," ઘણા દિવસથી હીરાલાલની મદદ ક્રાઈમ બ્રાન્ચે નથી લીધી એટલે તેમની સાથે મુલાકાત પણ નથી થઇ."

ફોન રીસીવ કરીને હીરાલાલ બોલ્યા, "નમસ્કાર કોણ બોલો ?"

"નમસ્કાર હીરો હીરાલાલ. ક્રાઈમ બ્રાંચમાંથી ખાન બોલું છું."

"ઓહો હો હો ! ખાન સાહેબ તમે. જયહિન્દ સાહેબ. બોલો મને કેમ યાદ કર્યો ?"

"હીરાલાલ તમારી એક કેસની તપાસમાં જરૂર પડી છે. એટલે તમને યાદ કર્યા."

"હા જરૂર સાહેબ. હું ડીપાર્ટમેન્ટના કોઈપણ કામ માટે સદાય તૈયાર જ છું. પણ.." હીરાલાલ બોલતાં સહેજવાર માટે અટક્યા.

"ચિંતા ના કરો. આ કામ ઓફીશીયલ છે એટલે તમારા ઉપલા અધિકારીને ઓર્ડર મોકલી ક્રાઈમ બ્રાંચ ની તપાસ માટે તમને ત્યાંથી થોડા દિવસ માટે રીલીવ કરાવી દઈશ. બોલો બીજું કંઈ."

"ના બસ. સાહેબ તમે તો બધું જાણો જ છો મારા વિશે. મને બીજું કંઈ ના જોઈએ. હું ક્રાઈમ બ્રાંચની તપાસમાં કેવી રીતે અને ક્યારે જોડાઈ શકીશ ?"

"હીરાલાલ તમારી જરૂર હાલ જ છે. એટલે અહીંથી તાત્કાલિક ઇન્સ્પેકટર નાયક તમને રીલીવ કરવા મારો ઓર્ડર લઇ ત્યાં પહોંચે જ છે. ઓર્ડરની કાર્યવાહી પુરી થતાં તમારે તાત્કલિક અહી તપાસ માટે હાજર થવાનું છે. તમે અહીં આવશો એટલે આપણે રૂબરૂ મળીને આગળની કાર્યવાહીની ચર્ચા કરીશું."

ખાન સાહેબ ઈન્સ્પેક્ટર નાયકને હીરાલાલના રીલીવનો લેટર લઇ તેમને લઇ આવવા મોકલે

છે. ઇન્સ્પેકટર ઓર્ડર લઇ હીરાલાલના ઉપરી અધિકારીને વાત કરી ઓર્ડર બતાવી તેમને રીલીવ કરાવી ક્રાઈમ બ્રાંચ આવવા નીકળે છે. રસ્તામાં હીરાલાલ અને ઇન્સ્પેકટર વાતો કરે છે અને ક્રાઈમ બ્રાંચની જુની વાતો વાગોળે છે.

કોન્સ્ટેબલ હીરાલાલ એક સમયમાં ક્રાઈમ બ્રાંચમાં જ હતાં અને તેમણે ઘણી તપાસમાં મહત્વનો ફાળો આપ્યો હતો. તેઓ પોલીસ સર્વિસમાં જોડાયા પહેલા નાટક કંપનીમાં કામ કરતાં અને તે સારા કલાકાર હતાં. તેમણે પોલીસમાં નોકરી મળતા નાટક કંપની છોડી પણ કલાકાર તરીકે એક્ટિંગ કરવાનું છોડ્યું નહી. પોલીસ તપાસમાં જયારે જયારે ખાનગી રીતે અલગ અલગ વ્યક્તિ બનવું પડે ત્યારે હીરાલાલ તેમની એક્ટિંગ કામે લગાડી તપાસમાં તેમનો રોલ ભજવતા. ખાન સાહેબે તેમની સાથે ઘણી તપાસમાં કામ કર્યું હોવાથી તેમને હીરાલાલ પર વિશ્વાસ હતો. ખાન સાહેબે જ કોન્સ્ટેબલ હીરાલાલનું હુલામણું નામ હીરો હીરાલાલ રાખ્યું હતું અને પોલીસ સ્ટાફમાં ઘણાં તેમને આ જ નામથી ઓળખતા અને બોલાવતા પણ હતાં.

ખાન સાહેબ હીરાલાલને ઘણાં દિવસે ક્રાઈમ બ્રાંચમાં જોઈ ખુશ થઇ જાય છે. ખાન સાહેબ તપાસ ટીમની મીટીંગમાં તેમનું સ્વાગત કરે છે. હીરાલાલ પણ ઘણા દિવસે ક્રાઈમ બ્રાંચમાં આવવાથી ખુશ હોય છે. ખાન સાહેબ હીરાલાલને બબલુ મર્ડર કેસની માહિતી શોર્ટમાં આપે છે અને ઇન્સ્પેકટર નાયક જે તપાસ કરી રહ્યા છે તેમાં તમારી જરૂર છે તેમ જણાવે છે.

હીરાલાલને તેમની ઉંમરના કારણે ક્રાઈમ બ્રાંચમાંથી ઓછા બર્ડનવાળા કામ માટે બીજા ડીપાર્ટમેન્ટમાં બદલી કરવામાં આવ્યા હતાં. ઘણાં દિવસ કોઈ તપાસમાં કામ ન કરવાથી હીરાલાલ થોડા ચિંતિત હતાં એટલે હીરાલાલ ખાન સાહેબને કહે છે, “હું કઈ રીતે આ તપાસમાં મદદ કરી શકીશ ?”

ખાન સાહેબે હીરાલાલના ખભે હાથ મુકીને કહ્યું, “હીરાલાલ તમે જ આ કેસમાં ઇન્સ્પેક્ટર નાયકને મદદ કરી શકશો. તમારે શું કરવાનું છે એ તમને ઇન્સ્પેકટર નાયક જણાવશે.”

પ્રકરણ ૧૯ પુર્ણ

પ્રકરણ ૧૯

ખાન સાહેબની ઓફિસમાં રાતના મોડા સુધી મીટીંગ ચાલતી રહી અને પિંટોએ આપેલા છોકરીઓના નામ પર ચર્ચા ચાલતી હતી. તપાસ કરી રહેલી ટીમ સામે ઇન્સ્પેકટર નાયકે પિંટોએ આપેલા નામ અને પિંટોએ કહેલી વિગતો જણાવતા કહ્યું કે, “પિંટોએ ચાર છોકરીઓના નામ આપ્યા છે. બબલુએ તેમને ફસાવી હતી અને તેમને ઘણી પરેશાન પણ કરી હતી. એ પાંચ નામ મંજુલા, શબનમ, રીના, માહી, અવન્તિકા છે. આ પાંચમાંથી ચાર પર પિંટોને શક છે. અવન્તિકા ઘણા વર્ષોથી વિદેશમાં સેટલ થઇ ગઈ છે એટલે તેની વધુ જાણકારી પિંટો પાસે નથી. પિંટોને અવન્તિકા પર શક પણ નથી.”

ઈન્સ્પેક્ટર નાયકની વાત અટકાવતા ખાન સાહેબ બોલ્યા, “અવન્તિકા પર કેમ શક નથી ? પિંટો પાસે તેની જાણકારી નથી એટલે તો એ આવી વાત નથી કરતો ને.” ઈન્સ્પેક્ટર નાયકે કહ્યું,

“હોઈ શકે. પણ આપણે માત્ર નામના આધારે હાલ તે ક્યાં છે તે કેવી રીતે શોધી શકીએ. એટલે હાલ તે નામ હોલ્ટ પર રાખીએ. સમય આવે જરૂર પડે તેની પણ તપાસ કરીશું.”

“ઓકે, પિંટોએ પછી શું કહ્યું.”

“પિંટોએ મંજુલા, શબનમ, રીના અને માહીના રફ એડ્રેસ આપ્યા છે. કાલે તેને સાથે લઇ જઈ એડ્રેસ કન્ફર્મ કરવાના છે.”

શકમંદ છોકરીઓને શોધવાની અને તેમના સ્ટેટમેન્ટ લેવાની કામગીરી ખાન સાહેબે ઇન્સ્પેકટર નાયકને સોંપી અને કહ્યું,“કાલે ગમે તેમ કરીને પિંટોને મળીને આ બધી છોકરીઓ વિશે બનતી માહિતી ભેગી કરી મને જાણ કરજો.”

ખાન સાહેબ મીટીંગ પુરી કરી ઘરે જવા નીકળ્યા. રસ્તામાં કાર ડ્રાઈવ કરતાં તેમના મોબાઈલમાં મેસેજ આવ્યો એટલે તેમણે ઈમરજન્સી મેસેજ હોઈ શકે તેવું વિચારી કાર સાઈડમાં કરી. મોબાઈલમાં મેસેજમાં Thank u લખ્યું હતું. મેસેજ વાંચી વિચારવા લાગ્યા કોણે મોકલ્યો હશે. નંબર પણ મોબાઈલમાં એડ નહોતો. નંબરને કોલ લીસ્ટમાં સર્ચ કરતાં ખબર પડી કે નંબર સુજાતાનો છે. ખાન સાહેબે મોબાઈલ પોકેટમાં મુકી કાર ચાલુ કરી.

ઘરે પહોંચીને આખા દિવસની ગતિવિધિ અને બબલુના કેસ વિશે વિચારતા હતાં. સુજાતાએ કરેલા મેસેજ માટે પણ વિચારતા હતાં કે તેણે મને વાત કરીને તેના મનનો ભાર ઓછો કર્યો તે માટે મેસેજ કર્યો હશે કે બીજું કંઈ હશે.

બીજા દિવસે સવારે ઈન્સ્પેક્ટર નાયક બબલુને કોલ કરીને ઓફીસ બોલાવે છે અને તેઓ ટીમ લઈને તપાસ કરવા નીકળે છે. બબલુ પહેલા શબનમના ઘર પાસે લઇ જાય છે અને ઇશારાથી ઘર બતાવે છે. ઈન્સ્પેક્ટર નાયક શબનમના ઘર સુધી પહોંચી એડ્રેસ કન્ફર્મ કરી પુછપરછ કર્યા વગર પાછા આવી જાય છે.

પિંટો મંજુલાના ઘરે લઇ જાય છે પણ ત્યાં તો નવું બિલ્ડીંગ બનવાની કામગીરી ચાલતી હતી. પિંટો પણ ઘણાં સમયે અહી આવ્યો હોવાથી વિચારવા લાગે છે. પિંટોએ સ્થળ પર તપાસ કરી અહીં પહેલા રહેનારા ક્યાં ગયાનું એડ્રેસ મેળવી નાયકને આપ્યું. નાયક અને પિંટો એ એડ્રેસ પર જાય છે. પણ ત્યાં મંજુલા મળતી નથી. આસપાસથી માહિતી પણ મળતી નથી.

ત્યાંથી નીકળી પિંટો માહીના ઘરે લઇ જાય છે. માહીના ઘરે પહોંચીને પિંટો સાઈડમાં ઉભો રહી જાય છે અને ઇન્સ્પેકટર નાયક પાસપોર્ટ ઇન્ક્વાયરીના બહાને માહીના ઘરે જાય છે અને ત્યાં એક સ્ત્રી મળી આવે છે. પિંટોએ વર્ણન કર્યું તે મુજબની જ સ્ત્રી હોવાની ખાત્રી નાયકને થાય છે. વાત પતાવી તે ત્યાંથી નીકળી જાય છે.

પિંટો અને ઇન્સ્પેકટર નાયક રીનાના ઘરે જાય છે. રીનાના ઘરે લોક હોય છે એટલે નાયકે ફરી પાછુ પાસપોર્ટ વેરિફિકેશનનું બહાનું કાઢી પડોશીને ત્યાં ઇન્ક્વાયરી કરી રીના અહી રહેતી હોવાની ખાત્રી કરી લીધી.

પિંટોએ બતાવેલ ત્રણે એડ્રેસ પર નાયક ઇન્ક્વાયરી કરી ક્રાઈમ બ્રાંચ જાય છે અને ખાન સાહેબને રીપોર્ટ આપતા કહે છે, “ગુડ મોર્નિંગ સર. પિંટોએ બતાવેલ એડ્રેસ પર તપાસ કરી જરૂરી ઇન્ફર્મેશન મેળવી લીધી છે.”

“સરસ. હવે આગળ ની કાર્યવાહી શરુ કરો.” ખાન સાહેબ બોલ્યા.

ખાન સાહેબે કોન્સ્ટેબલને પિંટોને સરકારી ગાડીમાં ઘરે મુકી આવવા કહ્યું અને જતાં જતાં પોલીસ કાર્યવાહીમાં મદદ બદલ પિંટોનો આભાર માન્યો તથા ફરી જરૂર પડે મદદ કરવાનું કહ્યું.

પિંટોએ કશું બોલ્યા વગર માથું હલાવી હા કહ્યું.

પિંટોના ગયા પછી ઈન્સ્પેક્ટ નાયકે ખાન સાહેબને કહ્યું, "સર, આ શકમંદ છોકરીની તપાસ પોલીસ ડ્રેસમાં કરવી યોગ્ય નથી અને માત્ર શકના આધારે કોઈની તપાસ કરવામાં તકલીફ પડે તેમ છે."

"તો શું ? તપાસ તો કરવી જ પડશે ને. તમે કંઈ વિચારો આ વિશે."

"મને એક વ્યક્તિની હેલ્પ ની જરૂર છે. તે હેલ્પ કરે તો આ તપાસ ખાનગી રાહે કરી શકાય તેમ છે."

"જો તમે હાફ ટન કે ફુલ ટન વિશે વિચારતા હોય તો રહેવા દે જો. હું તેમને ઓળખું છું, આવું કામ તે કરવા માટે યોગ્ય નથી. તેમના માટે બીજું કોઈ કામ હોય તો વિચારજો."

"ના સર. હું એ બે વિશે નથી વિચારતો પણ આપણા કોન્સ્ટેબલ હીરાલાલ વિશે વિચારું છું."

"ઓહો ! એટલે આપણા હીરો હીરાલાલ." ખાન સાહેબ હસીને બોલી ઉઠ્યા.

"હા સર, આપણા હીરો હીરાલાલ. તેમની મદદ મળી રહે તો .." ઇન્સ્પેકટર બોલતાં બોલતાં અટકી ગયા.

"તો વાર કોની જુવો છો. લગાવો તેમને ફોન અને મારી સાથે વાત કરાવો."

ઈન્સ્પેકટરે કોન્સ્ટેબલ હીરાલાલને કોલ લગાવી ફોન ખાન સાહેબને આપ્યો. ખાન સાહેબ ફોન હાથમાં લઈને હીરાલાલ ઉપાડે તે પહેલા બોલ્યા," ઘણા દિવસથી હીરાલાલની મદદ ક્રાઈમ બ્રાન્ચે નથી લીધી એટલે તેમની સાથે મુલાકાત પણ નથી થઇ."

ફોન રીસીવ કરીને હીરાલાલ બોલ્યા, "નમસ્કાર કોણ બોલો ?"

"નમસ્કાર હીરો હીરાલાલ. ક્રાઈમ બ્રાંચમાંથી ખાન બોલું છું."

"ઓહો હો હો ! ખાન સાહેબ તમે. જયહિન્દ સાહેબ. બોલો મને કેમ યાદ કર્યો ?"

"હીરાલાલ તમારી એક કેસની તપાસમાં જરૂર પડી છે. એટલે તમને યાદ કર્યા."

"હા જરૂર સાહેબ. હું ડીપાર્ટમેન્ટના કોઈપણ કામ માટે સદાય તૈયાર જ છું. પણ.." હીરાલાલ બોલતાં સહેજવાર માટે અટક્યા.

"ચિંતા ના કરો. આ કામ ઓફીશીયલ છે એટલે તમારા ઉપલા અધિકારીને ઓર્ડર મોકલી ક્રાઈમ બ્રાંચ ની તપાસ માટે તમને ત્યાંથી થોડા દિવસ માટે રીલીવ કરાવી દઈશ. બોલો બીજું કંઈ."

"ના બસ. સાહેબ તમે તો બધું જાણો જ છો મારા વિશે. મને બીજું કંઈ ના જોઈએ. હું ક્રાઈમ બ્રાંચની તપાસમાં કેવી રીતે અને ક્યારે જોડાઈ શકીશ ?"

"હીરાલાલ તમારી જરૂર હાલ જ છે. એટલે અહીંથી તાત્કાલિક ઇન્સ્પેકટર નાયક તમને રીલીવ કરવા મારો ઓર્ડર લઇ ત્યાં પહોંચે જ છે. ઓર્ડરની કાર્યવાહી પુરી થતાં તમારે તાત્કલિક અહી તપાસ માટે હાજર થવાનું છે. તમે અહીં આવશો એટલે આપણે રૂબરૂ મળીને આગળની કાર્યવાહીની ચર્ચા કરીશું."

ખાન સાહેબ ઈન્સ્પેક્ટર નાયકને હીરાલાલના રીલીવનો લેટર લઇ તેમને લઇ આવવા મોકલે છે. ઇન્સ્પેકટર ઓર્ડર લઇ હીરાલાલના ઉપરી અધિકારીને વાત કરી ઓર્ડર બતાવી તેમને રીલીવ કરાવી ક્રાઈમ બ્રાંચ આવવા નીકળે છે. રસ્તામાં હીરાલાલ અને ઇન્સ્પેકટર વાતો કરે છે અને ક્રાઈમ બ્રાંચની જુની વાતો વાગોળે છે.

કોન્સ્ટેબલ હીરાલાલ એક સમયમાં ક્રાઈમ બ્રાંચમાં જ હતાં અને તેમણે ઘણી તપાસમાં મહત્વનો ફાળો આપ્યો હતો. તેઓ પોલીસ સર્વિસમાં જોડાયા પહેલા નાટક કંપનીમાં કામ કરતાં અને તે સારા કલાકાર હતાં. તેમણે પોલીસમાં નોકરી મળતા નાટક કંપની છોડી પણ કલાકાર તરીકે એક્ટિંગ કરવાનું છોડ્યું નહી. પોલીસ તપાસમાં જયારે જયારે ખાનગી રીતે અલગ અલગ વ્યક્તિ બનવું પડે ત્યારે હીરાલાલ તેમની એક્ટિંગ કામે લગાડી તપાસમાં તેમનો રોલ ભજવતા. ખાન સાહેબે તેમની સાથે ઘણી તપાસમાં કામ કર્યું હોવાથી તેમને હીરાલાલ પર વિશ્વાસ હતો. ખાન સાહેબે જ કોન્સ્ટેબલ હીરાલાલનું હુલામણું નામ હીરો હીરાલાલ રાખ્યું હતું અને પોલીસ સ્ટાફમાં ઘણાં તેમને આ જ નામથી ઓળખતા અને બોલાવતા પણ હતાં.

ખાન સાહેબ હીરાલાલને ઘણાં દિવસે ક્રાઈમ બ્રાંચમાં જોઈ ખુશ થઇ જાય છે. ખાન સાહેબ તપાસ ટીમની મીટીંગમાં તેમનું સ્વાગત કરે છે. હીરાલાલ પણ ઘણા દિવસે ક્રાઈમ બ્રાંચમાં આવવાથી ખુશ હોય છે. ખાન સાહેબ હીરાલાલને બબલુ મર્ડર કેસની માહિતી શોર્ટમાં આપે છે અને ઇન્સ્પેકટર નાયક જે તપાસ કરી રહ્યા છે તેમાં તમારી જરૂર છે તેમ જણાવે છે.

હીરાલાલને તેમની ઉંમરના કારણે ક્રાઈમ બ્રાંચમાંથી ઓછા બર્ડનવાળા કામ માટે બીજા ડીપાર્ટમેન્ટમાં બદલી કરવામાં આવ્યા હતાં. ઘણાં દિવસ કોઈ તપાસમાં કામ ન કરવાથી હીરાલાલ થોડા ચિંતિત હતાં એટલે હીરાલાલ ખાન સાહેબને કહે છે, “હું કઈ રીતે આ તપાસમાં મદદ કરી શકીશ ?”

ખાન સાહેબે હીરાલાલના ખભે હાથ મુકીને કહ્યું. “હીરાલાલ તમે જ આ કેસમાં ઇન્સ્પેક્ટર નાયકને મદદ કરી શકશો. તમારે શું કરવાનું છે એ તમને ઇન્સ્પેકટર નાયક જણાવશે.”

પ્રકરણ ૧૯ પુર્ણ

પ્રકરણ ૨૦

ખાન સાહેબની ઓફિસમાં ગોઠવાયેલ મીટીંગમાં ઇન્સપેક્ટર નાયકે કોન્સટેબલ હીરાલાલને બબલુ મર્ડર કેસની ઇન્ફરમેશન શોર્ટમાં જણાવી.

હીરાલાલ હજુ કંઇ સમજે તે પહેલા ખાન સાહેબ બોલ્યા, "જુઓ હીરાલાલ, પિંટોએ બબલુના મર્ડર કેસ માટે મંજુલા, શબનમ, રીના, માહી અને અવન્તિકા નામની શકમંદ છોકરીઓના નામ આપ્યા છે. તે છોકરીઓની તપાસ માટે તમારે જે અનુરુપ ગેટઅપ યોગ્ય લાગે તે મુજબ પ્લાન બનાવાનો છે."

"પણ આમાં હું એકલો .."

હીરાલાલની વાત અટકાવીને ઇન્સપેક્ટર નાયકે કહ્યું, "આમાં તમે એકલા નથી. આખી ટીમ તમારી સાથે છે અને જરુર પડે સ્થાનિક પોલીસની મદદ પણ લઇ શકાશે."

"હીરો હીરાલાલ આ તપાસનું કામ ખાનગી અને અંધારામાં ટાર્ગેટ લઇને ગોળી મારવા જેવું છે." ખાન સાહેબે હીરાલાલ ને કહ્યુ.

"હા સાહેબ, પણ હું બનતી તમામ મહેનત કામે લગાડી ઇન્ફરમેશન ભેગી કરવાનો પ્રયત્ન કરીશ."

"મને અને ટીમને વિશ્વાસ છે કે તમે જે કંઇ કરશો તે પરફેકટ જ કરશો." ખાન સાહેબ હીરાલાલનો ઉત્સાહ વધારવા બોલ્યા.

હીરાલાલ ટીમ સાથે પ્લાન બનાવવા ચર્ચા કરવા લાગ્યા અને ખાન સાહેબના ફોન પર કોલ આવતા તે વાત કરતા કરતા ઓફિસ બહાર આવ્યા.

"હેલ્લો સર, મીડીયામાં એવા બ્રેકિંગ ન્યુઝ તૈયાર થઇ રહ્યા છે કે લાખાને પોલીસે ખોટી રીતે કેદમાં રાખ્યો છે." ગફુરે ઉતાવળા સ્વરે ખાન સાહેબને ઇન્ફરમેશન આપી.

"ઓહ્ ! એમ વાત છે. ગફુર એક કામ કર તું પેલા હાફ ટન અને ફુલ ટનને કોલ કરીને સાથે લઇને આપણી મીટીંગ પ્લેસ પર આવી જા, આપણે થોડીક ચર્ચા કરી લઇએ." ખાન સાહેબે ગફુરને કહ્યું.

ખાન સાહેબ ફોન પતાવી ફરી પાછા ઓફિસમાં પ્રવેશે છે. મીટીંગમાં હીરાલાલે તેમનો આઇડીયા ટીમની સામે મુકી ચર્ચા કરી લીધી હતી.

મીટીંગ પુરી થતાં ખાન સાહેબે હીરાલાલ ને કહ્યુ, "તમારા ખાનગી મિશનમાં મદદ કરવા હું તમને બે હેલ્પર આપુ છુ. તે તમને મદદ કરશે અને તમને પણ તેમની સાથે તપાસ કરવી સરળ બનશે."

"એટલે તમે સાહેબ પેલા મારા જુના જોગી મિત્રો હાફ ટન અને ફુલ ટનની વાત કરો છો." ઉત્સાહમાં આવી હીરાલાલ બોલ્યા.

"હા એ બે જણાં જ તમને તપાસમાં મદદ કરશે."

"તે બે સાથે મને કામ કરવાનો અનુભવ છે અને મને પણ તેમની સાથે ફાવશે."

"તો ચલો હીરાલાલ મારી સાથે, તમને હું પેલા બે જણાં સાથે વાત કરાવી તપાસની વાત સમજાવી દઉં."

ખાન સાહેબ અને હીરાલાલને લઇને તેમની પ્રાઇવેટ કારમાં તેમની ખાનગી મીટીંગ પ્લેસ પર જવા નીકળે છે. ખાનગી મીટીંગ પ્લેસ પર અગાઉથી જ ગફુર, હાફ ટન અને ફુલ ટન હાજર હતાં. હાફ ટન, ફુલ ટન હીરાલાલને ઘણા દિવસે મળીને ખુશ થઇ જાય છે.

ખાન સાહેબ તે ત્રણેયને સાથે રહીને તપાસ કરવાની વાત કરે છે અને હીરાલાલને કહે છે, "લો આ પૈસા અને કારની ચાવી. તમે ત્રણે કાર લઇને તમારો મનગમતો નાસ્તો લઇ આવો અને રસ્તામાં કેસની ચર્ચા પણ કરી લેજો."

નાસ્તાના બહાને ખાન સાહેબે તે ત્રણેયને બહાર મોકલ્યા પછી ગફુરને કહ્યુ, "બોલ ગફુર, મીડીયામાં શું વાત ચાલી રહી છે?"

"સર, વાત જાણે એમ છે કે, મીડીયામાં લાખાને પોલીસે ખોટી રીતે કેદમાં રાખ્યો છે તેની ચર્ચાઓ થઇ રહી છે અને તેના બ્રેકીંગ ન્યુઝ બનવાની વાત મળી છે."

"અરે! આ મીડીયાવાળા તપાસમાં અડચણો ઉભી કરી રહ્યા છે."

"હા પણ, તમારે કંઇક વિચારવું તો પડશે ને સર. નહિંતર કંઇક નવું મીડીયામાં ફરતું થઇ જશે.જે આગળ જતાં તમને નડશે."

"આપણે એવું મીડીયામાં લીક કરીએ કે લાખા પાસેથી ડફેર ગેંગની ચોરીના જુના કેસની ઘણી ઇન્ફરમેશન મળી છે."

"હા આવું કંઇક કરી શકીએ. ક્રાઇમ બ્રાંચે લાખા પાસેથી ડફેર ગેંગ ચોરીના જુના કેસની માહિતી મેળવવા મળી સફળતા, કેવી છે આ હેડલાઇન્સ."

"જોરદાર ગફુર પણ એ પહેલા લાખા પાસેથી આવી એકાદ ઇન્ફરમેશન તો બહાર કઢાવવી પડશે ને."

"હા એ વાત સાચી."

ખાન સાહેબે ઇન્સપેક્ટર મેવાડાને ક્રાઇમ બ્રાંચ ફોન કરી તાત્કાલિક લાખા પાસેથી ડફેર ગેંગની જુની કોઇપણ ઇન્ફરમેશન ગમે તે રીતે કઢાવવા કહ્યું.

ઇન્સપેકટર મેવાડાએ કહ્યુ, "હા સર, એક લુંટની અડધી ઇન્ફરમેશન લાખાએ મને જણાવી હતી પણ તમે બળજબરી કરવાની ના પાડતા વધુ ઇન્ફરમેશન મેળવી શકાઇ ન હતી."

"ઇન્સ્પેક્ટર એ જ ઇન્ફરમેશન તેની જોડે બહાર કઢાવો. તાત્કાલિક અને ગમે તે રીતે." ખાન સાહેબે ઉતાવળા સ્વરે કહ્યુ.

હાફ ટન, ફુલ ટન અને હીરાલાલ નાસ્તો લઇને આવી ગયા એટલે બધાએ સાથે મળીને વાતો કરતાં કરતાં નાસ્તો કર્યો.

હીરાલાલે ખાનસાહેબને કહ્યું, "મારે અને હાફ ટન, ફુલ ટન વચ્ચે તપાસ અંગેની વાત પણ થઇ ગઇ છે. અમે એકવાર પિંટોને મળીને તરત ખાનગી રીતે તપાસ શરુ કરી દઇશું."

ખાન સાહેબે પિંટોને ફોન કરીને ક્રાઇમ બ્રાંચ બોલાવ્યો. નાસ્તો કરીને હીરાલાલ, હાફ ટન અને ફુલ ટન પિંટોને મળવા ક્રાઇમ બ્રાંચ પહોંચે છે. ખાન સાહેબ અને ગફુર બ્રેકિંગ ન્યુઝ માટે વિચારવા અને ચર્ચા કરવા ત્યાંજ રોકાય છે.

ગફુર ખાન સાહેબને કહે છે, "સર, જયાં સુધી લાખા પાસેથી ઇન્ફર્મેશન મળે ત્યાં સુધી હું મીડીયાના મિત્રો સુધી થોડીવારમાં બ્રેકિંગ ન્યુઝ આપુ છુ કહી તેઓને હોલ્ડ પર રાખી દઉં."

"હા સાચી વાત. તું જલ્દીથી પહેલા એ કામ કરી લે નહિંતર તેઓ કંઇક નવું માર્કેટમાં મુકી દેશે."ખાન સાહેબ હસતા હસતા બોલ્યા.

ખાન સાહેબ રેગ્યુલર સિગરેટ પીતા નહોતા પણ ટેન્શનમાં તેઓ ચેઇન સ્મોકિંગ કરી લેતા તે ગફુરને ખબર હતી. ટેન્શનમાં ને ટેન્શનમાં ખાન સાહેબ વિચારો કરતા કરતા આમતેમ આંટાફેરા કરતા હતાં અને ઇન્સ્પેક્ટર મેવાડાના ફોનની રાહ જોતાં હતાં.

આમ ખાન સાહેબને ટેન્શનમાં જોઇ ગફુરે તેના પોકેટમાંથી સિગરેટનું પાકીટ કાઢી ખાન સાહેબની સામે ધર્યુ. ખાન સાહેબ તેમની ફેવરીટ બ્રાંડની સિગરેટ સામે જોઇ તરત મોઢામાં મુકી. જેવી ખાન સાહેબે સિગરેટ મોઢામાં મુકી તરત ગફુરે લાઇટર ચાલુ કરી સિગરેટ સળગાવવામાં હેલ્પ કરી.

સિગરેટનો એક કસ લઇ તરત ખાન સાહેબ બોલ્યા, "થેન્કસ ગફુર, તેં મારા ટેન્શનને હળવું

કરવામાં હેલ્પ કરી. તને હજુ પણ મારી સિગરેટની બ્રાંડ ખબર છે."

ગફુરે ટેન્શનનું વાતાવરણ હળવું કરવા કહ્યુ, "હા સર, મને પણ તમારી જેમ ટેન્શનમાં સિગરેટ પીવાની ટેવ છે. હું રેગ્યુલર સિગરેટ નથી પીતો પણ સાથે હંમેશા રાખુ છુ. અગાઉ તમારી સાથે તપાસમાં ફરીને મને પણ તમારી જ સિગરેટ બ્રાંડ ફાવી ગઇ છે."

તે બંનેએ ઘણાં સમયે અંગત અને કેસ બહારની વાતો કરી ટેન્શન હળવું કર્યું. બંનેની વાતમાં ઇન્સપેક્ટર મેવાડાનો ફોન આવતાં વિક્ષેપ પડ્યો.

"હા બોલો ઇન્સપેક્ટર શું ઇન્ફરમેશન મળી છે? "

"સર, નેશનલ હાઇવે પર થોડા વર્ષ અગાઉ જે ટ્રક સાથે લોખંડનો માલ, ડ્રાઇવર અને કંડકટર ગાયબ થઇ ગયો હતો તે લુંટ ડફેર ગેંગ દ્વારા કરવામાં આવી હતી. લાખો પણ તે ગેંગમાં સામેલ હતો. તેની તપાસમાં ડ્રાઇવર, કંડકટર બેભાન અને ઘાયલ હાલતમાં મળી આવેલા પરંતુ લાપતા ટ્રકની હજુ પણ કોઇ ભાળ મળી નથી."

"ઓહ એમ વાત છે. પણ ઇન્ફરમેશન તો પાક્કી છે ને .તેની તપાસ કોની પાસે હતી અને તપાસનું સ્ટેટસ પણ સર્ચ કરી જણાવજો."

"હા સાહેબ, લાખાની સર્વિસ બરાબર કરી પછી આ ઇન્ફર્મેશન મળી છે. આ તપાસ રામપુરા પોલીસ સ્ટેશન કરી રહી હતી પણ ઘણી તપાસ પછી પણ કંઇ પુરાવા મળ્યા ન હતાં એટલે રેકોર્ડમાં તપાસ હજુ અધુરી જ બોલે છે."

"ઓકે. ચલો એ બહાને લાખાનો ઉપયોગ તો થયો અને લાખાને તમારો પરિચય પણ મળી ગયો." ખાન સાહેબ હસતા હસતા બોલ્યા.

ખાન સાહેબે ઇન્સપેક્ટર મેવાડાએ આપેલી માહિતી ગફુર સાથે ચર્ચા કરી અને મીડીયામાં આપવા માટે બ્રેકિંગ ન્યુઝ તૈયાર કરી લીધા.

પોલીસ કમીશ્નરને ખાન સાહેબે કોલ કરી લાખા પાસેથી મળેલી ઇન્ફરમેશનની જાણ કરી અને તાત્કાલિક આ ઇન્ફર્મેશન મીડીયામાં આપવાની પણ વાત કરી. પોલીસ કમિશ્નર સાહેબે તેમને જે પણ યોગ્ય લાગે તે કરવાની વાત કરી.

ખાન સાહેબે ક્રાઇમ બ્રાંચમાં ઇન્સપેક્ટર મેવાડાને ફોન કરીને પ્રેસ કોન્ફરન્સ ગોઠવવાનું કહ્યું અને તમામ મીડીયાકર્મીઓને પ્રેસ કોન્ફરન્સ માટે ઇમેલ અને કોલ કરવા કહ્યું.

ખાન સાહેબ ગફુરને પ્રેસ કોન્ફરન્સ પછી મીડીયામાં શરુ થનારી ગોસિપની ઇન્ફરમેશન પહોંચાડવાનું કહી ક્રાઇમ બ્રાંચ જવા નીકળ્યા.

ક્રાઇમ બ્રાંચ પહોંચી તેઓ ઇન્સપેક્ટર મેવાડા પાસેથી લાખાના રીમાન્ડનો બ્રીફ રીપોર્ટ મેળવે છે અને ટીમ સાથે ચર્ચા કરી મીડીયા કોન્ફરન્સમાં પહોંચે છે.

મીડીયાકર્મીઓ બ્રેકીંગ ન્યુઝની તૈયારીમાં જ આવ્યા હતાં. ગફુરે ખાન સાહેબના પ્લાન મુજબ તેના કેટલાંક મીડીયા મિત્રોને બ્રેકીંગ ન્યુઝ માટે હીંટ પણ આપી દીધી હતી. પ્રેસ કોન્ફરન્સ રુમમાં જાતજાતની વાતો ચાલી રહી હતી ત્યાંજ ખાન સાહેબની પ્રેસ કોન્ફરન્સમાં એન્ટ્રી થતાં શાંતિ છવાઇ ગઇ.

ખાન સાહેબે આવેલા તમામ પ્રિન્ટ અને ટીવી મીડીયાનું સ્વાગત કરતું ટુંકુ પ્રવચન કરી આજની

પ્રેસ કોન્ફરન્સ વિશેની વાત શરુ કરી. તેમણે લાખા પાસેથી જે ઇન્ફરમેશન મળી તેની માહિતી મીડીયાકર્મીઓને આપતાં કહ્યુ કે, "આપ સૌને યાદ જ હશે, થોડા વર્ષ પહેલા નેશનલ હાઇવે પર રામપુરા પાસે એક ટ્રક ગાયબ થવાની ઘટના બની હતી."

હાજર મીડીયાકર્મીઓ એ હા કહ્યુ અને અંદરોઅંદર વાતોનો ગણગણાટ શરુ થઇ ગયો. ઇન્સપેક્ટર મેવાડાએ બધાને શાંત કર્યા અને ખાન સાહેબે વાત આગળ શરુ કરી, "એ ટ્રક લુંટની ઇન્ફરમેશન મળી છે, ટ્રકની લુંટ કોણે, કેવી રીતે અને કયાં કરી હતી તેની ઇન્ફરમેશન મળી છે. તમને બધાને આગળની માહિતી ઇન્સપેક્ટર મેવાડા આપશે."

ઇન્સપેક્ટર મેવાડાનું નામ કહી ખાન સાહેબ સાઇડમાં ખસી ગયા. ઇન્સપેકટર મેવાડાએ આગળની ઇન્ફર્મેશન આપવાનું શરુ કર્યુ. પ્રેસ કોન્ફરન્સના અંતમાં કેટલાંક મીડીયાકર્મીએ પ્રશ્ન કર્યો કે બબલુ મર્ડર કેસનું શું થયું, તેની તપાસ કયાં સુધી પહોંચી.

તે પ્રશ્નોના જવાબ આપવા ખાન સાહેબ ફરી આગળ આવ્યા અને બોલ્યા, "તેની તપાસ પણ ચાલુ જ છે, નકકર પુરાવા કે ઇન્ફર્મેશન મળશે તરત તમને જાણ કરવામાં આવશે. બબલુ મર્ડર કેસની તપાસમાં જ આ ટ્રક લુંટની ઇન્ફરમેશન મળી છે અને તેની આગળની તપાસ માટે રામપુરા પોલીસ સ્ટેશનને જાણ કરી દેવામાં આવી છે, તો આપ સૌ ટ્રક લુંટની વધુ સનસની ખબર મેળવવા આવનાર દિવસોમાં રામપુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરજો."

પ્રેસ કોન્ફરન્સ પુર્ણ થતાં ખાન સાહેબ મોબાઇલમાં મેસેજ વાંચી હસી રહ્યા હતાં મેસેજ ગફુરનો હતો અને તેણે મેસેજમાં લખ્યુ હતું કે, "વાહ માસ્ટર માઇન્ડ એમ એમ ખાન. મીડીયાને રામપુરા પહોંચાડવા માટે તમારો આઇડીયા કામે લાગી ગયો."

પ્રેસ કોન્ફરન્સ પુરી થતાં હીરાલાલ તેમના ફાઇનલ આઈડિયા વિશે ઇન્ફર્મ કરવા ખાન સાહેબ પાસે આવે છે.

પ્રકરણ ૨૦ પુર્ણ

પ્રકરણ ૨૧

પ્રેસ કોન્ફરન્સ પુરી થતાં ખાન સાહેબ હળવાશ અનુભવતા હતાં. મીડીયાથી હંમેશા તેઓ દુરી રાખતા હતાં અને મીડીયાના પ્રશ્નોના જવાબ આપવા તેમને માટે કંટાળાજનક હતું. તેમનું માનવું હતું કે માણસને નહિં પણ તેના કામને બોલવા દો.

હીરાલાલ તેમના ફાઇનલ આઇડીયા સાથે ખાન સાહેબ પાસે આવીને બોલે છે, "સાહેબ બધુ પ્લાનિંગ થઇ ગયું છે અને તાત્કાલિક કાર્યવાહીની પણ તૈયારી કરી લીધી છે."

ખાન સાહેબ હીરાલાલની વાત સાંભળી હસવા લાગ્યા એટલે હીરાલાલ થોડીવાર માટે ભોંઠા પડી ગયા. ખાન સાહેબે તરત હીરાલાલના ખભે હાથ મુક્યો અને કહ્યું "અરે હિરાલાલ ! આમ ભોંઠા ના પડશો. તમને એકશન મોડમાં જોઇ મને ગમ્યું અને હું ખુશ થઇને હસ્યો છું. "

"ઓહ ! એમ વાત છે, હું તો કંઇક .."

"તમે બીજુ કંઇપણ ના વિચારો અને તપાસમાં લાગી જાવ." ખાન સાહેબ હીરાલાલનો ખભો થપથપાવતા બોલ્યાં.

હીરાલાલને પણ ઘણા સમય પછી આમ ખાન સાહેબ સાથે વાત કરી ગમ્યું. કામ કરવા માટે

નવી ઉર્જાનો તેમને અંદરથી અનુભવ થતો હતો.

ખાન સાહેબે કહ્યું "હીરાલાલ, એમ કરો આજની કાર્યવાહી હમણાં પુરી કરો અને ઘરે જાવ. કાલથી તમારે મોટી કાર્યવાહીમાં જોડાવાનું છે. તમે એમ કરો, મારી સાથે જ ચાલો. હું પણ ઘરે જવું છું તમને રસ્તામાં ડ્રોપ કરી દઇશ."

"હા સાહેબ, હું ઇન્સપેક્ટર નાયકને કાલ માટે જાણ કરી તમને બહાર પાર્કિંગમાં મળું."

ખાન સાહેબ પાર્કિંગમાં કારમાં હીરાલાલની રાહ જોતા હતાં. હીરાલાલ આવી જતાં તેઓ ઘર તરફ જવા નીકળ્યા.

ખાનસાહેબે હીરાલાલને તેમના પરિવારના સભ્યોના ખબર અંતર પુછ્યા અને એકબીજાના પરિવારની અંગત વાતો કરી.

હીરાલાલ ભાવુક થઇને બોલ્યા, "સાહેબ તમારો આભાર માનું એટલો ઓછો છે..."

"શેના માટે હીરાલાલ તમારે આમ મારો આભાર માનવો છે." હીરાલાલના હાથ પર હાથ મુકી ખાન સાહેબ બોલ્યા.

"સાહેબ, તમે મને આ ઉંમરે તપાસ માટે લાયક ગણી મને સ્પેશિયલ યાદ કરી બોલાવ્યો. નહિંતર હું તો ઉંમરના બહાને હાલ જવાબદારી વગરના કામકાજ વગરનો સરકારી માણસ બની ગયો હતો. હું તો સાહેબ મારા રીટાયર્ડ થવાના અને પેન્શનના કયારે આવશે તેના દિવસો ગણતો હતો."

"અરે ! તમે જવાબદાર પોલીસ કોન્સટેબલ છો. તમારી ઉંમરના કારણે તમને હળવા કામ માટે થઇને અન્ય ડિપાર્ટમેન્ટમાં મુકવામાં આવ્યા હતાં પણ તમને સાઇડ લાઇન કયારેય નહોતા કર્યા. તમારી ડિપાર્ટમેન્ટને જરુર પડી એટલે તમને યાદ કર્યા અને આ તપાસ હાલના ટુંકા સમયમાં તમારી સિવાય કોઇ કરી શકે તેમ નથી. તમે મારો આભાર ના માનશો. તમારે અને મારે ડિપાર્ટમેન્ટ માટે કામ કરવા સદાય તૈયાર રહેવાનું જ છે. "

"હા સાહેબ. "

"અને હા હીરાલાલ, તમે તપાસમાં જાવ ત્યારે ગન સાથે લઇ જજો. તમારી પાસે જે ગન હતી તે .."

"અરે સાહેબ! એ તમે અપાવેલી ગન મેં ડીપાર્ટમેન્ટને જમા કરાવી દીધી હતી. મને તેની જરુર ન હતી એટલે અને મારે ગન નથી જોઇતી. " હીરાલાલ બોલ્યા.

"તમે પેલી પોકેટમારવાળી ઘટના ભુલી ગયા લાગો છો, હિરાલાલ. " હળવા હાસ્ય સાથે ખાન સાહેબ બોલ્યા.

" ના સાહેબ, મને પોકેટમાર અને એ દિવસે મને પડેલો તબિયતનો માર પણ યાદ છે."

શહેરમાં પોકેટમાર ગેંગનો આતંક વધી ગયો હતો અને રોજેરોજ રસ્તા પર, ટ્રેનોમાં , બસોમાં , રીક્ષામાં પોકેટ ચોરીની ઘટનાઓ વધી ગઇ હતી. એકપણ પોકેટમાર પકડાતો ન હતો. તે સમયે પણ ખાન સાહેબે પોકેટમાર ગેંગને પકડવા એક ટીમ બનાવી હતી અને તે ટીમમાં હીરાલાલ પણ હતાં. ટીમે પોકેટમારોને પકડવા ઘણી મહેનત કરી હતી.

આખરે એક દિવસ હીરાલાલ બાતમીના આધારે એક એસ ટી બસમાં વેશ બદલી પોકેટમારને

પકડવા અમદાવાદથી ચઢ્યા હતાં. બસમાં એક પોકેટમાર તેમની સામે જ હતો અને પોકેટમાર પણ વેશ બદલેલ પોલીસને ઓળખી ગયો હતો. હીરાલાલ તે ચોરને પકડે તે પહેલા બસમાં બીજા પોકેટમારે બુમાબુમ કરી હીરાલાલ પર હુમલો કર્યો. હુમલામાં હીરાલાલને બસમાં સવાર પેસેન્જરોએ પણ માર્યા અને બસ સાઇડમાં ઉભી

પ્રકરણ ૨૧ પુર્ણ

પ્રકરણ ૨૨

મોડી રાતે ક્રાઇમ બ્રાંચમાં એકાએક ચહલ પહલ વધી ગઇ હતી અને જવાબદાર અધિકારીઓ હાજર થતાંની સાથે ખાન સાહેબે મીટીંગ શરુ કરી.

"ઇન્સપેક્ટર નાયક પેલા રીપોટર વિમલની ધરપકડ કરવાનો સમય આવી ગયો છે.."

ઇન્સપેક્ટર નાયક ખાન સાહેબની વાત અટકાવતા બોલ્યા, "સોરી સર પણ, વિમલની લોકેશન મળતી નથી. સુજાતાએ ફરીયાદ કરી ત્યારથી તે શહેર બહાર જતો રહ્યો છે તેવી માહિતી સુત્રો પાસેથી મળી છે. તેનો મોબાઇલ નંબર પણ ડીએકટીવ છે. "

"રીપોટર વિમલ હમણાં શહેરમાં જ છે અને તેનો બીજો મોબાઇલ નંબર પણ મળી ગયો છે." ખાન સાહેબ ટીમની સામે ઉતાવળા સ્વરે બોલી ગયાં.

"તો લોકેશન આપો સર, તરત તેની ધરપકડ કરવા માટે." ઇન્સપેક્ટર મેવાડા બોલ્યા.

"લોકેશન માટે મોબાઇલ એન્ડ સાયબર એક્ષપર્ટ સૌરીનની મદદ લેવી પડશે એટલે તેમના આવવાની રાહ જોઇએ. મેં તેમને પણ બોલાવ્યા છે. " ખાન સાહેબ બોલ્યા

ખાન સાહેબે મોબાઇલ એક્ષપર્ટ આવે ત્યાં સુધી ટીમની સાથે ચર્ચા કરી પ્લાન ફાયનલ કર્યો. જેવું લોકેશન મળે તરત રીપોટર વિમલની સુજાતાના ફરીયાદના આધારે ધરપકડ કરવાનું નકકી થયું.

ખાન સાહેબે તેમના મોબાઇલ પર લાસ્ટમાં જેનો ફોન આવ્યો હતો તે નંબર પર કોલ કર્યો અને બોલ્યા, "આગળની ઇન્ફર્મેશન શું છે ?"

"સાહેબ હજુ તે નશામાં જ છે, હમણાં ફરી મારી તેની સાથે વાત થઇ. તે મને તાત્કાલિક મળવાની વાત કરે છે પણ કયાં મળવું તેનો જવાબ નથી આપતો. મેં તેને કોલ કર્યા પણ રીસીવ નથી કરતો."

ખાન સાહેબ તેમની ટીમ સામે જોઇને બોલ્યા, "ગફુર, તે શહેરમાં જ છે તે પાક્કી વાત છે ને? "

"હા સાહેબ, હું તેના સંપર્કમાં જ છું. જેવું તે એડ્રેસ આપે હું તમને જણાવું."

"હા. તેના નવા નંબરને ટ્રેસ કરવા એક્ષપર્ટની રાહ જોવુ છુ, તે આવશે તો તરત ખબર પડી જશે." ખાન સાહેબ મકકમ સ્વરે બોલ્યા.

મોબાઇલ એન્ડ સાયબર એક્ષપર્ટ સૌરીન આવતાંની સાથેજ ખાન સાહેબે તેમને વિમલનો નવો નંબર આપતાં બોલ્યા, "મને તાત્કાલિક આ નંબરની સીડીઆર આપો. જલ્દીથી નંબર ટ્રેસ કરી લોકેશન આપો. "

સૌરીને થોડી જ વારમાં લેપટોપમાં સર્ચ કરી તેમનો રીપોર્ટ ખાન સાહેબને આપ્યો અને કહ્યું

"લોકેશન ટ્રેસ થઇ ગઇ છે સર."

ખાન સાહેબે તરત લોકેશન પર રેડ કરવા શહેરના લોકલ એક્ષપર્ટ ઇન્સપેક્ટર અર્જુનને પ્લાન બનાવવા કહ્યું. ઇન્સપેકટર અર્જુને સૌરીનના લેપટોપ પર ઝુમ કરીને લોકેશન ચેક કરી.

ઇન્સ્પેક્ટર અર્જુન શહેરની ગલી ગલીથી વાકેફ હોવાથી અને લોકલ ખબરીઓ સાથે તેમનું જોરદાર કનેકશન હોવાથી ખાન સાહેબે તેમને ટીમમાં સાથે લીધા હતાં.

લોકેશન ડીટેલ પરથી ઇન્સપેકટર અર્જુને ઉતાવળા સ્વરે કહ્યું, "સર એક મીનીટ, આ લોકેશન મંગલના છાપરા પર આમ ઉતાવળે કાફલો લઇને જવું હિતાવહ નથી. "

ખાન સાહેબ નિસાસો નાંખતા બોલ્યા, "અરે કેમ? લોકેશન પર શું તકલીફ છે? આપણી પાસે સમય નથી ને તમે..."

"સર! ગયા મહિને આ લોકેશન પર નશાબંધી અને ક્રાઇમ બ્રાંચે દેશી દારુના બુટલેગરોને પકડવા સર્ચ ઓપરેશન કર્યુ હતું અને ત્યાં ઉતાવળમાં શું થયું હતું તે તમને તો ખબર જ છે." ઇન્સપેક્ટર અર્જુને ખાન સાહેબને કહ્યું.

"હા યાદ આવ્યું, તેમાં દોડાદોડી થઇ હતી ને કમિશ્નર સાહેબ પણ ખફા થયાં હતાં.માંડ માંડ મીડીયામાં ન્યુઝ આવતા અટકાવ્યા હતાં." ખાન સાહેબ કપાળે હાથ ફેરવતા બોલ્યાં .

"હા સર. એ જ લોકેશન પર આપણે જવાનું છે."

"તો તો, ઉતાવળ કરવા જેવી નથી અને રાહ જોવાય તેમ પણ નથી. શું કરીશું ઇન્સપેક્ટર અર્જુન? " મુંઝવણભર્યા સ્વરે ખાન સાહેબ બોલ્યા

"સર, થોડી મીનીટ મને આપો. હું કંઇક પ્લાન બનાવું. ત્યાં સુધી ટીમના બધા યુનિફોર્મ ચેન્જ કરી સાદા ડ્રેસમાં તૈયાર રહો. આપણે યુનિફોર્મમાં જવું હિતાવહ નથી."

"હા સાચી વાત છે, આપણે ખાનગી રીતે રેડ પાડવી પડશે."

સૌરીને તેમના લેપટોપમાં વિમલની કોલ ડીટેઈલ જોતા બોલ્યા, "સર, આ વિમલના નંબર પર કોઇ એક નંબર પરથી સતત ફોન આવી રહ્યો છે અને એકાદ કલાક પહેલા આ બે નંબર પર થોડી થોડી મીનીટ માટે વાત પણ થઇ છે."

"કોનો નંબર છે તે મને સર્ચ કરીને કહો." ખાન સાહેબ બોલ્યા

સૌરીન તે નંબર લેપટોપમાં સર્ચ કરવા જતા હતા ત્યારે ખાન સાહેબે નંબર જોયો અને બોલ્યા, "અરે રહેવા દો. આ નંબર તો ગફુરનો જ છે. હું તો ભુલી જ ગયો મેં જ તેને કોલ ચાલુ રાખવા કહ્યું છે."

ગફુરનું નામ આવતાં જ ઇન્સપેક્ટર અર્જુન ખાન સાહેબ પાસે આવીને ધીમે રહીને બોલ્યા, "સર, તમને વાંધો ના હોય તો હું અને ગફુર લોકેશન પર બાઇક લઇને સાદા ડ્રેસમાં જઇ આવીએ અને વાતાવરણ જોઇ લઇએ. યોગ્ય વાતાવરણ હોય તો પછી રેડ પાડીએ."

ખાન સાહેબે થોડુ વિચારીને ગફુરને ફોન કર્યો અને તાત્કાલિક ક્રાઇમ બ્રાંચ આવી જવા કહ્યું.

ખાન સાહેબે અર્જુને કહ્યું, "મને ગફુરે જ આ નંબરની ઇન્ફર્મેશન આપી હતી અને એણે મને કહ્યુ પણ હતું કે વિમલ નશામાં બોલતો હતો."

"સર કદાચ એ દારુનો નશો કરવા જ બુટલેગરના અડ્ડા પર ગયો હશે ને વધુ પડતા દારુના નશામાં ત્યાંજ કયાંક રોકાઇ ગયો હશે." ઇન્સપેક્ટર અર્જુન બોલ્યા

ગફુર આવી જતાં ખાન સાહેબે તેને અને ઇન્સપેક્ટર અર્જુનને સાવચેતી પુર્વક લોકેશન પર જવા કહ્યુ અને હસતા હસતા બોલ્યા, "એક રીપોટરને પકડવા લોકેશન ના માથાકુટમાં આંતકવાદી જેવી તૈયારીઓ કરવી પડે છે."

ગફુરે પણ હસતા હસતા ઇન્સપેક્ટર નાયક સામે જોઇને કહ્યુ, "સર, વિમલનો ઇન્સપેક્ટર નાયક સાથે સત્સંગ થશે અને જે ઇન્ફરમેશન બહાર આવશે તે પણ એક રીતનો આતંકવાદ જ હશે."

ખાન સાહેબે વોલ કલોકમાં ટાઇમ જોતાં કહ્યું, "બે કલાકમાં સવાર પડી જશે અને ... ચલો કેન્ટીનમાંથી ચા મંગાવી બધા પીવો. ફ્રેશ થઇ જાવ અને પેલા બે જણાંના મેસેજ માટે તૈયાર રહીએ."

ટેન્શનમાં ખાન સાહેબ ઉપરા ઉપરી બે કપ ચા પી ગયાં અને બોલ્યાં, "સૌરીન વિમલના નવા નંબર પરથી સુજાતા સાથે વાત થઇ છે કે કેમ અને બીજા કોની સાથે વિમલે વાત કરી છે તે પણ સર્ચ કરીને કહો."

ગફુર અને ઇન્સપેક્ટર અર્જુનના ખબરી મંગલના છાપરામાં હતાં અને તે બંનેને બુટલેગરો સાથે પણ સંબંધો હતાં એટલે તેમણે વિમલની લોકેશન પર જતાં પહેલાં તેમના કોન્ટેકટ કામે લગાડયા. થોડીવાર રહીને તે બંને બાઇક લઇને મંગલના છાપરા જવા નીકળ્યા.

સૌરીને ફરી લેપટોપમાંથી એક નંબર સર્ચ કરીને કહ્યુ, "સર, આ વિમલે નવા નંબર પરથી સુજાતાને પણ કોલ કર્યો છે."

એક મીનીટ ઉભા રહો કહીને ખાન સાહેબે તેમના મોબાઇલની કોલ ડીટેલ ચેક કરી. થોડી મીનીટ પછી સૌરીનને તેમના મોબાઇલમાં કોલ ડીટેલ બતાવતાં તે બોલ્યા, "હવે મને સમજાયુ, સુજાતા કેમ ડરી રહી હતી અને તેણે મને કેમ ફોન કર્યો હતો. સૌરીન મને સુજાતાએ કોલ કર્યો તે પહેલા જ વિમલે તેને કોલ કર્યો હશે. ચેક કરીને કહો."

સૌરીને સુજાતાના નંબરની કોલ ડીટેલ સર્ચ કરી અને ચોંકીને બોલ્યા, "સર, તમારી વાત સાચી છે. આ સુજાતાએ વિમલને નવા નંબર પર ઘણી વાર કોલ કર્યા છે અને આ બંનેની લોકેશન કાલે એકસાથે પણ બતાવે છે, એટલે આ બે જણ કદાચ મળ્યા પણ હશે."

"મળવું તો કદાચ શકય નથી અને મળ્યા હોય તો આપણા સિકયોરિટી કોન્સટેબલ આપણને રીપોર્ટ કર્યા વગર રહે નહીં. " ખાન સાહેબ ખંધુ હસીને બોલ્યા .

"આ નવો નંબર કોના નામે રજીસ્ટર્ડ છે તે જોઇને મને કહો." ખાન સાહેબ બોલ્યા.

સૌરીને મોબાઇલ નંબર પ્રોવાઇડરનો ડેટા ચેક કરીને કહ્યું, "સર આ નંબર તો બબલુના નામે રજીસ્ટર્ડ છે અને આ નંબરની આગળ પાછળના કેટલાક નંબર પણ બબલુના નામે જ રજીસ્ટર્ડ છે."

"ઓહ એમ વાત છે, બબલુનો નંબર વિમલ પાસે.આ સુજાતાએ જ આપ્યો હશે."

અર્જુનના ખબરીએ વિમલને શોધી નાંખ્યો. ફોન પર ખબરીએ મંગલના છાપરામાં દારુના અડ્ડા બહાર બેહોશ પડયાની જાણ કરી. બહાર ઉભેલા તે બંને ફટાફટ મંગલના છાપરામાં પ્રવેશ્યા.

તેઓ ખબરીએ બતાવેલ લોકેશન પર પહોંચ્યા ત્યાં વિમલ દારુના નશામાં ચુર થઇને બાંકડે પડયો હતો. ગફુર તેની પાસે ઉભો રહ્યો અને ઇન્સપેક્ટર અર્જુન ખબરીને લઇ મંગલના છાપરાના સૌથી મોટા બુટલેગરના ત્યાં પહોંચ્યા.

આમ મોડી રાતે ઇન્સપેક્ટર અર્જુનને જોઇ બુટલેગર પણ પળવાર માટે ટેન્શનમાં આવી ગયો અને તેને જોઇને તરત ઇન્સ્પેક્ટર અર્જુને વિમલને પકડવાની વાત કહી.

ઇન્સપેક્ટર અર્જુનની વાત સાંભળી તરત બુટલેગર બોલ્યો, "સાહેબ અમેય તે રીપોટરથી કંટાળી ગયા છીએ, તે પોલીસનો ડર બતાવી હપ્તો ઉઘરાવી જાય છે, મફતમાં દારુ લઇ જાય છે. ગઇ ખતની રેડ તેના લીધે જ પડી હતી પણ અમે મજબુરીમાં તેને સહન કરીએ છીએ."

ઇન્સપેક્ટર અર્જુન બોલ્યાં "હવે તેના ધંધા બંધ થઇ જશે."

"સાહેબ તમારે એને લઇ જવો હોય તો જલ્દી લઇ જાવ, સવાર પડી જશે તો લાંબુ થશે. એ તમને અને અમનેય નડશે."

"ના મને પણ ઉતાવળ છે પણ હું મોટા સાહેબ સાથે વાત કરી લઉં" ઇન્સપેક્ટર અર્જુન ખાન સાહેબને મોબાઇલ પર કોલ લગાવતાં બોલ્યા .

"અરે સાહેબ! તમે મોટા સાહેબને અહીં કયાં બોલાવો છો, હમણાં તો મોટા કેસ થયાં છે ને અમારા માણસો ય અંદર છે અને ફરી પાછુ .. " બુટલેગરે આજીજી સ્વરે કહ્યુ

ફોન કનેકટ થઇ ગયો હોવાથી ખાન સાહેબે બુટલેગરની અડધી વાત સાંભળી લીધી અને અર્જુનને કહ્યુ, "શું મેટર છે?"

ઇન્સપેક્ટર અર્જુન સાઇડમાં જઇને ધીમા સ્વરે બોલ્યા, "સર, વિમલ મળી ગયો છે. પણ અહીં અંદર ટીમને લઇને આવવું જોખમ છે. એટલે તમને કોલ કર્યો. મેં અહીંના બુટલેગર સાથે પણ વાત કરી છે."

"હા મેં એ અડધી વાત સાંભળી. વિમલ ભાગી ન જાય તે જોજો. બુટલેગરને વિશ્વાસમાં લઇ રાખો. કંઇપણ દોડાદોડી જેવું ના થાય. હું તમને કોલ બેક કરુ છું."

અર્જુન અને બુટલેગર વાતો કરતાં કરતાં વિમલ જયાં નશામાં પડયો હતો ત્યાં પહોંચ્યા. હજુ અંધારુ હોવાથી લોકોની ચહલ પહલ નહોતી ચાલુ થઇ. અર્જુને બુટલેગરને વાતો કરીને વિશ્વાસમાં લઇ લીધો.

થોડીવારમાં ખાન સાહેબનો ફોન આવ્યો, "તમે બે તેને બાઇક પર લઇને મંગલના છાપરા નજીકના મેદાન બહાર આવો. હું ટીમ લઇને ત્યાં પહોંચું છુ અને મીડીયાને જાણ કરવાની છે એટલે ગફુરને મોબાઇલ પર વાત કરાવો. "

અર્જુને મોબાઇલ ગફુરને આપ્યો અને ખાન સાહેબ બોલ્યા, "જો ગફુર વિમલ પર મોટો કેસ કરી અંદર કરવાનો છે એટલે તું તારા મીડીયા મિત્રોને પણ મેં કહી તે લોકેશન પર આવવા કહી દે."

"હા સર."

"હું ફરી કોલ કરુ એટલે તમે નીકળો અને ત્યાંનું વાતાવરણ હળવું જ રાખજો."

ગફુરે અને ઇન્સ્પેક્ટર અર્જુને ખાન સાહેબની વાતની સાઇડમાં જઇને ચર્ચા કરી અને અર્જુને

બુટલેગરને કહ્યું, "તમને અને અમને તકલીફ ના પડે એટલે વિમલને અહીંથી બહાર લઇ જઇને કેસ કરીશું. સાહેબ બહાર આવે છે. આપણી વાતની જાણ કોઇને થાય નહીં. તમે હમણાં થોડો ટાઇમ અંદરનું વાતાવરણ અને તમારા માણસોને સાચવજો , બહાર મીડીયા અને મોટા અધિકારીઓ આવી શકે છે."

ગફુરે તેના મીડીયાના મિત્રોને બ્રેકીંગ ન્યુઝ માટે લોકેશન પર આવવા વાત કરી લીધી.

ખાન સાહેબનો કોલ આવતાં તે બંનેએ વિમલને તેમની વચ્ચે બેસાડયો અને મંગલના છાપરા નજીકના મેદાન તરફ જવા નીકળ્યા.

સવારના ચાર વાગ્યા હતાં અને લોકોની સામાન્ય અવરજવર ચાલુ થઇ ગઇ હતી. ગફુર અને અર્જુનને બાઇક પર વિમલને લઇને આવતો જોઇ ટીમના બધા મનોમન હસી રહ્યા હતાં અને હવે શરુ થનાર સીનની રાહ જોતા હતાં.

ખાન સાહેબે ઇન્સપેક્ટર અર્જુન અને ગફુરના ખભે હાથ મુકી શાબાશી આપી. ગફુર ટીમની સામેથી ખાન સાહેબને ઇશારામાં કહી પળવારમાં ગાયબ થઇ ગયો.

ખાન સાહેબના પ્લાન મુજબ ઇન્સપેક્ટર નાયકે વિમલને મેદાનની ધુળમાં સુવડાવી દીધો. હજુ પણ વિમલ નશામાં જ હતો. વિમલની આસપાસ દેશી દારુની કોથળીઓ મુકવામાં આવી અને તેના ખિસ્સામાં દેશી દારુમાં વપરાતા કેમિકલના સેમ્પલ મુકી દેવામાં આવ્યા. દારુના નશામાં દારુનું કેમિકલ્સ સપ્લાઈ કરનાર માણસ તરીકેનો સીન ઉભો થઇ ગયો.

હવે મીડીયા આવવાની રાહ જોવાની હતી. ઇન્સપેક્ટર નાયકે સરકારી ડોકટરને પણ સ્પોટ પર વિમલના ચેકઅપ માટે બોલાવી લીધા હતાં. થોડીવારમાં જ મીડીયાની ટીમ આવી ગઇ અને શરુ થઇ ગઇ ખાન સાહેબે વિચારેલી બ્રેકિંગ ન્યુઝની કહાની.

પોલીસે વિમલની આસપાસનો એરીયા કવર કરી લીધો. પ્રિન્ટ અને ટીવીના મીડીયાવાળા એક પછી એક આવવા લાગ્યા હતાં. મીડીયાની ગાડીઓ જોઇ ઉત્સુકતાવશ મંગલના છાપરાની બહાર લોકોના ટોળા ભેગા થયાં હતાં.

ખાન સાહેબ ઇન્સ્પેક્ટર નાયકને થોડીવારમાં વિમલ ભાનમાં આવે એટલે ધરપકડનો સીન પુરો કરી ક્રાઇમ બ્રાંચ આવવાનું કહી ત્યાંથી નીકળી ગયાં.

ખાન સાહેબે કમિશ્નર સાહેબને કોલ કરી કાલ રાતથી સવાર સુધીની ઘટનાની જાણ કરી અને આગળની કાર્યવાહી વિશે માહિતગાર કર્યા .

કમિશ્નર સાહેબે હસતા હસતા કહ્યું "આજની મોર્નિંગ ખરેખર ગુડ થઇ ગઇ છે. પણ હવે તમે મને એક વાત કહો આ બ્રેકિંગ ન્યુઝના ક્રિએટર કોણ? "

"સર, એ આપણી આખી ટીમ." ખાન સાહેબ પણ હસીને બોલ્યા.

કમિશ્નર સાહેબે ખાન સાહેબની વાતમાં થાક પારખીને કહ્યું "જો તમારે કાલનો ઉજાગરો છે, તમે આરામ કરો અને હું ક્રાઇમ બ્રાંચ પહોંચીને મીડીયાને આપવા બ્રિફની તૈયારી કરાવું છું. "

"ઓકે સર."

ખાન સાહેબ ઘરે પહોંચ્યા અને ગફુરનો ફોન આવ્યો અને તેણે કહ્યુ, "સાહેબ, બ્રેકિંગ ન્યુઝ માટે હેડ લાઇન તો આપો. "

ખાન સાહેબ બોલ્યા, "એ તું વિચારીને મોકલી દે. હું બહુ થાકી ગયો છું. થોડો આરામ કરી વિમલને મળવા જવાનું છે. "

"હા સાહેબ. મેં વિચારી છે."

"તો બોલ."

"મીડીયા રીપોર્ટરના વેશમાં નશામાં ચુર દારુના અડ્ડા પર હપ્તા ઉઘરાવતો રીપોર્ટર પોલીસના હાથે ઝડપાયો. દેશી દારુના અડ્ડા પર કેમિકલ સપ્લાય કરતો મીડીયા રીપોર્ટર પકડાયો."

"બરોબર છે, મોકલી દે. આજે આખો દિવસ વિમલના ન્યુઝ ચાલવા જોઇએ."

"હા સાહેબ."

વહેલી સવારમાં બધી ચેનલોમાં વિમલના બ્રેકિંગ ન્યુઝ શરુ થઇ ગયાં હતાં. મીડીયાની ઘણી બધી ટીમ વધુ ઇન્ફરમેશન માટે ક્રાઇમ બ્રાંચ પહોંચી હતી.

ખાન સાહેબ આરામ કરવા આડા પડયા અને માંડ આંખ મિચાઇ હશે કે ત્યાં સુજાતાનો કોલ તેમના મોબાઇલ પર આવ્યો.

અર્ધ ખુલ્લી આંખે મોબાઇલ સ્કરીન પર નજર કરી કોલ રીસીવ કરતાં ખાન સાહેબ બોલ્યા, "તમને હેરાન કરનારો પકડાઇ ગયો છે, હવે તમારે ડરવાની જરુર નથી. પણ તમે પોલીસથી જે વાત છુપાવો છો તે યોગ્ય નથી અને તમારા માટે સેફ પણ નથી."

સુજાતા કંઇજ બોલ્યા વગર ખાન સાહેબની સાંભળતી હતી અને વચ્ચે વચ્ચે થોડુ રડી રહી હોય તેવું ખાનસાહેબને લાગ્યું .

ખાન સાહેબ થોડુ અટક્યા અને બોલ્યા, "તમે કોલ કેમ કર્યો હતો? "

"તમારો આભાર માનવા માટે" આટલું કહીને સુજાતાએ ફોન કટ કરી નાંખ્યો.

વિમલ હોશમાં આવતાં ઇન્સપેક્ટર નાયક એમ્બ્યુલન્સમાં તેને લઇને ક્રાઇમ બ્રાંચ પહોંચે છે. વિમલ તેની આસપાસ શું થઇ રહ્યુ છે તે જોઇ સમજવા મથી રહ્યો હતો. તે કયાંક ફસાઇ ગયો છે તેવું મનોમન વિચારી રહ્યો હતો.

હીરાલાલ બ્રેકીંગ ન્યુઝ જાણી ઉતાવળે ક્રાઇમ બ્રાંચ પહોંચે છે અને ત્યાં હાજર મીડીયાની ભીડ જોવે છે. અંદર જઇ આખી ટીમ હાજર છે તે પણ જોવે છે, તેમની પાસેથી ગઇ રાતની આખી વાત જાણે છે. તેઓ ખાન સાહેબને ભીડમાં શોધી રહ્યાં છે પણ દેખાતાં નથી.

થોડીવાર પછી હીરાલાલે હાફ ટનને કોલ કર્યો અને તેમની તપાસ માટે જવાની વાત કરી. હીરાલાલે તેમના પ્લાન મુજબ તપાસ માટે જવાની તૈયારીઓ કરી લીધી.

પ્રકરણ ૨૨ પુર્ણ

પ્રકરણ ૨૩

હીરાલાલે તપાસમાં જતાં પહેલા ખાન સાહેબને મળવા જવાનું વિચાર્યુ પણ તેમની ઓફિસ બંધ હોવાથી તપાસ કરતાં તેમને કાલ રાતથી તેઓ તપાસમાં હોવાની વાતની જાણ થઇ અને હાલ તેઓ થોડો આરામ કરવા ઘરે ગયા છે તે જાણવા મળ્યું.

હાફ ટન અને ફુલ ટન આવી જતાં હીરાલાલ

ખાન સાહેબે વિમલના હાથમાં રીપોર્ટ આપતાં કહ્યું "લે વિમલ વાંચ, બબલુની મોત શેનાથી થયો તેનો રીપોર્ટ છે."

વિમલે ધ્રુજતા હાથે રિપોર્ટ હાથમાં લીધો ને પડી ગયો. ઇન્સપેક્ટર અર્જુને તેમના હાથમાં રાખી વિમલને વાંચવા ઇશારો કર્યો. વિમલે મજબુરીમાં ડરતા ડરતા રીપોર્ટ વાંચ્યો.

ખાન સાહેબ હસતા હસતા બોલ્યા, "બ્રેકિંગ ન્યુઝ છે ને વિમલ આ રીપોર્ટ. તું મીડીયામાં લીક કરીને રુપીયા કમાઇ લે."

વિમલ હાથ જોડીને ઉભો રહ્યો અને કંઇ બોલી ના શક્યો. તેને ડુમો ભરાઇ આવ્યો હતો. તે ડરી ડરીને તેની સાથે શું થઇ રહ્યું છે તે વિચારતો હતો.

ખાન સાહેબ કડકાઇથી બોલ્યા, "રીપોર્ટમાં શું લખ્યું છે તે વાંચીને મને જણાવ, જલદીથી."

વિમલ ધ્રુજતા સ્વરે બોલ્યો, "પોટેશિયમ ક્લોરાઇડના ઇન્જેક્શનથી બબલુનું મોત થવાનો રીપોર્ટ છે."

"અને આ પોટેશિયમ ક્લોરાઇડનું ઇન્જેક્શન બબલુને તેની પત્નીના આશિક રીપોર્ટર વિમલે માર્યુ છે. વિમલ દેશી દારુના કેમિકલ અને પોટેશિયમ ક્લોરાઇડના ઇન્જેક્શનનો વેપાર કરે છે તેવા પુરાવા મળ્યા છે." ખાન સાહેબ વિમલ સામે જોઇને એકીશ્વાસે બોલી ગયાં.

વિમલ આ સાંભળીને ધ્રુસકે ને ધ્રુસકે રોવા માંડયો. ખાન સાહેબ ઇન્સપેક્ટર અર્જુન સામે ઇશારો કરી હસતા હસતા બોલ્યા, "લો બબલુ મર્ડર કેસ પુરો, આરોપી પકડાઇ ગયો અને આપણું કામ પુરું."

વિમલ ખાન સાહેબના પગમાં પડીને રોવે છે. તેની આંખોના પોપચાં રોઇ રોઇને સુઝી ગયા હતાં. તે આજીજી કરતા બોલ્યો, " મોટા સાહેબ, મેં બબલુનું મર્ડર નથી કર્યું .મને આમ ના ફસાવો. મને બચાવો. મારો ગુનો માત્ર દારુ પીવાનો જ છે સાહેબ. અને .."

"અને આગળ બોલ. અને પછી શું." ખાન સાહેબે તેને બોચીમાંથી પકડી જમીન પરથી ઉભો કરતાં બોલ્યા.

"મેં ..મેં સુજાતાને બ્લેકમેલ કરી છે. બીજુ કંઇ નહીં." વિમલ ધ્રુજતા સ્વરે બોલ્યો.

"મીડીયામાં ન્યુઝ લીક કરવાની અને બુટલેગરોને ડરાવી હપ્તા ઉઘરાવાની સજા કોણ ભોગવશે? " ખાન સાહેબે વિમલની આંખોમાં આંખ પરોવીને ગુસ્સામાં પુછ્યું

"ભુલ થઇ ગઇ સાહેબ, હવે નહિં કરુ. મને જવા દો. મને માફ કરો."

"તને માફ નહીં પણ સાફ કરવાનો છે."

ઘણા દિવસે ખાન સાહેબના મગજ પર ગુસ્સો હાવી થઇ ગયો હતો તે ઇન્સપેક્ટર નાયક જોઇ રહ્યા હતાં. ખાન સાહેબે ગુસ્સામાં ને ગુસ્સામાં વિમલને બે ત્રણ ઝાપટ મારી દીધી.

"આની પર બને તેટલા સાચા કે ખોટા મોટા ગુના લગાવી મેજીસ્ટ્રેટ સાહેબ સામે હાજર કરી વધુમાં વધુ રીમાન્ડ માંગો." ઇન્સપેક્ટર નાયકની સામે જોઇને ખાન સાહેબ બોલ્યા.

સાહેબ માફ કરો, માફ કરો ની બુમો પાડતો વિમલ ધ્રુસકે ને ધ્રુસકે રોતો હતો. વિમલને રોતો જોઇ ખાન સાહેબ બોલ્યા, "તે અને તારા જેવા બોગસ રીપોટરોએ પોલીસને યોગ્ય રીતે કામ કરવા નથી દીધું. સતત તમે લોકોએ પોલીસ પર પ્રેશર બનાવી રાખી મજા લીધી છે, હવે તેની સજા ભોગવવા તૈયાર થઇ જા. તે ન કરેલા ગુનાની સજા તું ભોગવ અને અમારુ કામ પુરુ ને કેસ પણ પુરો. "

ખાન સાહેબ રોતા વિમલને ડરાવીને પ્રેસ કોન્ફરન્સ રુમ તરફ જવા નીકળ્યા. આજે ઘણા દિવસે તેઓ મનમાં સારુ ફિલ કરતા હતાં. મીડીયા સાથે વાત કરવામાં કંટાળો અનુભવનાર ખાન સાહેબ આજે મીડીયા સાથે વાત કરવા ઉત્સાહી હતાં.

પ્રકરણ ૨૩ પુર્ણ

પ્રકરણ ૨૪

ક્રાઇમ બ્રાંચની ટીમે પહેલી વાર ખાન સાહેબને ઉત્સાહથી પ્રેસ કોન્ફરન્સ સંબોધતા જોયા હતાં. દરેક વખતે તેઓ પ્રેસ કોન્ફરન્સમાં મીડીયાકર્મીઓનું વેલકમ કરી બીજા ઓફિસરને આગળ કરી પ્રેસ કોન્ફરન્સમાંથી નીકળી જતાં હતાં પણ આજે તેઓએ તેમની ટીમે મીડીયાને માટે તૈયાર કરેલી સ્કરીપ્ટ હાથમાં લઇને પ્રેસ કોન્ફરન્સ શરુ કરી હતી. તેમણે વિમલ લાઇવ પ્રેસ કોન્ફરન્સ જોઇ શકે તે માટે વ્યવસ્થા કરી હતી.

ખાન સાહેબે પ્રેસ કોન્ફરન્સ શરુ કરતાં બોલ્યા, "મિત્રો નમસ્કાર. તમે સવારથી જે બ્રેકિંગ ન્યુઝ માટે રાહ જોઇ રહ્યા છો તે જણાવવાનો સમય આવી ગયો છે. અમારી ટીમને કાલે રાતે ઇન્ફરમેશન મળી હતી કે શહેરમાં દેશી દારુના બુટલેગરોને સપ્લાય કરનાર માણસ ડીલીવરી કરવા આવનાર છે. થોડા દિવસ પહેલા તમને જાણ જ હશે કે દેશીના દારુના અડ્ડાઓ પર પડેલી રેડ અને પકડાયેલા બુટલેગરોની તપાસ કરતાં અમે આ સપ્લાયરનેસપ્લા શોધતાં હતાં. સપ્લાયર આપણી આસપાસ જ હતો પણ તે રીપોર્ટરના વેશમાં ફરી રહ્યો હતો. તેનું નામ છે વિમલ. તે બુટલેગરો પાસેથી હપ્તાઓ પણ ઉઘરાવતો, બળજબરીથી મફત દારુ લઇ જતો અને કેમિકલ્સ પણ સપ્લાય કરતો હતો."

ખાન સાહેબે ટીમે બનાવેલી સ્કરીપ્ટને ટવીસ્ટ કરીને પ્રેસ કોન્ફરન્સમાં કહી રહ્યા હતાં તે ઇન્સપેકટર નાયકે જોયું અને શું થઇ રહ્યું છે તે વિચારી રહ્યા હતાં. ખાન સાહેબે તેમને ઇશારો કરી બરોબર છે તેમ કહ્યું.

વિમલ તેના પર વિરુદ્ધ ખોટો ગુનો પોલીસ લગાવી રહી છે તે ટીવીમાં જોઇ ધ્રુસકે ધ્રુસકે રોતો હતો. ઇન્સપેકટર અર્જુને તેને બળજબરીપૂર્વક શાંત કરી ટીવીમાં જોવા કહ્યું.

ખાન સાહેબે ટેબલ પરના ગ્લાસમાંથી પાણીનો ઘુંટડો પીધા પછી ફરી બોલવાનું શરુ કર્યું, "મોડીરાતની તપાસ કર્યા પછી વિમલ દારુના નશામાં શંકાસ્પદ હાલતમાં મળી આવેલ. તેની પાસેથી દેશી દારુ અને દેશી દારુમાં વપરાતો મિથેનોલ કેમિકલ્સ, ફટકડીના સેમ્પલ પણ મળી આવ્યા છે. તમારામાંથી કેટલાંકને ન્યુઝ મળી જતાં તે વહેલી સવારે સ્પોટ પર પહોંચી ગયા હતાં. તેમણે પણ જોયું અને તેમના કેમેરામાં રેકોર્ડ પણ કર્યું હશેજ."

મીડીયામાં કેટલાંક વિમલને સપોર્ટ કરનારા પણ હતાં. તેમણે વિરોધ કર્યો ને મીટીંગ વચ્ચે બોલવાનું શરુ કર્યુ કે વિમલને ફસાવ્યો છે, વિમલને મીડીયા વચ્ચે લાવો તો સત્ય બહાર આવે.

ખાન સાહેબે શાંતિથી તેમના વિરોધને સાંભળીને બોલવાનું શરુ કર્યું, "તે નિર્દોષ હશે તો તે કોર્ટમાં તેનો પક્ષ મુકીને બચી જશે. અમે મેજીસ્ટ્રેટ પાસે રીમાન્ડ માટે જઇએ છીએ ત્યાં તે પોતાની વાત રજુ કરી શકશે. અમારી પાસે તેની વિરુધ્ધ પુરતા પુરાવા છે. મીડીયા વચ્ચે આરોપીને લાવવાની કોઇ પરંપરા અને કાયદો નથી એટલે ખોટી વાત કરી સમય ના બગાડશો."

ખાન સાહેબની વાત સાંભળી મીટીંગમાં સન્નાટો પ્રસરી ગયો. વિરોધ કરનારાઓને ખાન સાહેબે ઇશારો કરી નીચે બેસાડી દીધાં. મીડીયાના રીપોર્ટરને આગળ શું તેની ઇંતેજારી હતી.

ખાન સાહેબ પણ મીડીયાકર્મીઓની ઉત્સુકતા જોઇ ફરી બોલવાનું શરુ કર્યું, "વિમલને જાણનારાને ખબર નહીં હોય પણ તેના વિરુધ્ધ અમને કંમ્પલેઇન પણ મળી છે. તે કંમ્પલેઇનના અનુસંધાનમાં અમે તેની શોધખોળ કરતાં હતાં પણ તે શહેરમાં સંતાઇને ફરતો હતો. તેની વિરુદ્ધ કંમ્પલેઇન કરી છે સુજાતાએ. બબલુ પાંડેની પત્ની સુજાતા. તે સુજાતાને હેરાન કરતો હતો અને તેની કંમ્પલેઇન સુજાતાએ કરી છે, એટલે તેના આધારે પણ તેની ધરપકડ કરી છે અને ગુનો સાબિત થયે સજા પણ થશે."

મીડીયાકર્મીઓ એક પછી એક બ્રેકીંગ ન્યુઝ જાણવા ઉત્સાહિત હતાં અને વિમલને જાણનાર તેના કારનામાથી ચોંકી ગયા હતાં.

ખાન સાહેબ ઉભા થઇ તેમની વાત પુરી કરી અને તેમણે જતાં જતાં કહ્યું, "તમારા કોઇ પ્રશ્નોના હોય તો તેનો જવાબ ઇન્સપેક્ટર નાયક આપશે. ફેક બ્રેકિંગ ન્યુઝ લીક કરનારના બ્રેકિંગ ન્યુઝ બની ગયા."

ખાન સાહેબના છેલ્લી વાતથી પ્રેસ કોન્ફરન્સમાં હાજર તમામ લોકોમાં હસી વ્યાપી ગઇ. ખાન સાહેબ મીડીયા રુમના ખુણામાં ઉભેલા હીરાલાલને ઇશારો કરી પોતાની પાસે બોલાવી, તેમના ખભે હાથ મુકી વાતો કરતાં કરતાં તેમની ઓફિસમાં પ્રવેશ્યા.

ઓફિસમાં પ્રવેશતાં જ હીરાલાલ બોલ્યાં, "સાહેબ બહુ થાકી ગયા લાગો છો."

"હા હીરાલાલ. થાક સાથે ભુખ પણ લાગી છે. પણ ..આજે એક નડતર દુર કરી તેની શાંતિ પણ છે." ખાન સાહેબ આળસ મરોડતા બોલ્યા.

"તો હું કેન્ટીનમાંથી ચા અને નાસ્તો મંગાવું તમારા માટે ત્યાં સુધી તમે આરામ કરો."

"હા મંગાવો હીરાલાલ. અને આરામ તો હાલ શકય નથી. બબલુનો કેસ સોલ્વ કરવાની ઉતાવળ છે."

હીરાલાલ કેન્ટીનમાંથી ચા અને નાસ્તો મંગાવે છે તેટલીવારમાં ખાન સાહેબ વાતો કરતાં કરતાં ઓફિસના સોફા પર આડા પડ્યાં અને પળવારમાં ઉંઘી ગયા.

થોડી જ મીનીટમાં ચા નાસ્તો આવી ગયો પણ હીરાલાલે થાકીને ઉંઘી ગયેલા ખાન સાહેબને ઉઠાડવાનું યોગ્ય ના લાગતા તે પરત મોકલ્યો. હીરાલાલ ઓફિસમાં બેઠા બેઠા તેમની આગળની તપાસનું પ્લાનિંગ વિચારી રહ્યા હતાં.

ખાન સાહેબના મોબાઇલ પર રીંગ વાગતાં તેઓ સફાળા જાગી ગયાં અને બોલ્યા, "બોલ નવા

અપડેટ્સ માં .."

"બસ કંઇ નહીં સાહેબ પણ તમારી પ્રેસ કોન્ફરન્સ ટીવી પર જોઇ મજા આવી અને વિમલ પર તમે બરોબર મજબુતીથી કેસની તૈયારીઓ કરી લીધી લાગે છે. મીડીયા વિમલના ન્યુઝમાં બરોબર બીઝી થઇ જશે અને તમે તમારુ કામ કરી શકશો. "

"હા ગફુર. તને જોઇને મજા આવી એવી મને વિમલને પકડીને આવી છે. વિમલ તો કાયમ માટે ગયો અંદર. જોજે તેના હાલ કેવા થાય છે અને મીડીયાવાળાને મસાલો મળી ગયો છે એટલે .."

હીરાલાલે ફરી ચા નાસ્તો મંગાવી લીધા. ખાન સાહેબ ચા નાસ્તો જોઇને બોલ્યા, "ચલ ગફુર ભુખ લાગી છે, ચા નાસ્તો આવી ગયો છે એટલે પછી શાંતિથી વાત કરીશું અને કોઇ અપડેટ્સ હોય જાણ કરજે."

ફોન કટ કરી ખાન સાહેબ ચા નાસ્તો કરતાં કરતાં બોલ્યા, "હીરાલાલ, ઉંઘ કયારેક આવી ગઇ ખબર જ ના પડી."

"સાહેબ કાલે રાતના તમે .."

હીરાલાલની વાત અટકાવી ખાન સાહેબે તેમને ઉતારીને પછી જે કંઇ થયું તેની વાત શોર્ટમાં કહી. વાત સાંભળી હીરાલાલ બોલ્યા, "તો તો સાહેબ, તમને કાલનો આરામ જ નથી મળ્યો. તમે ભલે ઘરે ના જાઓ પણ થોડીવાર અહીંજ આરામ કરી લો."

"હા અને પછી તમારી તપાસનું શું થયું."

હીરાલાલે તેમણે કરેલી મંજુલાની તપાસની વાત શોર્ટ કહી રીપોર્ટ આપ્યો અને પ્રાથમિક તપાસમાં તેનું બબલુ મર્ડર કેસમાં સંડોવણી નહી હોય તેવું પણ કહ્યું.

હીરાલાલ સાથે વાત પુરી કરી ખાન સાહેબે ઇન્સપેક્ટર અર્જુનને કોલ કર્યો અને કહ્યું, "જુઓ, પ્રેસ રીપોર્ટરો વિમલની ધરપકડના સ્પોટ પર જશે એટલે તારા ખબરી વડે બુટલેગરો સાથે વાત કરીને કાલની ઘટના લીક ના થાય તે જોઇ લેજો અને હીરાલાલ પાસેથી તપાસ રીપોર્ટ લઇ ટીમમાં ચર્ચા કરી આગળની કાર્યવાહી કરો."

હીરાલાલ ખાન સાહેબને મળીને તેમની ઓફિસમાંથી બહાર નીકળી ઇન્સપેક્ટર અર્જુનને રીપોર્ટ આપવા પહોંચે છે. ત્યાં પહોંચીને ધ્રુસકે ધ્રુસકે રોઇ રહેલા વિમલને જોવે છે.

હીરાલાલ અને ઇન્સપેક્ટર અર્જુન ટીમ સાથે બેસીને રીપોર્ટની ચર્ચા કરે છે. હીરાલાલે મંજુલાનો મોબાઇલ નંબર મોબાઇલ એક્ષપર્ટને આપી તેની કોલ ડીટેઈલ મેળવે છે. મંજુલાએ કહ્યુ હતું તે મુજબ અને કોલ ડીટેઈલ મુજબ બબલુ મર્ડરના દિવસ આસપાસ મંજુલા બીજા શહેરમાં હતી. મંજુલાના નંબર અને બબલુના નંબરનો ડેટા ચેક કરતા તે બે નંબરો પર વાત થઇ ન હતી.

ઇન્સપેક્ટર મેવાડા હીરાલાલની તપાસ, ટીમની ચર્ચા અને કોલ ડીટેઈલ પરથી ખાનસાહેબને સબમીટ કરવા રીપોર્ટ બનાવે છે, મીટીંગ પુરી થાય છે.

બપોર પછી વિમલને બરોબર ડરાવી ધમકાવી, તેના વિરુધ્ધના પુરાવા બતાવી ઇન્સપેક્ટર મેવાડા રીમાન્ડ મેળવવા માટે મેજીસ્ટ્રેટ સાહેબ સામે રજુ કરવા લઇ જાય છે.

વિમલ મનોમનથી એટલો બધો ડરી ગયો હતો અને ભાંગી ગયો હતો એટલે તે મેજીસ્ટ્રેટ

સાહેબ સામે ઘણું બોલવું હતું છતાં એકપણ શબ્દ બોલી ન શકયો. મેજીસ્ટ્રે સાહેબે પોલીસની માંગ પર ૧૪ દિવસના રીમાન્ડ આપી દીધાં

ખાન સાહેબે સાંજે તેમની ઓફિસમાં મીટીંગ બોલાવી આખા દિવસના અપડેટ્સની ચર્ચા કરી. ચર્ચામાં ઇન્સપેક્ટર અર્જુને વિમલના ૧૪ દિવસના રીમાન્ડની વાત કરી. ઇન્સપેક્ટર મેવાડાએ હીરાલાલની તપાસનો રીપોર્ટ આપ્યો.

ખાન સાહેબે હીરાલાલની તપાસનો રીપોર્ટ સ્ટડી કરતા બોલ્યા, "હીરાલાલ, તમે કેવી રીતે મંજુલા બબલુ મર્ડર કેસમાં શકમંદ નથી તેમ કહી શકો? "

"સાહેબ, મંજુલાએ ઘર બદલ્યુ છે અને તે સામાન્ય જીંદગી જીવે છે એ મેં એના ઘરમાં જઇને જોયુ અને તેની વાતો પરથી જાણ્યું. તે બબલુના મર્ડરની તારીખ ૩૦ અને ૩૧ દરમ્યાન શહેરમાં ન હતી, આ તેણે કહ્યુ અને મોબાઇલ કોલ ડીટેલ પરથી જાણવા મળ્યુ. તેના નંબર અને બબલુના નંબર પર પાછળના દિવસોમાં કોઇ કોલ ડીટેલ નથી મળી. પિંટોએ કહ્યુ હતું કે બબલુ ચેનલના બહાને મંજુલાના ઘરમાં જતો હતો અને સંબંધ રાખતો હતો પણ તેને બીજી છોકરી મળતા મંજુલાને છોડી દીધી હતી."

"ઓકે હીરાલાલ, તો તમારી તપાસ અને ટીમના રીપોર્ટ પરથી હાલ મંજુલાને શકમંદોના લીસ્ટમાંથી થોડો ટાઇમ સાઇડ કરીએ છીએ. તમે તમારી આગળની તપાસ ચાલુ રાખો."

ઇન્સપેકટર નાયકે ખાન સાહેબને કહ્યુ, " સર, બબલુના મર્ડરના શકમંદોના લીસ્ટમાંથી એક ધનંજયને તપાસ માટે બોલાવા જાણ કરી તો તે ન આવતા સ્થાનિક પોલીસની મદદથી તેના ઘરે જઈ સમન્સ પાઠવ્યું છે પણ તે હજુ સંપર્કમાં નથી."

"આ ધનંજય કોણ છે અને કેમ તેની પર શક છે ?" ખાન સાહેબ અકળાઈને બોલ્યા

"સર, બબલુના ચેનલના ધંધાનો હરીફ ધનંજય છે. બબલુના મર્ડર થવાથી ચેનલનો ધંધો બંધ થાય તો સૌથી મોટો લાભ ધનંજયને જ થાય તેમ છે."

"બરોબર. તો સ્થાનિક પોલીસ સ્ટેશનના પી આઇ સાથે હાલ જ મારી વાત કરાવો."

ઇન્સપેક્ટર નાયકે સ્થાનિક પોલીસ સ્ટેશનના પી આઇને કોલ કરી ખાન સાહેબને આપ્યો, " હલ્લો ક્રાઇમ બ્રાંચથી ખાન બોલુ છુ."

"નમસ્કાર સર, બોલો સર શું ઓર્ડર છે."

"તમે ધનંજયની મેટરનું શું કર્યુ ?"

" સર, એ સમન્સ પછી નેટવર્કમાં નથી અને .."

ખાન સાહેબ કડક અવાજે બોલ્યા, "અને તમે ધનંજય સામે ચાલીને આવશે તેની રાહ જોવો છો. મારે આજે ગમે તે કરીને ધનંજય ક્રાઇમ બ્રાંચમાં જોઇએ. તમે તેની સંભવિત લોકેશનની ઇન્ફરમેશન અને મોબાઇલ નંબર લઇને ક્રાઇમ બ્રાંચ તાત્કાલિક હાજર થાઓ."

કોલ પતાવી ખાન સાહેબે ટીમને કહ્યુ, "જુઓ પેલા પી આઇ અહીં આવે એટલે ઇન્ફરમેશન મેળવી આજે રાતે ધનંજયને અહીં ગમે તેમ કરીને ઉપાડી લાવાનો છે. તમે તમારા ઇન્ફોર્મરને પણ કામે લગાડો. તમને બધાને હું અત્યારે રીલીવ કરુ છુ, આપણે બધા રાતે 10 વાગે પાછા મળીએ અને મિશન ધનંજય પુરુ કરીએ."

ખાન સાહેબ હીરાલાલને લઇને ઘરે જવા નીકળે છે. રસ્તામાં હીરાલાલ ખાન સાહેબને પુછે છે, "સર, મારે પણ રાતે આવવાનું છે ?"

"ના. તમારે આવાની જરુર નથી પણ કાલે તપાસ ચાલુ રાખજો. "

"આભાર સાહેબ, પણ તમે આજે પણ ઉજાગરો કરશો .."

"હીરાલાલ, મને લાગે છે કે આજે ઉજાગરો નહીં થાય."

"હું સમજયો નહીં સાહેબ."

"એ તમને કાલે સવારે સમજાઇ જશે, લો તમારુ ઘર પણ આવી ગયું." ખાન સાહેબ હસતા હસતા બોલ્યા

ખાન સાહેબે ઘરે પહોંચીને તેમના ફેમીલી સાથે ઘણા દિવસે વાત કરી અને માઇન્ડ ફ્રેશ કર્યું. તેમની પત્નીએ ઘણા દિવસે પ્રેસ કોન્ફરન્સમાં ઉત્સાહથી બોલતા હતા તે વાત પણ કરી અને બહુ વર્ક લોડ નહિં કરવાની વાત કરી.

થાકેલા ખાન સાહેબ વાતો કરતા કરતા ગુડ નાઇટ તેમના પત્નીને કહીને ખાધા પીધા વગર ઉંઘી જ ગયા.

રાત થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનની ટીમ ધનંજયની ઇન્ફરમેશન લઇ ક્રાઇમ બ્રાંચ પહોંચે છે. ખાન સાહેબે ઘરે નીકળતા પહેલા મોબાઇલ એક્ષપર્ટને ધનંજયની કોલ ડીટેલ ડેટા સર્ચ કરી જાણ કરવાનું કહ્યુ હતું.

મોબાઇલ એક્ષપર્ટે ધનંજયની કોલ ડીટેલનો ડેટા સર્ચ કરી તેણે કરેલા કોલ અને લોકેશનની ડીટેલ મેળવી ખાન સાહેબને કોલ કર્યો અને કહ્યું " સર, ધનંજયની લોકેશન ટ્રેસ થઇ ગઇ છે, તો તમે.."

"હું થોડીકવારમાં જ ઓફિસ પહોંચું છું." ખાન સાહેબ સફાળા જાગીને બોલ્યા.

ખાન સાહેબે હાફ ટનને તેમનું જમવાનું પાર્સલ ઓફિસ પહોંચાડવાનું કહી ઓફિસ જવા નીકળ્યા. ઓફિસ પહોંચવામાં જ હતાં ને મોબાઇલ એક્ષપર્ટનો ફરી કોલ આવ્યો એટલે કાર સાઇડમાં કરી વાત કરી.

મોબાઇલ એક્ષપર્ટે કહ્યુ, "સર, ધનંજયની લોકેશન ઓફિસની નજીકમાં જ છે. તમે જલ્દી ટીમને તેને પકડવા મોકલો."

"હું પાંચ જ મીનીટમાં પહોંચું છું અને હવે ઉતાવળ નથી." હસીને વાત કરી ખાન સાહેબે ફોન કટ કર્યો.

ખાન સાહેબે ઓફિસે પહોંચી સ્થાનિક પોલીસ સ્ટેશનના પી આઇ પાસેથી ધનંજયની ડીટેઈલ મેળવી અને તેમને ત્યાંજ રોકાવાનું કહી મોબાઇલ એક્ષપર્ટ પાસે પહોંચે છે.

મોબાઇલ એક્ષપર્ટ તેમને જોઇને તરત ઉભા થઇને લેપટોપમાં લોકેશન બતાવી સમજાવે છે. ખાન સાહેબ તેમના ખભે હાથ મુકી બેસવા ઇશારો કરી કહે છે, "ધનંજય હમણાં અહિં પહોંચશે."

"કેવી રીતે? "

"તે તેની જાતે આવશે, તમે જોઇ લેજો." હસીને

,ખાન સાહેબ બોલ્યા.

નક્કી કરેલા સમયે ટીમ ક્રાઇમ બ્રાંચ હાજર થઇ જાય છે.

પ્રકરણ ૨૪ પુર્ણ

પ્રકરણ ૨૫

ખાન સાહેબ સ્થાનિક પોલીસ સ્ટેશનના પી આઇને બોલાવીને કહે છે, "ક્રાઇમ બ્રાંચના દરવાજે જઇને ઉભા રહો, ધનંજય આવે છે. તે આવે તરત મારી પાસે લઇ આવો."

સ્થાનિક પોલીસ સ્ટેશનના પી આઇ ક્રાઇમ બ્રાંચના દરવાજે જાય છે પછી ખાન સાહેબની સામે તેમની ટીમ આશ્ચર્યની નજરે જોવે છે.

ઇન્સપેક્ટર નાયકે મુંઝવણભરી નજરે જોઇને ખાન સાહેબને પુછયું, "સર આપણે જેને પકડવા અડધી રાતે ભેગા થયા તે સામે ચાલીને અહીં આવે છે? "

"હા.તે સામે ચાલીને આવે છે, પણ મજબુરીમાં." ઉંડો શ્વાસ લઇને ખાન સાહેબ બોલ્યા.

ક્રાઇમ બ્રાંચમાં હાજર ટીમ ધનંજના આવવાની ઉત્સુકતાથી રાહ જોઇ રહી હતી. ખાન સાહેબની નજર મોબાઇલ એક્ષપર્ટના લેપટોપ અને સીસીટીવી ના પીસી પર હતી.

ખાન સાહેબે ટીમને કહ્યું, "જુઓ આ લેપટોપમાં ધનંજયના મોબાઇલની લોકેશન આપણી નજીક આવી રહી છે અને પછી સીસીટીવીના પીસી તરફ આંગળી ચીંધી કહ્યુ, જુઓ દરવાજા પાસે ધનંજય આવી ગયો છે. "

ઇન્સપેક્ટર નાયક અને ટીમને ખાન સાહેબની ગુનેગારોને પકડવાની ટ્રીક કયારેક કયારેક મોડી સમજાતી હતી. ખાન સાહેબે ગુંચવાયેલી ટીમને જોઇને કહ્યું, "ધનંજયને સ્થાનિક પોલીસની ટીમમાંથી જ કોઇક ઇન્ફરમેશન આપતું હોય એવું મને લાગ્યું એટલે સ્થાનિક પોલીસના માથે ધનંજયને પકડવા પ્રેસર આપ્યું. આપણે રાતે ભેગા થવાના છીએ અને ધનંજયની ધરપકડ કરવાની વાત પણ લીક થશે એ મને ખબર હતી. થયું પણ એવું જ.આપણી આસપાસ હોવા છતાં ધનંજયની લોકેશન ટ્રેસ નહોતી થતી તે સામે ચાલીને અહિં આવ્યો અને આપણું કામ સરળ થઇ ગયું."

ભારે ઉત્સુકતા વચ્ચે ધનંજયને ઓફિસમાં લાવવામાં આવ્યો. ધનંજયને જોઇને ખાન સાહેબ હસીને બોલ્યા, "બહુ છુપાછુપી રમી લીધી, આમ જાતે આટલી રાતે આવવાનું કારણ?"

ધનંજય ખાન સાહેબનું હાસ્ય અને હાજર ટીમને જોઇને હાથ જોડીને ધ્રુજવા માંડયો અને થોથવાતા અવાજે બોલ્યો, "સાહેબ, મને માફ કરી દો. હું ગભરાઈ ગયો હતો એટલે ભાગતો ફરતો હતો. મેં કંઇ ખોટુ નથી કર્યું."

ઇન્સપેક્ટર નાયક બોલ્યા, "સાચુ કર્યુ છે કે ખોટુ તે જોવાનું કામ અમારુ છે. તારુ નહિં."

ખાન સાહેબે ઇશારો કરી ઇન્સપેક્ટર મેવાડાને કહ્યું, "આજની રાત ધનંજય તમને સોંપ્યો, બરોબર રીમાન્ડ લેજો અને મને કાલે સવારે આ કેસની પુરી ડીટેઈલ જોઇએ."

ખાન સાહેબ અને ટીમ મોડી રાતે ઘરે જવા નીકળી. ઇન્સપેક્ટર મેવાડા અને ધનંજય

એકબીજાની સામે મૌન બનીને થોડીવાર માટે જોઇ રહ્યાં. રાતનું સુમસામ વાતાવરણ ધનંજયને વધુ ડરામણું લાગતું હતું. તેને ડુમો ભરાઇ આવ્યો હતો પણ તે ઇન્સપેક્ટર મેવાડાથી ડરીને સુનમુન બેસી રહ્યો હતો.તેના કપાળ પર પસીનાની રેલા દોડતા હતાં. તેના કપાળ પરની રેખાઓ તંગ થઇ ગઇ.

થોડીવાર પછી મૌન તોડીને ઇન્સપેક્ટર મેવાડાએ શંકાભર્યા સ્વરે પુછયું, "બોલ, બબલુંનું મર્ડર કેમ અને કેવી રીતે કર્યું ? "

સુનમુન બેઠેલો ધનંજય આ સાંભળી ધ્રુસકે ને ધ્રુસકે રડવા માંડયો અને ધ્રુજતા સ્વરે બોલ્યો, "મેં બબલુંનું મર્ડર નથી કર્યું, મેં કંઇ ખોટુ નથી કર્યુ. મને માફ કરી દો. હું ડરીને સંતાઇ ગયો હતો."

"તું 30 અને 31 તારીખે કયાં હતો? "

ધનંજયે થોડુ વિચારીને કહ્યું, "હું પારિવારીક પ્રસંગે 29 તારીખથી બહાર ગામ ગયો હતો, હું 2 તારીખે પાછો આવ્યો."

"બબલુનું મર્ડર થયુ તેની જાણ તને કયારે અને કેવી રીતે થઇ? "

"મારા મિત્ર રાજુએ ફોન પર મને જાણ કરી હતી.તેણે મને મર્ડરના બીજા દિવસે વાત કરી ત્યારે મને ખબર પડી કે બબલુ.."

"રાજુનો નંબર કયો છે? "

ધનંજયે તેનો મોબાઇલ ઇન્સપેક્ટર મેવાડાના હાથમાં મુકીને કહ્યું, "તમે જ આમાં રાજુનો નંબર સર્ચ કરી, તેને કોલ કરી પુછી જુઓ. હું જુઠ્ઠુ નથી બોલતો."

ઇન્સપેક્ટર મેવાડાએ મોબાઇલમાં કોલ ડીટેલ સર્ચ કરી રાજુનો નંબર અને તેણે કયા દિવસે ધનંજયને કોલ કર્યો હતો તેની ડીટેલ મેળવી ડાયરીમાં નોંધી લીધી.

ઇન્સપેક્ટર મેવાડાએ અડધી રાતે તેમના મોબાઇલ પરથી રાજુને કોલ કરી ધનંજયે કરેલી વાતની ક્રોસ ઇન્કવાયરી કરવા કોલ કર્યો ત્યારે ધનંજય કયાં હતો તેની પણ પુછપરછ કરી. રાજુ આમ અડધી રાતે પોલીસનો ફોન આવતા ડરી ગયો પણ ધનંજયની વાત ઇન્સ્પેક્ટરે કરી એટલે તેણે આખી વાત ફોન પર કરી અને જરુર પડે ક્રાઇમ બ્રાંચ આવીને સ્ટેટમેન્ટ આપવાની પણ તૈયારી બતાવી.

રાજુ સાથે વાત પુરી કરી ઇન્સપેક્ટર મેવાડાએ પાણીનો ગ્લાસ આપી ધનંજયને પુછયું, "તારી અને બબલુ વચ્ચે કેવા સંબંધો હતાં? "

ધનંજયે એક જ ઘુંટડે પાણી પી લીધું અને થોડો સ્વસ્થ થઇને બોલ્યો, "સર, મારે બબલુ સાથે સારા સંબંધો ન હતાં, કેમકે તે મારી ચેનલના કેબલ કટ કરી મને અને મારા કસ્ટમરને હેરાન કરતો હતો. તે મારા એરીયામાં દાદાગીરી કરીને નવા કસ્ટમર બનાવતો હતો."

"એટલે તે એને .."

"ના સર, એવું કંઇ મેં નથી કર્યું. હું વેપારી માણસ છું. હું મારા ધંધાથી મતલબ રાખુ છુ. મેં કયારેય બબલુ સાથે ઝઘડો નથી કર્યો કે બબલુના એરીયામાં કંઇ ખોટુ નથી કર્યું. મારે કોઇ ગુંડા કે અસામાજિક લોકો સાથે સંબંધો નથી."

"તારે બબલુ વિરુદ્ધ પોલીસ કમ્પલેઇન કરવી જોઇએ ને "

ધનંજય ડરતા સ્વરે આંખ નીચી કરી બોલ્યો, "ના સર, હું પોલીસની માથાકૂટમાં નથી પડવા માંગતો એટલે મેં કયારેય તેની વિરુદ્ધ કમ્પલેઇન નથી કરી. હું ..હું આજે પહેલીવાર આમ પોલીસની સામે આયો છું"

"આમાં ડરવાની જરુર નથી, પોલીસ સામાન્ય માણસની રક્ષા માટે જ છે. ગુનેગારોએ ડરવાનું હોય છે પોલીસથી." ઇન્સપેક્ટર મેવાડાએ ધનંજયના ખભે હાથ મુકીને કહ્યું.

"સર, હું બબલુ જોડે મેટર લાંબી કરવામાં કયારેય માનતો નહોતો એટલે .."

ઇન્સપેક્ટર મેવાડાએ ધનંજયની બધી વાત સાંભળી ડાયરીમાં નોંધી લીધી.

ઇન્સપેક્ટર મેવાડાએ ધનંજયને કહ્યું, "તારી વાત પર તપાસ કર્યા પછી જ તારી પર કાર્યવાહી કરવામાં આવશે અને જો તું કોઇપણ રીતે સંડોવાયેલો હોઇશ તો તું ગયો અંદર."

ઇન્સપેક્ટર મેવાડાને ધનંજય સાથે વાતો કરવામાં કયાં સવાર પડી ગઇ તે ખબર જ ના પડી. ઇન્સપેક્ટર મેવાડાને ધનંજયની વાત પરથી તે કદાચ નિર્દોષ હોય તેવું લાગ્યું પણ સાચું તો તપાસ પછી જ ખબર પડે તેવો વિચાર પણ આવ્યો.

થોડીકવારમાં જ કોન્સટેબલ હીરાલાલ પણ ઓફિસે આવી ગયાં. ઓફિસે આવીને ઇન્સપેક્ટર મેવાડાને હાજર, જોઇને તેમણે પુછ્યુ, "પછી શું થયું રાતે ?"

ઇન્સ્પેક્ટર મેવાડાએ ધનંજય સામે ઇશારો કરીને કહ્યું, "આ રહ્યો શકમંદ."

હીરાલાલે આશ્ચર્ય સાથે પુછ્યું, "કેવી રીતે આ અહિં .."

ઇન્સપેક્ટર મેવાડાએ હસીને ધનંજયની સામે જોઇને કહ્યું, "હીરાલાલ પહેલા આપણે ત્રણે ચા પાણી કરીએ પછી આગળની વાત કરીએ. અમે બે આખી રાતના થાકી ગયા છીએ."

હીરાલાલે કેન્ટીનમાંથી ચા મંગાવી અને ત્રણે જણાંએ ચા પીધી. ચા પીતા પીતા ઇન્સપેક્ટર મેવાડાએ આખી વાત ટુકમાં હીરાલાલને કહી. ધનંજય ચુપચાપ બેસી રહ્યો. તેની આંખોમાં ડર વર્તાઇ રહ્યો હતો.

હીરાલાલ આજના દિવસની તપાસની પુર્વ તૈયારી કરતા હતા અને હાફટન, ફુલટન ના આવવાની રાહ જોતા હતાં. ધનંજય એકીટસે હીરાલાલને જોઇ રહ્યો હતો તે હીરાલાલ અને ઇન્સપેક્ટર મેવાડાએ જોયું

હીરાલાલે તેમનું કામ પડતું મુકી ધનંજયના ખભે હાથ મુકીને કહ્યું,"કેમ આટલો બધો ડરે છે? "

"પેલા ખાન સાહેબ મને .." ધનંજય ધ્રુજતા સ્વરે હાથ જોડી બોલ્યો.

"જો ! તું સાચો હોઇશ તો ખાન સાહેબ તને કંઇ નહિં કરે પણ જો તું .."

"મેં કંઇ ખોટું નથી કર્યું. મેં બધી હકીકત ઇન્સપેક્ટર સાહેબને રાતે કહી છે. મને બચાવી લો. " ધનંજય હાથ જોડીને બોલતો હતો.

તે ત્રણેની વાત ચાલતી હતી ત્યાં જ ખાન સાહેબ ,હાફ ટન અને ફુલ ટન ક્રાઇમ બ્રાંચ આવી પહોંચે છે. ખાન સાહેબ આવતાં જ વાતાવરણમાં ગરમાવો આવી ગયો. તેમણે આવતાં સાથે

જ ધનંજયની માહીતી મેળવી. તેમણે ટીમ આવે તરત ધનંજયને રીપોર્ટ સાથે તેમની ઓફિસમાં લઇ આવવા ઇન્સપેક્ટર મેવાડાને કહ્યું.

ટીમ આવી જતાં ધનંજયને ખાન સાહેબની ઓફિસમાં લાવવામાં આવ્યો. ધનંજયને જોઇને ખાન સાહેબ બોલ્યા, "કેવી રહી કાલની રાત? "

ધનંજયને ડુમો ભરાઇ આવ્યો હતો અને રોઇ રોઇને તેનું ગળુ સુકાઇ ગયું હતું. તે દયામણી નજરે હાથ જોડીને ઉભો રહ્યો. તે કંઇ જ બોલ્યો નહિં.

ઇન્સપેક્ટર મેવાડાએ ધનંજયે આપેલી ઇન્ફોર્મેશનનો રીપોર્ટ ટીમ સામે રજુ કર્યો.ખાન સાહેબે ધીમા સ્વરે ધનંજયને પુછ્યું, "તારે કંઇ કહેવું છે, કંઇ કહેવાનું બાકી હોય તો કહી દે. પછી .."

ધનંજય રોતા રોતા નીચી નજરે ઉભો રહ્યો અને ઇશારામાં માથુ હલાવી ના પાડી. ધનંજયની સામે ઇશારો કરીને ખાન સાહેબે હીરાલાલને કહ્યું, "ધનંજયને બહાર લઇ જાઓ, તેને પાણી આપો અને શાંત કરો."

હીરાલાલ ધનંજયને બહાર લઇ ગયા એટલે ખાન સાહેબે ઇન્સપેકટર મેવાડાને કહ્યું, "ધનંજયની વાત પરથી તમને શું લાગે છે? "

"સર, ધનંજય પ્રથમ નજરે અને તેની વાતો પરથી નિર્દોષ લાગે છે. પણ તેની કોલ ડીટેલ અને મર્ડરની તારીખે તે કયાં હતો તેની તપાસ કરી યોગ્ય નિર્ણય કરી શકાય."

ધનંજયને શહેરથી બહાર ન જવા માટે અને દર અઠવાડિયે ક્રાઇમ બ્રાંચ હાજરી પુરાવાની શરતે છોડી મુકવાનો નિર્ણય ખાન સાહેબે કર્યો. ધનંજયનું સ્ટેટમેન્ટ અને કોલ ડીટેલની તપાસ કરી ફાઇનલ રીપોર્ટ રજુ કરવા ટીમને કહ્યું.

ઇન્સપેક્ટર મેવાડાએ ધનંજયને છોડી મુકવાની વાત કરી અને ખાન સાહેબે કહેલી શરત પણ કહી. ધનંજયે ઇન્સપેક્ટરની વાતની હા કહી એટલે તેને છોડી દેવામાં આવ્યો.

ખાન સાહેબે ઇન્સપેકટર અર્જુને બોલાવીને પુછ્યુ, "હીરાલાલ કયાં ગયા ? હું ઓફિસ આવ્યો ત્યારે અહીં હતા હવે કયાં ગયા? "

"સર, હીરાલાલ ,હાફ ટન અને ફુલ ટન તપાસ કરવા માટે ગયા છે? "

"કઇ છોકરીની તપાસમાં ગયા છે .."

"સર, તે ત્રણે અવન્તિકાની તપાસમાં ગયા છે."

"અવન્તિકાની તપાસમાં, પણ અવન્તિકા તો વિદેશમાં છે એવું પિંન્ટોએ કહ્યું હતુ ને. તો પછી તેની તપાસ કેવી રીતે? "

"હા સર. અવન્તિકા ઘણા વર્ષોથી વિદેશમાં સેટલ થઇ ગઈ છે એટલે તેની વધુ જાણકારી પિંટો પાસે નથી એવું પિંટોએ કહ્યુ હતું. પણ હીરાલાલ એમ માને તેમ નથી તે તો તમે જાણો જ છો." ઇન્સપેક્ટર અર્જુને ધીમા હાસ્ય સાથે કહ્યું.

"હા. હીરાલાલ નહીં માને તપાસ કર્યા વગર. ચલો એ બહાને પુરી તપાસ તો થઇ જશે."

"હા સર, તેમને કંઇ ઇન્ફરમેશન મળી હતી એટલે જ તે ગયા છે."

"ઓકે ઇન્સપેક્ટર અર્જુન. હવે શકમંદના લીસ્ટમાં કોનું નામ છે? "

"સર, હવે પછી બબલુએ વ્યાજે પૈસા જેને આપ્યા હતાં તે વિષ્ણુનું નામ છે. તેને પણ સ્થાનિક પોલીસે પુછપરછ માટે બોલાવ્યો હતો પણ તે સપોર્ટ કરતો નથી. તેની લોકેશન ટ્રેસ કરી લીધી છે અને તમે કહો એટલે .."

"હા. તેને હમણાંજ લઇ આવો અને ના આવે તો ઉપાડી લાવો." ખાન સાહેબ હસીને બોલ્યા.

ઇન્સપેક્ટર અર્જુને લોકલ ઇન્ફોર્મર કામે લગાડી વિષ્ણુની લોકેશન કન્ફર્મ કરી ત્યાં પહોંચવા ટીમ લઇને ક્રાઇમ બ્રાંચથી નીકળ્યા.

વિષ્ણુ વ્યાજે પૈસા લઇ સટ્ટા અને હવાલાનો ધંધો કરતો હતો. તેનું ટર્નઓવર વધી જાય ત્યારે તે બબલુ પાસેથી વ્યાજે રુપીયા લઇ જતો અને આપી જતો હતો તેવું પિંટોએ કહ્યુ હતું.

વિષ્ણુ સટ્ટા બજારની ઓફિસે છે તેવી ઇન્ફરમેશન મળતા ઇન્સપેક્ટર અર્જુને તેની ઓફિસ પર રેડ પાડી. પોલીસને જોઇને ઓફિસમાં અફરાતફરી મચી ગઇ. ઇન્સપેકટરે ભાગવા જતાં વિષ્ણુને દબોચી લીધો અને ક્રાઇમ બ્રાંચ લઇ આવ્યા.

ઇન્સપેક્ટર અર્જુનની અંડરમાં ક્રાઇમ બ્રાંચની ટીમ આટલી ઝડપથી વિષ્ણુને લઇ આવી તે જોઇને ખાન સાહેબ ખુશ હતાં.

ખાન સાહેબે ખુશ થઇને ટીમને આવકારી અને વિષ્ણુની સામે જોઇને બોલ્યા, "આવો, તમારી જ રાહ જોવાતી હતી."

ખાન સાહેબે ઇન્સપેક્ટર મેવાડા ઘરેથી આવે એટલે વિષ્ણુની પુછપરછ કરવાની વાત ટીમને કરી.

ખાન સાહેબના મોબાઇલ પર ફોન આવે છે એટલે તેઓ ઓફિસ બહાર જઇ કોલ રીસીવ કરી બોલે છે , "બોલો શું નવાજુની માં ? "

"અરે સાહેબ ! તમે વિષ્ણુને આમ કેમ ઉઠાવીને લાવ્યા ? "

"અરે ગફુર ! તને આટલી જલ્દી ખબર પણ પડી ગઇ."

"મને નહિં પણ આખા સટ્ટા બજારને ખબર પડી ગઇ છે. સાહેબ, વિષ્ણુને ક્રાઇમ બ્રાંચ લઇ ગયાની વાત વહેતી થતાં સટ્ટા બજારના મોટા માથા તેને છોડાવવા ઉપલા લેવલે કોન્ટેક કરી રહ્યા છે. "

"અને મીડીયાને પણ .."

"ના મીડીયાને તે લોકોએ મેનેજ કરી લીધુ છે, તેમની વાતો બહાર ના આવે એટલે તેઓ દોડતા થઇ ગયાં છે."

"એમ વાત છે પણ ગફુર, અમે તો બબલુના કેસમાં તેની ધરપકડ કરીને લાવ્યા છીએ. અમારે હાલ સટ્ટાને કંઇ લેવું દેવું નથી. "

"જે કંઇ પણ કરવું હોય જલ્દી કરજો. કદાચ તમારી પર ઉપરા લેવલથી ફોન આવવાની તૈયારીમાં છે."

"ઓકે, બાય." ખાન સાહેબે ઉતાવળમાં ગફુરનો કોલ કટ કર્યો.

ગફુરનો ફોન કટ કરીને તરત જ ખાન સાહેબે ફોન કરીને પોલીસ કમિશ્નરને વિષ્ણુની ધરપકડની

જાણ કરી. પોલીસ કમિશ્નરે તેમને વગર ટેન્શને જરુરી કાર્યવાહી કરવાની વાત કરી. પોલીસ કમિશ્નરની વાત પરથી ખાન સાહેબને જુસ્સો આવ્યો અને તેમણે તરત ઇન્સપેક્ટર મેવાડા ઓફિસ આવ્યા કે નહિં તેની જાણકારી મેળવી.

ઇન્સપેક્ટર મેવાડા કાલ રાતના ક્રાઇમ બ્રાંચમાં ધનંજયની તપાસમાં હતાં એટલે ખાન સાહેબ તેમને ફોન કરી ઉતાવળમાં ઘરેથી બોલાવવા નહોતા માંગતા.

ઇન્સપેક્ટર મેવાડા ઓફિસ પહોંચે ત્યાં સુધી ખાન સાહેબે ટીમની સાથે વિષ્ણુની પુછપરછ શરુ કરી. પણ વિષ્ણુ સટ્ટાના કેસમાં ઘણીવાર પોલીસના ઝપાટે ચડી ગયો હોવાથી તે રીઢો થઇ ગયો હતો. તે કોઇપણ સવાલના જવાબ સીધા આપતો નહોતો.

ખાન સાહેબ પણ મનોમન સમજી ગયા હતા કે આ સીધી રીતે જવાબ આપે તેમ નથી, આ ઇન્સપેક્ટર મેવાડાના હાથે જ સીધો થશે.

થોડીવારમાં જ ઇન્સપેક્ટર મેવાડા હાજર થયાં. વિષ્ણુની પુછપરછ ઇન્સપેક્ટર મેવાડાને સોંપતા ખાન સાહેબે ધીમે રહીને તેમને કાનમાં કહ્યું, "આપણી પાસે સમય ઓછો છે, આના આકાઓ આને છોડાવવા મથી રહ્યા છે, એટલે ગમે ત્યારે આ છટકી જશે."

ઇન્સપેક્ટર મેવાડાએ સીધો જ થર્ડ ડીગ્રીનો પાવર બતાવી પુછપરછ શરુ કરી, "બોલ તારીખ ૩૦ અને ૩૧ તું કયાં હતો? લાવ તારો મોબાઇલ."

ઇન્સપેક્ટર મેવાડાએ વિષ્ણુનો ફોન લઇ તેની કોલ ડીટેઈલ જાણવા મોબાઇલ એક્ષપર્ટને મોકલી આપ્યો.

ઇન્સપેકટર મેવાડાએ વિષ્ણુની આંખોમાં આંખ પરોવીને સટાસટ સવાલ પુછવા માંડયા "તારે અને બબલુને કેવા સંબંધો હતાં? તારી અને બબલુ વચ્ચે કેટલા રુપીયાના વ્યવ્હાર હતાં? તે બબલુને કેમ મારી નાંખ્યો? "

હવે વિષ્ણુ ડરી ગયો હતો અને સમજવાનો પ્રયત્ન કરતો હતો કે તેને અહીં સટ્ટાના કેસ માટે નહિં પણ બબલુના મર્ડરના કેસમાં લાવ્યા છે. તેને લાગતું હતું કે પોલીસ તેને ફસાવી રહી છે."

તે હાથ જોડીને આંસુ લુછીને બોલ્યો, "હું બધુ કહીશ પણ મને મારશો નહીં. મેં કોઇનું મર્ડર નથી કર્યું ."

પ્રકરણ ૨૫ પુર્ણ

પ્રકરણ ૨૬

વિષ્ણુની આંખોમાં વર્તાતો ભય ખાન સાહેબ જોઇ રહ્યા હતાં. ક્રાઇમ બ્રાંચની આખી ટીમ એક નજરે વિષ્ણુને જોઇ રહી હતી અને તેના બોલવાની આતુરતાથી રાહ જોઇ રહી હતી.

વિષ્ણુ હજુ પણ ડરીને ચુપચાપ જમીન પર પડયો રહ્યો હતો. ખાન સાહેબે ઇશારો કરતાં ઇન્સપેક્ટર મેવાડાએ હાથ પકડીને વિષ્ણુને ઉભો કર્યો. વિષ્ણુ ઇન્સપેક્ટર મેવાડાની આંખોનો ગુસ્સો પારખી લઇ થોડો સ્વસ્થ થયો અને ટેબલ પર પડેલા ગ્લાસમાંથી પાણી પીધું.

વિષ્ણુએ ખાન સાહેબની સામે દયામણી નજરે જોઇને કહ્યું, "હું સટ્ટા બજારી કરુ છુ પણ મેં કયારેય કોઇનું મર્ડર તો શું મારામારી પણનથી કરી. મારા અને બબલુ વચ્ચે બહુ સારા સંબંધો હતાં. હું જરુર પડે બબલુ શેઠ પાસેથી વ્યાજે રુપીયા લઇ આવતો અને વ્યાજ સાથે પરત પણ

કરી દેતો. અમારી વચ્ચે કયારેય વ્યાજના રુપીયા અંગે બોલચાલ નથી થઇ."

"તારે બબલુ સાથે છેલ્લે કયારે વાત થઇ હતી." ઇન્સપેકટર અર્જુને પુછયું.

"મારે...બબલુ સાથે...લગભગ ૨૯ તારીખે વાત થઇ હતી."

"શું વાત થઇ હતી? "

"કંઇ ખાસ નહિં, મારે અને બબલુ શેઠને દર બે દિવસે એમ જ વાત થતી રહેતી અને દર અઠવાડિયે અમારે પાર્ટી થતી ,મળવાનું થતું." વાત કરતાં કરતાં વિષ્ણુ ઇમોશનલ થઇ ગયો.

થોડી મીનીટ પછી ફરીથી બોલ્યો, "સાહેબ, બબલુ શેઠ મારે માટે ભગવાન હતાં, મોટા ભાઇ અને જીગરજાન દોસ્ત હતાં. અને હું ..બબલુ શેઠનું..." વિષ્ણુ બોલતાં બોલતાં અટકી ગયો અને આંખોના આંસુ લુછવા લાગ્યો.

ક્રાઇમ બ્રાંચના રાઇટર વિષ્ણુનું સ્ટેટમેન્ટ કાગળ પર નોંધી રહ્યા હતાં. ખાન સાહેબે ફેસ રીડર ચંપાવતને પણ ખાસ હાજર રાખ્યા હતાં, જે વિષ્ણુના ફેસના હાવભાવ જોઇ નોંધતા હતાં.

"તારે બબલુ સાથે છેલ્લો વ્યવ્હાર કયારે થયો હતો? " ખાન સાહેબે કડક અવાજે પુછયું.

"મારે ગયા મહિને કદાચ ૧૦ તારીખે વ્યવ્હાર થયો હતો."

"કેટલી એમાઉન્ટનો વ્યવહાર હતો ?"

વિષ્ણુ એમાઉન્ટના જવાબ પર મૌન બની ગયો એટલે ઇન્સપેક્ટર મેવાડાએ તેની આંખોમાં આંખ નાંખી ગુસ્સામાં કહ્યું, "જલ્દી જવાબ આપ. આમ મૌન બની રહે નહીં ચાલે."

વિષ્ણુ થોથવાતા અવાજે બોલ્યો, "સાહેબ, બે બે...૨ કરોડ રુપીયાનો વ્યવ્હાર. "

વિષ્ણુની વાત પરથી ત્યાં હાજર રહેલા બધાની આંખોમાં એક ચમક આવી ગઇ.

ખાન સાહેબે તરત હસીને કટાક્ષમાં કહ્યું "ઓહ! એમ વાત છે. 2 કરોડ માટે થઇને તે બબલુંનું .."

ખાન સાહેબની વાત અટકાવીને વિષ્ણુ ઉતાવળા સ્વરે બોલી ગયો, "ના સાહેબ ના, રુપીયા માટે હું કોઇનું મર્ડર કરુ એવો નથી. મેં બબલુના પત્નીને ૧ કરોડ રુપીયા ચુકવી પણ દીધા છે અને વ્યાજ સાથેની બાકી રકમ પણ આવતા વીકમાં ચુકવી દઇશ તેવી વાત કરી છે. સાહેબ અમારે આ વ્યવ્હારમાં કોઇ લખાણ ન હતું કે કોઇ સાક્ષી ન હતો. પણ સાહેબ ઉપરવાળાની સાક્ષીએ મેં રુપીયા ચુકવ્યા છે અને બાકીના ચુકવી દઇશ."

"તારી વાત પર વિશ્વાસ કેમનો કરવો? " ઇન્સપેક્ટર અર્જુને કહ્યું.

"તમે બબલુના પત્નીને પુછી જુઓ, કદાચ તે તમને સાચી હકીકત કહેશે."

ખાન સાહેબે હસીને કહ્યું, "એ તો અમે કરીશું જ, અમે અમારી રીતે તારી વાતોની તપાસ કરીશું જ અને ખોટી હશે તો તું તો ગયો..."

"વિષ્ણુને પાણી આપો ,આપણે થોડી મીનીટ પછી ફરી પુછતાછ કરીએ છીએ." ખાન સાહેબ ટીમને કહી ઓફિસ બહાર ગયા.

ઓફિસ બહાર જઇ ખાન સાહેબે સુજાતાને કોલ કર્યો અને પુછ્યુ, "હવે તમને કોઇ ડર કે

તકલીફ તો નથી ને? "

"ના સર."

"મને તપાસમાં એક પ્રશ્નનો જવાબ જોઇએ છે, તે તમારી પાસેથી જ મળશે એવી મને ખાતરી છે. "

"કયો પ્રશ્ન?"

"વિષ્ણુ તમને કેટલા રુપીયા આપી ગયો છે અને કેટલા બાકી છે?"

"સર, એમાં એવું છે ને.."

"જુઓ, મારી પાસે બધી ઇન્ફરમેશન છે પણ હું તેને ક્રોસ કરીને કન્ફર્મ કરુ છુ એટલે ખોટુ બોલવાનો પ્રયત્ન ના કરતાં."

સુજાતાએ થોડુ વિચારીને કહ્યું, "વિષ્ણુ મને ૧ કરોડ રુપીયા આપી ગયો છે અને બાકીના રુપીયા તથા વ્યાજ આવતા વીકમાં આપી જવાનો છે. "

"તમને આ વ્યવ્હારની ખબર હતી? "

"ના મને બબલુના કોઇ વ્યવ્હાર કે ધંધાની ખબર નથી. "

"તો તમને વિષ્ણુ પર શક છે કોઇ? "

"એવું મેં વિચાર્યુ નથી અને એ કામ પોલીસનું છે એટલે મને .."

"ઓકે.જવાબ આપવા માટે આભાર. "

ખાન સાહેબને જવાબ મળી જતાં ફોન કટ કરીને પાછા ઓફિસમાં આવે છે અને વિષ્ણુને પુછે છે, "તારે બીજું કંઇ કહેવું છે?"

વિષ્ણુ થોડીવાર મૌન ઉભો રહ્યો અને પછી હાથ જોડીને બોલ્યો , "મને જવા દો. મેં મર્ડર નથી કર્યું. "

ખાન સાહેબે તેને ધીમેથી કહ્યું, "તારી પુછપરછ થઇ ગઇ છે અને તને છોડી દેવામાં આવશે. પણ તારે આ શહેર છોડીને જવાનું નથી, જરુર પડે તપાસ માટે હાજર થવુ પડશે અને દર અઠવાડિયે અહિં હાજરી પુરાવવા આવવું પડશે. આ શરતો મંજુર હોય તો લેખિતમાં સ્ટેટમેન્ટ સાથે આપ એટલે તને જવા દઇશું. "

વિષ્ણુએ ખાન સાહેબની શરતોને મંજુર માની સ્ટેટમેન્ટમાં સહી કરી ત્યાંથી રવાના થયો.

ખાન સાહેબે મીટીંગ પતાવતા કહ્યું, "વિષ્ણુએ સુજાતાને રુપીયા આપ્યા છે તે વાત મેં કન્ફર્મ કરી લીધી છે અને તમે બધા તેના સ્ટેટમેન્ટ, ફેસ રીડીંગ રીપોર્ટ, કોલ ડીટેલ પરથી ફાઇનલ રીપોર્ટ બનાવી મને જાણ કરો."

****

હીરાલાલ અને હાફ ટન, ફુલ ટન અવન્તિકાની તપાસ કરવા તેના ઘરે પહોંચ્યા હતાં. આ એડ્રેસ તેમને પિંટોએ આપ્યું હતું પણ અવન્તિકા ઘણા વર્ષોથી ફોરેન જતી રહી હતી. એ એડ્રેસ પર હાલ રહેનારા તેને બરોબર જાણતા ન હતાં પણ તેમની પાસેથી જાણવા મળ્યુ કે પાડોશમાં

રહે છે તેમની સાથે અવન્તિકાને સારો સંબંધ હતો.

હીરાલાલ અવન્તિકાની સોસાયટી પાસે આવેલી બેંકના કર્મચારી બની પાડોશમાં રહેનારાને ત્યાં પહોંચ્યા. હીરાલાલે પાડોશીને બેંકમાં kyc માટે અવન્તિકા વિશે માહિતી જોઇએ છીએ તેમ કહી વાતની શરુઆત કરી.

હીરાલાલે નોટપેડમાં માહિતી ભરવાની એકટીંગ કરતાં બોલવાનું શરુ કર્યું, "તમે અવન્તિકાને ઓળખો છો? "

"હા, અમારા બાજુમાં તેના મમ્મી પપ્પા સાથે રહેતી હતી."

"તો અત્યારે કયાં રહે છે? અમારે તેમની કેટલીક વિગતો બેંકમાં આપવાની છે. "

"હાલમાં નથી ખબર પણ બે વર્ષ પહેલા તે કેનેડા રહેતી હતી."

"તેનો કોઇ કોન્ટેકટ નંબર છે તમારી પાસે?"

"ના હમણાંથી તેનો કોઇ કોન્ટેક નથી. "

"કેમ? "

પાડોશી થોડા ભાવુક થઇને બોલ્યા, "પહેલા અમારે બહુ સારો સંબંધ હતો તેના પરિવાર સાથે. "

"પછી શું થયું ?"

"પછી અવન્તિકાનું ..."

થોડીવાર પેલા પાડોશી મૌન થઇ ગયા. હીરાલાલે મનમાં કંઇક અણબનાવ થયાનું વિચારી લઇ ભાવુક સ્વરે પુછ્યું, "પછી શું થયું બેન? "

"અવન્તિકા કોઇની સાથે ગેર સંબંધ રાખે છે તે વાત બહાર આવી અને તેના પપ્પાએ આ આઘાતમાં જીવ ગુમાવ્યો અને એક વર્ષે તેની મમ્મીએ પણ. "

"ઓહ! બહુ ખરાબ થયું. બેંકમાં આ બધી જાણકારી નથી એટલે .."

"હા. બિચારી અવન્તિકા એકલી રહી ગઇ ને તે કયાં કયાં જાય. "

"પછી અવન્તિકાનું શું થયું ?"

"અવન્તિકાને એક બદમાશે ફસાવી હતી, આખા પરિવારને રખડતો કરી દીધો."

"કોણ હતો એ? "

પેલા પાડોશી કંઇ બોલ્યા નહીં પણ હીરાલાલ તો મનમાં એ બદમાશ બબલુ જ હશે તે સમજી ગયા હતાં.

પેલા પાડોશીએ હળવેકથી કહ્યું, "એ બદમાશ પેલો કેબલ વાળો બબલુ હતો. તમે નામ સાંભળ્યું હશે ને."

"હા. બબલુ, તેનું એકાઉન્ટ પણ અમારી બેંકમાં છે. તેનું ય હમણાં મર્ડર થયુ છે, ખબર છે તમને."

"હા, પેપરમાં વાંચ્યું હતું. તેની જોડે બરોબર થયું."

" શું બબલુ અને અવન્તિકા વચ્ચે કોઇ સંબંધ ..."

"ના ભાઈ ના. અવન્તિકાએ તે બદમાશ સાથે કોઇ સંબંધ રાખ્યો ન હતો પણ તે બદમાશે બિચારીને ફસાવી હતી. અવન્તિકાના ગયા પછી તે બદમાશને ઘણા સમયથી અહીં કોઇએ જોયો પણ નથી."

"પણ, આપણી વાત અવન્તિકા કયાં હશે તે બાકી રહી."

"હા, છેલ્લા બે વર્ષથી અવન્તિકા સોસાયટીનું ઘર વેચીને ગઇ પછી કોઇના સંપર્કમાં નથી."

"ચલો, ઘણું જાણવા મળ્યું. પણ કદાચ તેનો કોન્ટેકટ થાય તો બેંકમાં KYC માટે જવાનો મેસેજ આપજો. " હીરાલાલે હાથ જોડીને કહ્યું.

હીરાલાલે બધી વાત નોંધી લીધી હતી. તે સોસાયટી બહાર આવ્યા ત્યારે હાફટન અને ફુલટન તેમની રાહ જોઇને ઉભા હતાં. તે ત્રણે ક્રાઇમ બ્રાંચ જવા નીકળ્યા. રસ્તામાં હીરાલાલે ટુકમાં ત્યાં થયેલી વાત પેલા બે જણાંને કહી.

ક્રાઇમ બ્રાંચમાં પહોંચીને હીરાલાલ સીધા જ ખાન સાહેબને મળવા પહોંચે છે, ત્યાં તેમને જોઇને ખાન સાહેબ હસીને બોલે છે, "અરે! આજે કયા રોલમાં તપાસ કરી આવ્યા હીરાલાલ? "

"સાહેબ, બેંક કર્મચારીનો રોલ કરી KYC અપડેટના નામે અવન્તિકાની તપાસ કરી આવ્યો."

"સરસ. શું અવન્તિકા ગુનેગાર હશે? "

"ના. પણ મને મળેલી માહિતીનો રીપોર્ટ સબમીટ કરી દઉં છુ. તમે ટીમ સાથે ચર્ચા કરી લેજો."

"હા હીરાલાલ."

હીરાલાલના ગયા પછી ખાન સાહેબે ઇન્સપેક્ટર અર્જુનને બોલાવીને કહ્યું, "લાખા પાસે તેણે જોયેલા આરોપીઓના સ્કેચ એક્ષપર્ટ જોડે તૈયાર કરાવડાવો. અને લાખાના હાલ કેવા છે તેની મને જાણ કરજો."

ઇન્સપેકટર મેવાડા ખાન સાહેબ પાસે આવીને કહે છે, "સર, આપણે પુછપરછ માટે બૈજુ શેઠને બોલાવ્યા હતાં, તે આવ્યા છે. "

"કોણ બૈજુ શેઠ? "

"સર, બબલુને ચેનલના ધંધામાં લાવનાર અને બબલુએ દગો કરી તેમનો ધંધો કબજે કર્યો હતો તે બૈજુ શેઠ છે. તેમની પુછતાછ તમે કરશો કે અમે.."

"તમે જ કરી લો અને જરુર પડે મને કહેજો. હું સીસીટીવીમાં જોવુ છુ તમારી પુછપરછ."

ઇસ્પેક્ટર નાયકે બબલુ મર્ડર કેસમાં તેમને બોલાવવામાં આવ્યા છે તેની માહિતી આપી.ઇન્સ્પેક્ટર નાયકે બૈજુ શેઠને ઓફિસમાં બોલાવીને તપાસ શરૂ કરી.

બૈજુ શેઠે ઇન્સ્પેક્ટર નાયકને કહ્યું, "બબલુ જોડે જે પણ કંઇ થયું તે બહુ ખોટું થયું પણ બબલુએ તેની લાઇફમાં ઘણા બધા જોડે ખોટું કર્યું છે, તેણે ઘણા બધા દુશ્મનો ઉભા કર્યા હતા."

"તમારા બબલુ જોડે કેવા સંબંધો હતા?"

"મારે બબલું જોડે કંઈ ખાસ સંબંધ ન હતા અને ઘણા સમયથી હું બબલુને મળ્યો પણ નહોતો. બબલુ સાથે સંબંધ રાખવાથી કોઈ ફાયદો ન હતો બબલુ મતલબી માણસ હતો."

"તમે બબલુ ના ક્યારથી અને કેવી રીતે ઓળખો?"

"અરે સાહેબ! બબલુ ને આ શહેરમાં ઓળખાણ અપાવનાર જ હું. બબલુને કેબલ નો ધંધો શિખવાડનાર જ હું. એણે મારા ધંધાનો જ દુરુપયોગ કરીને પોતાની ઓળખ બનાવી."

"એટલે બબલુ તમારી સાથે કામ કરતો હતો?"

"હા સાહેબ, બબલુ મારા ત્યાં નોકરી કરતો હતો.બબલુ મારા ત્યાં વાયરમેન હતો."

"પછી શું થયું?"

"બબલુ એ મારી જોડે દગો કરીને મારો કેબલનો ધંધો લઈ લીધો અને હું મારી પારિવારિક તકલીફને કારણે કેબલનો ધંધો સમેટી ગામડે જતો રહ્યો."

" પણ બબલુએ આવું કર્યું કેવી રીતે ?"

" મારે પારિવારિક સમસ્યાઓના કારણે ગામડે અવરજવર કરવી પડતી હતી અને થોડો ટાઈમ હું ગામડે રહેવા માટે પણ જતો રહ્યો હતો. તે સમયગાળા દરમિયાન મેં મારો કેબલનો ધંધો વિશ્વાસથી તેને સોંપ્યો હતો."

વાત કરતા કરતા બૈજુ શેઠની આંખોમા પાણી આવી ગયાં અને તે પળવાર માટે બોલતા અટકી ગયાં. તેમને પીવા માટે ઇન્સપેક્ટર મેવાડાએ પાણીનો ગ્લાસ આપ્યો .

બૈજુ શેઠે પાણી પી ને સ્વસ્થ થઈ ફરી બોલવાનું શરૂ કર્યું, "સાહેબ, હું પણ આ મુંબઈ શહેરમાં ખાલી હાથે આવ્યો હતો. પણ મેં મહેનત કરીને, લોકોની સેવા કરીને, લોકો સાથે સંબંધ બનાવીને મારુ નામ અહીંયા બનાવ્યું છે. આજે મારી પાસે ભલે પૈસા નથી પણ તોય લોકો મને બૈજુ શેઠના નામથી ઓળખે છે."

"તારીખ 30 અને 31 તમે ક્યાં હતા? "

"તારીખ 30 અને 31 હું મારા ઘરે ગામડે જ હતો. હું છેલ્લા છ મહિનાથી મારા ગામથી બહાર નીકળ્યો જ નથી. તમારો ઓર્ડર મળ્યો એટલે પુછપરછ માટે ઘણા મહિને ગામડેથી અહીં સુધી આવ્યો છું."

ઇન્સ્પેક્ટર મેવાડાએ બૈજુ શેઠનો મોબાઇલ નંબર લઇ મોબાઇલ એક્ષપર્ટને કોલ ડીટેઈલ માટે મોકલી આપ્યો. તેમને જોઈતી માહિતી મળી રહે રહી એટલે તેમણે બૈજુ શેઠની પૂછપરછ પૂરી કરી. તેમને ત્યાં બેસાડી તેઓ ખાન સાહેબને જાણ કરવા તેમની ઓફિસમાં ગયાં.

ખાનસાહેબની ઓફિસમાં પહોંચીને ઇન્સપેક્ટર મેવાડાએ કહ્યું, "સર, બૈજુ શેઠની પુછપરછ પુરી થઈ ગઇ છે. તેમણે દરેક પ્રશ્નોના યોગ્ય જવાબ આપ્યા છે, તેમણે પૂછપરછમાં સહયોગ કર્યો છે તો હવે.."

"પ્રાથમિક પૂછપરછમાં તમને શું લાગે છે?"

"મને તો પ્રાથમિક પૂછપરછમાં આ વ્યક્તિ નિર્દોષ લાગે છે તો પણ તપાસ પૂરી થાય પછી

ખબર પડે."

"તો હવે , જે બધાને શરત કહી છે તે મુજબ તેમને પણ કહીને જવા દો. અને કોલ ડીટેલ મેળવી ફાઇનલ રીપોર્ટ બનાવી મને જાણ કરો."

ઇન્સ્પેક્ટર મેવાડા એ બૈજુ શેઠને તપાસમાં મદદ કરવા બદલ આભાર માન્યો અને કહ્યું, "તમને જવા દેવામાં આવે છે પણ તમારે તમારુ ગામ છોડીને જવાનું નથી, જરુર પડે તપાસ માટે અહીં હાજર થવુ પડશે અને દર અઠવાડિયે અહિં હાજરી પુરાવવા આવવું પડશે. આ શરતો મંજુર હોય તો લેખિતમાં સ્ટેટમેન્ટ સાથે આપો એટલે તમને જવા દઇશું."

બૈજુ શેઠે ઇન્સપેક્ટરની શરતોને મંજુર માની સ્ટેટમેન્ટમાં સહી કરી અને ઓફિસની બહાર જતાં હસીને બોલ્યા, "બબલુ મરતા મરતા ય ધંધે લગાવતો ગયો."

ખાનસાહેબે નિરાંતે બેઠા-બેઠા વિચાર્યું અને ઇન્સપેક્ટર મેવાડાને બોલાવીને કહ્યું, "આપણે તપાસમાં વિમલનો ઉપયોગ કરી શકાય તેમ છે. વિમલ પાસેથી કદાચ પણ માહિતી મેળવી શકાય. તેણે પીછો કરીને સુજાતા પાસેથી પૈસા પડાવવા કંઇક તપાસ કરી હશે તો તેની પાસેથી માહિતી મળી શકે તેમ છે."

ખાન સાહેબે વિમલને મળવા ઓફિસમાં બોલાવ્યો. વિમલ ઓફિસમાં પ્રવેશતા જ અટ્ટહાસ્ય કરવા લાગ્યો. ઇન્સપેક્ટર મેવાડાએ તેના આવા વર્તનથી ગુસ્સે થઇ બોચીમાંથી પકડીને જમીન પર બેસાડી દીધો. ઇન્સપેક્ટર મેવાડાની આંખોનો ગુસ્સો જોઇ વિમલ શાંત થઇ ચુપચાપ જમીન પર નીચી નજર કરી બેસી રહ્યો.

ખાન સાહેબે હળવેકથી તેને પુછ્યુ, "કેમ છે વિમલ? "

થોડી મીનીટ પછી ઉંડો શ્વાસ લઇ વિમલ બોલ્યો, "અહીં આવીને માણસ કેમ હોય એ તમને તો ખબર જ હોય ને સાહેબ. તમે મારી સાથે બહુ ખોટુ કર્યુ છે. મારી વિરુદ્ધ આટલી મોટી ગેમ .."

ખાન સાહેબ અને ઇન્સપેક્ટર મેવાડા તેને શાંતિથી સાંભળતા હતાં.તેણે હાથ જોડીને ફરી બોલવાનું શરુ કર્યું, "સાહેબ, મને બચાવો, મને છોડી દો. તમે જ મને બચાવી શકો તેમ છો."

"હા તને મદદ માટે જ બોલાવ્યો છે. તને જલ્દીથી છોડી દઇશું. પણ બબલુનો કેસ સોલ્વ થઇ જાય એટલે." ખાન સાહેબે ધીમેથી વિમલને કહ્યું.

"પણ કયારે ?"

"જો વિમલ, તું અમને તપાસમાં મદદ કરીશ અને બબલુ નો કેસ જેટલો જલ્દી સોલ થઈ જશે એટલું જલ્દી તને છોડી દેવામાં આવશે."

"પણ સાહેબ, હું તપાસમાં કેવી રીતે તમને મદદ કરી શકું, મને કંઈ સમજાતું નથી."

"તારી ઉપર હાલ કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી એટલે તને કોઇ તકલીફ તો હશે જ નહીં. અને તને અહીં રાખવો જરુરી છે, કેમકે તે બહાર રહીને શું કર્યું છે તે તો તને ખબર જ છે. " ખાન સાહેબે શાંતિથી વિમલને કહ્યું.

"મારી ઉપર લગાવવામાં આવેલ આરોપોનું શું? મને તો હજુ પણ સમજાતું નથી કે મારી ધરપકડ કયા ગુના માં થઈ છે અને મને કેટલી સજા થવાની છે, મને કંઈ સમજાતું નથી કે મારી

જોડે શું થઇ રહ્યું છે."

"હાલ તારી ઉપર નશો કરી કેમિકલ સાથે પકડાવાનો ગુનો અને સુજાતાને હેરાન કરવાનો ગુનો છે. પણ જો તું અમને મદદ કરીશ અને કેસ જલ્દી સોલ્વ થઇ જશે તો બધા ગુના માફ કરીને છોડી દઇશું."

ખાનસાહેબની વાત સાંભળીને વિમલની આંખમાં ચમક આવી આવી ગઈ. તે ઝડપથી જમીન પરથી ઉભો થઇ ગયો અને મદદ કરવા તૈયાર થઈ ગયો.

તેણે હાથ જોડીને કહ્યું, "બોલો હું તપાસ માં કેવી રીતે મદદ કરી શકુ?"

ખાન સાહેબ અને ઇન્સપેક્ટર મેવાડાના ચહેરા પર તેમનો આઇડીયા કામે લાગી જવાથી અને વિમલની તપાસમાં મદદ કરવાની વાતથી હળવુ સ્મિત આવી ગયું હતું.

ખાન સાહેબે વિમલના ખભે હાથ મુકીને કહ્યું, "જો તે બબલુંનું મર્ડર નથી કર્યું તો તારુ રીપોર્ટર માઇન્ડ કામે લગાડ અને વિચાર કોણે મર્ડર કર્યું હશે."

ઇન્સપેક્ટર મેવાડાએ કહ્યું, "જો વિમલ, ઉતાવળ નથી પણ વિચારીને જવાબ આપજે."

વિમલે માથુ ખંજાવાળતા ઇશારો કરીને કહ્યું, "હા, હું તમને કહું છુ પણ એક મીનીટ .."

પ્રકરણ ૨૬ પુર્ણ

પ્રકરણ ૨૭

ખાન સાહેબ અને ઇન્સપેક્ટર મેવાડા માથુ ખંજાવાળતા વિમલની સામે એકીટસે જોતા જ રહ્યા પણ તે કંઇ બોલ્યો જ નહીં પણ કંઇ વિચારતો હોય એવી મુદ્રામાં ઉભો રહ્યો.

ખાન સાહેબે થોડા અકળાઇને વિમલને કહ્યું, "આટલું બધુ શું વિચારે છે? "

વિમલે વિચાર મુદ્રામાંથી બહાર આવીને કહ્યું, "મને યાદ નથી આવતું પણ હું વધુ વિચારીશ તો યાદ આવી જશે. તમે મને સમય આપો તો .."

વિમલની વાત સાંભળી અને નાટકબાજી જોઇ ઇન્સપેક્ટર મેવાડાને ગુસ્સો આવી ગયો પણ ખાન સાહેબે ઇશારો કરી શાંત રહેવા કહ્યું.

ખાન સાહેબે વિમલના ખભે હાથ મુકીને કહ્યું, "જો દોસ્ત, તું જેટલી જલ્દી અમને મદદ કરીશ તેટલી જલ્દી તુ બચી જઇશ. એટલે દિમાગ પર જોર લગાવી સાચી ઇન્ફોર્મેશન આપજે, નહિંતર તારી વિરુધ્ધ મજબુત પુરાવા છે જ અમારી પાસે. તુ જ તારી જાતને બચાવી શકીશ."

ખાન સાહેબે વિમલ સાથે વાત પુરી કરી ઇશારો કર્યો એટલે ઇન્સપેક્ટર મેવાડા તેને ઓફિસમાંથી બહાર લઇ ગયા. ખાન સાહેબને વિમલ પાસેથી કંઇ ઇન્ફર્મેશન મળશે તેવી આશા પર પાણી ફરી વળ્યુ એટલે તેઓ મનોમન ગુસ્સે હતાં.

ખાન સાહેબે ઘડીયાળમાં ટાઇમ જોઇને મનોમન વિચાર્યું કે દિવસ કયાં પુરો થઇ ગયોને સાંજ પડી ગઇ તે ખબર જ ના રહી.

ઇન્સપેક્ટર નાયક આવ્યા ત્યારે વિચાર મગ્ન ખાન સાહેબે આંખો ખોલી અને બોલ્યા, "બોલો ઇન્સપેક્ટર શું વાત છે? "

"સર, બબલુના કેસમાં શકમંદ કોર્પોરેટર ગુલાબદાસને પુછપરછ માટે બોલાવ્યા હતાં તે

આવ્યા છે તો .."

"ઓકે. તો તેમની પુછપરછ કરી લઇએ પણ તેમની સાવચેતી પુર્વક પુછપરછ કરવી પડશે ,કેમકે તેઓ પાક્કા રાજકારણી છે અને તેઓ ગમે ત્યારે રાજકારણની ગેમ રમી શકે તેવા ખેલાડી છે."

"હા સાચી વાત સર. તેમણે બબલુને રાજકારણમાં પગપેસારો કરતા રોકવા ઘણા પ્રયત્ન કર્યા હતાં તેવી બાતમી મળી છે."

"તે બધી ઇન્ફરમેશન તેમના મોઢે જ જાણીએ પણ તેમની પુછપરછનું રેકોર્ડિંગ કરવાની વ્યવસ્થા કરો અને ફેસ રીડર ચંપાવત સાથે ટીમની સામે પુછપરછ કરવાની ગોઠવણ કરો. વ્યવસ્થા થાય ત્યાં સુધી હું ગુલાબદાસ ને મળી લઉ છું."

ખાન સાહેબ તેમની ઓફિસમાંથી બહાર જઇ કોર્પોરેટ ગુલાબ દાસને મળ્યા અને તેમને અહીં બોલાવી તકલીફ આપી તેવી મસ્કા મારતી વાતો કરી.

ઇન્સપેક્ટર નાયકે પુછપરછની ગોઠવણ થઇ જતાં ખાન સાહેબને ઇશારામાં જાણ કરી એટલે કોર્પોરેટર ગુલાબ દાસને ખાન સાહેબ તેમની ઓફિસમાં લઇ ગયા.

ઇન્સપેક્ટર અર્જુને ખાન સાહેબ અને ગુલાબ દાસ ઓફિસમાં પ્રવેશતા પુછપરછની શરુઆત કરી. ઇન્સપેક્ટર અર્જુને ધીમા સ્વરે ગુલાબ દાસને તેમને બબલુ મર્ડર કેસમાં મળેલી ઇન્ફરમેશનના આધારે પુછપરછ માટે બોલાવ્યા છે તેવી વાત કરી અને પુછપરછમાં સહયોગ કરવા વિનંતી પણ કરી.

ગુલાબદાસે હાથ જોડી હળવા સ્મિત સાથે કહ્યું "હું બનતી મદદ કરીશ અને દરેક પ્રશ્નોના જવાબ આપવા પ્રયત્ન કરીશ. "

અર્જુને પુછપરછની શરુઆત કરતાં પુછ્યું "આપના અને બબલુના સંબંધો કેવા હતાં? "

ગુલાબદાસે ગંભીર સ્વરે કહ્યું "કંઇ ખાસ નહીં. દોસ્તી પણ નહીં અને દુશ્મની પણ નહીં."

"આપની છેલ્લી મુલાકાત બબલુ સાથે કયારે થઇ હતી? "

"મારી વન ટુ વન ખાનગીમાં બબલુ સાથે કયારેય મુલાકાત થઇ નહોતી. અમે મારા કાર્યકરો સાથે જાહેરમાં જ મળ્યા છીએ."

ઇન્સપેક્ટર નાયકે પુછ્યું "આપની કોર્પોરેટરની ટીકીટ .."

ગુલાબદાસે પ્રશ્ન પુરો થતાં જ બોલવાનું શરુ કર્યું "હા, બબલુ એ કોર્પોરેટરની ટીકીટ મેળવવા હાઇ કમાન્ડ જોડે મીટીંગ કરી રુપીયા ઓફર કર્યા હતાં. તે મારી ટીકીટ કાપી કોર્પોરેટર બનવાના સપના જોતો હતો. પણ હાઇ કમાન્ડને પાર્ટી કાર્યકરોએ ઉગ્ર રજુઆત કરતા તે ગુંડાને ટીકીટ મળી ન હતી."

ઇન્સપેક્ટર અર્જુને કહ્યું "હા તે પછી તમારા બે વચ્ચે સંબંધો બગડ્યા હતાં તે વાત સાચી? "

"સંબંધો ખરાબ બબલુ તરફથી હશે પણ મેં કયારેય કોઇની સાથે સંબંધો ખરાબ નથી કર્યા. સાહેબ, રાજકારણમાં બધા સાથે દોસ્તી જ રાખવી પડે."

ઇન્સપેક્ટર નાયકે પુછ્યુ "આપ તારીખ ૩૦ અને ૩૧ કયાં હતાં? "

"હું શહેરમાં જ હતો અને મારા વોર્ડમાં જ હતો. વધુ માહિતી મારા પી એ પાસેથી ડાયરીમાં જોઇને કહી શકું. "

"અાપને બબલુના મર્ડરની ખબર કેવી રીતે પડી? "

"મને મારા વોર્ડમાંથી કાર્યકર પાસેથી મળી, હું તે દિવસે વોર્ડમાં ચાલી રહેલી કામગીરી જોવા ફરી રહ્યો હતો ત્યારે જ તેના ગુમ થવાના ન્યુઝ મળ્યા હતાં. "

ખાન સાહેબે અને ફેસ રીડર ચંપાવતે ગુલાબ દાસના ચહેરાના ભાવ અને તેમના એટીટયુડની બરાબર નોંધ લીધી હતી. પુછપરછના પ્રશ્નો પુરા થતાં ખાન સાહેબે અન્ય શકમંદોની જેમ ગુલાબ દાસ સામે કોઇપણ શરત મુકી નહોતી અને ટીમ વતી ગુલાબદાસનો આભાર માન્યો.

ગુલાબદાસે ઓફિસની બહાર જતાં ઉભી રહીને કહ્યું, "સાહેબ, બબલુએ તેની જીંદગીમાં માત્ર ગુંડાગીરી, દાદાગીરી અને લોકો જોડે દુશ્મની જ કરી છે. તેની સાથે જે કંઇપણ થયું તે દુખદ છે પણ તેણે જ તેની જીંદગી જોડે ગેમ રમી છે."

"હા સાચી વાત આપની." ખાન સાહેબે કહ્યું.

ગુસાબ દાસે તેમના પીએ પાસેથી તેમની અંગત ડાયરી લઇ ઇન્સપેક્ટર નાયકને આપતા બોલ્યા, "લો સાહેબ, આમાં મારી જે તે દિવસની બધી ઇન્ફરમેશન હશે અને વધુ ઇન્ફરમેશન મારા વોર્ડમાંથી મળી જશે."

ઇન્સપેક્ટર નાયકે ખાન સાહેબની સામે જોઇને ઇશારામાં પરમીશન લઇ ડાયરી હાથમાં લીધી અને કહ્યું, "કાલે આપના ત્યાં મોકલી આપીશું. "

"હા વાંધો નહીં પણ મારી જીંદગી ઓપન છે તેમાં કંઇ ખાનગી નથી પણ સાહેબ તમને બબલુના દોસ્તો અને દુશ્મનો વચ્ચેથી ગુનેગારને શોધવામાં તકલીફ તો પડવાની. " ગુલાબ દાસે વ્યંગભર્યા સ્વરે હાથ જોડીને કહ્યું.

ગુલાબદાસની છેલ્લી વાતથી ખાન સાહેબ અને ટીમને વિચાર કરતાં કરી દીધાં.

ખાન સાહેબે મીટીંગ પતાવતા ઇન્સપેક્ટર અર્જુનને કહ્યું, "મને કાલે સવારે આજની ગુલાબદાસની પુછપરછનું રેકોર્ડિંગ, ફેસ રીડીંગ રિપોર્ટ, કોલ ડીટેલ અને સ્ટેટમેન્ટ આપજો."

ખાન સાહેબ ગુડનાઇટ કહીને ગુલાબદાસની ડાયરી લઇ ઘરે જવા નીકળ્યા. ઓફિસ બહાર આવીને તેમણે ગફુરને ઘરે સાથે ડીનર કરવા અને કેસની ચર્ચા કરવા બોલાવવા ફોન કર્યો. તેમણે ફુલટનને પણ ફોન કર્યો અને તેમના ઘરે ડીનર માટે હોટલમાંથી પાર્સલ લઇ આવવા કહ્યું.

ઘરે જઇ ખાન સાહેબે ગફુર, હાફટન, ફુલટન સાથે મળીને ડીનર લીધુ. ડીનર પતાવી ગફુર સાથે તેમણે કેસની ચર્ચા કરી અને ગુલાબદાસે કહેલી છેલ્લી વાત પણ કહી.

ખાન સાહેબની વાત સાંભળી ગફુરે કહ્યું, "સાહેબ, ગુલાબદાસ બહુ ખેલાડી માણસ છે એટલે તેની તપાસ સાવચેતીથી કરવી જોઇએ. "

"હા ગફુર, મને પણ એવું જ લાગ્યુ એટલે અમે પ્રાથમિક પુછપરછ કરી તેમને જવા દીધાં. પણ .."

"પણ શું સાહેબ? "

"મારે તેની થોડી તપાસ કરવી છે, પણ ખાતાકીય તપાસ નથી કરવી."

ખાન સાહેબે તેમની વાત અટકાવી એક કોલ કર્યો અને કહ્યું, "હેલ્લો, આપ હાલ મારા ઘરે આવી શકશો? હું ગફુરને મોકલું છુ તમને લેવા."

"હા સર." હીરાલાલે તરત વળતો જવાબ આપ્યો

ખાન સાહેબે ગફુરને હીરાલાલને લઇ આવવા તેમના ઘરે મોકલ્યો. ખાનસાહેબે ગુલાબદાસની ડાયરીના કેટલાંક પાના વાંચ્યા ત્યાં તો ગફુર થોડી જ મીનીટોમાં હીરાલાલને લઇ આવ્યો અને ફરી ચર્ચા શરુ થઇ. ખાન સાહેબે હીરાલાલ અને ગફુરને કોર્પોરેટર ગુલાબદાસની પુછપરછમાં થયેલી વાત શોર્ટમાં કહી.

ખાન સાહેબે હીરાલાલના હાથમાં ગુલાબદાસની ડાયરી આપતા કહ્યું, "તમે આ ડાયરીને બરોબર વાંચીને તારીખ ૩૦ અને ૩૧ ગુલાબદાસ કયાં હતાં તેની તપાસ કરી મને રીપોર્ટ કરો."

"હા સર."

"અને જુઓ હીરાલાલ, આ તપાસ તમારે અને ગફુરે સાથે રહીને ખાનગી રીતે કરવાની છે. ખાતાકીય તપાસ કરીને હું ગુલાબદાસને કોઇ મોકો આપવા માંગતો નથી. તે રાજકારણનો મોટો ખેલાડી છે અને મને તેની વાતો પરથી થોડો શક છે, જે તપાસ કરવાથી જ દુર થશે."

મોડી રાતે હીરાલાલ અને ગફુર ખાન સાહેબને ગુડ નાઇટ કહી ઘરે જવા નીકળ્યા અને કાલે સવારે મળીને તપાસ કરવાની વાત કરી.

*****

બીજા દિવસે વહેલી સવારે ખાન સાહેબના મોબાઇલમાં ફોરેન્સિક એક્ષપર્ટનો તાત્કાલિક મળવાનો મેસેજ આવે છે.

મેસેજ વાંચી ખાન સાહેબ વહેલી સવારે ફટાફટ તૈયાર થઇ ક્રાઇમ બ્રાંચ પહોંચી જાય છે અને ફોરેન્સિક એક્ષપર્ટને બબલુના કેસ ની રીપોર્ટ ફાઇલ લઇને ચર્ચા માટે બોલાવે છે.

ફોરેન્સિક એક્ષપર્ટ સાથે સવારની ગરમાગરમ ચા પીતા પીતા બંને વચ્ચે ચર્ચા શરુ થાય છે અને ખાન સાહેબ પુછે છે, "તપાસમાં શું ઇન્ફરમેશન મળી છે? "

"સર, બબલુની કાર, સીટ કવર અને તેના કપડા પરથી વાળ મળ્યા હતાં. તેમાં ત્રણ સ્ત્રીના વાળ હોઇ શકે તેવું અનુમાન છે. "

"સ્ત્રીના જ વાળ છે એ કેવી રીતે કહી શકાય? "

"વાળની લંબાઈ પરથી અને ત્રણેના ડીએનએ રીપોર્ટ અલગ છે એટલે ત્રણ સ્ત્રી હોઇ શકે. "

"ઓકે, એટલે બબલુના મર્ડરમાં સ્ત્રી તો હશે જ એમ માની શકાય."

"ના સર, તેમાંથી એક વાળ તેની પત્નીના હોઇ શકે અને બાકીના વાળ અન્ય સ્ત્રીના હોઇ શકે. પણ તે વાળ મર્ડરના અગાઉના દિવસના પણ હોઇ શકે. "

"હા એ વાત પણ સાચી અને આમે બબલુંનું કેરેકટર તો રંગીન જ હતું એટલે. તો હવે આગળ શું કરી શકાય." ગરમાગરમ ચાનો ઘુંટડો ભરતા ખાન સાહેબે પુછ્યું

"સર, આપણે બબલુની પત્નીના વાળનું સેમ્પલ મંગાવી ડીએનએ રીપોર્ટ મેળવવો પડશે. એટલે

ખબર પડે કે શું ત્રણમાંથી એક વાળ તેની પત્નીનો છે કે નહીં."

"હા. તમને બબલુના પત્નીના વાળનું સેમ્પલ મળી જશે."

ખાન સાહેબે ચા પુરી કરી તરત સુજાતાને ફોન કર્યો અને વાળના સેમ્પલ માટે વાત કરી અને સુજાતાએ હા પણ પાડી. ખાન સાહેબે સેમ્પલ માટે ફોરેન્સિક એક્ષપર્ટને સુજાતાના ઘરે કોઇને મોકલવા કહ્યુ અને તેનો રીપોર્ટ મળે જાણ કરવા કહ્યું.

******

ખાન સાહેબે ઇન્સપેક્ટર અર્જુનને ગુલાબ દાસનો રીપોર્ટ લઇ ચર્ચા માટે બોલાવ્યા. અર્જુને રીપોર્ટની ફાઇલ આપતાં કહ્યુ, "સર, ફેસ રીડર ચંપાવતની રીપોર્ટ મુજબ ગુલાબદાસના ચહેરા પર જવાબ આપતી વખતે કોઇ ખાસ ફેરફાર જોવા મળ્યા નથી. તેની પુછપરછનું રેકોર્ડીંગ આ પેન ડ્રાઇવમાં સેવ કરી લીધું છે. તેની પુછપરછની બધી વિગત આ ફાઇલમાં છે."

"ઇન્સપેક્ટર, તમને શું લાગે છે ગુલાબ દાસ આ મર્ડરમાં સામેલ હોઇ શકે? "

"સર, મારો અને ટીમના મત મુજબ ગુલાબ દાસ સીધી રીતે નહીં પણ અન્ય કોઇ રીતે બબલુના મર્ડરમાં સામેલ હોઇ શકે. "

"અને કોલ ડીટેલનું શું થયું. "

"તેનું સર્ચીંગ ચાલુ છે, થોડીકવારમાં જ ડીટેલ મળી જશે. પણ સર, આપની પાસે જે ગુલાબ દાસની ડાયરી છે તે આપો તો આગળની તપાસ કરી લઇએ. "

"એ તપાસ ખાતાકીય નથી કરવા જેવી એટલે મેં તેની તપાસ મારી રીતે શરુ કરાવી દીધી છે. " ખાન સાહેબે ધીમા સ્વરે કહ્યું

તે બંનેની વાત ચાલતી હતી તેમાં મોબાઇલ એક્ષપર્ટ ગુલાબ દાસની કોલ ડીટેલનો રીપોર્ટ લઇ આવ્યા અને કહ્યું, "સર, બબલુ અને ગુલાબ દાસ વચ્ચે તેમના નંબરો પરથી વાત થઇ નથી પણ આ બે નંબર પર ગુલાબદાસે વાત કરી છે તે.."

"તે કોના નંબર છે? "ખાન સાહેબે ઉતાવળા સ્વરે પુછ્યું.

"તેમાંનો એક નંબર પિંટોનો છે અને બીજો સુજાતાનો નંબર છે. "

"સુજાતાનો નંબર. "

"કયારે અને કોણે કોલ કર્યો હતો? "

"ગુલાબ દાસે તારીખ ૩૦ ના રોજ પિંટો અને સુજાતાને કોલ કર્યો હતો. પછી તારીખ ૩૧ ના રોજ ગુલાબ દાસે સુજાતાને કોલ કર્યો હતો. તે પછી ગુલાબ દાસે તારીખ ૨ ના રોજ પિંટો સાથે લાંબી વાત કરી હતી."

"સુજાતા સાથે બે વખત ગુલાબ દાસે વાત કરી એમ વાત છે. શું વાત થઇ હશે? " ખાન સાહેબ મુંઝવાતા સ્વરે બોલ્યા.

ખાન સાહેબે તરત સુજાતાને કોલ કર્યો અને ઉગ્ર સ્વરે કહ્યું, "આપ પોલીસને પુરતી માહિતી કેમ આપતાં નથી. આપ ઘણું બધું જાણવા છતાં છુપાવો છો પણ યાદ રાખજો અમારી તપાસમાં કંઇ છુપાયેલું રહેશે નહીં."

"મેં શું છુપાયું છે, મેં તમારા દરેક પ્રશ્નોના જવાબ આપ્યા છે સર."

"આપ તાત્કાલિક ક્રાઇમ બ્રાંચ આવો અમને તમારી પાસેથી કેટલીક ઇન્ફરમેશન જોઇએ છે. "

ખાન સાહેબે ફોરેન્સિક એક્ષપર્ટને જાણ કરી કે સુજાતા અહીં જ આવે છે એટલે સેમ્પલ લેવા કોઇને મોકલશો નહીં. ખાન સાહેબ સુજાતાના આવવાની રાહ જોતા હતાં. તેમણે હીરાલાલને કોલ કરી તપાસ વિશેની જાણકારી મેળવી.

પિંટો અને સુજાતા ક્રાઇમ બ્રાંચ આવી પહોંચતા ખાન સાહેબે ગુલાબ દાસના કોલ અંગે સુજાતાની પુછપરછ શરુ કરી અને ઇન્સપેક્ટર મેવાડાએ પિંટોની .

ખાન સાહેબે ફેસ રીડર ચંપાવતને સાથે રાખીને સુજાતાની આંખોમાં આંખ પરોવીને પુછ્યું, "કોર્પોરેટર ગુલાબ દાસને ઓળખો છો? "

"હા."

"બબલુને તેમની સાથે કેવા સંબંધો હતાં? "

"બહુ સારા નહિં, બબલુ તેમની સીટ પરથી ચુંટણી લડવા માંગતો હતો."

"પછી શું થયું? "

"મને નથી ખબર."

"અને તમારા ગુલાબ દાસ સાથે કેવા સંબંધો છે? "

આ પ્રશ્ન સાંભળી સુજાતા ડઘાઇ ગઇ અને તેણે આંખો નીચી કરી લીધી. ફેસ રીડર ચંપાવતે તેના ચહેરાના બદલાતા હાવભાવની નોંધ કરી અને ખાન સાહેબને તેની જાણ ઇશારામાં કરી.

ખાન સાહેબે ધારદાર નજરે સુજાતાની સામે જોતાં કહ્યું, "તમે કંઇપણ છુપાવવાના પ્રયત્ન ના કરતા. અમારી પાસે બધી ઇન્ફરમેશન છે. પણ અમે તમારી પાસેથી હકીકત જાણવા માંગીએ છીએ."

સુજાતા કંઇપણ બોલ્યા વગર નજર નીચી કરીને સુનમુન બેસી રહી.

ખાન સાહેબે ઉગ્ર સ્વરે કહ્યું, "તમારા ગુલાબ દાસ સાથે કેવા સંબંધો છે? "

બોલતા-બોલતા સુજાતાનું ગળું રૂંધાઈ ગયું અને તેણે ધ્રૂજતા અવાજે કહ્યું, "કહુ છુ સર, તમને બધી વાત કરુ છું."

****

ઇન્સપેક્ટર મેવાડાએ પિંટોને પુછ્યુ, "ગુલાબ દાસને ઓળખો છો? "

"હા. આપણા કોર્પોરેટર છે ગુલાબ દાસ."

"તેમની સાથે બબલુને કેવા સંબંધો હતાં? "

"કંઇ ખાસ નહીં. બબલુ શેઠ તેમની સીટ પરથી ચુંટણી લડવાના હતાં પણ પછી છેલ્લી ઘડીએ બબલુ શેઠને ટીકીટ ના મળી."

"તેમની પર તમને શક છે? "

"હા, મેં અગાઉ પણ જે નામ આપ્યા તેમાં તેમનું નામ હતું જ."

"તારે તેમની સાથે કેવા સંબંધ હતાં અને તારી છેલ્લે કયારે તેમની સાથે વાત થઇ? "

આ પ્રશ્ન સાંભળી હતપ્રભ બનીને પિંટો ઇન્સપેક્ટર મેવાડા સામે જોતો રહી ગયો. તે જવાબ આપવા માટે શબ્દો મગજમાં ગોઠવી રહ્યો હતો પણ તેને કંઇ સુઝતું ન હતું.

ગુંચવાયેલા પિંટોને ઇન્સપેક્ટર મેવાડાએ કડક સ્વરે ફરી પુછ્યુ, તારે તેમની સાથે કેવા સંબંધ હતાં અને તારી છેલ્લે કયારે તેમની સાથે વાત થઇ? "

પિંટોએ કપાળ પરનો પરસેવો લુછ્યો અને કહ્યું, "હું તમને બધુ કહુ પણ મને .."

પ્રકરણ ૨૭ પુર્ણ

પ્રકરણ ૨૮

ઇન્સપેક્ટર મેવાડાએ ઇન્સપેક્ટર અર્જુન સાથે મળીને પિંટોની પુછપરછ શરુ કરી.

ઇન્સપેક્ટર મેવાડાએ પિંટોની આંખોમાં આંખ પરોવી ઉગ્ર સ્વરે કહ્યું, "તું પોલીસને મદદ થઇ શકે તેવી ઇન્ફરમેશન કહેવા ને બદલે છુપાવતો કેમ હતો. શું અમે પુછીએ ત્યારે જ તારે જવાબ આપવાનો."

"ના સર, એવું કંઇ નથી. મારાથી ભુલથી આ કહેવાનું રહી ગયું પણ હવે હું બધુ યાદ કરીને કહીશ તમને." હાથ જોડીને પિંટોએ કહ્યુ.

"તો ફટાફટ કોર્પોરેટર ગુલાબ દાસ વિશે બોલવા માંડ."

પિંટોએ સ્વસ્થ થઇ બોલવાનું શરુ કર્યું "સાહેબ, મારે અને ગુલાબ દાસ વચ્ચે કાંઇ ખાસ સંબંધો ન હતા પણ મારી એક પ્રોપટીના ટેક્ષની મેટર તેમણે સોલ્વ કરી આપી ત્યારથી હું તેમના વધુ પરિચયમાં આવ્યો. પણ અમારા સંબંધો બબલુ શેઠને પસંદ ન હતાં એટલે હું ગુલાબ દાસને રુબરુ મળવા કરતાં ફોન પર વાત કરી લેતો."

"તારે ફોન પર એવી તો શું વાત થતી હતી? "

"હું..હું.."

પિંટો બોલતાં બોલતાં થોથવાતો હતો એટલે ઇન્સપેક્ટર મેવાડા ગુસ્સામાં બોલ્યા, "જલ્દી બોલ, શું હું હું કરી રહ્યો છે."

ઇન્સપેક્ટર અર્જુન પિંટોની વાત કાગળ પર નોંધી રહ્યા હતાં.

"હું સર, લોકોની પ્રોપટી ટેક્ષની મેટર ખાનગીમાં ગુલાબ દાસ જોડે સોલ્વ કરાવી થોડા પૈસા કમાઇ લેતો હતો અને એટલે જ ગુલાબ દાસ જોડે મારા સંબંધ વધ્યા હતાં. પણ ગુલાબ દાસ જોડે હું કામથી કામ રાખતો હતો કેમકે તે લુચ્ચો માણસ છે તે મને ખબર હતી."

"તારી છેલ્લે તેમની સાથે કયારે અને શું વાત થઇ? "

"બબલુ શેઠ ગુમ થયાના ન્યુઝની ખાત્રી કરવા તેમનો ફોન તારીખ ૩૦ ના રોજ આવ્યો હતો. તે બબલુ શેઠ ગુમ થવાથી ખુશ હોય તેવું મને તેમની વાત પરથી લાગ્યુ એટલે મેં તે દિવસે બહુ લાંબી વાત ના કરી તેમની સાથે."

"પછી ફરી કયારે ફોન આવ્યો હતો? "

"તેમને બબલુ શેઠના મર્ડરના ન્યુઝ મળતા કટાક્ષ કરવા તેના કાર્યકરની નંબર પરથી ફોન આવ્યો હતો અને તે દિવસે પણ મેં ટુંકમાં વાત કરી હતી."

"તે પછી કયારે વાત થઇ? "

"તે પછી તેઓ બબલુ શેઠની અંતિમ વિધીમાં મળ્યા હતાં પણ મેં તેમના સાથે વાત કરી ન હતી. અને તે પછી તારીખ ૨ ના રોજ આવ્યો હતો. તેમણે ઘણી આડી અવળી વાત કરી હતી પણ મેં કંઇ જવાબ આપ્યો ન હતો, મારો તેમની સાથે વાત કરવાનો મુડ ન હતો. તે પછી મેં તેમના કોલ રીસીવ જ નથી કર્યા. હું તેમની સાથે કયારેય કોઇ વાત કરવા માંગતો નથી. "

"બીજુ કંઇ કહેવુ હોય તો કહી દે, પછીથી અમને ખબર પડશે ને તો .."

"ના સર, મેં તમને બધુ સાચુ અને પુરુ કહી દીધું છે."

ઇન્સપેક્ટર અર્જુને તેના સ્ટેટમેન્ટ પર સહી કરાવી થોડી વાર બેસવા કહ્યું.

******

ખાન સાહેબે સુજાતાને પીવા માટે પાણીનો ગ્લાસ આપ્યો, સુજાતાએ પાણી પી ને આંખોમાં આવેલા આંસુ લુછ્યા.

ખાન સાહેબે ફરી ધીમા સ્વરે કહ્યું, "તમારા ગુલાબ દાસ સાથે કેવા સંબંધો છે તે અમને જલ્દીથી જણાવો."

સુજાતાએ સ્વસ્થ થઇ બોલવાનું શરુ કર્યું, "સર, મારી અને ગુલાબદાસની ઓળખાણ વિમલે કરાવી હતી. વિમલ અને ગુલાબ દાસ મિત્રો હોવાથી વિમલે એકવાર દારુના નશામાં અમારા બંનેના ગેરસંબંધોની વાત તેને કરી હતી. તે દિવસથી ગુલાબ દાસ પણ મારી જોડે ગેરસંબંધ રાખવા મને ફોન પર વાતો કરતો હતો અને મને બ્લેકમેલ કરવાની ધમકી આપતો હતો. પણ બબલુની બીકથી હું તેને ફરી કયારેય રુબરુ મળી નહોતી. મેં વિમલને પણ આ વાત કરી ગુલાબ દાસને સમજાવવા કહ્યુ હતું. પણ ગુલાબ દાસ મને ફોન પર સતત હેરાન કરતો હતો અને હું વાત બગડે એના ડરથી બબલુને કહેતી ન હતી."

"છેલ્લે કયારે ગુલાબ દાસે તમને ફોન કર્યો હતો?"

"મને સાંત્વના આપવાને બહાને તારીખ ૩૧ ના રોજ ફોન કરેલો."

"શું વાત કરી હતી તેમણે? "

"સાંત્વના આપવાને બહાને તેણે ગંદી વાત શરુ કરતાં મેં ફોન કટ કરી લીધો હતો."

"જુઓ, તમારી વાત અમે નોંધી લીધી છે અને રેકોર્ડ પણ કરી લીધી છે. તમને ગુલાબ દાસ હવે ફોન કરી હેરાન કરે તો અમને જાણ કરજો. "

"હા સર."

"અને કેસમાં જરુર પડે તો, તમારે ગુલાબ દાસ વિરુદ્ધ અમને લેખિતમાં કંમ્પલેઇન કરવી પડશે."

સુજાતાએ થોડુ વિચારી હા પાડી. ખાન સાહેબે પુછપરછ પુરી કરી તેને અને પિંટોને જવા દીધાં.

ગુલાબ દાસ વિરુધ્ધ ઇન્ફરમેશન મળવાથી ખાન સાહેબ ખુશ હતાં. તેમણે સુજાતાના વાત કન્ફર્મ કરવા વિમલને પુછપરછ કરવા બોલાવ્યો. તેમણે તેની ટીમની સામે પુછપરછ શરુ કરી.

વિમલ હજુ વિચારવાની એકટીંગમાં જ હતો ને ત્યાં ખાન સાહેબે તેને કહ્યું ,"તારા પરમ મિત્ર ગુલાબ દાસ અહીં આવીને ગયાં. તેમની પાસેથી તારા વિશે ઘણું જાણવા મળ્યું. "

"શું કહ્યું એ..એ સાલા ચોર કોર્પોરેટરે મારા વિશે." વિમલે ગુસ્સામાં કહ્યું.

ખાન સાહેબે મજાકના સ્વરમાં કહ્યું, "તેમણે તારા વિશે જે કહેવાનું હતું તે કહી દીધું. તારે કંઇ કહેવું છે તેમના માટે. "

"મને તેના બધા ધંધાની ખબર છે. હું રીપોર્ટર છુ પણ મેં ભાઇબંધીમાં કોઇને કંઇ કહ્યું નથી પણ સમય આવે તેને ઉઘાડો પાડીશ."

ખાન સાહેબ વિમલને ગુલાબ દાસ વિરુદ્ધ ઉશ્કેરી મજા લઇ રહ્યા હતાં અને ગુલાબ દાસ વિરુધ્ધ ઇન્ફરમેશન મેળવી રહ્યા હતાં. આખી ટીમ ખાન સાહેબની ગેમ અને પોપટની જેમ બોલી રહેલા વિમલને જોઇ રહ્યા હતાં.

"વિમલ, ગુલાબ દાસ તારી જેમ સુજાતાને હેરાન કરતો હતો એ વાત કેટલી સાચી." ખાન સાહેબે દાંણો દબાવવા વિમલને પુછ્યું.

"હા એ વાત સાચી. તેની હલકાઇ બબલુને ખબર પડી જાત તો તેના રામ રમી જાત પણ મેં સુજાતાને સમજાવી એટલે વાત બહાર ના આવી. અને સાહેબ તેણે બબલુની જેમ ઘણી છોકરીઓની જીંદગી જોડે ખેલ કર્યા છે."

"તારી વાત અત્યારે અમે નોટ અને રેકોર્ડ કરી લઇએ છીએ પણ જરુર પડે ગુલાબ દાસ વિરુધ્ધ કોર્ટમાં જુબાની આપવા .."

"હા સાહેબ, તેની વિરુદ્ધ ગમે ત્યારે હું સ્ટેટમેન્ટ આપવા તૈયાર છું. તેણે મારી વાત ઓપન કરી છે ને, હવે જુઓ! હું તેને ઓપન કરીશ."

ખાન સાહેબને સુજાતાની કહેલી વાત વિમલ જોડે કન્ફર્મ થઇ ગઇ અને ગુલાબ દાસ વિરુધ્ધ વિમલ પાસેથી મજબુત ઇન્ફરમેશન મળવાની હોવાથી તેઓ ખુશ હતાં. તેમણે ઇન્સપેક્ટરને ઇશારો કરી વિમલને બહાર લઇ જવા કહ્યું.

ખાન સાહેબે ગુલાબ દાસની ખાનગી તપાસ કરવા ગયેલા હીરાલાલને ફોન કર્યો અને કહ્યું "તપાસ કેટલે સુધી પહોંચી? "

"સાહેબ, લગભગ માહિતી મળી ગઇ છે."

"તો એમ કરો, હું એડ્રેસ મેસેજ કરુ ત્યાં આપણે મળીએ અને લંચ લેતા લેતા ચર્ચા પણ કરી લઇએ."

"ઓકે સાહેબ."

ખાન સાહેબ, ગફુર અને હીરાલાલ નજીકમાં આવેલી રેસ્ટોરંટમાં લંચ માટે ભેગા થાય છે અને ચર્ચા કરે છે.

ગફુર કહે છે, "સર, ડાયરી મુજબ જે તે દિવસે ગુલાબ દાસની હાજરી તેમના વોર્ડમાં જ હતી."

"ગુલાબ દાસ વિરુધ્ધ કોઇ ઇન્ફરમેશન મળી? "ખાન સાહેબ ઉત્સુકતાથી પુછયું.

"ના સાહેબ, તે ભલે હરામી છે પણ તેના વોર્ડમાં અને કાર્યકરોમાં તે બહુ લોકપ્રિય છે. એટલે તેની વિરુધ્ધ કોઇ બોલે તેમ નથી." હીરાલાલે કહ્યું

જમવાનું પુરુ કરી ગફુર બોલ્યો, "સર, મેં મારા ઇન્ફોર્મર પણ કામે લગાડ્યા પણ તેની વિરુધ્ધ કોઇ ઇન્ફરમેશન હાલ મળી નથી. પણ આગળ તપાસ ચાલુ રાખીશ અને કંઇ જાણવા જેવું મળશે જાણ કરીશ."

ખાન સાહેબે તેમની વાત સાંભળી હળવા મુડમાં કહ્યું, "તમને ભલે કંઇ જાણવા ના મળ્યું પણ મને ગુલાબ દાસ વિરુધ્ધ ઘણું જાણવા મળ્યું છે. તે કાફી છે. ગુલાબ દાસ જરુર પડે આપણી પકકડમાં આવી જશે."

ખાન સાહેબે ગફુર અને હીરાલાલને સુજાતા અને વિમલની વાત શોર્ટમાં કહી. ખાન સાહેબે ગફુરને એક પ્લાન કહ્યો, "હું અને હીરાલાલ અહીંથી ગુલાબદાસને ત્યાં તેમની ડાયરી આપવા જઇએ છીએ. થોડીવાર પછી તારે મારા મોબાઇલ પર કોલ કરવાનો છે અને આપણે સુજાતા કોઇ ઇન્ફરમેશન આપવા માંગે છે તેવી વાત કરવાની છે."

"હા સર."

"મારે ગુલાબ દાસના હાવભાવ કેવા થાય છે તે જોવા છે."

હીરાલાલ અને ખાન સાહેબ પ્લાન મુજબ ડાયરી આપવા ગુલાબ દાસના ત્યાં પહોંચે છે. ગુલાબ દાસ તેમને આવકારે છે અને કટાક્ષભર્યા સ્વરે પુછે છે, "થઇ ગઇ તપાસ સર? "

"હા. જરુરી ઇન્ફરમેશન મેળવી લીધી."

પ્લાન મુજબ ગફુરે કોલ કર્યો અને ખાન સાહેબે ભાર પુર્વક સુજાતાનું નામ બોલી વાત કરતા કહ્યું, "સુજાતા કેસ રીલેટેડ ઇન્ફરમેશન શેર કરવા માંગે છે, અમે તાત્કાલિક ઓફિસ પહોંચીએ છીએ."

ખાન સાહેબ અને હીરાલાલે સુજાતાનું નામ આવતાં ગુલાબ દાસના ચહેરાના બદલાતા ભાવ જોયાં. ગુલાબદાસના કડક એટીટ્યુડમાં નરમાશ આવી ગઈ. ખાનસાહેબે સોફા પરથી ઉભા થઇ ગુલાબદાસનો હાથ મિલાવી આભાર માન્યો ત્યારે ગુલાબ દાસ ના હાથમાં વળેલો પરસેવો ખાનસાહેબે અનુભવ્યો. ગુલાબ દાસના કપાળ પર પણ પરસેવો વળેલો જોવા મળતો હતો.

ગુલાબદાસે થોથવાતા અવાજે ખાનસાહેબને કહ્યું, "મારી કોઈ મદદ જોઈએ તો યાદ કરજો, હું હાજર થઈ જઈશ."

ખાન સાહેબ અને હીરાલાલે ગુલાબ દાસ ની આંખોમાં, ચહેરા ઉપર, એટીટ્યુડ ઉપર આવેલી નરમાશ જોઈ. ખાનસાહેબને તેમનો તુક્કો કામે લાગતા મનોમન ખુશ થયા.

ખાન સાહેબ અને હીરાલાલ ક્રાઈમ બ્રાન્ચ પહોંચ્યા ક્રાઈમ બ્રાન્ચ પહોંચીને ખાનસાહેબે મેવાડા બોલાવી ને કહ્યું, "ગુલાબદાસ નું નામ શકમંદની યાદીમાંથી કાઢતા નહીં. મને તેની ઉપર શક છે. હજુ તેની વધુ ઉલટ તપાસ કરવી પડશે, બકરી હવે ડબ્બામાં આવી છે."

ઇન્સપેક્ટર નાયક ખાન સાહેબને કેસમાં આગળની તપાસની માહિતી આપવા આવે છે અને ઉંડો શ્વાસ લઇને કહે છે, "સર હવે શકમંદમાં જેનું નામ છે તેની સુધી પહોંચવા આપણે અન્ય

તપાસ એજન્સીની જરુર પડશે."

"ઓહ! એવો મોટો માણસ છે, કોણ છે તે? "

"સર, હાબિદ કેબલવાલા."

"તેને અને બબલુને શું સંબંધો હતાં? "

"સર, પિંટો એ શકમંદમાં નામ આપ્યું હતું અને ક્રાઇમ બ્રાન્ચની તપાસમાં પણ તેની સંડોવણી હોવાનું જાણવા મળ્યું છે. બબલુ પહેલા હાબિદ પાસેથી કેબલ ખરીદતો હતો અને ધીમે ધીમે હાબિદનો અન્ય ગેરકાયદેસર બિઝનેસ પણ બબલુ કરતો હતો."

"તો તેણે બબલુનું મર્ડર કેમ કર્યું હશે? "

"સર, બબલુએ તેની સાથે પણ ચીટીંગ કર્યુ હતું. બબલુએ બીજી ગેંગ જોડે કોન્ટેક કરી બે નંબરનો બિઝનેશ શરુ કર્યો હતો. એટલે કદાચ બબલુનું મર્ડર ગેંગ વોરમાં થયું હોય તેવું પ્રાથમિક તપાસમાં લાગે છે."

"હાબિદ વિરુધ્ધ આપણા શહેરમાં કોઇ એફઆઇઆર નોંધાઇ છે."

"ના સર, હાબિદ વિરુદ્ધ આપણા શહેરમાં કે રાજયમાં કોઇ એફઆઇઆર નોંધાઇ નથી. તે ડાયરેકટ કોઇ બિઝનેસ કે ડીલીંગ કરતો નથી પણ બબલુ જેવા લોકોને આગળ કરી વિદેશમાંથી તેનો ગેરકાયદેસર ધંધો કરે છે."

"તો હું આ વિશે હમણાં જ કમિશ્નર સાહેબ સાથે વાત કરી લઉં પછી આગળની કાર્યવાહી કરીએ."

ખાન સાહેબ પોલીસ કમિશ્નરને મળવા તેમની ઓફિસમાં જાય છે અને અત્યાર સુધીની તપાસની માહિતી આપે છે. તપાસ કરેલા શકમંદોમાંથી ગુલાબ દાસ પર શક છે અને તેની વિરુધ્ધ મળેલી ઇન્ફરમેશનની પણ વાત કરી અને અત્યાર સુધીની તપાસના રીપોર્ટની ફાઇલ આપી.

પોલીસ કમિશ્નરે શાંતિથી બધી વાત સાંભળી અને રીપોર્ટની ફાઇલમાં નજર ફેરવી કહ્યું "કેસ સોલ્વ કયારે થશે અને હવે કોની તપાસ કરવાની બાકી છે? "

ખાન સાહેબે હળવેકથી કહ્યું "સર, હવે જેની પર શક છે તેની પુછપરછ કરવા માટે અન્ય એજન્સીની જરુર પડશે. તે બહુ મોટો ગુનેગાર છે અને .."

"કોણ છે તે? "

ખાન સાહેબે હાબિદની પુરી ઇન્ફરમેશન આપી અને બબલુના મર્ડરમાં તેનું ઇનોવલ્વમેન્ટ હોઇ શકે તેવી વાત કરી અને તેની સુધી પહોંચવા સલાહ સુચન માંગ્યા.

પોલીસ કમિશ્નરે ખાન સાહેબને કહ્યું "તમે એટીએસની ટીમ સાથે મળીને હાબિદ સુધી પહોંચી શકશો. હું એટીએસના ચીફ સાથે વાત કરીને તમને ટીમ ગોઠવી આપુ છું. તમે તેમની સાથે મળીને જલ્દીથી હાબિદ સુધી પહોંચી શકશો."

"યસ સર."

"તમે મને કાલે સવારે મળો, હું એટીએસ ચીફ સાથે વાત કરી લઉં છું."

પોલીસ કમિશ્નરને "ગુડ નાઇટ સર." કહી ખાન સાહેબ ઘરે જવા નીકળ્યા.

કમિશ્નર ઓફિસ બહાર આવીને તે ઘરે જતા રસ્તાની સાઇડમાં ગફુરને ફોન કરી તેમની મીટીંગ પ્લેસ પર બોલાવે છે. ખાન સાહેબ કેસમાં આવતાં નવા વળાંકોથી ટેન્શનમાં હતા અને હાબિદનું નામ આવતાં વધુ ટેન્શનમાં હતાં.

ખાન સાહેબ ઘણીવાર તેમનું ટેન્શન હળવું કરવા ગફુરને બોલાવતાં. મોટામાં મોટી અને નાનામાં નાની ઇન્ફરમેશન ગફુર સાથે તેઓ શેર કરી હળવાશ અનુભવતા. ગફુર તેમની માટે વિશ્વાસુ હતો અને મદદગાર પણ હતો.

ખાન સાહેબ તેમની મીટીંગ પ્લેસ પર પહોંચી કાર પાર્ક કરી કેસ અંગે જ વિચારી રહ્યા હતાં ત્યાંજ થોડી વારમાં જ ગફુર નાસ્તાનું પાર્સલ અને પાણીની બોટલ લઇ આવી ગયો.

ગફુરને જોઇને તરત તેઓ બોલ્યા, "આ બધું .."

"સાહેબ, થોડો હળવો નાસ્તો કરતા કરતા ગંભીર વાતો કરીએ તો મજા આવશે અને તમારુ ટેન્શન પણ .."

"તને કેવી રીતે ખબર પડી મારા ટેન્શનની."

"તમારી ફોન પરની વાત પરથી અને બપોરે મળ્યા ત્યારથી મને ખબર છે તમે કેસને લઇને બહુ ટેન્શનમાં છો."

ખાન સાહેબે નાસ્તો કરતાં કરતાં હાબિદની ઇન્ફરમેશન શેર કરી અને ટેન્શન વધવાની વાત કરી."

ગફુરે ખિસ્સામાંથી સિગરેટનું પેકેટ બહાર કાઢી ખાન સાહેબના હાથમાં મુકતા કહ્યું "સાહેબ, તમે આ સળગાવો અને ટેન્શનનો ધુમાડો કરી બહાર કાઢો."

ખાન સાહેબે પણ તેમની ફેવરીટ સિગરેટ સળગાવી લાંબો કસ મારી હવામાં ધુમાડો છોડતા બોલ્યા, "ગફુર, મારી લાઇફમાં ઘણા બધા મર્ડર મિસ્ટ્રીના કેસ સોલ્વ કર્યા છે અને કેટલાંય કેસની ડીટેલ અન્ય પાસેથી જાણી છે. પણ સાલુ આટલો રહસ્યમય, ગુંચવાયેલો, રોમાંચિત કરી દે તેવો કેસ નથી જોયો."

"હા સર. મારી માટે પણ આવો કેસ પહેલી વાર સામે આવ્યો છે. "

"કેસમાં કેટલા બધા લોકો શકમંદ છે અને કોઇને સાઇડમાં મુકી શકાય તેમ નથી. બબલુએ દુશ્મનો જ ભેગા કર્યા છે. "

"સર, ઓછી શંકા હોય તેવાને સાઇડ કરી વધુ શંકાવાળા પર ધ્યાન આપી તપાસ કરવાથી ગુનેગાર સુધી કદાચ પહોંચી શકાશે."

"ગફુર, વધુ શંકા તો હાબિદ પર અને કારમાંથી મળેલા વાળના સેમ્પલવાળી સ્ત્રી પર છે."

"સર, હાબિદ એટલે પેલો બિટકોઇનનો, ગેરકાયદેસર હથિયારોનો, ડ્રગ્સ અને દારુનો વેપલો કરનાર કુખ્યાત બુટલેગરની વાત કરો છો તમે."

"હા એ જ હાબિદ. તે તેના આકાઓની રહેમ નજરથી ભાગતો ફરે છે, તેની પુછપરછ તો શું લોકેશન પણ મળવી અઘરી છે. કદાચ તેની સુધી પહોંચવા એટીએસની મદદ લેવી પડશે."

ખાન સાહેબની વાત સાંભળી ગફુર હસવા લાગ્યો અને બોલ્યો, "સર, હાબિદ સુધી પહોંચવામાં એટીએસની પહેલા આ ગફુર પણ મદદ કરી શકે તેમ છે."

ખાન સાહેબે સળગતી સિગરેટ જમીન પર નાંખી બુટ નીચે ઓલવીને ગફુરની આંખોમાં આંખ પરોવીને ગંભીર સ્વરે કહ્યું, "હું અત્યારે સહેજ પણ મજાકના મુડમાં નથી એટલે આવી વાત મારી જોડે ના કરીશ."

ગફુર પણ ગંભીર બની બોલ્યો, "સોરી સર, હું મજાક નથી કરતો પણ .."

"પણ શું? તું હાબિદને ઓળખે છે? "

"હા ઓળખું છું અને મળેલો પણ છું."

ગફુરની વાત સાંભળી ખાન સાહેબની આંખો પહોળી થઇ ગઇ અને ગંભીર સ્વરે કહ્યું, "હાબિદની લોકેશન તો ફોરેનમાં હોવાની વાત છે .."

"તે ફોરેન અવર જવર કરે છે પણ રહે છે તો ભારતમાં જ અને વધુ પડતું ગુજરાતમાં જ ખાનગી રીતે રહે છે. તેનો મોટો બિઝનેસ અહીં ચાલે છે."

"ગફુર...ગફુર, તે મારુ ટેન્શન ખરેખર ઓછુ કરી દીધું."

"બોલ ..જલ્દી બોલ. કયાં મળશે એ બુટલેગર? "

"ઓ..સાહેબ, આમ અધીરયા ના બનો. એ આમ સરળતાથી મળી જાય તેમ નથી."

ખાન સાહેબ ફરી અંચબાભરી નજરે ગફુરને તાકી રહ્યા. ગફુરે સિગરેટ સળગાવી ખાન સાહેબને આપતાં કહ્યું, "અરે સર, સરળતાથી નહીં મળે પણ મળશે જરુર. આ ગફુર તમને શોર્ટ ટાઇમમાં હાબિદ સુધી પહોંચાડી દેશે."

"પણ કેવી રીતે ગફુર? "

પ્રકરણ ૨૮ પુર્ણ

પ્રકરણ ૨૯

ખાન સાહેબે આશ્ચર્યભરી નજરે ગફુર સામે તાકી રહીને પુછ્યું, "તું ખરેખર હાબિદને મળેલો? "

"હા સર."

"કયારે, કયાં અને કેમ તારે એને મળવાનું થયું."

"બે વર્ષ પહેલા, ભારત પાકિસ્તાન બોર્ડર પર મળેલો અને મળવાનું કારણ .."

"શું કારણ? "

"સર, જેમ આપણી વાત ખાનગી હોય છે તેમ આ મુલાકાત પણ ખાનગી હતી એટલે આપ ના પુછો તો સારુ. પણ સમય આવે આપને બધુ જણાવીશ."

"ઓકે, તને જેમ યોગ્ય લાગે તેમ પણ હાબિદ મળશે તો.."

ગફુરે આત્મવિશ્વાસભર્યા સ્વરે કહ્યું, "ખાન સાહેબ હાબિદને હું અને આપણી ટીમ પાતાળમાંથી પણ શોધી નાંખીશું."

"ઓકે, કાલે એટીએસની ટીમ સાથે શું ચર્ચા થાય છે તે પછી આગળ તને કહીશ."

"હા સર."

ખાન સાહેબ ગફુરને ગુડનાઇટ કહી ઘરે જવા નીકળ્યા.

બીજે દિવસે સવારે ખાન સાહેબ કમિશ્નર સાહેબના મેસેજની રાહ જોતા હતાં ત્યાંજ કમિશ્નર સાહેબનો કોલ આવ્યો.

ખાન સાહેબ અડધી રીંગે કોલ રીસીવ કરીને બોલ્યા, "ગુડ મોર્નિંગ સર."

"ગુડ મોર્નિંગ. મેં એટીએસ ચીફ સાથે વાત કરી લીધી છે અને તે આપણને હાબિદ સુધી પહોંચવામાં મદદ કરવા તૈયાર છે. "

"ઓકે. સરસ સર."

"એટીએસની ટીમના સ્પેશિયલ ઓફિસર અભિનવ મીટીંગ માટે આવે છે. તમે પણ 1 કલાક માં મારી ઓફિસે આવો અને તમે તેમની સાથે ચર્ચા કરી લો."

"યસ સર. હું હમણાં જ આપની ઓફિસે પહોંચું છું."

ખાન સાહેબે ઇન્સપેક્ટર નાયકને હાબિદની ડીટેલ અને બબલુના કેસની ફાઇલ લઇને કમિશ્નર ઓફિસ તાબડતોડ પહોંચવા કહ્યું. ખાન સાહેબ પણ ફટાફટ તૈયાર થઇ કમિશ્નર ઓફિસ પહોંચે છે.

કમિશ્નર ઓફિસ પહોંચી તેમણે ઇન્સપેક્ટર નાયક પાસેથી ફાઇલ લઇ મીટીંગ રુમમાં પહોંચે છે. એટીએસની ટીમના સ્પેશિયલ ઓફિસર ડીવાયએસપી કુંપાવત આવી પહોંચે છે અને તેમને જોઇને ખાનસાહેબ કંઇક વિચારતા હોય છે.

કમિશ્નર સાહેબને ગુડ મોર્નિંગ કહી ડીવાયએસપી કુંપાવત બોલે છે, "કેમ છો એમ એમ ખાનસાહેબ?"

"ગુડ મોર્નિંગ સર." કહી ખાન સાહેબે તેમની સાથે હાથ મિલાવ્યો.

કમિશ્નર સાહેબ એમ એમ ખાન અને ડીવાયએસપી કુંપાવત ને જોઇ રહ્યા હતા ત્યારે ખાન સાહેબ તેમની સામે જોઇને બોલ્યા, "સર, અમે થોડા વર્ષ પહેલા એક રાયોટીંગના કેસમાં સાથે રહીને તપાસ કરીને કેસ સોલ્વ કર્યો હતો."

"ઓહ! એમ વાત છે. તો તો તમને એકબીજાની ઓળખાણ કરાવવાની જરુર નથી એમ ને."

"યસ સર." ખાન સાહેબ અને ડીવાયએસપી કુંપાવત એકસાથે બોલ્યા.

"સર એટીએસની ટીમમાંથી મને કેસમાં મદદ કરવા મોકલવામાં આવ્યો છે." ડીવાયએસપી કુંપાવત બોલ્યા.

કમિશ્નર સાહેબની ઓફિસમાં ચા અને બ્રેક ફાસ્ટ સાથે બબલુ કેસની ચર્ચા શરુ થઇ. ખાન સાહેબે તપાસની વિગતવાર વાત કરી અને હાબિદ શકમંદોની યાદીમાં છે અને તેને પકડવા એટીએસની મદદ જોઇશે તેમ વાત કરી.

"હા. આપણે ભેગા મળીને હાબિદને પકડી લઇશું." ડીવાયએસપી કુંપાવત વિશ્વાસભર્યા સ્વરે કહ્યુ. "પણ, હાબિદની લોકેશન માટે .."

"લોકેશન મળી જશે. મેં ખબરીને કામે લગાડી દીધો છે."

"ઓહ! એક રાતમાં જ ખબરીને કામે લગાડી દીધો."કમિશ્નર સાહેબ હસીને બોલ્યા.

"હા સર. મારો ખબરી હાબિદ કયાં કયાં હોઇ શકે તે જાણે છે." ખાન સાહેબે કહ્યું .

"ઓહ એમ વાત છે. તો તો આપણું કામ સરળ થઇ જશે. એટીએસની ટીમ પણ હાબિદની લોકેશન શોધી રહી છે."કુંપાવત બોલ્યા

"કયા ગુનામાં?" ખાન સાહેબે ચાનો કપ હાથમાં લઇને પુછ્યું.

"તેની પર સીધી રીતે કોઇ ગુનો નથી પણ ઘણાબધા કેસમાં તેની સંડોવણી હોવાની શંકા છે. કહેવાય છે કે બોર્ડર પરથી ગુજરાતમાં ગેરકાયેદસરના તમામ કામ તેની અંડર જ થાય છે, પણ ખુલાસો નથી થયો."કુંપાવત બોલ્યા

"તે પકડાશે તો બધુ બહાર આવશે."કમિશ્નર સાહેબ બોલ્યા.

"હા સર.અમે જલ્દીથી તેને પકડી લઇશું અને બબલુનો કેસ અને અન્ય કેસ સોલ્વ થઇ જશે." ખાન સાહેબે આત્મવિશ્વાસ સાથે કહ્યું.

"હા, મને પણ વિશ્વાસ છે. તો હવે તમે બંને ટીમ બનાવી આગળની કાર્યવાહી શરુ કરો." કમિશ્નર સાહેબે મીટીંગ પુરી કરતાં કહ્યું.

ખાન સાહેબ અને ડીવાયએસપી કુંપાવત ત્યાંથી ક્રાઇમ બ્રાંચ પહોંચ્યા અને આગળની કાર્યવાહી માટે ચર્ચા કરી.

કુંપાવત બોલ્યા, "આપણે તમારા ખબરીને મળીને હાબિદની લોકેશન જાણવી જોઇએ. મારી ટીમે પણ તેને શોધવા બહુ મહેનત કરી છે એટલે તે ટીમનો અનુભવ પણ ઉપયોગી બનશે."

"હા. આપણે તેને રુબરુમાં જ થોડીવાર પછી મળીએ છીએ. પણ ત્યાં સુધી આપણી ટીમની ગોઠવણ કરી લઇએ."

ખાન સાહેબે તેમની ટીમમાંથી ઇન્સપેક્ટર મેવાડા, એન્કાઉન્ટર સ્પેશ્યાલીસ્ટ ઇન્સ્પેકટર નાયક, મોબાઈલ અને સાયબર ટીમના એક્સપર્ટ સૌરીન, હીરાલાલ અને ગફુરની પસંદગી કરી.

ડીવાયએસપી કુંપાવતે તેમની ટીમમાંથી ઇન્સપેક્ટર નવાબ, બોંબ ડીફયુસ એક્ષપર્ટ વિરેન, કોન્સટેબલ રઘુવીર અને તેમના ખબરી ખેંગારની પસંદગી કરી.

ખાન સાહેબે ગફુરને ફોન કરીને કહ્યું, "તું બપોરે જમવા માટે ત્રણ વ્યકતિનું પાર્સલ લઇ ઘરે આવી જા. મારે તારી સાથે ઇમરજન્સીમાં રુબરુ વાત કરવી છે."

ખાન સાહેબ ડીવાયએસપી કુંપાવતને લઇને તેમના ઘરે જવા નીકળે છે. ઘરે પહોંચીને તે બંને જુની વાતો કરતાં હતાં ત્યાં ગફુર આવી પહોંચે છે.

ગફુર ત્યાં પહોંચીને ડીવાયએસપી કુંપાવતને પહેલી વાર જોઇ ચોંકી જાય છે. ખાન સાહેબ તે બંનેનો પરિચય કરાવે છે. તેઓ ડાયનીંગ ટેબલ પર ગોઠવાઇ જાય છે અને ગફુર જમવાનું સર્વ કરે છે.

ખાન સાહેબ ગફુરના ખભે હાથ મુકીને કહે છે, "કુંપાવત સાહેબ, ગફુર મારો અંગત ખબરી, મિત્ર છે. હું તેની મદદથી ઘણા કેસ સોલ્વ કરી શકયો છુ. તેની પાસે જ આપણે હાબિદની

ડીટેલ જાણવાની છે."

હાબિદનું નામ આવતા જ ગફુરના ચહેરો ગંભીર બની જાય છે અને ખાન સાહેબ તરત જ તેને જોઇને કહે છે, "ગફુર, આમ ટેન્શનમાં કેમ લાગે છે? "

"કંઇ નહીં સર."ગફુરે કહ્યું.

"આપની પાસે હાબિદની શું ઇન્ફરમેશન છે? " કુંપાવતે જમતા જમતા ગફુરને પુછ્યું.

પળવાર માટે ગફુર શાંત થઇ ગયો. તે કાંઇ બોલ્યો નહીં અને જમવાની પ્લેટ તરફ નીચું મોં રાખી જમતો જ રહ્યો. તેણે જવાબ ના આપતાં કુંપાવતે ખાન સાહેબને ઇશારો કરી તેને પુછવા કહ્યું.

ખાન સાહેબે પણ એ જ પ્રશ્ન પુછ્યો ત્યારે પણ તે કાંઇ જ બોલ્યો નહીં એટલે ખાન સાહેબે તેના ખભે હાથ મુકીને કહ્યું, "આમ ગભરાઇશ નહીં ગફુર. યાર આ કુંપાવત સાહેબની એટીએસની ટીમ અને ક્રાઇમ બ્રાંચ મળીને હાબિદ સુધી પહોંચવા માંગે છે. તારી મદદ લઇને."

હજુ પણ ગફુર નીચી નજરે જમી જ રહ્યો હતો. ખાન સાહેબે ધીમા સ્વરે કહ્યું, "ગફુર, કુંપાવત મારા મિત્ર છે અને તું મારા જેટલો જ વિશ્વાસ તેમની પર પણ રાખી શકે છે. આપણી વાત ખાનગી જ રહેશે, તું સહેજ પણ ગભરાઇશ નહીં."

ગફુરે ત્રાંસી નજરે ડીવાયએસપી કુંપાવતની સામે જોઇને કહ્યું, "હા સર, મને તમારી પર વિશ્વાસ છે પણ .."

"મારી પર પણ વિશ્વાસ રાખજે.તને તકલીફ થાય તેવું કંઇ નહીં થાય." કુંપાવતે ધીમા સ્વરે કહ્યું.

ખાન સાહેબે ગફુરને વિશ્વાસમાં લેવા કુંપાવત સાથે જુની જુની વાતો કરી. ગફુરને પાણીમાં લેવા મોકલી ખાન સાહેબે કહ્યું, "તેને વિશ્વાસ આવશે તો જ ઇન્ફરમેશન શેર કરી મદદ કરશે."

ગફુર પાણીનો ગ્લાસ ડીવાયએસપી કુંપાવતને આપતા બોલ્યો, "આપણી તપાસમાં કોણ કોણ હશે? "

ખાન સાહેબે અને ડીવાયએસપીએ પોતપોતાની ટીમના નામ કહ્યા. ગફુરે ખબરી ખેંગારનું નામ સાંભળી પુછ્યું, "એ ખેંગાર, આપનો ખબરી છે?"

"હા, તું ઓળખે છે?" ડીવાયએસપી કુંપાવત હસીને બોલ્યા .

ગફુરે હા માં જવાબ આપી કન્ફર્મ કરવા તરત ખેંગારને ફોન કર્યો અને પુછપરછ કરી પણ ખેંગારે બરાબર જવાબ ના આપતાં તેણે ખાન સાહેબ અને કુંપાવત સાહેબ સામે જોઇ ફોન સ્પીકર પર કર્યો અને ફરી પુછ્યુ.

ફોન સ્પીકર પર કરતાં તરત ડીવાયએસપી કુંપાવતે ખેંગાર સાથે વાત કરી. ખેંગાર કુંપાવત સાહેબનો અવાજ સાંભળી બરાબર જવાબ આપવા માંડયો.

હવે ગફુરને વિશ્વાસ આવતાં તેના મનની શંકાઓ દુર થઇ અને તેણે સ્વસ્થ થઇ ખેંગારને પણ અહીં બોલાવવા ખાનસાહેબને અને કુંપાવત સાહેબને કહ્યું.

ડીવાયએસપી કુંપાવતે ફોન કરી ખેંગારને ખાન સાહેબના ઘરનું એડ્રેસ આપી બને તેટલી જલ્દી

આવવા કહ્યું. એક જ કલાકમાં ખેંગાર પણ ત્યાં આવી પહોંચે છે. ખેંગાર અને ગફુર ઘણા દિવસે મળવાથી ભેટી પડે છે.

કુંપાવત સાહેબ ખેંગારને ટુંકમાં હાબિદને પકડવાની વાત કરે છે અને તેણે ગફુરની સાથે મળીને મિશન પર જવાનું છે તેની વાત કરી. ખેંગારે તરતજ હામી ભરી તેની તૈયારી બતાવી. ખેંગારે અને ગફુરે વાતચીત કરી આગળના પ્લાનની તૈયારી કરી.

ગફુર, રાત પડવા આવી છે અને હવે, આગળનો પ્લાન શું છે? ખાન સાહેબ આળસ મરોડતાં બોલ્યા.

"પ્લાનમાં તો સાહેબ એવું છે ને.. કાલે અમે સવારમાં મિશન પર નીકળી જઇશું." ગફુરે ખેંગારનો હાથ પકડીને કહ્યું."

કાલે સવારે ક્રાઇમ બ્રાંચ પર આ મિશનના તમામ લોકોની મીટીંગ કરી તમે નીકળજો

પ્રકરણ ૨૯ પુર્ણ

પ્રકરણ ૩૦

"સાહેબ, અમે પહેલાં તો હાબિદનો ખાસ માણસ જાયમલને શોધવાના છીએ અને તેની સાથે હીરાલાલની ડ્રગ્સની મોટી ડીલ કરાવવાના બહાને હાબિદ સુધી પહોંચીશું."ખેંગારે ધીમા સ્વરે તેમનો પ્લાન શોર્ટમાં કહ્યો

"સાહેબ, હાબિદ અને તેના આકાઓ દરિયાઇ માર્ગ કરાચી અને દુબઇથી દરિયા માર્ગે શસ્ત્રો અને ડ્રગ્સનો જથ્થો ગુજરાતમાં પહોંચાડે છે. તેનો લિગ્નાઇટનો પણ બિઝનેસ છે. હાબિદ કચ્છની બોર્ડર પર કે રાજસ્થાનની બોર્ડર પર જ કયાંક મળી જશે પણ તેની પરફેક્ટ લોકેશન તેના ખાસ પંટર જાયમલને જ ખબર હોય છે." ગફુર કુંપાવત સાહેબની સામે જોઇને બોલ્યો.

"અને જાયમલ કયાં .."કુંપાવત સાહેબ બોલ્યા

"તે તો અમદાવાદમાં જ શોધે મળી જશે."

કુંપાવત સાહેબ પણ તરત બોલી ઉઠ્યા, "મિશનમાં તમે એકલા નહીં હોવ, તમારી આસપાસ તમને મદદ માટે કે તમને કવર કરવા માટે ટીમ પણ હશે."

"પણ તેનાથી વાત .." ગફુર બોલ્યો

"વાત ખાનગી જ રહેશે અને અહીં હાજર ટીમના જ ઓફિસર તમારી આસપાસ રહેશે એટલે તમે બેફીકર થઇને તમારુ કામ કરજો."ખાનસાહેબ બોલ્યા.

"અને સાહેબ ..અમારી કેટલીક શરત .."ગફુર અચકાતાં અચકાતાં બોલ્યો.

"હા. બધી શરત મંજુર અને અમારી શરતો પણ તમારે માનવી પડશે. જેવીકે ..તમારી લોકેશન તમારે અમને યા તમારી આસપાસની ટીમને આપવી પડશે, તમે ઉતાવળે કોઇની પર હુમલો ના કરતાં પણ તમારી સેફટી માટે તમે હથિયાર વાપરી શકશો. હાબિદ અમને જીવતો જોઇએ છે એ પણ તમે યાદ રાખજો." કુંપાવત સાહેબે કહ્યું.

"હા, મંજુર છે અને અમારી શરત છે કે, સ્થાનિક પોલીસને જાણ કરવી નહીં. અમને જોઇતી કાર,બાઇક, હોટલ જેવી સગવડ, પૈસા, હથિયાર, મોબાઇલ, ડ્રગ્સ, દારુ જેવી વસ્તુઓ

જયારે-જયારે જરુર પડે તાત્કાલીક મળવી જોઇએ." ખેંગારે કહ્યું.

"હા. મળી જશે અને તમારી આસપાસની ટીમ તમારી આ બધી મદદ અને તમને કવર કરવા માટે જ હશે. તમે ટીમની જાણકારી મેળવી લો અને કાર્યવાહી ચાલુ કરી દો."કુંપાવત સાહેબ બોલ્યાં

"ઇન્સપેક્ટર મેવાડા, ઇન્સપેક્ટર નવાબ તમારી જોઇતી તમામ સગવડ, વસ્તુઓ પુરી પાડશે. તેઓ સતત તમારા સંપર્કમાં રહેશે. એન્કાઉન્ટર સ્પેશ્યાલીસ્ટ ઇન્સ્પેકટર નાયક, બૉંબ ડીફયુસ એક્ષપર્ટ વિરેન તમારી સેફટી માટે તમારી કાર્યવાહી પર સતત દુરથી નજર રાખશે. મોબાઈલ અને સાયબર ટીમના એક્સપર્ટ તમને સૌરીન તમને જોઇતી ટેકનીકલી મદદ કરશે અને જીપીએસથી તમારી લોકેશન પર વોચ રાખશે. કોન્સટેબલ રઘુવીર તમારા સારથી અને હીરો હીરાલાલ તમારી સાથે રહેશે."ખાન સાહેબે ટીમના દરેકની સામે જોતા જોતા આખા પ્લાનની વાત કરી.

પ્લાન સાંભળી હાજર તમામે ઇશારામાં હા કહી પછી ખાન સાહેબે કોઇને કંઇ પુછવું તો પુછવા કહ્યું.

"અમારે હાલ એક બાઇક, બે પોકેટ ગન, બે મોબાઇલ સીમ, ડ્રગ્સનું સેમ્પલ પેકેટ અને દશેક હજાર રુપીયા જોઇશે."ઇન્સપેક્ટર મેવાડાની સામે જોઇને કહ્યું.

ઇન્સપેક્ટર મેવાડા તેમની માંગેલી વસ્તુઓની ગોઠવણ કરે ત્યાં સુધી તે બંનેએ હોલ્ડ ઓલ ભરીને તૈયાર કરી લીધો.

થોડીવારમાં જ ઇન્સપેક્ટર મેવાડા બાઇક, બે પોકેટ ગન, જીપીઆરએસ સેટ કરેલ બે મોબાઇલ, ડ્રગ્સનું સેમ્પલ પેકેટ લઇને આવી ગયાં. તે બધી વસ્તુઓ તે બંનેએ પોકેટ અને હોલ્ડ ઓલમાં પેક કરી લીધી.

ગફુરે હીરાલાલને તૈયાર રહેવાનું કહી ખાન સાહેબ અને કુંપાવત સાહેબની પરમીશન લઇ મિશન પર નીકળ્યા.

મિશન પુરુ થાય ત્યાં સુધી ગફુર અને ખેંગારની કાર્યવાહી પર વોચ રાખવા ક્રાઇમ બ્રાંચમાં કુંપાવત સાહેબે એટીએસની ટેમ્પરરી ઓફિસ બનાવી.

****

ખાન સાહેબે ઇન્સપેક્ટર અર્જુનને બોલાવી બબલુ કેસમાં આગળની કાર્યવાહી વિશેની જાણકારી મેળવી

"સર,બબલુએ બિલ્ડરના ધંધામાં રોકાણ કરવા જેને પૈસા આપ્યા હતાં તે મુળજી કોન્ટ્રાક્ટર પર શક છે એટલે પુછપરછ માટે તેમને બોલાવાના છે, તમે કહો ત્યારે બોલાવીએ."ઇન્સપેક્ટર અર્જુને કહ્યુ

"હા. શકય હોય અત્યારે જ બોલાવી લો."

ઇન્સપેક્ટર અર્જુને તરત જ મુળજી કોન્ટ્રાક્ટરને ફોન કરી પુછપરછ માટે બોલાવાની વાત કરી અને તેઓ આવવા માટેની વાત પર તૈયાર પણ થઇ ગયાં.

એકાદ કલાક પછી મુળજી કોન્ટ્રાક્ટર ક્રાઇમ બ્રાંચ આવી પહોંચે છે અને તેમને લઇને

ઇન્સપેકટર અર્જુન ખાનસાહેબની ઓફિસમાં પહોંચે છે, ત્યાં આખી ટીમ તેમની રાહ જોઇ રહી હતી.

"આપ ૩૦ અને ૩૧ તારીખે કયાં હતાં ?" ખાન સાહેબે મુળજી કોન્ટ્રાકટની આંખોમાં આંખ પરોવી પુછપરછ શરુ કરી.

"હું અહીં જ મારી ઓફિસે અને ઘરે હતો."

"બબલુ સાથે તમારે કેવા સંબંધો હતાં ?"

"પણ આમ.. મને અહીં બોલાવી, બબલુ વિશેના પ્રશ્નો પુછવાનું કારણ .."

"કારણકે તમારા પર પોલીસને શક છે કે તમે બબલુનું .."

"હું બબલુ જેવા ગુંડા, દગાબાજ, ચીટર માણસનું નામ લેવા પણ નથી માંગતો, હું બબલુને કેટલાય સમયથી મળ્યો પણ નથી. મને બબલુ સાથે દોસ્તી કે દુશ્મની રાખવામાં રસ નથી."

"તમારી આટલી બધી નારાજગી જ તેના પર હુમલાનું કારણ છે કે કેમ તે માટે જ તમને પુછપરછ કરવા બોલાવ્યા છે. આપ બબલુ સાથેના સંબંધોની શરુઆતથી અંત સુધીની સાચી વાત વિચારીને કહો."

મુળજી કોન્ટ્રાકટરે થોડીવાર માટે આંખો બંધ કરી. ખાન સાહેબે ફેસ રીડર ચંપાવત અને અન્ય ટીમના ઓફિસરને મુળજી કોન્ટ્રાકટરની વાત સાંભળવા ઇશારો કર્યો.

ખાન સાહેબે પાણીનો ગ્લાસ આપતાં કહ્યું, "મુળજી, તમે પાણી પીને શાંતિથી આપની વાત જણાવો."

મુળજી કોન્ટ્રાકટરે પાણી પીને પોતાની વાત કહેવાની શરુઆત કરી, " સાહેબ, હું વર્ષો પહેલાં કન્ટ્રકશનના નાના મોટા કામ કરતો હતો. હું રુપીયાના અભાવે મોટા કામ કરી શકતો ન હતો પણ એક દિવસ મને એક મિત્રની મદદથી બબલુનો કોન્ટેક થયો. બબલુ તે સમયે વ્યાજે પૈસા આપતો હતો અને તેણે મને પણ મારા કન્ટ્રકશનના બિઝનેશ માટે માંગ્યા તેટલા રુપીયા આપ્યાં. બબલુએ મને કરોડો રુપીયા ધંધામાં આપ્યા અને મેં લાખો રુપીયા વ્યાજ સાથે તેના રુપીયા સમયસર પરત પણ કર્યા. ધીમે ધીમે મારી પાસે પણ રુપીયા બન્યા અને મને બીજા ઇન્વેસ્ટર પણ મળતાં ગયા એટલે બબલુ સાથેનો વ્યવ્હાર ઓછો થઇ ગયો. મેં જુના દિવસોમાં બબલુ એ મદદ કરી હોવાથી તેની સાથે સંબંધ રાખવા લેવડદેવડ ચાલુ રાખી."

"આ તો દોસ્તીની વાત કરી તમે, દોસ્તી ખતમ કયાં થઇ ?" ખાન સાહેબે તેમને અટકાવીને બોલ્યાં.

"બબલુએ મારી મિત્રતાનો દુરપયોગ શરુ કર્યો એટલે અમારી મિત્રતા ઘટવા લાગી. તે ભાઇબંધીનો દુરપયોગ કરી મારા દરેક શોપીંગ કોમ્પ્લેકસમાં મોકાની દુકાનો, ઓફિસ સસ્તામાં લઇ મોંઘી કિંમતે વેચતો હતો. મેં તેને આમ ન કરવાનું સમજાવતા તે દાદાગીરી પર ઉતરી આવ્યો હતો. તેણે મારા નવા બની રહેલા મોલમાં પણ મોકાની સ્પેસ લેવા જબરદસ્તી કરી રહ્યો હતો, ખોટી અરજીઓ કરી સરકારનું દબાણ પણ મારી પર લાવતો હતો અને ત્યાંથી અમારી મિત્રતા ઘટી ગઇ હતી. પણ અમારા કોમન મિત્રોએ ભેગા થઇ સમજાવટથી મેં મોટુ મન રાખી તેને મારી સ્કીમમાં છેલ્લી વખત સ્પેશ આપી હતી. તે પછી અમારી વચ્ચે કોઇ સંબંધ રહ્યા નથી."

"આ વાતને કેટલો સમય થયો ?"ઇન્સપેક્ટર અર્જુને પુછ્યું.

"ત્રણેક વર્ષ .."

"હજુ કંઇ કહેવું છે તમારે બબલુ વિશે."

"સાહેબ, બબલુએ મારા જેવા ઘણા લોકો જોડે દુશ્મની કરી છે એટલે જ તેના આવા હાલ થયાં છે, વધુ મારે કંઇ કહેવું નથી." મુળજી કોન્ટ્રાકટરે હાથ જોડીને કહ્યું.

ઇન્સ્પેક્ટર અર્જુને તપાસમાં મદદ કરવા બદલ મુળજી કોન્ટ્રાકટરનો આભાર માન્યો અને કહ્યું, "તમને જવા દેવામાં આવે છે પણ તમારે આ શહેર છોડીને જવાનું નથી, જરુર પડે તપાસ માટે અહીં હાજર થવુ પડશે અને દર અઠવાડિયે અહિં હાજરી પુરાવવા આવવું પડશે. આ શરતો મંજુર હોય તો લેખિતમાં સ્ટેટમેન્ટ સાથે આપો એટલે તમને જવા દઇશું."

મુળજી કોન્ટ્રાકટરે શરતો મંજુર રાખી તેમના નિવેદન પર સહી કરી આપી એટલે તેમને જવા દેવામાં આવ્યા.

ખાન સાહેબે મીટીંગ પતાવતા ઇન્સપેક્ટર અર્જુનને કહ્યું, "મને મુળજી કોન્ટ્રાકટરની પુછપરછનું રેકોર્ડિંગ, ફેસ રીડીંગ રિપોર્ટ, કોલ ડીટેલ અને સ્ટેટમેન્ટ જેટલી જલ્દી બને તેમ મોકલી આપો."

*****

મીટીંગ પુરી કરી ખાન સાહેબ કુંપાવત સાહેબ પાસે પહોંચે છે. કુંપાવત સાહેબ જીપીઆરએસ ટ્રેક કરીને અને ટીમ બી પાસેથી ગફુર અને ખેંગાર પર વોચ રાખી રહ્યા હતાં.

બપોરની ચા પીતા પીતા ખાન સાહેબ અને કુંપાવત ચર્ચા કરી રહ્યા હતાં. કુંપાવતે પેલા બે જણની ગતિવિધિની ટુંકમાં માહિતી આપતાં કહ્યુ, "તે બે જણાં અમદાવાદના દરીયાપુર, શાહપુર અને કાળુપુરની ગલીઓમાં ફરી રહ્યા છે."

"તેમની સાથે કોઇને વાત થઇ." ખાન સાહેબે પુછ્યુ.

"ના. પણ હું થોડીવારમાં તેમને ડાયરેકટ કોલ કરવાનું વિચારુ છું. ઘણો સમય થઇ ગયો.." કુંપાવત સાહેબ બોલ્યા

તે બંનેની વાત ચાલતી હતી ત્યાંજ ઇન્સપેક્ટર નવાબનો કુંપાવત સાહેબના મોબાઇલ પર કોલ આવે છે અને તે કહે છે, "સર, તે બંનેની ડીમાન્ડ આવી છે."

"શું ડીમાન્ડ? "

"એક પ્રીમીયમ વિસ્કી અને એક ..."

"અને શું ?"

પળવાર માટે ઇન્સપેક્ટર નવાબ બોલતાં અચકાય છે પણ ધીમે રહીને કહે છે, "સર, તેમને એક કોલ ગર્લ જોઇએ છે."

"શું.. કોલ ગર્લ ? નોનસેન્સ જેવી ડીમાન્ડ કરે છે તે બંને." કુંપાવત સાહેબ ગુસ્સામાં બોલ્યા.

"એક મીનીટ હોલ્ડ કરો." કુંપાવત સાહેબે કોલ હોલ્ડ પર રાખી ખાન સાહેબ સાથે ગફુર અને ખેંગારની ડિમાન્ડની વાત કરી.

"તમે પ્રિમીયમ વિસ્કી પહોંચાડી દો અને બીજી ડીમાન્ડ માટે ગફુરને કહો મને તાત્કાલિક ફોન કરે." ખાન સાહેબે ધીમા સ્વરે કહ્યું.

ખાન સાહેબે અને કુંપાવત સાહેબે આવી વિચિત્ર ડીમાન્ડ કરવાના કારણ પર વિચારતા હતાં ત્યાં જ ગફુરનો કોલ આવ્યો અને તે ઉતાવળમાં બોલ્યો, "સર, તમે પ્રોમિસ કરી હતી કે બધી ડીમાન્ડ પુરી થશે ને હવે.."

"તને કોઇ ભાન છે, આવી ડીમાન્ડ આવા સમયે .." ખાન સાહેબે ફોન સ્પીકર પર કરી વાત કરી.

"અરે સાહેબ, પેલો જાયમલ મળી ગયો છે અને તેને અમારે પાર્ટી આપવાની છે. તે હરામી શરાબ અને શબાબનો શોખીન

ઇન્સ્પેક્ટર અર્જુને મુળજી કોન્ટ્રાક્ટરનો મોબાઇલ નંબર લઇ મોબાઇલ એક્ષપર્ટને કોલ ડીટેઇલ માટે મોકલી આપી. મર્ડરની તારીખની આસપાસના દિવસે તેમની લોકેશનની માહિતી ચેક કરી અને ફેસ રીડર ચંપાવત પાસેથી રીપોર્ટ લઇ ખાન સાહેબને સોંપ્યો.

પ્રકરણ ૩૦ પુર્ણ

પ્રકરણ ૩૧

હીરાલાલ કાર અને પૈસાનો થેલો લઇ ફાર્મ હાઉસ પહોંચે છે. ત્યાં જાયમલ, ગફુર અને ખેંગાર રાહ જોઇ રહ્યા હતાં.

"આવો ડી એમ" જાયમલ ઉત્સાહી સ્વરે બોલ્યો

"લો આ પૈસા ભરેલો થેલો અને આ કારની ચાવી, મારુ કામ કયારે થશે ?" ડી એમ બોલ્યા

"કામ....તો ..હાલ જ અને હમણાંથી જ ચાલુ થઇ જશે." જાયમલે ઉભા થઇને પૈસા ભરેલો થેલો અને કારની ચાવી હાથમાં લઇને કહ્યું.

"જાયમલ, હવે પછીનો તારો શું છે ?"ગફુરે

"મારો પ્લાન તો હું કયારેય કોઇને નથી જણાવતો પણ એટલું કહુ કે હું અત્યારે જ માલની શોધમાં નીકળી જઉ છુ અને માલ મળે હું લોકેશન કહુ ત્યાં રુપીયા લઇને પહોંચી જજો." જાયમલ ડીએમના ખભે હાથ મુકીને બોલ્યો.

જાયમલ કાર ચાલુ કરીને જતાં પહેલાં બોલ્યો, "આપણી વાત ખાનગી જ રહેવી જોઇએ અને કંઇ ગડબડ થાય આપણે પોલીસને કોઇના વિશે કંઇપણ બાતમી આપવાની નથી તેનું ધ્યાન રાખજો."

જાયમલ કાર લઇને નીકળતાં જ ગફુરે ખાન સાહેબને ફોન કર્યો અને કહ્યું, "જાયમલ કાર લઇને નીકળી ગયો છે અને હવે..."

"તેને આપણી ટીમ ટ્રેસ કરી જ રહી છે. તમે બધા ક્રાઇમ બ્રાંચની ઓફિસે પહોંચો." ખાન સાહેબે કહ્યું.

ક્રાઇમ બ્રાંચની ઓફિસમાંથી જાયમલની કારનું લોકેશન મોબાઈલ અને સાયબર ટીમના એક્સપર્ટ સૌરીન સતત વોચ કરી રહ્યા હતાં અને એન્કાઉન્ટર સ્પેશ્યાલીસ્ટ ઇન્સ્પેકટર નાયક, બોંબ ડીફ્યુસ એક્ષપર્ટ વિરેન જાયમલની પાછળની કારમાં છુપી રીતે ટ્રેસ કરી રહ્યા હતાં.

મોડી રાતે ખાન સાહેબે સાયબર એક્ષપર્ટ પાસેથી જાયમલની લોકેશન મેળવી અને કુંપાવત સાહેબે ઇન્સપેક્ટર નાયકને કોલ કરીને ડીટેલ મેળવી.

ઇન્સપેક્ટર નાયકે કહ્યું, "સર, આ પોતે ગુંચવાયેલો છે યા આ એનો કોઇ પ્લાન છે એ ખબર નથી પડતી.તે એસ જી હાઇવેથી અડાલજ થઇને કાર લઇને ગાંધીનગર પાસેના એક ફાર્મ હાઉસ પર પહોંચ્યો

પ્રકરણ ૩૧ પુર્ણ

પ્રકરણ ૩૨

હાબિદને લઇને ટીમ ક્રાઇમ બ્રાંચ પહોંચે છે. ખાન સાહેબ કુંપાવત સાહેબ, ઇન્સપેક્ટર સિંઘ અને ક્રાઇમ બ્રાંચની ટીમનું હાબિદને પકડવા માટે અભિવાદન કરતા હતાં ત્યાં ગફુરનો ફોન આવે છે.

"બોલ ગફુર, તું કયાં છે. તે આખરે કામ કરી બતાવ્યું .."

ખાન સાહેબની વાત અટકાવી ગફુર બોલ્યો, "સાહેબ, બધી વાતો પછી કરીએ. પહેલાં હાબિદને ક્રાઇમ બ્રાંચથી ખસેડી ખાનગી જગ્યા પર લઇ જઇ પુછપરછ કરો. જો મીડીયામાં તેની ધરપકડની વાત લીક થઇ તો તમારે તેને મેજીસ્ટ્રેટ સામે રજુ ..."

"હા હા. તારી વાત સાચી, અમે આ વિશે વિચાર્યું જ નથી પણ હાબિદને ઉપલક જ રાખવાનો છે. અને તું મીડીયા પર ધ્યાન રાખજે. જરુર પડે મેનેજ પણ કરજે."

હાબિદ પાસેથી ઇન્ફરમેશન મેળવવા માટે એટીએસ અને બીએસએફની ટીમે પણ તૈયારીઓ કરી લીધી હતી. હાબિદના સાગરિત અને જાયમલને ઉપલક રાખવાની વાત ખાન સાહેબ ટીમ સામે કરે છે.

કુંપાવત સાહેબે તેમના કોન્ટેક લગાડી હાબિદને ખાનગી જગ્યાએ રાખવાનું સેટીંગ કરે છે અને તેને ઉતાવળથી તે ખાનગી જગ્યા પર શિફ્ટ કરવામાં આવે છે.

ઇન્સપેક્ટર અર્જુને ક્રાઇમ બ્રાંચની ટીમની સામે હાબિદને રજુ કર્યો અને તેની પુછપરછ શરુ કરી.

ખાન સાહેબે સમય બગાડયા વગર હાબિદને પુછ્યુ, "તું બબલુને ઓળખે છે ?"

હાબિદ નીચું મોં રાખીને ચુપચાપ બેસી રહ્યો. તે શાતિર ગુનેગાર હોવાથી સીધી રીતે કંઇ બોલે તેમાંનો ન હતો. ખાન સાહેબે બે ત્રણ વાર પુછવા છતાં તે ન બોલતાં ગુસ્સે થઇ તેમણે ઇન્સપેક્ટર અર્જુનને કહ્યું, "આની માટે રીમાન્ડ સ્પેશિયાલિસ્ટની જરુર પડશે. આ થર્ડ ડીગ્રી વગર નહીં બોલે."

ઇન્ટરોગેશન પુર્ણ થાય તરત હાબિદ અને તેના સાગરિતોની ડ્રગ્સના કેસમાં કાયદેસરની ધરપકડ કરી તેમને મેજિસ્ટ્રેટ સાહેબ સામે હાજર કરી રિમાન્ડ માંગવાની વ્યવસ્થા કરવા કુંપાવત સાહેબે સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટરને કહ્યું.

એટીએસની ટીમમાંથી રીમાન્ડ સ્પેશિયાલિસ્ટ ઇન્સપેક્ટર મોઇનને બોલાવવામાં આવ્યાં. ભલભલા ગુનેગારો તેમની આગળ બોલવા માંડે તેવી તેમની છાપ હતી. તેમણે ટીમની સામે હાબિદની પુછપરછ શરુ કરી, "બબલુને તુ આળખે છે? "

હાબિદે જવાબ ના આપતા કુંપાવત સાહેબે ઇન્સપેક્ટર મોઇનને ઇશારો કરતાં તેની પર થર્ડ ડીગ્રીનો પ્રયોગ કરવામાં આવ્યો. હવે તે બરોબર ડરી ગયો હતો અને થાકી પણ ગયો હતો. હાબિદને મનોમન સમજાતું નહોતું કે તેની આસપાસ શું થઇ થયું રહ્યું છે, કેટકેટલા અધિકારીઓ પુછપરછ કરી રહ્યા છે અને આ બબલુંની શું મેટર છે.

થોડીવાર પછી ફરી રીમાન્ડ સ્પેશિયાલિસ્ટ ઇન્સપેક્ટર મોઇન હાબિદની સામે આવીને તેની આંખોમાં આંખો પરોવીને પુછે છે, "હજુ ચરબી ઉતરવાની બાકી છે કે ઉતરી ગઇ."

હાબિદ વિસ્ફારિત નજરે તાકી રહ્યો અને હાથ જોડીને ધ્રુજતા સ્વરે બોલે છે, "મને માફ કરી દો. મને શા માટે અહીં લાવવામાં આવ્યો છે."

"તને માફ નહીં પણ સાફ કરવાનો છે અને તું ઘણા દિવસથી ભાગતો ફરતો હતો અેટલે મહેમાનગતિ માટે અહીં લાવ્યા છીએ." કુંપાવત સાહેબ હસતાં હસતાં બોલ્યા.

હાબિદની આંખોમાં આંસુ તરી આવ્યા અને તેની આંખોમાં ડર તથા થાક ખાન સાહેબ જોઇએ રહ્યા હતાં.

ખાન સાહેબે કડક સ્વરે હાબિદને પુછ્યું "બબલું ને તું ઓળખે છે? "

"હા." બંધ આંખે હાથ જોડીને હાબિદ બોલ્યો.

"તે બબલુંનું મર્ડર કેમ કર્યું."

"મેં ..મેં બધા ગેરકાયદેસરના ધંધા કર્યા છે સાહેબ પણ ..મેં કયારેય કોઇનું મર્ડર નથી કર્યું. ધ્રુજતા સ્વરે હાબિદ બોલ્યો."

"તારે બબલુ સાથે કેવા સંબંધો હતાં."

"બબલુને હું કેબલ સપ્લાય કરતો હતો. ધીમે ધીમે તે મારો ડ્રગ કેરીયર બન્યો હતો. તેને હું ડ્રગ સપ્લાય કરતો હતો પણ તેણે પેમેન્ટમાં ગોટાળો કરતાં મેં તેની સાથે ધંધો બંધ કરી દીધો હતો. તેણે મારા ધંધામાં ઘણી અડચણો ઉભી કરી હતી.. પણ .."

"એટલેજ તે એનું..."

"ના સાહેબ ના. મેં તેની સાથે સંબંધો ઓછા કરી નાંખ્યા હતાં એટલે તેની સાથેનો કોન્ટેકટ પણ બંધ થઇ ગયો હતો."

"છેલ્લે તું કયારે બબલુ ને મળ્યો હતો? "

"મને યાદ નથી પણ ઘણા વર્ષો થઇ ગયાં."

ખાન સાહેબ, ફેસ રીડર ચંપાવત અને ક્રાઇમ બ્રાંચની ટીમ હાબિદના જવાબો સાંભળી રહી હતી. તેની પાસેથી યોગ્ય જવાબો ન મળતાં ખાન સાહેબનાં ચહેરા પર હતાશા છવાઇ ગઇ. "તમે લોકો તમારે જોઇતી ઇન્ફરમેશન બહાર કઢાવો, બબલુના કેસની પુછપરછ પછી કરીશું." ખાન સાહેબ ઉંડો શ્વાસ લઇને કુંપાવત સાહેબને કહીને ટીમને લઇને ક્રાઇમ જવા નીકળે છે.

*****

ક્રાઇમ પહોંચી ખાન સાહેબ પોલીસ કમિશ્નરને મળવા પહોંચે છે અને હળવેકથી કહે છે, "સર, હાબિદ પાસેથી પણ બબલુ મર્ડરની યોગ્ય માહીતી મળતી નથી, તેની પુછપરછ ચાલુ છે ..પણ. "

"પણ શું. ખાન આ શું ચાલી રહ્યું છે? " પોલીસ કમિશ્નરે ગુસ્સામાં પુછ્યું.

"સર, કેસ ગુંચવાઈ ગયો છે. શકમંદો ઘણાં છે પણ યોગ્ય પુરાવા મળતાં નથી એટલે .."

"મારે પણ મીડીયા અને ઉપલા લેવલે શું જવાબ આપવાનો.

ખાન સાહેબ માથુ નીચુ કરી ચુપચાપ સાંભળી રહ્યા હતાં, પોલીસ કમિશ્નરે ખાનને કયારેય આવી હાલતમાં જોયા ન હતાં.

ઓફિસમાં થોડો સન્નાટો છવાઇ ગયો પછી પોલીસ કમિશ્નરે ખાન સાહેબના ખભે હાથ મુકી કહ્યું, "મને તમારી કાર્યક્ષમતા પર પુરો ભરોસો છે પણ આપણી પાસે સમય ઓછો છે."

"સર, મને આ કેસમાંથી .."

"તમારે જ આ કેસ સોલ્વ કરવાનો છે. તમે બે દિવસનો બ્રેક લઇ આરામ કરો, પછી તમે થોડા ફ્રેશ થઇ કેસ સ્ટડી કરો. પોઝીટીવ રીઝલ્ટ મળશે જ."

ખાન સાહેબ બે દિવસની રજા પર ગફુરને લઇ ફેમીલીને મળવા તેમના ઘરે જાય છે. ઘણા દિવસે ઘરે જઇ ફેમીલી મેમ્બરને મળી ખુશ થાય છે. આખો દિવસ ફેમીલી સાથે વિતાવ્યા પછી ખાન સાહેબ અને ગફુર ટેરેસ પર બેસીને વાતો કરતાં હોય છે.

ખાન સાહેબના ઘરની નજીકમાં કયાંક ધાર્મિક પ્રોગ્રામ ચાલતો હતો તેનો વધુ પડતો સાઉન્ડ ટેરેસ પર તેમની વાતોમાં ખલેલ પહોંચાડી રહ્યો હતો એટલે ગફુરે તેની ઘડીયાળમાં જોઇને કહ્યું, "સાહેબ, સાઉન્ડ બંધ કરવાનો સમય થઇ ગયો છે એટલે થોડીવારમાં આ બધુ બંધ થઇ જશે."

ગફુરે ખાન સાહેબને સિગરેટ સળગાવીને આપી એટલે તેઓ આકાશ સામે જોઇને વિચારતા વિચારતા સિગરેટનો કશ મારી રહ્યા હતાં. ગફુરે ફરી ઘડીયાળમાં ટાઇમ જોયો. સાઉન્ડ બંધ કરવાનો સમય ઓવર થઇ ગયો હતો તોય ઉંચા અવાજે સાઉન્ડ ચાલુ જ હતો. થોડીવાર પછી ત્યાંથી ઝઘડો શરુ થવાનો અવાજ આવતા ખાન સાહેબ અને ગફુરનું ધ્યાન તે તરફ જાય છે અને તે બંને તે જગ્યા પર જવા નીકળે છે.

તે જગ્યા પર સાઉન્ડ બંધ કરવા આવેલ પોલીસ અને લોકો વચ્ચે થઇ રહેલ ઘર્ષણ તેઓ જોવે છે. તે બંને પણ મેટર સોલ્વ કરવા વચ્ચે પહોંચે છે. હાજર પોલીસ ખાન સાહેબને ઓળખી જાય છે અને ત્યાંના સ્થાનિક લોકો પણ તેમને જાણતા હોવાથી મામલો થોડો શાંત થઇ જાય છે.

સ્થાનિકોનું કહેવું હતું કે ભજનના પ્રોગ્રામ પોલીસ બંધ કરાવતા ઝઘડો થયો, પોલીસનું કહેવું હતું કે પરમીશન વગર અને સાઉન્ડ બંધ કરવાનો સમય ઓવર થઇ જતાં પણ સાઉન્ડ બંધ કરવાનું કહેતા ઘર્ષણ થયું. ખાન સાહેબે ત્યાં હાજર સ્થાનિક અગ્રણીઓને સાઉન્ડ વગર ભજન ચાલુ રાખવાનું કહી મેટર સોલ્વ કરાવી ત્યાંથી નીકળે છે.

ઘરે જતા ખાન સાહેબને એક આઇડીયા આવે છે અને રાતોરાત પરિવારને મળીને ક્રાઇમ બ્રાંચ જવા નીકળે છે. ગફુર કાર ચલાવતા રસ્તામાં વારંવાર પુછે છે, "સાહેબ, રજા કેન્સલ કરી કેમ તમે જઇ રહ્યા છો? તમને આમ અચાનક શું થયું છે? "

"એ બધુ તને ત્યાં પહોંચીને સમજાઇ જશે."

ખાન સાહેબે તેમની રજા કેન્સલ કરવાનો મેસેજ હેડ ઓફિસ મોકલી દીધો અને વહેલી સવારે ટીમને ઓફિસે હાજર રહેવાનો મેસેજ પણ આપી દઇ ચાલુ કારમાં સુઇ ગયાં.

ખાન સાહેબ તેમના ફેમીલીને મળીને સીધા જ વહેલી સવારે ક્રાઇમ બ્રાંચ પહોંચીને થોડો આરામ કરે છે અને ટીમ હાજર થઇ જતાં ફ્રેશ થઇ મીટીંગ શરુ કરે છે.

ઉત્સાહ ભર્યા સ્વરે ટીમના સાથીઓને કહે છે, "આપણને હજુ સુધી ભલે કોઇ સફળતા નથી મળી પણ હવે મારી પાસે એક આઇડીયા છે જેનાથી કેસ સોલ્વ થવામાં મદદ મળશે."

ખાન સાહેબનો ઉત્સાહ જોઇને ટીમના સાથીઓનો પણ નવો ઉત્સાહ મળે છે. તેમણે થોડી મોટીવેશનલ વાતો કરી ટીમને મેન્ટલી તૈયાર કરી. તેમની વાતો બધા શાંતિથી સાંભળી રહ્યા હતાં. તેમણે અત્યાર સુધી થયેલ તપાસની ટુંકમાં ચર્ચા કરી અને ટીમના સાથીઓને પણ સાંભળ્યા.

તેમણે ચાલુ મીટીંગમાં ઇન્સપેક્ટર નાયક અને ઇન્સપેક્ટર અર્જુનને કહ્યું,"તમે તાત્કાલિક લાખાને, સુજાતા અને પિન્ટોને અહીં લઇ આવો. તે ત્રણે આવે પછી આગળની મીટીંગ કરીશું તેવી વાત કરી તેઓ ઓફિસ બહાર આવી પોલીસ કમિશ્નરને ફોન કરી તેમના પ્લાનની વાત કરી મંજુરી મેળવે છે.

******

કુંપાવત સાહેબ ખાન સાહેબને ફોન કરે છે અને કહે છે, "હાબિદ પાસેથી એટીએસની ટીમને ઘણીબધી માહિતી મળી છે અને તેની પર મજબુત ગુનો બને તેમ છે."

"સરસ વાત છે, તો તમે તેને મેજીસ્ટ્રેટ સામે રજુ કરી કાયદેસરના રીમાન્ડ માંગી વધુ પુછપરછ કરો અને રીમાન્ડ પતે બીએસએફને સોંપી દે જો. છેલ્લે અમે પણ પુછપરછ કરીશું, કંઇ ઇન્ફરમેશન મળે તો કામ થઇ જાય."

"આ તમારી અને તમારા ઇન્ફોર્મરની મદદથી હાબિદ મળ્યો છે, નહિંતર આટલા વર્ષોથી તે ભાગતો ફરતો હતો."

"હા. ચલો દેશના સારા કામમાં અમારી ટીમ આવી તેનો આનંદ છે. વધુ કોઇ અમારા કામની ઇન્ફોર્મેશન મળે જાણ કરજો."

ખાન સાહેબે ગફુરને ફોન કરી કુંપાવત સાહેબે કહેલી વાત કરી અને તેણે દેશના મોટા ગુનેગારને પકડવા તેના યોગદાન માટે તારીફ પણ કરી.

"બસ સાહેબ બહુ થયું, દેશ માટે તો હજુ ઘણુ કરવાનું છે અને આગળના પ્લાનનું શું થયું."ગફુરે ઉતાવળથી કહ્યું.

"ચર્ચા ચાલુ છે, પુરી થયે તને જાણ કરુ છું."

******

લાખો, સુજાતા અને પિન્ટો આવી પહોંચતા મીટીંગ શરુ થાય છે અને આગળનો પ્લાન વિશે ચર્ચા કરે છે.

પ્રકરણ ૩૨ પુર્ણ

પ્રકરણ ૩૩

ખાન સાહેબે ટીમની સામે મીટીંગ શરુ કરતા લાખાને કહ્યું, "તે પેલા બે એકટીવા સવાર લોકોની વાત યાદ છે ને? "

"હા સર. મને તે ઘટના અને તે લોકો પણ બરોબર યાદ છે. મેં તેમના સ્કેચ પણ બનાવવામાં મદદ કરી છે."

ખાન સાહેબે સુજાતા સામે જોઇને કહ્યું, "અમને ઘણાબધા પુરાવા મળ્યા છે, શકમંદ આસપાસ જ છે પણ મજબુત પુરાવો ન મળતા ધરપકડ થઇ શકતી નથી. મારે તમારી અને પિન્ટોની મદદ જોઇએ છે."

"કેવી મદદ અને અમારી મદદથી કેસ સોલ્વ થતો હોય અમે તૈયાર છે." સુજાતાએ કહ્યું.

"મદદમાં એવું છે ને. હું તમને આખો પ્લાન સમજાવું. તમારે તમારા ઘરે એક ભજન સંધ્યાનું આયોજન કરવાનું છે, તેમાં જાહેર જનતાને આમંત્રણ આપવાનું છે. ભજન સંધ્યનો ખર્ચ, સિકયોરિટી અને અન્ય તમામ વ્યવસ્થા અમે કરીશું. ભજનનું લાઇવ રેકોર્ડીંગ સીસીટીવીથી કરવામાં આવશે. ભજનમાં આવનાર તમામ પર અમારી ટીમ નજર રાખશે અને લાખાને પણ હાજર રાખવામાં આવશે. અમને મળતી માહિતી મુજબ આરોપી આપણી આસપાસ જ છે અને તે ભજનમાં જરુર આવશે. તેની ઓળખ થતાં તેની ધરપકડ કરવામાં આવશે."

સુજાતાએ ભજનની વાત સાંભળી આનાકાની કરી પણ ખાન સાહેબે સમજાવતા તે તૈયાર થઇ ગઇ. પિન્ટોને બબલુના પરિચિત લોકોને, મિત્રોને પરમ દિવસે આવવા આમંત્રિત કરવાની અને ભજન માટે અન્ય તૈયારીઓ કરવાની વાત કરવામાં આવી.

ખાનસાહેબે સુજાતા અને પિન્ટોના ગયાં પછી ટીમને ભજનની તૈયારીમાં લાગી જવા કહ્યું. ખાન સાહેબ મનોમન વિચારતાં હતાં કે આ જ આખરી દાવ છે.

ખાન સાહેબે બપોરે ગફુરને સાથે લંચ કરવા ઘરે બોલાવ્યો અને ભજનના પ્લાનની વાત કરી. ગફુરને આગલી રાતે ભજનમાં થયેલા ઝઘડામાં હાજર સ્થાનિક અગ્રણીઓની હાજરી પરથી સાહેબને પ્લાન આવ્યો અને તેઓ રાતોરાત પરત આવ્યાની વાત સમજાઇ ગઇ. ખાન સાહેબે ગફુરને બબલુના ઘર પાસે પરમ દિવસે જે કલાકારો મળે તેમને બોલાવાની વ્યવસ્થા કરવાનું કામ સોંપ્યું.

ક્રાઇમ બ્રાંચની ટીમ ભજન સંધ્યાના સ્થળે સીસીટીવી અને મોનટરીંગ રુમ બનાવાની તૈયારીમાં લાગી ગઇ. હાફ ટન, ફુલ ટનનો તાત્કાલિક ભજન સંધ્યાના પોસ્ટર અને પેપર કટીંગ બનાવી પ્રચાર કરવાની જવાબદારી સોંપવામાં આવી. બબલુના કેબલ પર પણ ભજન સંધ્યાની જાહેરાત કરવામાં આવી.

૨૪ કલાક પછી આખા શહેરમાં બબલુ પાંડેના સ્મરણાર્થે કરવામાં આવેલ ભજન સંધ્યાની ચર્ચાઓ હતી.

ભજન સંધ્યાના સમય પહેલા જ ભજન કરનાર કલાકારો સ્ટેજ પર ગોઠવાઇ ગયા હતાં.

સાઉન્ડ અને લાઇવ રેકોર્ડિંગ કરનાર ટીમ પણ તૈયાર હતી. લોકોની આવવાની શરુઆત થઇ ગઇ હતી અને તે બધાનું ચેકીંગ થઇ રહ્યુ હતું. તે બધાને સીસીટીવી પરથી રેકોર્ડ કરવામાં આવી રહ્યા હતાં. કંટ્રોલ રુમમાં ઇન્સપેક્ટર અર્જુન અને લાખો મોનીટરીંગ કરી રહ્યા હતાં. સાદા ડ્રેસમાં લોકોની વચ્ચે પોલીસ તૈનાત હતી. હાફટન, ફુલટન અને ગફુર પણ ત્યાં હાજર હતાં. ટીમના દરેકને માઇક્રોફોન અને વોકીટોકીથી કંટ્રોલ રુમ સાથે કનેકટ કરી રાખવામાં આવ્યા હતાં.

પ્રકરણ ૩૩ પુર્ણ

પ્રકરણ ૩૪

મેઘા બોલવાનું શરુ કરવાની જ હતી ત્યાં ખાન સાહેબ તેને રોકીને પુછે છે, "તારી સાથે બીજુ કોણ હતું? "

"મારી સાથે કોઇ નથી. મારે તમને જે કહેવું છે તે તમે મને બોલવા દો."

મેઘાની વાતની શરુઆત જ થઇ હતી ત્યાં મીટીંગની અંદર મેસેજ મળે છે કે સુજાતા તેના સિનિયર એડવોકેટને લઇને ક્રાઇમ બ્રાંચ આવી છે. ખાન સાહેબ મેઘાને થોડીવાર માટે બોલતા અટકાવી મીટીંગ રુમમાંથી બહાર આવી સુજાતા અને તેના એડવોકેટ સાથે વાત કરે છે. તે બધાની વચ્ચે ગરમાગરમી થાય છે અને વાતાવરણ ઉગ્ર બનવાની તૈયારીમાં જ હતું ત્યાં એડવોકેટના પ્રશ્નોના જવાબ ટાળવા માટે થઇને ખાન સાહેબ શંકાના આધારે મેઘાને મેજીસ્ટ્રેટ સાહેબની સામે ઇમરજન્સીમાં રજુ કરી રીમાન્ડ માંગવાનું વિચારે છે.

ખાન સાહેબે ઇન્સપેક્ટર અર્જુનને સુજાતા અને તેના એડવોકેટ સામે જોઇને કહે છે, "તમે, હું જે પેપર આપુ તે અને મેઘાને લઇને મેજીસ્ટ્રેટ સાહેબ પાસે જાઓ. મેઘાના રીમાન્ડ માંગો અને પછી તેની પુછપરછ કરો."

ખાન સાહેબની વાત સાંભળી એડવોકેટ શાંત થાય છે અને સુજાતાને કાયદાકીય રીતે આગળ કામ કરવાનું સમજાવી ત્યાંથી ઘરે જવા નીકળે છે.

ખાન સાહેબ ટીમને કહે છે, "આગળની પુછપરછ રીમાન્ડ મંજુર થાય પછી સવારે કરીશું."

ખાન સાહેબ ક્રાઇમ બ્રાંચની ઓફિસે જ રહી મેઘાની સાથે કોણ હશે, શું હાબિદ અને મેઘાએ સાથે મળીને બબલુનું મર્ડર કર્યું હશે તે વિચારતાં હોય છે ત્યાં ગફુરને કોલ કરી ઓફિસ બોલાવે છે. તે બંને મોડી રાતે કુંપાવત સાહેબને મળીને હાબિદ પાસેથી વધુ ઇન્ફરમેશન મેળવવા એટીએસની ઓફિસે જાય છે. એટીએસની ઓફિસે પણ મોડી રાતે હાબિદને લઇને વાતાવરણ ગરમાગરમીનું હતું. મીડીયા કોન્ફરન્સ પણ થોડીવાર પહેલા જ પુરી થઇ હતી ને બ્રેકીંગ ન્યુઝ મીડીયામાં ચાલુ થઇ ગયાં હતાં તે ખાન સાહેબ તેમના મોબાઇલ ફોન પર જોઇ રહ્યા હતાં.

એટીએસની ઓફિસે ખાન સાહેબ અને ગફુરને જોઇને કુંપાવત સાહેબ અને તેમની ટીમ ઉમળકાભેર આવકારે છે. ખાન સાહેબ હાબિદ પાસેથી મળેલ ઇન્ફરમેશન જાણવા ત્યાં પહોંચ્યા છે તેની વાત કરે છે.

કુંપાવત સાહેબ હાબિદ પાસેથી મળેલી ઇન્ફરમેશન ખાન સાહેબને આપતાં કહે છે, "હાબિદ અને તેના સાગરીત પાસેથી બરાબર મરામત કરતાં અગાઉના ડ્રગ્સના ઘણાબધા કેસ સોલ્વ થયાં અને તેની સંડોવણી પણ બહાર આવી. તેણે સંતાડેલો ડ્રગ્સનો જથ્થો અને કેટલાંક વેપન્સ પણ તેણે માહિતી આપી તે જગ્યા પર સ્થાનિક પોલીસની મદદથી તપાસ કરતાં મળી આવ્યાં. અમને તેના નેટવર્ક સિસ્ટમની અને લોકલ કેરીયર, સપ્લાઈરની ઇન્ફરમેશન જોઇતી હતી. તે ઇન્ફરમેશન તેના સાગરીતો પાસેથી મળી. હાબિદ કચ્છના બોર્ડર પાસેના ગામમાં કેટલાંક સ્થાનિક લોકોની મદદથી ખાનગીમાં ગાંજાની ખેતી કરાવે છે અને તેનો મોટો કેરીયર સુરજબારી પુલ પાસેના ઢાબા પર રહેતો સાધુના સ્વાંગમાં રહેતો ભવાનજી નામનો અઘોરી બાવો છે. માહિતી મળતાં એલસીબી, એટીએસ અને એસઓજીની ટીમે રેડ પાડતાં તે મળી આવ્યો હતો અને ઢાબા પાસેથી ગાંજાનો જથ્થો પણ મળી આવ્યો છે. તે બાવાની પણ ધરપકડ કરી લેવામાં આવી છે."

"ઓહોહો! દેશ હિતમાં બહુ મોટી ઇન્ફરમેશન મળી." ખાન સાહેબે ઉત્સાહી સ્વરમાં કહ્યું.

"એલસીબી, એટીએસ અને એસઓજીની ટીમ હજુ વધુ રેડ પાડીને ગુનેગારોની ધરપકડ અને મુદામાલની જપ્તી કરી રહી છે. બાવા પાસેથી ઇન્ફર્મેશન કઢાવી છે તેમાં જાણવા મળ્યુ છે કે તેના ઢાબા પર જેવી ધજા લગાવી છે તેવી ધજા હાઇવે પરની જે હોટલો, ઢાબા અને રેકડી પર લગાવી હશે ત્યાં ડ્રગ્સ મળી આવશે. આ ધજા નસેડીઓ માટે સિગ્નલ છે. હાઇવે પર ટ્રક ડ્રાઇવર અને કંડકટરો તેમના મોટા ગ્રાહકો છે."

"બહુ મોટા રેકેટનો પર્દાફાશ થયો છે એ સરસ વાત છે પણ .." ખાન સાહેબ બોલતા બોલતા અટકી ગયાં.

"પણ શું બોલો ખાન."

"મારે જે ઇન્ફર્મેશન જોઇએ છે તે હાબિદ પાસેથી નથી મળી."

કુંપાવત સાહેબે હસતા હસતા કહ્યું, "રીમાન્ડ સ્પેશિયાલિસ્ટ ઇન્સપેક્ટર મોઇને હાબિદની એવી ખાતિરદારી કરી છે અને માર ખાઇને તે એટલો ડરી ગયો છે કે બધુ પોપટની જેમ બોલવા માંડયો."

"મારે પણ એવી જ રીતે ઇન્ફરમેશન કઢાવવી છે."

"એક મીનીટ, ઇન્સપેક્ટર મોઇન જોડે તેની ફરી વાર ધોલાઇ કરાવીએ એટલે બાકી રહેલ ઇન્ફરમેશન પણ બહાર આવશે." કુંપાવત સાહેબ બોલ્યાં.

ખાન સાહેબ અને ગફુરને લઇને કુંપાવત સાહેબ રીમાન્ડ રુમ તરફ જાય છે, ત્યાં હાબિદ જમીન પર બેવડ વળીને પડયો હતો અને તે થાકીને અધમૂઓ થઇ ગયો હતો. રીમાન્ડ રુમમાં ઇન્સપેક્ટર મોઇનના પગ પાસે હોકી અને બેઝ બોલનું બેટ પડયું હતું.

ઇન્સપેક્ટર મોઇન કુંપાવત સાહેબ અને ખાન સાહેબને જોઇને ખુરશીમાંથી ઉભા થઇ હાબિદની હાલતની વાત કરે છે.

ખાન સાહેબ ઇન્સપેક્ટર મોઇનને કહે છે, "હાબિદ પાસેથી બબલુની ઇન્ફર્મેશન કઢાવો, મારે તાત્કાલિક જોઇએ છે."

ઇન્સપેકટર મોઇને હાબિદ તરફ હાથ લંબાવી કહ્યું, "આ હમણાં કંઇ બોલી શકે તેમ નથી,

કદાચ તે થાકીને બેભાન થઇ ગયો લાગે છે. ભાનમાં આવે ત્યાં સુધી રાહ જોઇએ, પછી ફરી તેની ધોલાઇ કરી ઇન્ફરમેશન મેળવીએ."

ખાન સાહેબ, ગફુર અને ઇન્સપેક્ટર મોઇન રીમાન્ડ રુમમાં જ રોકાયા, તેઓ હાબિદના ભાનમાં આવવાની રાહ જોઇ રહ્યા હતાં. પરોઢ થવાની તૈયારીમાં જ હતી ને હાબિદના પગમાં થોડો સરવરાટ થયો, તે બેઠો થવા મથતો હતો પણ થાકીને અને માર ખાઇને ઉભો થઇ શકતો ન હતો. હાબિદે જમીન પર પડયાં પડયાં અર્ધ ખુલ્લી આંખે તેની આજુબાજુ જોયું . ત્યાં હાજર ઇન્સપેક્ટર મોઇન અને ખાન સાહેબને જોઇને ભયનું લખલખુ શરીરમાંથી પસાર થઇ ગયું, તેણે ડરીને આંખો બંધ કરી લીધી.

ઇન્સપેક્ટર મોઇને હોકી હાથમાં લઇને હાબિદને કહ્યું, "આંખો બંધ કરીને તુ કયાં સુધી બચીશ. આ હોકીને યાદ કરી લે અને જલ્દી બેઠો થઇ જા."

હાબિદના મગજની નસો ફાટફાટ થતી હતી. તેનો ચહેરો આંસુઓથી ખરડાયેલો હતો. આંખોના પોપચાં રોઇ રોઇને સુઝી ગયા હતાં. તે મનમાં ને મનમાં વિચારતો હતો કે આટઆટલી ઇન્ફરમેશન આપી દીધી તોય હજુ વધુ આ લોકોને શું ઇન્ફરમેશન જોઇતી હશે. તે જમીન પર માંડ માંડ હાથ ટેકવીને બેઠો થયો.

બે હાથ જોડી રડતા રડતા ધ્રુજતા હોઠે હાબિદ બોલ્યો, "પાણી ..પાણી."

તેને પીવા માટે પાણી આપવામાં આવ્યું. તે એટલો બધો તરસ્યો હતો કે એક જ ઘુંટડે પાણી પી ગયો, થોડો સ્વસ્થ થયો અને જમીન પર માથુ નમાવીને બોલ્યો, "જેટલુ ખોટુ કર્યુ તે બધુજ તમને કહી દીધુ, મેં કંઇ છુપાવ્યું નથી.હવે કાંઇ બાકી નથી. મને..."

"મારે બબલુની વાત જાણવી છે." ખાન સાહેબે ગુસ્સે થઇને બેઝ બોલનું બેટ હાથમાં લઇ કહ્યુ.

હાબિદ ધ્રુસકે ને ધ્રુસકે રડતા રડતા બોલ્યો, "આટલી બધી ઇન્ફરમેશન આપી, આટલા બધા ગુના કબુલ્યા અને મને ખબર છે કે મને જન્મટીપની સજા થશે. સાહેબ, જો મેં બબલુનું મર્ડર કર્યુ હોય તો હું કબુલી લઉં. મને કયાં જન્મટીપ કે ફાંસી કરતાં કયાં વધારાની સજા મળવાની છે."

ખાન સાહેબે પણ તેની વાત પર થોડુ વિચાર્યું કે આટલા બધા ગુના કબુલ્યા પછી તે આ એક ગુનો ..

"સાહેબ, તમને કોઇ ગુનેગાર ના મળે તો મારી પર નાંખી દો. ભલે મને સજા થાય, તમારો કેસ સોલ્વ થઇ જશે." હાબિદ આંસુ લુછતા લુછતા બોલ્યો.

ઇન્સપેક્ટર મોઇન હોકી હાથમાં લઇને બોલે છે, "આ એમ નહીં માને , આને .."

ખાન સાહેબે ઇન્સપેક્ટર મોઇનને મારતા રોકીને કહ્યું, "કુંપાવત સાહેબ ને પુછો, આની પુછપરછ પતી ગઇ હોય તો આને ક્રાઇમ બ્રાંચ લઇ જવો છે."

કુંપાવત સાહેબ સાથે વાત કરીને ખાન સાહેબ અને ઇન્સપેક્ટર મોઇન હાબિદને લઇને ક્રાઇમ પહોંચે છે. ત્યાં પહોંચીને લાખા પાસે હાબિદની ઓળખ વિધી કરાવે છે પણ લાખો થોડુ વિચારીને ના પાડે છે. સ્કેચ સાથે પણ ટીમના લોકો મેચ કરે છે પણ પરફેકટ મેચ નથી થતું એટલે ખાન સાહેબ મનોમન ગુંચવાઈ છે.

"મેઘાની પુછપરછ થાય પછી હાબિદની કરીશું, ત્યાં સુધી આને લોકઅપમાં રાખો."ખાન સાહેબ કંટાળેલા સ્વરે બોલ્યા.

આખી રાતની દોડાદોડ પછી ખાન સાહેબ ફ્રેશ થવા ઘરે જાય છે. ફટાફટ તેઓ તૈયાર થઇ ક્રાઇમ બ્રાંચ પહોંચે છે. ત્યાં પહોંચતા હીરાલાલ તેમને મળે છે અને તેમને ચાનો ઓર્ડર આપી ઓફિસમાં સાથે પીવા માટે બોલાવે છે.

ખાન સાહેબે સાયબર એક્ષપર્ટને બોલાવીને કહ્યું, "મેઘાનો ફોન જમા લઇ લો અને મારે તાત્કાલિક મેઘાના ફોન પરથી મર્ડરની તારીખની આસપાસના દિવસોમાં થયેલા કોલની ડીટેલ, તેના ફોન પરથી તે દિવસોની તેની લોકેશન, તેણે છેલ્લે કોની કોની સાથે વાત કરી છે તે બધી ઇન્ફર્મેશન જોઇએ છે. તમે રીપોર્ટ લઇ મીટીંગ રુમમાં મને મળો."

હીરાલાલ કેન્ટીનમાં ચા અને નાસ્તાનો ઓર્ડર આપી ખાન સાહેબની ઓફિસમાં પ્રવેશી બોલે છે, "સાહેબ, આમ ઉજાગરા, દોડાદોડ કરીને તબિયત બગાડવા કરતાં થોડો આરામ .."

"હીરાલાલ, આરામ કરવાની હાલ જગ્યા નથી. કેસ સોલ્વ થયે લાંબો આરામ કરવાનું વિચારીશ."

"સર, મેઘાના ૭ દિવસના રીમાન્ડ મંજુર થઇ ગયા છે અને ટીમ પણ મેઘાની પુછપરછ માટે તૈયાર છે."

"તો ચા અને નાસ્તો પતાવી પુછપરછ શરુ કરીએ." ચાનો કપ હાથમાં લઇ ખાન સાહેબ બોલ્યા.

ચા નાસ્તો પતાવી ખાન સાહેબ ઓફિસમાં પ્રવેશે છે. ત્યાં વીડીયો રેકોર્ડીંગ ટીમ, ફેસ રીડર, સાયબર એક્ષપર્ટ, રાઇટર, ક્રાઇમ બ્રાંચની આખી ટીમે મેઘાની પુછપરછ માટે તૈયાર હતી. લાખાને પણ હાજર રાખવામાં આવ્યો હતો. ખાન સાહેબે ઇન્સપેકટર વીણાને ઇશારો કરી મેઘાની પુછપરછ શરુ કરવા કહ્યું.

"બોલો, તમારે શું કહેવું છે? "ઇન્સપેક્ટર વીણાએ મેઘાની નજીક જઇને કહ્યું.

મેઘા આંખો બંધ કરી બેસી રહી હતી. તેણે ધીમે રહીને આંખો ખોલી તેની સામે બેઠેલા તમામ તરફ નજર ફેરવીને જોયું અને ધીમા સ્વરે કહ્યું, "મેં કંઇ ખોટુ નથી કર્યું. "

"તમે તારીખ ૩૦ અને ૩૧ કયાં હતાં."

"હું હોસ્ટેલમાં જ હતી."

"તમને બબલુના સમાચાર કયારે મળ્યા ? "

"મને .. અમે હોસ્ટેલમાંથી કેટલીક ફ્રેન્ડ સિક્કીમ ટુર પર જવા ટ્રેનમાં નીકળ્યા હતાં. અમે બે દિવસ પછી ત્યાં પહોંચ્યા ત્યારે ખબર પડી."

"કેવી રીતે ખબર પડી? "

"મને હોસ્ટેલની ફ્રેન્ડના કોલથી ખબર પડી."

"પછી તમે કયારે પરત આવ્યા? "

"ટ્રેન ટીકીટ મળતી ન હતી એટલે બે દિવસ પછીની ટીકીટ મળી ત્યારે આવી. "

"એટલે ઘટનાના છ દિવસ પછી તમે અહીં પરત આવ્યા. આટલા દિવસ તમે તમારી બહેન સાથે વાત કરી હતી ?"

"હા. મેં સમાચાર મળતા જ મારી બહેનને ફોન કર્યો હતો અને ટીકીટ મળે પરત આવીશ તેમ પણ કહ્યું હતું. પછી તે પોલીસની કાર્યવાહીમાં હતી એટલે વાત થઇ ન હતી."

"તમને કોણે કહ્યું, સુજાતા પોલીસ કાર્યવાહીમાં હતી."

"મને...મને પિન્ટો..પિન્ટો એ કહ્યુ હતું."

"પરત આવી તમે શું કર્યું ?"

"મેં મારી બહેનને મળી તેના દુખ હળવુ કરવા ..."

"દુખ તો તમે જ ઉભુ કર્યુ છે."ખાન સાહેબે મેઘાને કહ્યું.

"મેં કંઇ નથી કર્યું."

"તમારા બબલુ સાથે કેવા સંબંધો હતાં? "

"કંઇ ખાસ નહીં. હું મારા કામથી કામ રાખતી હતી. "

"અને બબલુ."

મેઘા કંઇ બોલી નહીં. તેણે ફરી આંખો બંધ કરી લીધી .

ખાન સાહેબે ઇન્સપેક્ટર વીણાને કહ્યું, "આ સીધી રીતે નહીં માને, તમે સીધો જ આરોપ મુકો એટલે .."

"શે નો આરોપ? "મેઘા ગુસ્સે થઇને બોલી

"તમારી પર બબલુના મર્ડર કરવાનો આરોપ છે. અમારી પાસે પુરાવા પણ છે. બસ તમારી કબુલાતની જ વાત છે."

"મેં ..કંઇ જ કર્યુ નથી .." મેઘા ફરી બોલવાનું બંધ કરી આંખો બંધ કરી લીધી. તેના અવાજમાં ધ્રુજારી આવી ગઇ હતી.

ખાન સાહેબે લાખાની સામે જોઇને કહ્યું, "બોલ લાખા એ રાતે આ જ મહિલા બબલુની કાર પાસે હતી ને? "

"હા સાહેબ. આ જ બેન હતાં અને સાથે એક ભઇ પણ હતાં. પેલા સ્કેચમાં જોઇ લો." લાખો બોલ્યો

ટીમ પણ મેઘાને જોઇને સ્કેચ સાથે મેચ કરી રહી હતી. મેઘાએ લાખાની વાત સાંભળી આંખો ખોલી પણ કંઇ બોલી નહીં.

"મેઘા, આ ઘટનાનો સાક્ષી છે. તારે કંઇ કહેવુ છે? "

"ના. તમે લોકોએ ખોટી રીતે આ માણસ ઉભો કર્યો છે, મને ફસાવવા. તમને કોઇ ના મળ્યુ એટલે કેસ સોલ્વ કરવા મને..."

"જસ્ટ શટ અપ મેઘા, એક નોનસેન્સ જેવી વાત કરવાનું બંધ કર અને હવે, સચ્ચાઈ સાંભળ

આ લાખા પાસેથી."

ખાન સાહેબે લાખાને ધીમેથી કહ્યુ, "શું થયું હતું એ રાતે લાખા? "

લાખાએ મેઘાની સામે જોઇને બોલવાનું શરુ કર્યું, "તે દિવસ હું રોડ પર ચોરી માટે રેકી કરતો હતો અને નદી પાસેના ખેતર પાસેથી પસાર થતો હતો ત્યારે મને એક ગાડી રોડથી નીચે નેળીયામાં જતી દેખાઈ . કાર અવાવરું જગ્યાએ અંધારમાં જતાં જોઈ પહેલાં મને થયું કે લફડાબાજ કપલ મજા કરવા આયુ હશે. મેં ત્યાં રોડ પર સાયકલ મુકી છુપાઈને તેમને અંદર ખેતરમાં જતાં જોયા. એવામાં એક એકટીવા પણ તે કારની પાછળ ને પાછળ અંધારમાં જઈ ઉભું રહ્યું. કારમાંથી એક માણસ બહાર આવે છે અને એકટીવા સવાર સાથે થોડી વાતચીત કરી તે રોડ પર આવી આમ તેમ જોઈ કોઈ છે કે નહી તેવું ચેક કરી પાછો કાર પાસે પહોંચે છે. થોડીવાર તે બે જણાં કારની અંદર લાઈટ કરી કઇંક ચેક કરતાં હતાં."

"તું એ સમયે કયાં હતો? તને એ બે જણાએ કેમ ના જોયો? "

"હું અંધારામાં ઝાડ પાછળથી બધુ જોતો હતો. તે બંને તેમના કામમાં હતાં અને અંધારાને કારણે મને જોઇ ન શકયા."

"લાખા, પછી શું થયું? "ખાન સાહેબે મેઘાની સામે જોઇને લાખાને પુછ્યું.

મેઘા પણ લાખાને એકીટસે જોઇ રહી હતી અને તેની વાત સાંભળતી હતી. તેના ચહેરા પરનો ગુસ્સો દેખાઇ રહ્યો હતો.

"હવે તે બે જણા કારમાં બેસી ગયા એટલે મને લાગ્યુ કે આ તો કપલ છે અને હવે જંગલમાં મંગલ કરશે. હું ત્યાંથી નીકળવા જતો હતો ત્યાં મારી નજર ગાડીની અંદર પડી અને મને લાગ્યુ કે અંદર ત્રીજુ કોઇ છે."

"પછી શું થયું? " ખાન સાહેબે લાખાને પુછ્યું.

લાખાએ ઉંડો શ્વાસ લઇ ટીમના દરેકની સામે નજર કરી ફરી બોલવાનું શરુ કર્યું, "પછી મેં જોયુ તો તે બે જણા પેલા ત્રીજા સાથે કંઇક કરી રહ્યા હતાં, તેના શરીર પર હાથ ફેરવતા હતાં અને તેને સીટ લંબાવી સુવડાવી દીધો."

"પછી? "

"થોડીકવારમાં જ પેલા બે જણ કારની બહાર આવી જાય છે. તે બેમાંથી એક જણ જે એકટીવા પર આયો હતો તે રડી રહ્યો હતો અને કારમાંથી ઉતરનાર તેને સાંત્વના આપી રહ્યો હતો."

"અને સાહેબ હવે તમને કહુ, મેં નજીકથી જોયું તો ખબર પડી કે બેમાંથી એક જણ મહિલા છે. સાહેબ, જે પાછળથી એકટીવા પર આવનાર ઉંચી ને પડછંદ વ્યક્તિ મહિલા હતી તે આ જ છે." લાખાએ મેઘા સામે આંગળી ચીંધી ટીમની સામે ખાન સાહેબને કહ્યું.

"એ.એ..એય ..યુ આય લાયર." મેઘા ગુસ્સામાં જોરથી બોલી ઉઠી.

"મેઘા હી ઇસ નોટ લાયર, બટ યુ આર લાયર.યુ હેવ ચાન્સ ટુ સ્પીક ટ્રુથ, ધેન યુ વીલ નોટ ગેટ ધ ચાન્સ."ખાન સાહેબ હળવેકથી બોલ્યા.

"હું નહીં પણ મારા લોયર બોલશે." મેઘા કડક સ્વરે બોલી રહી હતી.

"અે તો કોર્ટમાં બોલશે પણ અહીં તો રીમાન્ડ વખતે તારે જ બોલવું પડશે. હજુ તારી સાથે ટેબલ પર વાત થઇ રહી છે પછી તને ..."ઇન્સપેકટર વીણા બોલી

"પછી શું ..તમે મને શું કરશો? "

"રીમાન્ડ રુમમાં તારી મરામત કરીશ." ઇન્સપેક્ટર વીણા તેમના અસલી રુપમાં આવી ગયા હતાં.

ખાન સાહેબ ઉભા થઇને મેઘાને પુછે છે "તારી સાથે બીજુ કોણ હતું તે કહી દે અને તારો ગુનો..."

"મેં કંઇ જ કર્યું નથી."

"લઇ જાવ આને રીમાન્ડ રુમમાં અને બધુ બહાર લાવો." ખાન સાહેબે ઇન્સપેક્ટર વીણાને કહ્યું.

મીટીંગ પુરી થતાં સાયબર એક્ષપર્ટ સૌરીન તેમનો રીપોર્ટ લઇને ખાન સાહેબની પાસે આવે છે. ખાન સાહેબ રીપોર્ટ રીડ કરતાં કરતાં ખુશ થઇ રહ્યા હતાં. તેમને આવી રીતે જોઇ સૌરીન પુછે છે, "સર, આટલા બધા ખુશ કેમ દેખાવ છો? "

"અડધો કેસ લાખા અને ટીમે સોલ્વ કર્યો અને અડધો તમારા રીપોર્ટથી પુરો થઇ જશે એટલે ખુશ તો થવુ જ પડે ને." ખાન સાહેબ હસતાં હસતાં બોલે છે.

ખાન સાહેબ, સાયબર એક્ષપર્ટ અને ક્રાઇમ બ્રાંચની ટીમ મેઘાનો સાથીદાર કોણ હોઇ શકે, તે કયાં હોઇ શકે અને તેને અહીં કેવી રીતે લાવવો તેની પર ચર્ચા કરે છે.

પ્રકરણ ૩૪ પુર્ણ

પ્રકરણ ૩૫

સાયબર એક્ષપર્ટ ખાન સાહેબને મેઘાના મોબાઇલ નંબર પરથી ડેટા મેળવી રીપોર્ટ આપે છે અને ટીમની સામે તેની પર ચર્ચા કરે છે.

સાયબર એક્ષપર્ટ સૌરીન ટીમની સામે રીપોર્ટ આપતા કહે છે, "બબલુના મર્ડરના સ્પોટ પાસે મેઘા અને તેના મિત્રના મોબાઇલ લોકેશન મળી આવ્યા છે. મેઘાના નંબર પર બબલુના ફોનનો કોઇ ડેટા નથી પણ બબલુના મર્ડરના દિવસે ઘણી બધી વખત મેઘા અને તેના મિત્ર વચ્ચે વાતચીત અને મેસેજ શેરીંગ થયા છે."

"પણ ..તેનો એ મિત્ર છે કોણ ? " ખાન સાહેબ ઉતાવળા સ્વરે પુછે છે.

"તે ખરેખર કોણ છે એ ખબર નથી પણ મોબાઇલ નંબર ટ્રેસ કર્યા મુજબ તે મોહિત નામનો વ્યકતિ હોઇ શકે."

"તેની હાલની લોકેશન કયાં છે તે ટ્રેસ કરી તેની ધરપકડ કરો." ખાન સાહેબ તાત્કાલિક ઓર્ડર આપતા કહે છે.

"સર, તેની હાલની લોકેશન ...મેઘાની હોસ્ટેલ નજીકની બોયઝ હોસ્ટેલ ટ્રેસ થાય છે."

ઇન્સપેક્ટર અર્જુન ક્રાઇમ બ્રાંચની ટીમ સાથે મોહિતની ધરપકડ કરવા બોયઝ હોસ્ટેલ પહોંચે છે. ત્યાં મોહિત તેના રુમમાં ઉંઘતો મળીઆવે છે. તેને તાત્કાલિક ધરપકડ કરી ક્રાઇમ બ્રાંચ

લઇ આવવામાં આવે છે અને ટીમ સામે રજુ કરવામાં આવે છે .

મોહિત ઉંઘમાં હતો પણ ક્રાઇમ બ્રાંચમાં પોતાની જાતને જોઇ તેની ઉંઘ હરામ થઇ ગઇ હતી. તે મનોમન તેની આસપાસ થઇ રહેલ વાતચીતને સમજવાનો પ્રયાસ કરી રહ્યો હતો. મોહિત ચુપચાપ મૌન બનીને ખાન સાહેબથી નજર ચુકવી તેની આસપાસ નજર ફેરવી રહ્યો હતો.

ખાન સાહેબે મોહિતની આંખોમાં આંખ પરોવી ઉલટ તપાસ શરુ કરી."મેઘાએ બધી વાત કહી દીધી છે, હવે તારે તારી સફાઇમાં કંઇ કહેવું છે કે ...." ખાન સાહેબ ખંધુ હસીને બોલતા બોલતા અટકી ગયા.

"કોણ મેઘા ? અને કઇ વાત?" મોહિત ઉગ્રતાથી બોલ્યો.

ખાન સાહેબે ઇશારો કર્યો એટલે ઇન્સપેક્ટર અર્જુન લાખાને મોહિતની સામે લઇને આવ્યા. લાખો મોહિતને જોઇ તરત બોલી ઉઠ્યો, "સાહેબ ...સાહેબ આજ હતો, એ રાતે કારની અંદર લાશને મુકીને આજ બહાર નીકળ્યો હતો અને પેલા બેન જોડે એકટીવા પર બેસીને જતો રહ્યો હતો."

મોહિત લાખાની વાત સાંભળી ડઘાઇ ગયો અને તેના ચહેરા પરનો પરસેવો વળી ગયો. તેના ચહેરાના બદલાતા હાવભાવ ફેસ રીડર અને ટીમના બધા જોઇ રહ્યા હતાં.

"આ છોકરાએ કહ્યુ એ સાંભળ્યું તે, હજુ કંઇ બાકી રહ્યુ છે. મેઘા તારી ફ્રેન્ડ અને વાત એટલે બબલુના મર્ડર વિશે શું કહેવુ છે તારે. " ઇન્સપેક્ટર અર્જુને ગુસ્સે થઇને કહ્યુ.

"મને કંઇ ખબર નથી. તમે બધા મને ફસાવો છો, આ છોકરો ખોટુ બોલે છે. મને...."ઇન્સપેકટર અર્જુને એક લાફો ઝીકી દેતા મોહિત બોલતા બોલતા અટકી ગયો અને તેને આંખે અંધારા આવી ગયા.

"કોઇ ગોળ ગોળ વાત નહીં, સીધી અને જલ્દી તારો ગુનો કબુલી લે. નહિંતર મારી મારી ને બધુ બહાર કઢાવતા અમને આવડે છે. " ખાન સાહેબે ડંડો હાથમાં લઇ ગુસ્સે થઇને મોહિતને કહ્યુ.

મોહિત હવે ડરી ગયો હતો. તે અંદરથી ધ્રુજી રહ્યો હતો. હવે તેની પાસે કોઇ મોકો ન હતો. તેને ડુમો ભરાઇ આવ્યો હતો અને જયાં ખાન સાહેબ ગુસ્સે થઇને કડક સ્વરે બોલ્યા ત્યાં તો ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો.

"રડવાનું બંધ કરી જવાબ આપ નહિંતર આ ડંડો બોલશે અને તું..." ખાન સાહેબ બોલ્યા

મોહિત અંદરથી ડરી ગયો હતો અને બોલવા માટે શબ્દો ગોઠવી રહ્યો હતો,"હું... મેં કંઇ ...મને સાહેબ .."

"જો મેઘાએ તમારો બધો ભાંડો ફોડી નાંખ્યો છે, પેલા છોકરાએ પણ તને ઓળખી કાઢ્યો છે અને અમારી પાસે તને બબલુના મર્ડર કેસમાં વધુને વધુ સજા માટેના પુરાવા પણ છે. તું આડીઅવળી વાત બંધ કરી સીધી રીતે તે અને મેઘાએ કેવી રીતે બબલુનું મર્ડર કર્યુ તે કહી દે ....નહીંતર... "

ખાન સાહેબની વાત સાંભળીને રડી રહેલા મોહિતના ચહેરા પર ગુસ્સો આવી ગયો અને તે બોલ્યો, "શીટ...શીટ યાર. તેણે બધુ કહી દીધુ. તેણે મને ફસાવ્યો છે સાહેબ. મેં.. મેં બબલુનું મર્ડર નથી કર્યું પણ .."

"શું પણ ...અને કોણે તને ફસાવ્યો છે? "ઇન્સપેકટર અર્જુને પુછ્યુ

"મેઘા ...મેઘા એ મને ફસાવ્યો છે. મર્ડર તો તેણે કર્યુ છે. મેં તો તેને મદદ કરી હતી અને તેણે મને ફસાવ્યો. ઓહ..ગોડ પ્લીસ હેલ્પ મીં." મોહિત હાથ જોડીને બોલી રહ્યો હતો.

ખાન સાહેબે યુક્તિ અજમાવતા મોહિતને કહ્યુ, "મેઘા તો તારુ નામ કહે છે, કે તે બબલુનું..."

"ના..ના સાહેબ. મેં મર્ડર નથી કર્યું. મારી વાત પર વિશ્વાસ કરો."

"તારી વાત સાંભળવા જ તો તને અહીં લાવ્યા છીએ. અમે કોઇ બેકસુર ને સજા ના થાય તેનું ધ્યાન રાખીએ છીએ." ખાન સાહેબ ખંધુ હસીને બોલ્યા.

"સાહેબ, મેઘા કયાં છે? તેને મારી સામે લાવો એટલે તેણે શું શું કર્યું તે બધુ તમને બધાને કહું. તેણે મને ફસાવ્યો છે ને, હવે જુઓ મારી વાતથી તેની શું હાલત થાય છે. "

"મેઘા પણ અહીં જ છે અને તારી વાત પરથી તેની પણ ફરી ઉલટતપાસ તારી સામે જ કરવામાં આવશે." ખાન સાહેબ હળવેકથી બોલ્યા.

ખાન સાહેબે ઇન્સપેકટર અર્જુન અને ઇન્સપેક્ટર વીણાને કહ્યું, "તમે લાખા, મોહિત અને મેઘાને એકસાથે પુછપરછ માટે રીમાન્ડ રુમમાં ટીમની સામે લઇ આવો."

થોડીકવારમાં જ રીમાન્ડ રુમમાં લાખા, મોહિત અને મેઘાને એકસાથે ટીમની સામે રજુ કરવામાં આવે છે. તેમની પુછપરછની વિગતો રેકોર્ડ કરવા અને તે ત્રણેના હાવભાવ મોનીટર કરવા ફેસ એક્ષપર્ટ પણ ટીમની સાથે હાજર હતાં.

ખાન સાહેબે માસ્ટર પ્લાન સાથે તે ત્રણેયની ઉલટતપાસ શરુ કરતા પહેલા મેઘા અને મોહિતની ઓળખ કરી લાખાને ઇશારો કરી બોલવા કહ્યું.

"સાહેબ, આ બે જ એ રાતે ગાડી પાસે હતા. એ ગાડીમાં લાશ મુકી આ બેય એકટીવા પર જતા રહ્યા હતાં."લાખો જોર જોરથી બોલી રહ્યો હતો.

"એ..એય.. તુ જુઠ્ઠુ બોલી રહ્યો છે. શટ્ટ અપ પ્લીઝ."મેઘા ગુસ્સે થઇને બોલી.

" મર્ડરની રાતે તમારી બંનેની મોબાઇલ લોકેશન પણ બબલુની કાર પાસે જ ટ્રેસ થાય છે." સાયબર એક્ષપર્ટ ધીમેથી મેઘા સામે જોઇને બોલ્યા.

"બધુ ખોટુ છે, મને ફસાવવા આ બધુ થઇ રહ્યું છે. મેં કશું ..." મેઘા ઉંચા સ્વરે બોલી રહી હતી.

"મેઘા, ચુપ થઇ જા તુ. બધુ તે જ કર્યુ છે અને તું મને ફસાવીને બચવા નાટક કરે છે. તે મારુ નામ આપી ..." મોહિત ગુસ્સે થઇને મેઘાની સામે હાથ જોઇને બોલી રહ્યો હતો.

"મેં .. મેં કોઇ તારુ નામ નથી આપ્યું . તું શું બોલી રહ્યો છે. ચુપ થઇ જા, વધુ ના બોલ. " મેઘા ટીમની સામે જોઇને વ્યાકુળ થઇને ઇશારો કરતાં બોલી.

ખાન સાહેબની યુક્તિ કામે લાગતા તે હસીને બોલ્યા, "હવે તમે બંને ફસાઈ ગયા છો, નાટક બંધ કરી સીધી રીતે બોલવાનું શરુ કરો નહીંતર તમારી બંનેની હાલત ..."

"સર...સર ..હું તમને બધુ કહુ છું પણ મને છોડી દે જો. મેં મર્ડર નથી કર્યું. " મોહિત અધીરા સ્વરે બોલ્યો

"તમે બંને ભેગા મળીને જ બધુ કર્યું છે, મેં તે રાતે બધુ જોયુ છે. તમે બંને ગુનેગાર છો." લાખો મેઘા અને મોહિતની સામે આંગળી કરીને બોલ્યો.

મોહિત અને લાખાની વાત સાંભળી મેઘા ઢીલી પડી ગઇ. તે વિસ્ફારિત નજરે બધાને જોઇ રહી અને મનોમન ડરી ગઇ હતી. તેને ડુમો ભરાઇ આવ્યો હતો અને જયાં ઇન્સપેક્ટર વીણાએ ઉંચા અવાજે પુછયું ત્યાં તો તેની આંખોમાંથી દળદળ આંસુ ઉભરાઇ આવ્યા.

"મેઘા, તારી પાસે બચવાનો કોઇ રસ્તો નથી. તે અને મોહિતે કરેલા ગુનાની કબુલાત કરીને તે શું કર્યું તેનો જવાબ આપ." ઇન્સપેક્ટર વીણાએ ગુસ્સે થઇને મેઘાની આંખોમાં આંખ પરોવીને કહ્યું.

મેઘાના શરીરમાંથી ભયનું લખલખુ પ્રસરી ગયું. હિબકે ભરેલા મનને શાંત કરતા અને આંખોના આંસુ લુછતા રડમસ અવાજે તે બોલી, "હું બધુ સાચેસાચુ કહીશ. મેં જે કંઇ કર્યું છે તે મજબુરીમાં કર્યું છે. મને માફ કરો."

"મેઘા અને મોહિત, તમે સાચી ઇન્ફરમેશન આપો તો અમે તમને બનતી મદદ કરીશું" ખાન સાહેબ ધીમા સ્વરે બોલ્યા.

પ્રકરણ ૩૫ પુર્ણ

પ્રકરણ ૩૬

મેઘા રડતા રડતા બોલી "સર, હું બધુ કહુ છું. હું કંઇપણ જુઠ્ઠુ નહીં બોલું."

ઇન્સપેક્ટર વીણાએ પાણીનો ગ્લાસ મેઘાને પીવા માટે આપ્યો અને ધીમા સ્વરે કહ્યું "શાંત થઇજા પછી આખી વાત શાંતીથી જણાવ અમને."

મેઘા પાણી પીને થોડી સ્વસ્થ થઇ મોહિતની સામે જોઇને ધીમેથી હાથ જોડીને બોલી, "સર, મોહિત નિર્દોષ છે. તેણે કોઇ ગુનો નથી કર્યો. સર, મેં જે કંઇ કર્યુ તે ભલે કાયદાની રીતે ગુનો હોય પણ મેં એક નરાધમ વ્યકતિને તેના કુકર્મોની સજા આપી છે. મેં મારી બહેન અને બીજી ઘણી સ્ત્રીઓની જીંદગી ખરાબ થતાં અટકાવી છે. મેં મારી જાનના જોખમે તે રાવણને સજા આપી છે. સર, મને મારો ગુનો મંજુર છે અને મને જે કંઇ સજા આપવી હોય તે આપજો પણ મોહિતને છોડી દો."

"તારી સાથે ખોટુ થયુ હોય તો પણ કાયદો હાથમાં લેવો એ ગુનો છે. કોણ નિર્દોષ છે તે અમારે પુરાવા અને તપાસ પછી નકકી કરવાનું છે. તે બબલુ સાથે શું કર્યું તેની વાત કર."

"સર, બબલુ મને બહુ હેરાન કરતો હતો. તે મારુ શોષણ ... શારીરીક અને માનસિક શોષણ કરતો હતો. તે સાલા ... નપુસંકે સુજાતાની, મારી અને મારા જેવી કેટલીય છોકરીઓની જીદગી ખરાબ કરી છે." આંખોના આંસુ લુછતા લુછતા મેઘા બોલી

"તેની અમને ખબર છે, તે મર્ડર કેવી રીતે કર્યુ અને મોહિતે તને શું હેલ્પ કરી તેની વાત કર." ખાન સાહેબ હળવેકથી બોલ્યા.

ફેસ રીડર એક્ષપર્ટ, સાયબર એક્ષપર્ટ, રાઇટર, વીડીયો રેકોર્ડીંગ કરનાર સાથે આખી ક્રાઇમ બ્રાંચની ટીમ મેઘાની વાત સાંભળી રહી હતી. મેઘાએ સ્વસ્થ થઇને તેની વાત રહેવાની શરુ કરી. "સર, બબલુ મને ઘણા સમયથી પરેશાન કરતો હતો અને એકવાર સુજાતાની ગેરહાજરીમાં તેણે મારી સાથે બળજબરી પણ કરી હતી. હું મજબુરીમાં સુજાતા અને તેનો

સંબંધ બગડે નહીં એટલે કંઇ બોલી ન હતી પણ તે મને વારંવાર ફોન કરીને, હોસ્ટેલ પર આવીને પરેશાન કરતો હતો. મારે તેનાથી ગમેતમે કરીને છુટકારો મેળવવો હતો. હું બબલુની વાતથી ટેન્શનમાં હતી ત્યાં મને મોહિતે મારા ટેન્શન વિશે વારંવાર પુછ્યું અને મેં પણ કોઇ રસ્તો યા હેલ્પ મળે તે માટે થઇને તેને બધી વાત કરી."

મેઘા બોલતા બોલતા અટકી ત્યાં મોહિતે બોલવાનું શરુ કર્યુ, "સર, અમે બે કોફી શોપમાં મળ્યા અને ભેગા મળીને આખો પ્લાન બનાવ્યો. પ્લાન મુજબ મેઘાએ બબલુની સાથે કારમાં ફરવા જવાનું હતું અને મારે તેની કારની પાછળ જ રહેવાનું હતું. મેઘાએ તક મળે બબલુને કારમાં જ બેભાન કરી દેવાનો અને પછી તેનું ..."

મેઘા ખાન સાહેબની સામે જોઇને બોલી,"સર, બબલુનો ફોન આવતાં જ મેં તેને ફરવા જવાના બહાને બીજા દિવસે સવારે મારી હોસ્ટેલ નજીકના કોફી શોપમાં બોલાવ્યો.

"પછી શું થયું." ખાન સાહેબે હળવેકથી પુછ્યું.

"મેં મારી કોલેજના સ્ટોરમાંથી બબલુને બેભાન કરવા જરુરી દવાઓ, ઇન્જેકશન, નીડલ લઇ લીધી હતી. મેં અને મોહિતે પ્લાન બનાવ્યો હતો, બબલુને વાતચીતમાં પરોવીને તક મળે પાણી કે કોલ્ડ ડ્રીંકસમાં દવા પીવડાવી બેભાન કરી દેવાનો અને પછી તેને નસમાં વધુ દવા આપીને તેનું ...."

શાંત બેસી રહેલા મોહિતે બોલવાનું શરુ કર્યું, "પ્લાન મુજબ મેઘા અને બબલુ હોસ્ટેલ નજીકના કોફી શોપમાં સવારના 10 વાગ્યા આસપાસ મળ્યા અને હું દુરથી તેમની પર વોચ રાખતો હતો. બબલુ છોકરીઓ જોડે લોંગ ડ્રાઇવ પર જવાનો શોખીન હતો એટલે તે બંનેએ કોફી શોપમાંથી એસપી રીંગરોડ પર લોંગ ડ્રાઇવ પર જવાનું પ્લાન કર્યું."

મેઘા એ મોહિતને ઇશારો કરી વાત કરતા અટકાવી આગળ બોલવાનું શરુ કર્યું "હું અને બબલુ કારમાં એસપી રીંગરોડ પર લોંગ ડ્રાઇવ પર જવા નીકળ્યા. બબલુએ તેની આદત મુજબ ચાલુ કારમાં મારી જોડે ગંદી હરકતો કરવાનું શરુ કર્યું, આ મને ગમતું ન હતું પણ મનોમન નક્કી કરી લીધુ કે આ છેલ્લીવાર તેની હરકતો સહન કરવાની છે અને પછી તેનું ..."

મેઘાના ચહેરા પર ગુસ્સો આવી ગયો હતો. તેના કપાળ પર પરસેવો દેખાઇ રહ્યો હતો. લાખો, મોહિત અને ટીમ આખી તેની વાત સાંભળી રહી હતી. તેની એકએક વાતની નોંધ અને રેકોર્ડ થઇ રહી હતી.

મેઘાએ ચહેરા પરનો પરસેવો લુછીને ગુસ્સામાં ફરી બોલવાનું શરુ કર્યુ, "રીંગરોડ પર પહોંચીને બબલુએ એક ઢાબા પરના પાર્કિંગમાં કાર ઉભી રાખી કોલ્ડ ડ્રીંકસની બે બોટલ લીધી. એક બોટલ તેણે મને આપી અને એક તેણે ગિયર પાસેના બોકસમાં મુકી. મને ખબર હતી કે તે ચાલુ કારે સોફટ ડ્રીંકસની બોટલમાં વ્હીસ્કી એડ કરી પીવાનો શોખીન હતો. તે સોફટ ડ્રીંક મુકી ફરી ઢાબા પર નમકીનના પેકેટ લેવા ગયો, ઢાબા પર તે નમકીનના પેકેટ લઇ ફોન પર વાતો કરવા ઉભો રહ્યો એ તક જોઇ મેં ફટાફટ તેની સોફટ ડ્રીંકસની બોટલમાં બેભાન કરી દેવાની દવા મીલાવી દીધી. મેં કારના રીઅર વ્યુ ગ્લાસમાં જોયુ તો મોહિત પણ અમારી પાછળ જ હતો, તેને જોઇને મને હાશકારો થયો. થોડીવારમાં બબલુ કારમાં આવ્યો અને મેં સોફટ ડ્રીંકસ પીતા પીતા તેને ગોળગોળ વાતોમાં પરોવી દીધો. બબલુએ પણ ઢાબાથી આગળ જઇ થોડે દુર કાર ઉભી રાખી સીટ નીચેથી વ્હીસકીની બોટલ કાઢી તેની સોફટ ડ્રીંકસની બોટલમાં તેને ઉમેરી એક શીપ પીધું. તેણે વ્હસ્કીની બોટલ સીટ નીચે મુકી ત્યાં તેના હાથમાં તેની

રીવોલ્વર આવી ગઇ. તેણે રીવોલ્વર મને બતાવી ત્યાં હું ડરી ગઇ. બબલુએ મને ડરેલી જોઇ અટ્ટહાસ્ય કર્યું અને મજાક કરુ છુ તેમ કહ્યું. મેં તેને મજાક બંધ કરી રીવોલ્વર નીચે મુકી કાર ચલાવાનું કહ્યું. તેણે રીવોલ્વર સીટ નીચે મુકી ફરી કાર ચલાવાનું શરુ કર્યુ અને અમે ધીમી સ્પીડે લોંગ ડ્રાઇવ પર નીકળ્યા. તેણે ચાલુ કારે ફરી ગંદી હરકતો શરુ કરી. લંચ ટાઇમ થવા આવ્યો હતો એટલે તેણે એક હોટલ નજીક આવતા ત્યાં કાર રોકાવી ફુડ પાર્સલ કરાવી લીધું. તેનો પ્લાન કોઇ ફાર્મ હાઉસ કે સુમસામ જગ્યા પર મને લઇ જઇ ફુડ જમીને મારી સાથે કંઇક કરવાની તૈયારીમાં હોય એવું મને લાગ્યું. સુમસામ જગ્યા પર કાર રોકી બબલુએ તેની સીટ નીચેથી વ્હીસ્કીની બોટલ નીકાળીને સોફ્ટ ડ્રીંકસની બોટલમાં એડ કરીને ફરી એક શીપ પીધું. પીધા પછી તે થોડીવાર આંખો બંધ કરી બેસી રહ્યો. તેના મગજમાં દવાની અસર અને વ્હીસ્કીનો નસો થઇ જતા તેણે ગોળ ગોળ વાતો ચાલુ કરી. તેની વાતો પરથી મને લાગ્યુ કે દવાની અસર થવા માંડી છે. "

"પછી શું થયું " ઇન્સપેક્ટર વીણાએ પુછ્યુ.

પાણી પીને મેઘા થોડી સ્વસ્થ થઇને બોલી,"પછી સર...હા ..બબલુને દવા, આલ્કોહોલ ની અસર થવા માંડી અને તેની આંખો ઘેરાવા માંડી. તેને પોતાને સમજાતું ન હતું અને બબલુએ મને કહ્યું વ્હીસ્કીમાં કંઇ લોચા લાગે છે. મેં તેને હસતા હસતા ફરી બોટલમાંથી એક શીપ લેવા કહ્યું અને બબલુ ઉતાવળે અડધી બોટલ ગટગટાવી ગયો. તેનું મગજ ચકરાવા માંડયુ અને તેણે સાઇડમાં ઉભી રાખેલી કારને બંધ કરી. તેણે મારી સાઇડની કારની વીંડોમાંથી બાકી રહેલી વ્હીસ્કીની બોટલ બહાર ઝાડીમાં નાંખી દીધી. તે હજુ પણ બબડતો હતો કે વ્હીસ્કીનો માલ બોગસ આવી ગયો છે. તે માથુ પકડી સ્ટેરીંગ પર જ ઢળી પડ્યો. મેં તરત કારની પાછળ જોયુ તો મોહિત દુર ઉભો હતો, તેને તરત ઇશારો કરી બોલાવી દીધો."

"મેં કારની પાસે જઇને જોયુ તો બબલુ બેભાન થઇ ગયો હતો અને મેઘા પણ ડરી ગઇ હતી. મેં ડરી ગયેલી મેઘાને સાંત્વના આપીને સમજાવી. આગળના પ્લાન માટે અમે બે જણાંએ ચર્ચા કરી અને નક્કી કર્યું કે..." મોહિત બોલતા બોલતા અટકી ગયો.

"બબલુનો મોબાઇલ સતત રીંગીંગ કરી રહ્યો હતો. તેની ઓફિસ નંબર પરથી અને તેના મિત્રોના ફોન સતત આવી રહ્યા હતાં. તે દિવસે મેચ હોવાથી સટ્ટાના મેસેજ પણ સતત આવી રહ્યા હતાં. મેં તેનો મોબાઇલ સાયલન્ટ મોડ પર કરી દીધો. કારમાંથી સોફટ ડ્રીંકસની બોટલો બહાર નાંખી દીધી અને ફુડ પાર્સલ પાછળની સીટ પર મુકી દીધું. પ્લાન મુજબ મેં બબલુની નસમાં ઇન્જેકશનથી વધુ દવા આપી, જેથી તે તરત ભાનમાં ન આવી જાય. મોહિતે રીંગરોડ પર સામાન્ય ટ્રાફિકનો લાભ લઇ મહામુશ્કેલીએ બબલુને ડ્રાઇવર સીટને લાંબી કરી પાછળની સીટમાં ટ્રાન્સફર કર્યો."

"મેં બબલુની કારને ચલાવવાનું શરુ અને મેઘા એકટીવા લઇને પાછળ ધીમે ધીમે આવી રહી હતી. હવે અમે કારને સુમસામ સ્થળ પર લઇ જવા જગ્યા શોધી રહ્યા હતાં. એકાદ કલાક ડ્રાઇવ કર્યા પછી એક જગ્યાએ કાર ઉભી રાખી અમે ફરી બબલુની હાલત ચેક કરી." મોહિત બોલ્યો.

મેઘાની આંખોમાં ખુન્નસ હતું. તેણે કંપતા અવાજે ફરી બોલવાનું શરુ કર્યુ,"મોહિતે ના કહેવા છતા મેં ફરી બબલુની નસમાં દવાનો ઓવર ડોઝ ઇંન્જેકસનથી આપ્યો. બબલુ ભાનમાં ન આવી જાય તેનું મને ટેન્શન હતું અને હું તેનાથી એટલી બધી અકળાઇ ગઇ હતી એટલે મેં

મોહિતની એક વાત ના સાંભળી. મોહિત પણ મારી આ હરકતથી મારી પર ગુસ્સે થઇ ગયો હતો. અમે બે જણ થોડીવાર મૌન બનીને ઉભા રહ્યા. બપોરનો સમય થઇ ગયો હતો અને અમે ટેન્શનમાં હતાં. અમને બંનેને ભુખ લાગી હતી. અમે બંનેએ કારની સાઇડમાં ઉભા રહી પેલા ફુડ પાર્સલમાંથી ફટાફટ જમી લીધું. જમીને તરત મોહિતે બબલુના હાર્ટ બીટ ચેક કર્યા."

મેઘા બોલતા બોલતા ફરી અટકી ગઇ. તેનો અવાજ તરડાઇ ગયો હોય તેવુ લાગતું હતું. ઇન્સપેક્ટર વીણાએ મેઘાની આંખોમાં આંખ નાંખી પુછ્યું, "તે સમયેજ બબલુ ..."

"ના ..ના ત્યારે તો બબલુ જીવતો હતો." મોહિત ઉતાવળા સ્વરે બોલ્યો.

"વાર્તા કર્યા વગર તેના પછી શું થયું તે ફટાફટ બોલ, નહિંતર ..." ખાન સાહેબ અકળાઇને મોહિત અને મેઘાની સામે જોઇને કહ્યું.

પ્રકરણ ૩૬ પુર્ણ

પ્રકરણ ૩૭

ખાન સાહેબના મોબાઇલ પર સતત સુજાતાના ફોન આવતા હતા એટલે તેમણે મેઘાની પુછપરછ અટકાવીને કહ્યું, "થોડીવાર મેઘા અને મોહીત તમે પાણી પીને સ્વસ્થ થઇ જાઓ. પુછપરછ થોડીવાર પછી શરૂ કરીએ છીએ."

ઇન્સપેક્ટર વીણાને તે બંને પર નજર રાખવાનું કહી ખાન સાહેબ ફોન પર વાત કરવા રીમાન્ડ રુમની બહાર આવે છે, બહાર આવીને જોયુ તો સુજાતા, પિન્ટો અને મેઘાના પરિચિત લોકો ત્યાં આવી પહોંચ્યા હતાં. તે લોકો મેઘાની ધરપકડનો વિરોધ કરતા હતાં અને મેઘા અને મોહિતને છોડાવી જવાની જીદ કરતા હતાં.

ખાન સાહેબે ઇશારો કરતા ઇન્સપેક્ટર નાયકે બધાને કડક શબ્દોમાં સમજાવ્યા અને પુછપરછમાં અડચણ બદલ તેમની પર પણ કાયદેસરની કાર્યવાહી થશે તેમ જણાવી શાંત કર્યા. તેમને બધાને પુછપરછ પતે ત્યાં સુધી થોડીવાર ક્રાઇમ બ્રાંચ બહાર રાહ જોવાનું કહેવામાં આવ્યું.

ખાન સાહેબ સુજાતા અને તેમના પરિચિતોની સાથે વાત પુરી કરી ખાન સાહેબ મેઘા અને મોહિત પાસે પહોંચ્યા.

ખાન સાહેબે મેઘાને હળવેકથી કહ્યું, "સ્વસ્થ થઇ ગયા હોવ તો આગળની વાત ફટાફટ કહેવાનું શરુ કરો."

મેઘાએ ગંભીર અવાજે બોલવાનું શરુ કર્યું, "સર, મોહિતે બબલુના હાર્ટ બીટ ચેક કર્યા તો તેમાં વધઘટ થઇ રહી હતી તેવું તેને લાગ્યું. કયારેક બ્લડ પ્રેશર વધવાને કારણે આવુ થતુ હોય છે પણ તે વખતે મારા આપેલા દવાના ઓવરડોઝના કારણે હાર્ટ બીટ વધી ગયા હતા એવુ અમને લાગ્યું. અમે બંને ચિંતિંત હતા અને આગળ શું કરવું તે સમજાતું ન હતું. મને બબલુ પર ગુસ્સો આવતા મેં ડ્રાઇવર સીટ થોડી ખસેડી તેની નીચેથી બબલુની રીવોલ્વર મોહિતને બતાવીને બબલુ પર ફાયર કરવા કહ્યું."

મોહિત તરત ઉતાવળા સ્વરે બોલ્યો, "હું કારની સીટ નીચેની રીવોલ્વર જોઇ પળવાર માટે ડરી ગયો અને મને મેઘાની વાત પર ગુસ્સો પણ આવ્યો. મેં તેને આમ ન કરવા સમજાયુ અને રોડ પર કોઇ જોઇ જાય તે પહેલા રીવોલ્વર પાછી તેની જગ્યા પર મુકી દેવા કહ્યું. મેં બબલુને કોઇ

સુમસામ જગ્યા પર નાંખી દઇને કારને બીજે કયાંક ખુલ્લી મુકી દેવાનું વિચાર્યું પણ બબલુને કારમાંથી બહાર કાઢવા માટે અંધારુ થવાની રાહ જોવી પડે તેમ હતી."

"અમે બંને કંટાળી ગયા હતા અને રોડ પર પોલીસ કે કોઇ આવી જાય તેના વિચારથી ડરી ગયા હતાં. મોહિતે કારને સુમસામ જગ્યા પાસેના એક ખેતરના કિનારે કરી જે થવુ હશે તે થશે તેમ નક્કી કરી અમે એકટીવા પર ત્યાંથી આગળ જવા નીકળ્યા. અમે થોડા આગળ જઇ એક રેસ્ટોરેન્ટમાં ચા નાસ્તો કરી થોડો ટાઇમ પાસ કર્યો. બબલુ ભાનમાં આવે પહેલા તેને કેનાલમાં નાંખી દેવો, કાર સાથે સળગાવી દેવો એવા અનેક વિચારો કરી અમારુ મગજ કંટાળી અને થાકી ગયું હતું. મને મનોમન ડર લાગી રહ્યો હતો પણ મોહિતના સાથ હોવાથી મારી જાતને સેફ ફીલ કરી રહી હતી." મેઘા બોલતા રડવા લાગી અને તેનો અવાજ રુંધાવા લાગ્યો.

ઇન્સપેક્ટર વીણાએ પાણીનો ગ્લાસ આપ્યો અને મેઘાએ એક ઘુંટડો પાણી પીને ટીમના બધાની સામે નજર કરી ફરી રુંધાતા સ્વરે બોલવાનું શરુ કર્યું,"અમે રેસ્ટોરંટથી નીકળી કારથી થોડે દુર ઉભા રહી અંધારુ થવાની રાહ જોવાનું નક્કી કર્યું. અંધારુ થતાં જ અમે તરત કાર પાસે પહોંચ્યા. મોહિતે કાર ચાલુ કરી અને અમે બબલુને અવાવરુ જગ્યા નાંખી દેવા ત્યાંથી આગળ જવા નીકળ્યા. હું પણ એકટીવા લઇને તેની પાછળ પાછળ જ હતી. થોડા આગળ જઇ મોહિતે રોડથી સાઇડમાં કાર ઉતારી પણ ત્યાં થોડે દુર ગાય, ભેંસનું ટોળુ દેખાતા ત્યાં બીજુ કોઇ પણ હશે તેમ માની પાછા રોડ પર આવી ગયા. બહાર આવી અમે બે ફરી થોડીવાર ઉભા રહ્યા અને મોહિતે મને કહ્યું કે આગળ જઇ જયાં હું રોડથી સાઇડમાં કાર ઉતારું ત્યાં તુ રોડ પર જ ઉભી રહેજે અને મને જો યોગ્ય જગ્યા લાગશે તો હું તને બોલાવીશ યા ફોન કરીશ પછી જ તુ ત્યાં અંદર આવજે."

મેઘા બોલતા બોલતા અટકી ત્યારે મોહિતે ઉતાવળા સ્વરે બોલવાનું શરુ કર્યું, "ત્યાંથી આગળ રોડ પરથી મને એક ખેતરમાં રસ્તો દેખાતા મેં રોડથી કાર નીચે ઉતારી પણ ત્યાં મને આંબાવાડીયું દેખાયું અને પાણીનો બોર ચાલુ હોવાનો અવાજ સંભળાયો એટલે ત્યાં પણ કોઇ પાણી વાળવા આવ્યુ હશે તેવો વિચાર આવતા તરત કારને રોડ તરફ લઇ લીધી. અંધારુ વધુ ગાઢ થવામાં હતું, રોડ પર ટ્રાફિક વધતો જતો હતો અને અમારી ચિંતા પણ વધતી જતી હતી. મેં કાર સાઇડમાં કરી મેઘાને વાત કરી કે સુમસામ જગ્યા માટે દુર જવું પડશે."

આગળની વાત મેઘાએ કહેવાની શરુ કરી,"અમે છેલ્લીવાર બબલુના હાર્ટ બીટ ચેક કર્યા અને મેં બબલુની નસોમાં દવાનો હેવી ડોઝ ઇન્જેકશનથી આપ્યો. મોહિતે કાર ચાલુ કરી અને હું તેની પાછળ એકટીવા લઇ શહેરથી દુર સુમસામ જગ્યા પર જવા નીકળ્યા. થોડા કિલોમીટર પછી મોહિતને એક જગ્યા સુમસામ દેખાઇ એટલે તેણે કાર તરત રોડથી નેળીયામાં વાળી લીધી અને હું રોડ પર જ ઉભી રહી. જગ્યા યોગ્ય લાગતા મોહિતે મને કોલ કરી અંદર બોલાવી. અમે રોડથી અંદર નેળીયામાં કાર ઉભી કરી ને જોયું તો બબલુનું ઓવરડોઝના લીધે મોત થઇ ગયું હતું. મને એકપળ માટે દુખ થયું પણ તેની હરકતો યાદ આવતા બબલુની લાઇફનો કેબલ કટ થવાનો આનંદ હતો. બબલુનું કુદરતી રીતે મોત થવાથી તેને અન્ય રીતે મોત આપવાની અમારે જરુર ના પડી. મેં મારી જાતને સ્વસ્થ કરી. મોહિતે કારની અંદર બધુ ચેક કરી લીધુ અને અમે ત્યાં કોઇ આવી જાય તે પહેલા ફટાફટ નીકળી ગયા."

"જુઓ સાહેબ જુઓ, મારી વાત સાચી નીકળી ને. હું નિર્દોષ છુ. આ બે જણાએ જ બબલુનું મર્ડર કર્યુ હતું, મેં તો કારમાંથી ચોરી જ કરી હતી. મેં જે જોયું અને તમને કહ્યુ તે સાચુ નીકળ્યું ને.." લાખો મેઘા અને મોહિતની સામે ઇશારો કરી ખાન સાહેબને કહી રહ્યો હતો.

લાખાની વાત પર ગુસ્સે થઇ મેઘા બોલી,"તુ દેખાઇ ગયો હોત તો તારી હાલત પણ ..."

"શટ્ટ અપ મેઘા. પછી તું કયાં જતી રહી અને છેક આજે ભજનમાં દેખાઇ." ખાન સાહેબ ગુસ્સે થઇને બોલ્યા.

મેઘા ખાન સાહેબના ગુસ્સાથી ડરી જઇને કંપાતા સ્વરે આગળ બોલી,"પછી ..પછી અમે ત્યાંથી હોસ્ટેલ જવા નીકળ્યા. રસ્તામાં મોહિતે બીજો એક પ્લાન બનાવ્યો કે હું મારી હોસ્ટેલની ફ્રેન્ડ સાથે વહેલી સવારે જ ફરવા જતી રહુ એટલે બબલુના કેસથી દુર રહેવાય. તેણે હોસ્ટેલ પહોંચી તેના મોબાઇલમાં ટ્રેનની ડીટેઈલ મેળવી અને વહેલી સવારની મુંબઈની ટ્રેન છે તેવી વાત કરી. તેણે મને હોસ્ટેલમાં જઇ મારી ફ્રેન્ડ્સ સાથે વાત કરી તેમના નામ આપવા કહ્યું, જેથી તે તત્કાલ ટ્રેન ટીકીટ બુકીંગનું સેટીંગ કરી દેશે તેમ વાત કરી. મેં હોસ્ટેલ જઇ મારી ફ્રેન્ડસને મુંબઇ ફરવા જવાની સરપ્રાઈઝ આપી અને બધાને તૈયાર પણ કરી દીધા. મેં ફ્રેન્ડ લીસ્ટ મોહિતને મેસેજ કરી દીધુ અને વહેલી સવારે રેલ્વે સ્ટેશન પર મોહિતે ટીકીટો પણ અમને આપી દીધી. અમે સવારે મુંબઈ જવા નીકળ્યા અને અહીં બબલુની શોધખોળ ચાલુ થઇ ગઇ હતી. મને ત્યાં પહોંચીને બબલુના ન્યુઝ પિન્ટો પાસેથી જાણવા મળ્યા. મેં ટીકીટ ન મળવાનુ બહાનુ કાઢી બે દિવસ અહીં આવવાનું ટાળ્યું. મેં મારી બહેન જોડે પણ મોબાઇલ પર જ વાત કરીને સાંત્વના આપી મારી ટીકીટની વાત કરી લીધી. હું પાછા આવીને મારી બહેનને મળી અને તેણે ભજન સંધ્યાની વાત કરી અને હું ભજનમાં આવી પછી આગળ તો તમે બધા ...." મેઘા બોલતા બોલતા ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. તેનો ચહેરો આંસુઓથી ખરડાઇ ગયો હતો. તેના મગજની નસો ફાટફાટ થતી હતી. તેની આંખોના પોપચાં રડી રડીને સુઝી ગયા હતાં. તેને રડતા જોઇ ખાન સાહેબ બોલ્યા, "મેઘા, યુ આર અરેસ્ટેડ ઇન બબલુ મર્ડર કેસ."

"લાખાને બબલુ મર્ડર કેસમાં છોડી મુકો અને મોહિતને મેઘાની મર્ડર માટે મદદ કરવા બદલ ધરપકડ કરો." ઇન્સપેકટર નાયકને ખાન સાહેબે કહ્યુ.

મોહિત તેની ધરપકડની વાતથી રડવા લાગ્યો અને જોર જોરથી બોલવા લાગ્યો, "મને માફ કરી દો..મને માફ કરી દો."

ખાન સાહેબે હળવેકથી મેઘાને કહ્યું, "તારે છેલ્લી વાર કંઇ કહેવું છે? "

થોડી સ્વસ્થ થઇ આંસુ લુછતા લુછતા મેઘા બોલી,"મારા મન મેં કંઇ જ ખોટુ નથી કર્યુ સર. મેં રાવણનો નાશ કર્યો છે. મને બબલુની લાઇફનો કેબલ કટ કરવાનો કોઇ અફસોસ નથી. મને જે પણ સજા કરો તે મંજુર છે, સર.પણ મોહિતને જવા દો."

ખાન સાહેબ મેઘાની આંખોમાં આવેલી ચમક જોઇને બોલ્યા, "તે કાયદાની દ્રષ્ટિએ ગુનો કર્યો છે. તારે પોલીસની મદદ લેવી જોઇતી હતી. બબલુને તેના ગુનાની સજા પોલીસની મદદથી આપી શકાત.મોહિતે તને મદદ કરીને ગુનો કર્યો તેની સજા તેને પણ મળશે જ."

ખાન સાહેબે કેસ સોલ્વ કરવા બદલ ટીમનો અને લાખાનો આભાર માન્યો. તેમણે પોલીસ કમિશ્નરને જાણ કરી આગળની કાર્યવાહી કરવાની વાત કરી અને રજા પર જવાની પરવાનગી માંગી. ખાન સાહેબે ઘરે જતા જતા હાફટન, ફુલટન અને ગફુરનો પણ આભાર માન્યો અને કહ્યું,"કેસ સોલ્વ થવાનો આનંદ છે પણ સાથે સાથે બબલુની મોતનું અને મેઘાએ પોલીસની મદદ વગર કરેલ ગુના બદલ તેને થયેલ સજાનું દુખ પણ છે. તેણે પોલીસની મદદ લીધી હોતતો સમાજને પણ એક ઉદાહરણ મળી શકત."

પ્રકરણ ૩૭ પુર્ણ થવા સાથે નવલકથા પુર્ણ ....��

આપ સૌ મિત્રોએ દરેક પ્રકરણ વાંચી, રેટીંગ આપી મારા ઉત્સાહમાં વધારો કર્યો તે બદલ દિલથી આભાર. મને નવલકથા મુકવા માટે પ્લેટફોર્મ આપવા માટે માતૃભારતી એપના ફાઉન્ડર્સ અને તેમની ટીમનો પણ આભાર. આપ મિત્રોને મારી નવલકથાનું કોઇ પાત્ર કે લખાણ ન ગમ્યુ હોય તો માફ કરશોજી.

આપની કોમેન્ટ્સ અને રીવ્યુ પણ આપજો

મારી અન્ય વાર્તા, લેખ અને નવલકથાની ઇ બુક પણ વાંચજો અને રીવ્યુ, કોમેન્ટસ આપજો.